# ધન્યધરા ઝાલાવાડ




**સ્થાનિક સાહિત્ય નિર્માણ (વિદ્યાર્થી આવૃત્તિ)**





















**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**
**૨૦૧૬ – ૨૦૧૭**

# સુરેન્દ્રનગર જિલ્લો



## પ્રેરક


ડૉ. ટી. એસ. જોશી
માન.નિયામકશ્રી,
જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર


## માર્ગદર્શક


સી. ટી. ટુંડિયા
પ્રાચાર્ય,
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર


## સંકલન


નારાયણભાઈ કે. રાવળ
લેકચરર,
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

રાજેનકુમાર ડી. પિતલીયા
લેકચરર,
જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર


## સમીક્ષક


ભરતભાઈ મેસિયા
લેકચરર,
ડાયેટ, જુનાગઢ

ડૉ. યોગેન્દ્રભાઈ વ્યાસ
નિવૃત્ત અધ્યક્ષ, ભાષા ભવન
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ

# જી.સી.ઈ.આર.ટી., પ્રસ્તાવના માટે

# સપ્તરંગીભૂમિ એટલે.... સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લો એ સપ્તરંગી ભૂમી છે. જ્યાં પાંચાળ-ઠાંગો-કાઠિયાવાડ-ઝાલાવાડ-ભાલ પ્રદેશો, ડુંગર, સરોવર અને રણ આવેલાં છે. આવળ-બાવળ ને બોરડીની આ ભૂમિ છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, પ્રજારામ રાવળ, દિલીપ રાણપુરા, નવલકથાકાર દેવશંકર મહેતા, કવિ મીનપિયાસી, કવીશ્વર દલપતરામ જેવા સાહિત્યકારો, આષાઢી ગાયક હેમુભાઇ ગઢવી, વાર્તાકાર બચુદાન ગઢવી, બાપલભાઇ ગઢવી તથા હરસુર ગઢવી અને બાબુ રાણપુરા જેવી ચેતનાઓએ આ ભૂમીને પોતાની વાણી થકી પોંખી છે. વેડછીનો વડલો જુગતરામ દવેની આ જન્મભૂમી છે. મૂછાળી મા ગિજુભાઇ બધેકા તથા સાહિત્યકાર મનુભાઇ પંચોળી 'દર્શક'ની આ કર્મભૂમી પણ રહેલી છે. દેહાણ જગ્યાઓ, રક્ષિત સ્મારકો, જુદા જુદા રાજમહેલો તથા શિલ્પ સ્થાપત્યથી આ પ્રદેશ સમૃધ્ધ છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (G.C.E.R.T) ગાંધીનગરના સહયોગ માર્ગદર્શન થકી આપણે આ પહેલાં ''સ્થાનિક સાહિત્ય નિર્માણ'' સુરેન્દ્રનગર જિલ્લો આવૃત્તિ આપી ચૂક્યા છીએ. આ વર્ષ દરમિયાન આપણે વિદ્યાર્થીઓ માટેની આવૃત્તિ G.C.E.R.T. ગાંધીનગરના સહયોગથી આપી રહ્યાં છીએ.

વર્ગખંડમાં ભણતાં બાળકોને વિશ્વના દેશો-ખંડો અને ઈતિહાસની ખબર હોય, પરંતુ પાધરે ઊભેલા પાળિયાની કથાઓથી તે વાકેફ ના પણ હોય ! કદાચ આવું બને. વિદ્યાર્થીઓ પોતાના જિલ્લાના સ્થાનિક સાહિત્યથી વાકેફ થાય તે માટે G.C.E.R.T.-DIETના સહયોગથી ''સ્થાનિક સાહિત્ય નિર્માણ'' (વિદ્યાર્થી આવૃત્તિ) આપવા માટે જઈ રહ્યાં છીએ. જે મને લાગે છે કે વિદ્યાર્થીઓને માટે પૂરક અભ્યાસ સામગ્રી બની રહેશે.

સુરેન્દ્રનગર જિલ્લાના જ શિક્ષકો દ્વારા આ આવૃત્તિમાં લેખન-સંપાદન કરી સામાન્ય ભાષામાં મૂકવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ બાબતો કદાચ સાંભળેલી, સંગૃહીત તથા કોઈ ગામના વૃધ્ધે કહેલી કથાઓને આ પુસ્તકમાં મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જે બાબતો અહીં મૂકવામાં આવેલ છે ત્યાં દરેક જગ્યાએ અમો સહમત છીએ તેમ માનવું નહીં.

મને લાગે છે કે આ પુસ્તક સુરેન્દ્રનગર જિલ્લાના વિદ્યાર્થીઓના સ્થાનિક સંદર્ભ સાહિત્ય માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે. જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના માનનીય નિયામકશ્રી ટી.એસ. જોશી સાહેબ, ડાયેટ લેક્ચરર્સ, જિલ્લાના તમામ લેખક-સંપાદકો, સમીક્ષક તથા તજજ્ઞશ્રીઓનો આ તકે અંતઃકરણપૂર્વક આભાર-આનંદ વ્યક્ત કરું છું.

**જય ધન્યધરા ઝાલાવાડ...**

તારીખ : ૨૧મી જુન-૨૦૧૬
(વિશ્વ યોગ દિવસ)

સી. ટી. ટુંડિયા
પ્રાચાર્ય
ડાયેટ-સુરેન્દ્રનગર

## લેખન શિલ્પીઓ (સુરેન્દ્રનગર જીલ્લો)

સી.ટી.ટુંડિયા
રાજેનકુમાર ડી. પિતલીયા
ધનજીભાઈ એમ. વાલેરા
નારાયણભાઈ એસ. પ્રજાપતિ
અશ્વિનકુમાર એમ. પટેલ
જીવણભાઈ કે. પરમાર
જયદેવભાઈ એસ. દવે
ગિરધરલાલ એચ. મેણિયા
કરસનભાઈ ડી. શાક્યા
રહેમાનભાઈ એમ. ભથાણિયા
રાજુભાઈ એન. પરાલિયા
ક્રિપાલસિંહ જે. ગોહિલ
ભુપતભાઈ જી. મેમકિયા
ગૌતમકુમાર એમ. પંડ્યા
રસિકલાલ એમ. જીતિયા
મહેન્દ્રભાઈ આર. જોશી
ધનેશભાઈ ડી. શેઠ
દિલીપભાઈ એન. પટેલ
પ્રકાશકુમાર જે. વૈષ્ણવ
પંકજ ત્રિવેદી
રસિકભાઈ એ. પટેલ
ઈબ્રાહીમભાઈ બી. કુરેશી
સુરેન્દ્રસિંહ સી. ટાંક
દિલીપભાઈ કે. વસવેલિયા
અંબારામભાઈ કે. દુમાદિયા
મયુરભાઈ જે. ગઢવી
લાલજીભાઈ આઈ. કોરડિયા
ભરતભાઈ એન. દવે
ચંદુભાઈ સી. મકવાણા
મેહુલકુમાર ડી. કુંડલિયા
દુદાભાઈ વી. આલ
કાન્તિલાલ જે. પ્રજાપતિ
કૃપાબેન જ. ટાપરિયા
હેતલબેન એચ. જાની
ગોપીબેન એચ. શાહ
રાજુબાળાબેન એસ. પરમાર
ભાવનાબેન એ. મેંઢા
તૃપ્તીબા એસ. ઝાલા
ગિતાંજલીબેન વાય. દવે
દિનેશચંદ્ર જોશી

# સાંકળિયું


| ક્રમ | તાલુકો | પાના નંબર |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર શહેર | ૦૧ થી ૦૫ |
| ૨ | વઢવાણ | ૦૬ થી ૨૦ |
| ૩ | લીંબડી | ૨૧ થી ૩૦ |
| ૪ | ચુડા | ૩૧ થી ૪૧ |
| ૫ | ધ્રાંગધ્રા | ૪૨ થી ૪૭ |
| ૬ | સાયલા | ૪૮ થી ૫૩ |
| ૭ | મૂળી | ૫૪ થી ૬૩ |
| ૮ | લખતર | ૬૫ થી ૭૩ |
| ૯ | પાટડી | ૭૪ થી ૮૨ |
| ૧૦ | ચોટીલા-થાન | ૮૩ થી ૧૩૭ |
| ૧૧ | સંદર્ભ સાહિત્ય | ૧૩૮ |

# સુરેન્દ્રનગર જિલ્લાના રક્ષિત સ્મારકો

| ક્રમ | તાલુકો | સ્થળ |
|---|---|---|
| ૧ | વઢવાણ | માધાવાવ, ગંગાવાવ, |
| | | રાજબા વાવ-રામપરા, |
| | | ગંગવો કુંડ અને મણવા મામાનું મંદિર-દેદાદરા |
| ૨ | મૂળી | શ્રી ગ્રામદેવી માતાનું મંદિર-કળમાદ |
| ૩ | ધ્રાંગધ્રા | પ્રાચીન દરવાજો અને માત્રી વાવ-કંકાવટી, |
| | | વાવ-હામપર, તળાવ-ચંદ્રાસર (પ્રતાપપુર) |
| ૪ | સાયલા | મીનળ વાવ-ધાંધલપુર, નવલખો-સેજકપર |
| ૫ | પાટડી | હેરીટેઝ-ઝીંઝુવાડા |
| ૬ | ચોટીલા | શ્રી પંચાયતન મંદિર-પરબડી |
| | | ચૌમુખી વાવ અને વિષ્ણુ મંદિર-ચોબારી |
| | | ગુફાઓ-ભીમોરા |
| ૭ | થાનગઢ | શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર-તરણેતર |
| | | મુની બાવાનું મંદિર-થાન |
| | | જુના સૂરજદેવળ-સોનગઢ |

# સુરેન્દ્રનગર જિલ્લાની વિશેષતા

| ક્રમ | સ્થળ | વિશેષતા |
|---|---|---|
| 1 | સુરેન્દ્રનગર | ટાવર |
| 2 | લખતર | સમ્પ (ઢાંકી) |
| 3 | વઢવાણ | હવામહેલ |
| 4 | લીબડી | ગ્રીન ચોક સ્ટેચ્યું |
| 5 | મૂળી | નાયકા ડેમ |
| 6 | ધ્રાંગધ્રા | ઘુડખર |
| 7 | સાયલા | સેજકપર નવલખો |
| 8 | ચુડા | મંદિર ચોકડી |
| 9 | પાટડી | રણ |
| 10 | ચોટીલા | ડુંગર |
| 11 | થાનગઢ | તરણેતર, છત્રી |

# સુરેન્દ્રનગર શહેર

## સુરેન્દ્રનગરની સફરે

શિક્ષિકાબહેન : ચાલો મિત્રો, થઈ જાવ તૈયાર. આપણે સૌ આ સપ્તરંગી ભૂમિ ધરાવનાર સુરેન્દ્રનગરની સફર કરીએ.

વિદ્યાર્થીઓ : બહેન, સુરેન્દ્રનગરની સફર એટલે શું ?

શિક્ષિકા બહેન : જો બેટા, આપણે ચાલતાં ચાલતાં આપણી નિશાળથી આપણાં જિલ્લા સુરેન્દ્રનગર તરફ જઈએ તે સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર સમા વિશ્વની મહાન હડપ્પન સંસ્કૃતિના દર્શન સુરેન્દ્રનગરમાં થાય છે.

વિદ્યાર્થીઓ : સંસ્કૃતિના દર્શન એટલે શું ?

શિક્ષિકા બહેન : જો મિત્રો, સંસ્કૃતિના દર્શન એટલે નગર રચના, પ્રાચીન કલાત્મક મંદિરો, આલિશાન રાજમહેલો, કિલ્લાઓ અને વાવો તેમજ ઐતિહાસિક કુંડો આવેલા છે.

વિદ્યાર્થીઓ : (મેહુલ પ્રશ્ન પૂછે છે) બહેન, ઝાલાવાડ એટલે શું ?

શિક્ષિકા બહેન : જો બેટા, ઝાલાવંશનું શાસન હોવાથી આ ભૂમિને ઝાલાવાડની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. બીજા ઉપનામ શ્વેત પ્રદેશ, ખારાઘોડાના રણમાં પકવાતું મીઠુ, મોઘેરા કપાસ (૩) અને પશુપાલનના વ્યવસાયથી મળતું દૂધ આ ત્રણનો ત્રિવેણી સંગમ એટલે ઝાલાવાડ.

વિદ્યાર્થીઓ : હા... બહેન, તમે બહુ સરસ જવાબ આપ્યો. બહેન, બીજા પ્રશ્નો પૂછીએ ?

શિક્ષિકા બહેન : જરૂર જરૂર બેટા પૂછો પ્રશ્નો. એમા મુંઝાવ છો શા માટે ?

\- (વિદ્યાર્થીઓ ચાલતાં... ચાલતાં સફર કરે છે ત્યારે રતનપર, જોરાવરનગર, વઢવાણ બધા ગામો વિશે પ્રશ્નો પૂછીને માહિતી મેળવે છે.)

શિક્ષિકા બેહન : મિત્રો, સાંભળો મેં તમને કહ્યું હતું કે સફર કરતા જઈએ અને ભણતાં જઈએ. જો આ સુરેન્દ્રનગર રાજવીના પુત્ર શ્રી સુરેન્દ્રસિંહજીના નામ પરથી સુરેન્દ્રનગર નામ પડયું.

વિદ્યાર્થીઓ : હા બહેન, આપણા ગામમાં જે રાજા રાજ્ય કરતા હોય તેમના જે નામ હોય તે પરથી ગામનું નામ રાખવામાં આવતુ હતું.

શિક્ષિકા બહેન : હા મિત્રો, બહુ સરસ પણ આ જોરાવરનગર નામ કેવી રીતે પડયું તમને ખબર

છે ?

મગન : હા બહેન, કહું તે ગામનું જોર વધારે હશે તેથી નામ જોરાવરનગર પડયું ! (બધા વિદ્યાર્થીઓ જોર...જોર... થી હસવા લાગ્યા)

શિક્ષિકા બહેન : જો બેટા, એવું નથી હોતું. ત્યાં રાજા જોરાવસિંહજી તખતસિંહજી ગોહિલ હતા તેથી, તેના નામ પરથી જોરાવરનગર નામ પડેલ છે.

વિદ્યાર્થીઓ : સફર કરતા... કરતા... વચ્ચે એક લાતી બજાર આવે છે ત્યારે બધા વિદ્યાર્થીઓને પ્રશ્ન થાય છે કે બહેન જુઓ કેટલા બધા લાકડાં છે ?

શિક્ષિકા બહેન : મિત્રો સાંભળો, આ છે તે... જેરાવરનગરની વિશ્વ વિખ્યાત લાતી બજાર છે

વિદ્યાર્થીઓ : બહેન, હવે આપણે કયા સફર કરવા જઈશું ?



શિક્ષિકા બહેન : મિત્રો, સાંભળો હવે તો તમને બહુ મજા આવવાની ! આપણે તો હવે દોડતા દોડતા ધોળીધજા ડેમની મુલાકાત લેવાની. હા... મિત્રો જુઓ એ સામે દેખાય આપણો ડેમ.

વિદ્યાર્થીઓ : બહેન, આ ડેમની શું વિશેષતા છે ?

શિક્ષિકા બહેન : સાંભળો મિત્રો, આ ધોળીધજા ડેમમાં સુરેન્દ્રનગરની ૩૫ કિ.મી. દૂર ઢાંકી પમ્પીંગ સ્ટેશનથી પાણી આવે છે. આ પમ્પીંગ સ્ટેશન એશિયાનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન છે. આ યોજના દ્વારા સુરેન્દ્રનગર, વઢવાણ, જોરાવરનગર, રતનપર અને આસપાસના ૬૧ ગામોમાં પીવા તેમજ સિંચાઈ માટે નર્મદાનું પાણી પુરૂં પાડવામાં આવે છે.

વિદ્યાર્થીઓ : બહેન, અમને તો ખબર જ નથી કે આપણાં સુરેન્દ્રનગર જિલ્લામાં એશિયાનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન છે. બહેન તમારો ખૂબ ખૂબ આભાર.

શિક્ષિકા બહેન : ચાલો મિત્રો, હવે આપણે આપણા ગામના ઐતિહાસિક સ્થળોની સફરે જઈએ. જો મિત્રો, અંગ્રેજોના સમયનો જૂની કોતરણીવાળો આ ટાવર અને તેની સામે જ આ રહયો શ્રીમતી રંભાબહેન ટાઉન હોલ.

વિદ્યાર્થીઓ : આ ટાઉન હોલ એટલે શું ?

શિક્ષિકા બહેન : ટાઉન હોલ એટલે સભાગૃહ. આપણા ગામમાં કોઈ મિટિંગો કરવી હોય, સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા હોય અથવા એક સાથે વધારે લોકોને ભેગા કરી સેમિનાર યોજવા હોય કે ફિલ્મ શો નું આયોજન કરવું હોય ત્યારે આ હોલનો આપણે ઉપયોગ કરીએ છીએ.

વિદ્યાર્થીઓ : હવે આપણે ક્યાં જશુ ?

શિક્ષિકા બહેન : હા, મિત્રો, હવે આપણે વડવાળા મંદિરની પણ સફર કરવાની છે. તે સુરેન્દ્રનગરથી ત્રણેક કિ.મી.ના અંતરે આવેલું છે. જે ૪૫૦ વર્ષ પુરાણું છે. તે રબારી સમાજનું મુખ્ય મંદિર છે.

વિદ્યાર્થીઓ : સરસ, આ સિવાય બીજા ક્યા મંદિરો આવેલા છે.

શિક્ષિકાબહેન : ચાલો મિત્રો, સફર કરતા જઈએ અને મંદિરો આ ઉપરાંત વાઘેશ્વરી મંદિર અને મહાવીર સ્વામીનું જૈન મંદિર (દેરાસર) આવેલ છે.

વિદ્યાર્થીઓ : હા, બહેન ઘણા મંદિરો આવેલા છે.

શિક્ષિકા બહેન : હા મિત્રો, ધીરજ રાખો. તમને આજે હું બધા મંદિરની જાણકારી આપવાની છું. જો આ રહ્યું ગેબનશાપીર, લાલા મહારાજની જગ્યા, ત્રિમૂર્તિ મંદિર તે ઉપરાંત મેલડી માતાનું મંદિર જે દેદાદરા ગામે ૧૦મી સદીની મધ્યમાં બાંધવામાં આવેલું છે. આ બાંધકામ સૌરાષ્ટ્રની તત્કાલીન મંદિર સ્થાપત્યની શૈલીનો ઉત્તમ નમૂનો છે. મિત્રો, આ દેદાદરાના મંદિરની આપણે પછી મુલાકાત લઈશું.

વિદ્યાર્થીઓ : સારું બહેન

શિક્ષિકા બહેન : મિત્રો, આપણે શૈક્ષણિક સંસ્થાઓની સફરે જઈએ. જો મિત્રો આ રહી ઘરશાળા, તે ૯૦ વર્ષ પુરાણી છે. તેમાં ગાંધીજી એ ઈંટ મૂકી હતી અને શિવાનંદ સ્વામીએ સ્થાપના કરી હતી.

વિદ્યાર્થીઓ : ગાંધીજી આ સ્કૂલમાં આવ્યા હતા.

શિક્ષકા બહેન : હા મિત્રો, એટલે તો આ શાળા ઐતિહાસિક ગણાય છે. ચાલો મિત્રો આવી જ એક બીજી સંસ્થા બતાવું. જો સામે રહી વિકાસ વિદ્યાલય. મિત્રો, આ વિકાસ વિદ્યાલયમાં બાળમંદિરથી શરૂ કરી કોલેજ સુધીની બધી સંસ્થાઓ તે ઉપરાંત તેમાં સિવણ વિભાગ, બુક બાઈડીંગ વિભાગ, ખાદી ઉદ્યોગ જેવી બીજી અનેક પ્રવૃત્તિઓ ત્યાં ચાલે છે.

વિદ્યાર્થીઓ : બહેન, આ બધા વિભાગોની મુલાકાત કરાવોને.

શિક્ષકા બહેન : જો મિત્રો, આ રહયું બાલાશ્રમ, આ આશ્રમમાં જેમના મા-બાપ નથી તેવા અનાથ બાળકો રહે છે. તમને સંસ્થા અહીં મોટા કરી ભણાવે છે, લગ્ન કરાવી દે છે આવી બધી જ જવાબદારી આ સંસ્થાની હોય છે.

વિદ્યાર્થીમિત્રો : બહેન, આ સંસ્થાના વડા કોણ છે.

શિક્ષિકા બહેન : મિત્રો, આપણે ઓફિસમાં મોટો ફોટો જોયો. તે નાગજીભાઈ દેસાઈ નો હતો, તે આ સંસ્થાના વડા છે. આ સિવાય આપણા ગામમાં અનેક સંસ્થાઓ આવેલી છે.

વિદ્યાર્થીમિત્રો : બહેન, આ અનાથ બાળકોને જોઈને અમારી આંખમાં પાણી આવી ગયા. બહેન અમને ખૂબ જાણવા મળ્યું.

શિક્ષિકા બહેન : ચાલો મિત્રો, હવે આપણે જળાશયોની સફર કરીએ. જો મિત્રો, આ રહી આપણી વઢવાણની ભોગાવો નદી. રાણકદેવીએ શાપ આપ્યો હોવાથી આ નદીમાં ચોમાસા સિવાય પાણી રહેતું નથી. આ સિવાય પણ ધરમ તળાવ, બોડા તળાવ અને દુધરેજમાં દુગ્ધેશ્વર તળાવો વઢવાણમાં આવેલા છે.

વિદ્યાર્થીમિત્રો : સરસ.

શિક્ષિકા બહેન : મિત્રો, આ ઉપરાંત સાહિત્યક્ષેત્રે વઢવાણનું અનોખું પ્રદાન છે જાણવું છે ?

વિદ્યાર્થીમિત્રો : હા બહેન, કહોને સાહિત્ય એટલે શું તે અમને ખબર જ નથી.

શિક્ષિકા બહેન : મિત્રો જાણીએ, ઝાલાવાડના મુખ્ય કવિઓ વિશે.

(૧) કવિશ્વર દલપતરામ તે આપણાં વઢવાણના છે. તેમની કૃતિઓ દલપત કાવ્યો ભાગ-૧, ભાગ-૨, નાટક મિથ્યાભિમાન અને લક્ષ્મી.

(૨) કવિ ન્હાનાલાલ તે દલપતરામના પુત્ર છે તેમની કૃતિઓ કુરુક્ષેત્ર અને હરિસંહિતા.

(૩) પ્રજારામ રાવળ ભોગાવો કાવ્ય, રઘુવંશ મહાકાવ્ય.

(૪) દિલીપ રાણપુરા, કવિ મિન પિયાસી, પ્રજારામ રાવળ વિગેરે.

વિદ્યાર્થીઓ : સરસ, બહેન હું પણ બાળગીત અને બાળકાવ્ય લખું છું.

શિક્ષિકા બહેન : બહુ સરસ, ખૂબ ખૂબ અભિનંદન. જો મિત્રો, નવલરામ ત્રિવેદી, ધનસુખલાલ મહેતા વિગેરે ઉપરાંત નવલકથાકાર ચુનીલાલ વર્ધમાન શાહ, કર્મયોગી, રાજેશ્વર, જીગર અમી વગેરે જેવા વિવેચકો અને અનુવાદકો આપણા જીલ્લામાં છે.

વિદ્યાર્થીઓ : સરસ.

શિક્ષિકા બહેન : આ ઉપરાંત સાહિત્ય સર્જકો અમરદાસ પંડ્યા, રામપ્રકાશ શુકલ, માણેકલાલ અને

વસુભાઈ શુકલ વગેરે.


વિદ્યાર્થીઓ : સરસ, બહેન ખૂબ જાણવા મળ્યું હજી બહેન અમને વધારે જણાવોને.

શિક્ષિકા બહેન : જો મિત્રો, આ વઢવાણની અજાયબી છે. વઢવાણ અબોલપીરના ચોકમાં રહેતા ખવાસ રજપૂત પરિવારની છ પેઢીથી સોના-ચાંદીના ઝૂલ ફીકાર નીકળે છે એવા ઝૂલ ફીકાર વિશ્વમાં કયાંય બનતા નથી જે એક અજાયબી છે.

વિદ્યાર્થીમિત્રો : ખૂબ ખૂબ આભાર બહેન, હવે તો અમે મહોરમ જોવા જઈશું ત્યારે ઝૂલફિકાર જેવા અન્ય ફીકાર બનાવ્યા છે કે નહિં તે અમે ચોક્કસ જોઈશુ.


માધાવાવ


ગંગવોકુંડ


સતી રાણેકદેવીનું મંદિર

# વઢવાણ તાલુકો

## વઢવાણનો ઐતિહાસિક વારસો
## ચાલો પ્રવાસ માણીએ...

પ્રાર્થના સભા પૂરી થયા પછી સૌ બાળકો વર્ગખંડમાં પ્રવેશે છે. ધોરણ પાંચના વર્ગશિક્ષિકા વર્ગમાં પ્રવેશે ત્યાં જ બધા બાળકો પ્રવાસ... પ્રવાસ... બૂમો પાડી શિક્ષિકા બહેનને પ્રવાહ લઈ જવાનું કહે છે.

આરતી : બહેન... અમને પ્રવાસ લઈ જાઓ ને ?

(વર્ગનો બીજો વિદ્યાર્થી ઊભો થઈ બોલે છે.)

રાહુલ : બહેન, અમારે પણ જુનાગઢના રાજાનો રાજમહેલ જોવો છે.

શિક્ષિકા બહેન : સારું ચાલો ત્યારે હું તમને પ્રવાસ કરાવું છું.

અંજલી : આજે જ... બહેન... અત્યારે જ ?

શિક્ષિકા બહેન : હા, અત્યારે જ. અહીં બેઠા બેઠા આપણે રાજમહેલ અને કિલ્લો જોઈશું. તનનો નહીં. પરંતુ મનનો પ્રવાસ માણવો છે ને ? કોણ કોણ આવશે મારી સાથે, આંગળી ઊંચી કરે. પરંતુ હું કહું તે ધ્યાનથી સાંભળવાનું વચ્ચે ના સમજાય કે કંઈક પ્રશ્ન થાય તો પ્રશ્ન પૂછવાનો, પરંતુ વાતો કરવાની નહી, બરોબર.

(બાળકો સાથે વાતો કરતા બહેને બાળકો સામે ત્રણ નકશા ગોઠવીને મૂકી દીધા.)

શિક્ષિકા બહેન : ચાલો જોઈએ, આપણા દેશનું નામ કોણ કહેશે ?

(પ્રશ્ન સાંભળતા જ બાળકો સમૂહમાં... “ભારત”... બોલ્યા.)

શિક્ષિકા બહેન : તો પછી આપણા રાજ્યનું નામ...?

(અધૂરા પ્રશ્નના જવાબ રૂપે “ગુજરાત” બોલી બાળકોએ પ્રશ્નનો જવાબ પૂર્ણ કરી દીધો.)

શિક્ષિકા બહેન : તો, પછી આપણો જિલ્લો કયો છે ?

બાળકો(સમૂહમાં): સુરેન્દ્રનગર

(બહેન આગળ બોલે ત્યાં જ જગ્યા પર વિકાસ ઊભો થયો.)

વિકાસ : બહેન, આપણા તાલુકાનું નામ વઢવાણ ને ?

(બહેને વાતને આગળ ચલાવી, સૌથી પહેલાં ભારત દેશનો નકશો બતાવી ગુજરાત રાજ્યની સમજૂતી આપી. ગુજરાત રાજ્યનો નકશો બતાવી સુરેન્દ્રનગર જિલ્લાની સમજણ આપી. સુરેન્દ્રનગર જિલ્લામાં વઢવાણ તાલુકો બતાવી અને વઢવાણ તાલુકાનો નકશો બાળકો સમક્ષ મૂકી દીધો.)

શિક્ષિકા બહેન : ચાલો બાળકો, મારી સાથે વઢવાણ શહેરની સફર કરવા જ્યાં કિલ્લાઓ અને રાજમહેલની સફર કરીશું...

આજે આપણે આપણાં તાલુકા વઢવાણનો પ્રવાસ કરીશું. ચાલો જાણીએ વઢવાણનો ઈતિહાસ.

ચંદ્રિકા : બહેન, ઈતિહાસ એટલે શું ?

શિક્ષિકા બહેન : વાહ, સરસ પ્રશ્ન પૂછ્યો. ચંદ્રિકા ઈતિહાસ એટલે વર્ષો જૂની વાતો, ઓળખ અને તેના પૂરાવા. પુરાણકાળમાં વર્ધમાનપૂરી નામ પરથી વર્ધમાન... વર્ધમાન અપભ્રંશ થઈને વઢવાણ... નામ પ્રચલિત બન્યું એવી લોક માન્યતા છે.

ઐતિહાસિક શહેર વઢવાણ ગુજરાતમાં જૂનાગઢ પછીનું ઐતિહાસિક વારસો જાળવી રાખનાર બીજુ શહેર છે. આઠમી અને નવમી સદી દરમિયાન અહીંયા ચાવડાવંશનું શાસન હોવાનું માનવામાં આવે છે. ગીરનાર પછીનો સૌરાષ્ટ્રનો જૂનામાં જૂનો ભૂભાગ વઢવાણ છે. ઈ.સ. ૭૦૦ ના એક તામ્રપત્રમાં પણ વઢવાણ ગામનો ઉલ્લેખ છે. જૂનાગઢ, દ્વારકા અને સોમનાથ પછી સૌથી વધારે શિલાલેખ વઢવાણમાં છે.

કવિતા : (તૂટક શબ્દોમાં) તામ્રપત્ર એટલે ?

શિક્ષિકા બહેન : ત્રાંબાના ધાતુનાં પતરા પર લખેલ લખાણ એટલે તામ્રપત્ર.

રાજુ : બહેન, શિલાલેખ એટલે શું ?

(ચોથી હરોળમાં બેઠેલા રાજુની પાસે જઈને બહેને શાબાશી આપી.)

શિક્ષિકા બહેન : ખૂબ જ સરસ પ્રશ્ન છે બેટા, શિલાલેખ એટલે કે શિલા-પથ્થર પર ટાંકણા અને હથોડીની મદદથી અક્ષરોની કોતરણી કરાવીને લખાયેલ લેખ કે લખાણ.

પ્રાચીન સમયમાં વઢવાણ અને ભોગાવો નદીમાંથી તો પૃથ્વી પર લાખો વર્ષ પહેલા યુગ પ્રારંભાયો હશે. તેના અવશેષો પણ મળી આવ્યા છે. તેના વર્ષો જૂની હડપ્પન અને સિંધુખીણ સંસ્કૃતિનો ઈતિહાસ પણ અહીંયા મળી આવે છે.

આમ, ઘણા બધા વર્ષોથી અડીખમ ઉભેલું વઢવાણ અનેક ઐતિહાસિક

ઘટનાઓની સાક્ષી પૂરે છે. ઐતિહાસિક સ્થળો (સ્થાનકો) ને જાળવતી આ નગરી ઐતિહાસિક નગરી તરીકે પણ ગુજરાત રાજ્યમાં આગવું સ્થાન ધરાવે છે.

વઢવાણ ગામમાં વયોવૃધ્ધ વ્યક્તિઓ દ્વારા વઢવાણનું મહત્વ દર્શાવતો એક દૂહો પ્રચલિત છે.

"વઢવાણ એભલ વસે, લે સમીપ બે લાખ,
ભાલે ઈરાની ભયો, સૂરજ પૂરે શાખ."

વઢવાણ ઉપર વાળા, સોલંકી અને ચાપ (ચાવડા) જેવા અનેક વંશોનું સામ્રાજ્ય હોય તેવા અનેક પુરાવાઓ મળી આવે છે.

બાળકો આ તો થઈ વઢવાણના ઈતિહાસની વાત. પરંતુ હવે હું તમને વઢવાણની ભૂમિ પર રહેલા ઐતિહાસિક સ્થળોની વાત પણ કરીશ.

આરતી (ઉત્સાહથી) : હા... હા... બહેન અમને ખૂબ જ મજા આવે છે આ બધી જ વાતો જાણવાની. અમને તો આ બધી ખબર જ ના હતી.

શિક્ષિકા બહેન : આમ જોઈએ તો વઢવાણ અતિ પૌરાણિક (પ્રાચીન) વારસાની જાળવણી કરનાર ગામ છે. ગામની અંદર દાખલ થતાં પહેલાં જ કિલ્લાના દરવાજા બહાર ઈ.સ. ૧૭૩૯ હાડીમાંનો પાળિયો અને ઈ.સ. ૧૭૮૮ માનસંગ નો પાળિયો છે. આ પાળિયાની આજે પણ પૂજા કરાય છે.

વંદના : બહેન, પાળિયો કોને કહેવાય ?






શિક્ષિકા બહેન : બેટા, પહેલાના સમયમાં રાજા અને રજવાડાઓની ફોજ હતી છતાંય ક્યારેક ડાકુ કે લુંટારાઓ ગામનું ગૌધન કે સ્ત્રીઓને લૂંટવા આવે ત્યારે ગામ રક્ષા કાજે કે

બહેન-દીકરીની લાજ બચાવવા એકલા પંડે લડી અને મૃત્યુ પામી, શહીદીને વહોરે તેની યાદમાં ગામને સીમાડે પથ્થરમાંથી કોતરેલી મૂર્તિઓ બનાવી તેને સિંદુરીયા છાપ કરી તેને જે તે સ્થળે ખોડી દેવાય તેને પાળિયો કહે છે. એની પૂજા કરાય તે પાળિયાને વરસો વરસ જાળવી રખાય છે.

આરતી : હેં બહેન, આવા પાળિયા આપણાં વિસ્તારમાં આવેલા છે ?

શિક્ષિકા બહેન : હા, ગાયોની રક્ષા કરતા મરણને શરણ થયેલાં હાડીમાનો અને ગામની રક્ષા કરતા મોતને ભેંટેલા માનસંગજીનો પાળિયો છે. જાણે-આજેયએ પાળિયા બની વઢવાણની રક્ષા કરી રહયા છે.

“ધડ ધીંગાણે જેના માથા મશાણે એવાં,
પાળિયા થઈને પૂજાવું રે,
ઘડવૈયા મારે ઠાકોરજી નથી થાવું...”

અહીંની પંક્તિમાં જાણે પથ્થરની ગેબી વાણી ઘડવૈયાના સાથે સમગ્ર વિશ્વના સંચાલક પરમેશ્વરના તોલે પાળિયાને માને છે તે દર્શાવે છે.

શિક્ષિકા બહેન : ભોગાવો નદીને કાંઠે વસતા વઢવાણ ગામનો કિલ્લો પણ અતિ પ્રાચીન અને ઐતિહાસિક છે. કેટલીક માન્યતા મુજબ આ કિલ્લો સોલંકી કાળનો અને અન્ય માન્યતા મુજબ આ કિલ્લો સનાતન કાળનો મનાય છે.

પરંતુ હાલના કિલ્લાનું વિસ્તરણ ઝાલા રાજવીઓના કાળનો ઈ.સ. ૧૮૩૫ ની આસપાસમાં થયેલો હોય તેમ લાગે છે.

વિનોદ : બહેન, કિલ્લો એટલે શું ?

શિક્ષિકા બહેન : બેટા, કિલ્લો એટલે ગામ કે શહેરની રક્ષા માટે ગામની ફરતે બંધાવેલી ખૂબ જ મજબૂત દિવાલો જેને કોટ કે કિલ્લો કહેવામાં આવે છે.



વઢવાણની ફરતે મજબૂત લાલ પથ્થરોમાંથી બંધાવેલ આ લાલ કિલ્લો અતિ પ્રાચીન સ્થાપત્ય ગણાય છે. ઘણાં વર્ષોથી વઢવાણની રક્ષા કરતો આ કિલ્લો આજે પણ સમારકામ સાથે તેની ભવ્યતા દર્શાવતો

અડીખમ છે. ગુજરાત રાજ્યમાં જૂનાગઢના ઉપરકોટના કિલ્લા પછીનું અતિમહત્વનું ઐતિહાસિક સ્થાન ધરાવતો વઢવાણનો લાલકિલ્લો છે.

જૂનો કોટ-કિલ્લો હાલ નવા દરવાજાથી ધોળીપોળ, અંદરના દરવાજાથી તે વાઘેશ્વરી પાસેથી હાલની પશ્ચિમ દિવાલને મળી જતો હશે, જ્યારે હાલનો આ કોટ નવા દરવાજાથી ધોળીપોળ, બહારના દરવાજાથી ખાંડીપોળ, નદીના કાંઠે થઈને જૂના કોટ સાથે મેળવી દીધેલ છે. જૂના સમયમાં શેરી કે વિસ્તારને પોળ નામ અપાતા અને એટલે જ આજે પણ વઢવાણના દરેક વિસ્તારને ખાંડીપોળ, ધોળીપોળ, ખારવાનીપોળ, લાખુપોળ અને શિયાણીની પોળના નામથી ઓળખાય છે. ત્યાં એક બારી પણ આવેલી છે.

એક લોક માન્યતા પ્રમાણે લડાઈ વખતે ખાંડીપોળના વિસ્તારમાં રહેવા કોટની કેટલોક ભાગ તૂટતાં એટલે કે ખાંડો થતાં આ વિસ્તારમાં આવેલ દરવાજાને ખાંડીપોળ તરીકે ઓળખાય છે. આ થઈ વઢવાણ તાલુકાના ઐતિહાસિક કિલ્લાની વાત.

"ભોગાવોના નીરે, હા તીરે વસે શહેર વઢવાણ,

રાણકનાં એક શાપે, નીર સુકાણાનાં એંધાણ"

શિક્ષિકા બેહન : ભોગાવો નદી સુરેન્દ્રનગર જિલ્લાની મુખ્ય નદીઓમાંની એક છે. ભોગાવો નદી ૯૯.૨ કિ.મી. વહીને ચોટીલા, સાયલા, વઢવાણ તથા લીંબડી તાલુકામાંથી પસાર થઈને ભાલ વિસ્તારમાં ભળી જાય છે.

સુરેશ : બહેન, બધી નદીઓમાં તો બારેય મહિનાં પાણી હોય જ્યારે આપણી આ નદીમાં તો ચોમાસા સિવાય પાણી હોતું જ નથી એવું કેમ ?

શિક્ષિકા બહેન : તારી વાત સાચી છે સુરેશ. ભોગાવો નદીની સાથે અનેક લોક વાયકાઓ અને પ્રચલિત દંતકથા જોડાયેલી છે. જે દંતકથાની સાક્ષીરૂપે આજે પણ ભોગાવો નદીને કાંઠે સતીમાં રાણકદેવીનું ભવ્ય અને કલાત્મક મંદિર છે.

સિધ્ધરાજ જયસિંહ સોલંકીએ કુટનીતિ વાપરી જુનાગઢ પર ચડાઈ કરી. રા'નવઘણ અને તેના બે પુત્રોને મારી નાખી રાણકદેવી સાથે વિવાહ કરવાની તૈયારી બતાવી.

સિધ્ધરાજ જયસિંહથી બચવા જુનાગઢના ભોંયરા વાટે રાણકદેવી જુનાગઢથી વઢવાણ સુધી ભાગતા ભાગતા પહોંચી ગયા. સિધ્ધરાજને તેની જાણ થતા તે રાણકદેવીને મેળવવા વઢવાણ સુધી આવી પહોંચ્યો. વઢવાણની બહાર ભોગાવો નદીના કાંઠે રાણકદેવી તેમના સતીત્વના પ્રભાવથી સતી થઈ ગયા. લોકવાયકા

મુજબ રાણકદેવીની રક્ષા ન કરી શકનાર વઢવાણને રાણકદેવીનો શાપ હોવાથી માત્ર ચોમાસા દરમ્યાન જ વઢવાણની નદીમાં પાણી હોય છે. બાકીના મહિનાઓમાં પાણી ટકતું નથી એટલે કે, ભોગાવો સુકો ભઠ્ઠ હોય છે. સતી રાણકદેવીનું આ મંદિર પણ શિલ્પ અને ઐતિહાસિકતાની ઝાંખી કરાવી જાય છે. મંદિરના શિખરના ભાગની કળા કારીગરીમાં શિલ્પ અને સ્થાપત્યનો ઉત્તમ નમૂનો દેખાય છે.

રાણકદેવી વઢવાણમાં સતી થયાનો ઉલ્લેખ જૂના સાહિત્યમાંથી મળે છે. વિદ્વાનોના મત મુજબ આ મંદિર ૧૦(દસમી) સદીનું હોવાનું મનાય છે. આ મંદિર તેમના મત મુજબ કદાચ શિવાલય હોવાનો સંભવ છે.

મીના : બેન, અત્યારે તો સતી થવું ગુનો ગણાય છે ને ?

શિક્ષિકા બહેન : હા, બેટા, પહેલાના વખતમાં જે સ્ત્રીનો પતિ મૃત્યુ પામે, તે મૃત્યુ પામનાર પતિની ચિતાની સાથે પત્નીને પણ અગ્નિદાહ અપાઈ સતી કરાતી. રાજા રામમોહનરાય આ સતીપ્રથાનો વિરોધ કરી તેને બંધ કરાવી.

ચંદ્રેશ : (કુતૂહલવશ) બેન, હવે રાજમહેલની વાત કરોને

શિક્ષિકા બહેન : સારૂ ચાલો બાળકો, હવા મહેલની સફર કરીએ.

(ટેબલ પર રહેલા હવા મહેલના ચિત્રો (ફોટાઓ) બતાવી બહેને હવા મહેલની વાત શરૂ કરી)

શિક્ષિકા બહેન : વઢવાણના ધરમતળાવના કાંઠે આજે પણ આ હવામહેલ ઝર્ઝરિત અવસ્થામાંય તેની અદ્ભૂત શિલ્પકળાની શાખ પૂરે છે.

વઢવાણના રાજા દાજીરાજે આ હવામહેલનું બાંધકામ શરૂ કરાવ્યું હતું. યુવાનવયે દેશ-વિદેશના પ્રવાસે જઈ ઈંગ્લેન્ડ, રોમ, ઈટાલી અને ફ્રાન્સનો પ્રવાસ કરી તેઓ ત્યાંની રોમન કળાથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. આ રોમન સ્થાપત્યનો ઉપયોગ કરી તેમણે હવામહેલ બનાવવાની યોજના કરી. ત્રણ મજલાના (માળ) આ હવામહેલમાં પ્રથમ મજલામાં વિશાળ નકશીદાર દ્વારો છે. જ્યારે બીજા અને ત્રીજા મજલામાં સુંદર-ઝરુખાની રચના,



મહેલની અંદર વિશાળ સ્નાનાગાર, સ્થાપત્ય કળાનું ભરપૂર બાંધકામ ધરાવતો બેઠક ખંડ છે.

આ હવામહેલ ખોડુ ગામના સફેદ અને હળવદ ગામના રાતા પથ્થરોથી બનાવવામાં આવ્યો છે. કુશળ કારીગરો પથ્થરની સાંધ એવી સળંગ બેસાડતા કે જાણે એક જ પથ્થરની સળંગ રચેલી દિવાલ જોઈલ્યો.

ચોરસ મહેલના ચારેય ખૂણા, ઉપરના ઝરુખામાં બારીના ગોળ ઉપસાવેલા ઘાટનું શિલ્પકામ, સંઘેડા ઉતાર ઘાટવાળી ગોળ થાંભલીઓ, અર્ધગોળાકાર કમાનો જેવી વિશિષ્ટતાઓ સાથે હવામહેલ સુંદર સ્થાપત્ય કળાનો નમૂનો બનતો રહયો. પરંતુ...

(શિક્ષિકા બહેને દીર્ઘ નિઃશ્વાસ લીધો.)

પ્રવીણા : “બહેન, પરંતુ... કહી કેમ અટકી ગયા ?

શિક્ષિકા બહેન : હવામહેલનું સુંદર સ્વપ્ન લઈ બેઠેલા દાજીરાજનું અકાળે અવસાન થતા હવામહેલ અધૂરો રહી ગયો. જો આ મહેલ પૂર્ણ હોત તો ભારતના ઉત્તમ સ્થાપત્યોમાં સ્થાન પામનાર આ “હવામહેલ” અમર નામના મેળવી શક્યો હોત.

આજે ખંડેર જેવી દશામાં પણ હવામહેલનું બાંધકામ સ્થાપત્યની દૃષ્ટિએ ઐતિહાસિક સ્થાન ધરાવનાર અદ્‌ભૂત નમૂનો છે.

(રીટા હાથમાં રહેલા ફોટાનો જોતી રહી.)

રીટા : બહેન, હવામહેલ બન્યો હોત તો તેની સુંદરતા કદાચ તાજમહેલ જેવી જ હોત ને...?

શિક્ષિકા બહેન : હા, કદાચ બેટા, પરંતુ દરેક સ્વપ્ન પૂર્ણ થતા નથી તેમ હવામહેલ પણ અધૂરા સ્વપ્નની નિશાની છે.



રમેશ : બહેન, બીજો કોઈ મહેલ આપણાં વઢવાણમાં છે ખરો ?

શિક્ષિકા બહેન : આજે પણ વઢવાણનો રાજમહેલ વઢવાણ માટે તાજ સમાન છે. રાજમહેલ પણ પોતાનું ઐતિહાસિક સ્થાન ધરાવે છે. આ રાજમહેલના દરબાર હોલમાં સુંદર ભીંત

ચિત્રો છે. શાહી સિંહાસન અને ભૂતપૂર્વ રાજાઓની તસ્વીરો તેની ભવ્યતામાં વધારો કરે છે. આ રાજમહેલમાં ભવ્ય પુસ્તકાલય પણ છે. રાજમહેલમાં આજે પણ તેના સ્થાપત્ય અને શિલ્પ ઉપરથી હિન્દુ અને જૈન ધર્મની સમન્વયતાના દર્શન થાય છે. આ બધું જોવા અને જાણવાં રાજ્યમહેલની મહેમાનગતી માણવી પડે ભાઈ.

કાર્તિક : તો... તો... બહેન, આપણે બધા ત્યાં જઈશું ને ?

શિક્ષિકા બહેન : સારું... સારું... જુઓ મારા હાથમાં કોની તસ્વીર છે ?

ચિરાગ : બહેન, આ તો મંદિરના ઘુમ્મટ જેવું છે પરંતુ આ પગથિયાં જેવું શું છે ?

શિક્ષિકા બહેન : બેટા, આ વાવ છે માધાવાવ. "માધાવાવ" વઢવાણની પ્રાચીન અને ઐતિહાસિક મહત્વ ધરાવતી વાવ છે.

ચંદ્રિકા : બહેન, વાવ એટલે કૂવો કે શું ?

શિક્ષિકા બહેન : સારી વાત કહી બેટા, વાવ એટલે પગથિયાંવાળો કૂવો, જેમાં પગથિયાં ઊતરીને પાણી ભરવાનું હોય. આવી જ વાવ માધાવાવ સાથે એક, હેત કથા પણ જોડાયેલી છે.

પ્રજા માટે પણ સમર્પિત કરનાર વાઘેલા સોલંકી રાજા સારંગદેવે (ઈ.સ. ૧૨૭૫) માં આ માધાવાવ બંધાવી. પરંતુ બાર બાર વરસ સુધી આ વાવને ઊંડી કરવા છતાંય તેમાં પાણી ના આવતા જોશી મહારાજના જોશને આધારે તેમાં નવદંપતિના બલિદાન આપવાની વાત થઈ. રાજા સારંગદેવના મંત્રીશ્રી માધવના નવપરણિત પુત્ર અને પુત્રવધૂએ પ્રજા માટે સ્વૈચ્છિક બલિદાન આપેલુ અને વાવમાં નીર આવ્યા હતાં.



છ કોઠા ધરાવતી આ ઐતિહાસિક વાવની જાળી પાટડાને ટેકો આપતા મોભ અને ગવાક્ષ ઉપરની ભરપુર રૂપકામવાળી ઈલિકાભાત નોંધપાત્ર છે. વાવના ત્રીજા કોઠામાં જમણી બાજુ ગોખમાં એક સ્ત્રી પુરૂષની પ્રતિમાં નીચે શ્રી શામળના પુત્ર સિંધુ અને સાંઢલના પુત્રી તસમાહીતીનું લખાણ છે.

આ વાવ ૧૪૦ ફુટની ઊંડાઈ ધરાવે છે. દરેક કોઠાની આગવી વિશેષતા છે. પહેલા કોઠે અદભૂત કારીગરી ધરાવતું પથ્થરનું નકશીકામ તો બીજા કોઠાની

બરાબર વચ્ચે નવગ્રહનો પાટ, હંસાકારની પટ્ટીઓ અને મથાળે ખંડિત થઈ ગયેલો દોઢિયો આવેલો છે.

આ શિલ્પકળામાં રાજસ્થાની શિલ્પકળાની ઝાંખી દેખાય છે. માંલક્ષ્મીની મૂર્તિઓ સાથે ભગવાન દશાવતારથી પથ્થરમાંથી કોતરી બનાવેલ મૂર્તિઓ સૌથી વધારે દિવ્ય છે. આકર્ષક શંખ, ચક્ર, ગદા અને પદ્મધારી ભગવાન શ્રી વિષ્ણુની પ્રતિમા છે.

રાજેશ : તો... તો... બહેન, આ વાવ કેટલી વિશાળ અને સુંદર હશે ! એને બનાવતા બાર વર્ષ લાગ્યા ?

શિક્ષિકા બહેન : અરે મારા વ્હાલા બાળકો, માધાવાવ નામે ફીલ્મ પણ બની છે. તેમાં મેં કહેલી કથા ચિત્ર સ્વરૂપે બતાવી છે જેનું પ્રચલિત ગીત પણ છે.

"બાર બાર વરસ નવાણ ગળાવ્યાં,
તો યે નવાણે નીર ન આવ્યા રે..."

આકાશ : બહેન, શું આવી બીજી વાવ પણ વઢવાણમાં છે ?

શિક્ષિકા બહેન : હા, વઢવાણનો પ્રાચીન વારસો ધરાવતી બીજી પણ એક વાવ છે. વઢવાણમાં આવેલી આ ગંગા વાવ પણ ધરોહર ધરાવતી બેનમૂન વાવ છે.

સંવત ૧૨૨૫ માં બંધાયેલી હોવાનો લેખ ધરાવતી આ વાવ પણ પ્રાચીન વાવ છે. લાખાવાવ પણ ઐતિહાસિક મહત્વ ધરાવતી પ્રાચીન વાવ છે.

નિખિલ : બહેન, આપણાં વઢવાણમાં જ વાવ હોય કે ?

શિક્ષિકા બહેન : એવું નથી બેટા, આપણા વઢવાણની આશરે ૧૭ કિ.મી. દૂર રામપરા ગામે પણ રાજબાઈ વાવ છે. આ રાજબાઈ વાવ પણ સુંદર સ્થાપત્ય ધરાવતી વાવ છે. રાજબાઈ વાવ તો ઈતિહાસના ઓવારણાં સમાન વાવ ગણાય છે. આ વાવમાં અદભૂત સ્થાપત્ય અને પથ્થરોની નકશીદાર કોતરણી જોવા મળે છે. લોકવાયકા મુજબ રામપરાના રાજમાતા રાજબાઈએ આ વાવ બંધાવી હતી આજે આ વાવ પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.

કાજલ : ઓ હો, આપણા વઢવાણમાં તો ભાઈ અદ્‌ભૂત કળા અને કારીગરી ધરાવતા સ્થાપત્યો છે.

શિક્ષિકા બહેન : અરે બેટા, આ વઢવાણ તાલુકાનું જ દેદાદરા ગામ, વઢવાણથી ૧૨ (બાર) કિ.મી. દૂર આવેલા આ ગામની દક્ષિણે ગંગવાકુંડ તરીકે વિખ્યાત કુંડ આવેલો છે. કુંડની ચારેય બાજુએ સુંદર સ્થાપત્ય ધરાવતા ચાર મંદિરો છે. જે ભગવાન ગણેશે, શિવ,

અંબાજી અને સૂર્ય મંદિર છે. સુંદર કલાત્મક એવો આ કુંડ ચાણક્ય કાળનો હોય તેવી માન્યતાઓ છે. આ કુંડની લંબાઈ પર (બાવન) ફૂટ છે. આ કુંડના ઘણાં બધાં પગથિયાં છે. એક હજાર વર્ષ પ્રાચીન મનાતું આ સ્થાપત્ય પુરાતત્વ વિભાગ દ્વારા રક્ષિત છે.

નિતા : બહેન તો ઘણાં બધાં મંદિર પણ હશે ને ?

શિક્ષિકા બહેન : હા વઢવાણ તાલુકાનું જ દૂધરેજ ગામ જે સુરેન્દ્રનગર શહેરના એક પરા જેવો જ વિસ્તાર. દૂધરેજ ગામે આશરે ૪૫૦ વર્ષ પૂરાણા વડવાળા દેવનું મંદિર આવેલું છે. લોકવાયકા મુજબ દૂધરેજ મૂળ ચારણોએ વસાવેલું ગામ છે.

હોળી, ધૂળેટી, જન્માષ્ટમીનો તેમજ અષાઢીબીજનો મેળો અહિંયા ભરાય છે.

હેતલ : તો તો બહેન આપણા મંદિર પણ પ્રાચીનકાળથી ભવ્યતા ધરાવનારા છે.

શિક્ષિકા બહેન : મંદિરની પવિત્રતા સાથે આપણા મહંત પણ દુનિયામાં આગવી ખ્યાતી ધરાવે છે. વઢવાણ તાલુકાનું જ કોઠારીયા ગામ વઢવાણથી ખૂબ જ નજીકમાં આવેલું છે. અહીંના સ્વ. ભગત શ્રી વજાભગત મૂક સેવક બની છેલ્લા ૫૫ (પંચાવન) વર્ષથી સેવાશ્રમનું કાર્ય ચલાવતા હતા. આ આશ્રમમાં પાંચસોથી વધારે ગાયો જાળવણી કરાય છે. દરરોજના પાંચ હજારથી વધારે માત્રામાં બાજરીના રોટલા કરી તેને ફરતા ગામમાં કૂતરાને ખરવરાવાય છે. તેમજ મફત છાશનું વિતરણ કરાય છે.

સ્વ. વજાભગતની આ ધર્મપરાયણતાને કારણે તેમની ખ્યાતી ચોતરફ પ્રસરી છે. આ બધુ જોવા માટે તો એકવાર કોઠારિયા ગામે જવું રહ્યું.


ચંદ્રિકા : તો... તો... બહેન, અમને સાચે જ વઢવાણના પ્રવાસે લઈ જશો ને ?

આરતી : બહેન, તમે તો અહીંયા બેઠા બેઠા એટલો સરસ પ્રવાસ કરાવી દીધો કે હવે તો મને રાત્રે સ્વપ્નમાં પણ રાજમહલ, કિલ્લો અને વાવ દેખાશે !



## માધાવાવનો ઇતિહાસ (વઢવાણ)






ગઢવી : પંડના છોરૂને જનેતા તરછોડે, બાપ અબોલ બનીને અબળાને રઝળતી મુકીને પેટનો ખાડો પૂરે અને આવા વખતે...

દૂહો : પણ ગાય જોને ગાયે મકોડા યે ભરખ્યા, અને આ તો અસત્રીએ ભરખ્યા રે બાળ;
પણ વેલો વેલો ના વ્યો ઈ મેહુલો...અરે...દેવ તારા દેહમાં પડયો દૂકાળ.

ગઢવી : (બેસીને આહાં...હાં... અને દકાળ પણ કેવો સોરઠ, ઝાલાવાડ, ગોહિલવાડ સંઘાયને ભરડો લઈ પીંખી નાખ્યા, આવા સમયે વર્ધમાનપુરી એટલે હાલનું વઢવાણ. તેની આ વાત લોકોએ તેને માધાવાવના હુલામણા નામથી ઓળખી, કોઈ-કોઈએ તો આ બલિદાન ગીતને પોતાના નામ સાથે જોડી દીધુ પણ ગમે તેમ હોય સમર્પણનો આવો દાખલો મળવો મુશ્કેલ છે.

દકાળિયા વખતને સામે થવા ચાર-પાંચ ગામનાં માલિક દરબારે નવાણ ગળાવ્યા. એક વાવ ખોદાવી પણ, આ શું ?

(બધા હાથ લંબાવીને ગાશે)

બાર બાર વરસે નવાણ ગળાવ્યા, નવાણે નીર ના આવ્યા જી રે ;

તેડાવો જોશીડાને તેડાવો મણતલ, જોશીડા જોશ જોવડાવો જી રે.

નેપથ્ય : સો સો હાથની વાવ ખોદાય અને તોય પાણીનું એક ટીપુંયે ના મળે, પંખીડા ટપોટપ પાકા બોરની જેમ પ્રથ્વી (પૃથ્વી) માથે પડવા લાગ્યા, દાદા ના નામે પૂજાતા આ રજપૂતનું કાળજું કકળી ઉઠયું. વાડનાર ઉપરની શ્રધ્ધા ડગવા લાગી અને કકળતા

કાળજે હાંકલ કરી.

દાદા : (બેસીને) હે પ્રભુ મારવા હોય તો એક હારે જ લઈ લે. આમ ટળવળાવીને રીબાવીને શા માટે ? પ્રભુ મહિનાઓથી ચારેકોર માણાહ પાણી વિના ટળવળે છે. પણ સરવાણી સંતાતી રહે છે. ભૂખ્યા પેટે બાવડાના બળ ખૂટે છે. દયા કર પ્રભુ ધરતીના ભાડુંડા માથે દયા કર.

પ્રધાન : બાપુ... બાપુ... આપની આજ્ઞા મુજબ આ પંડિતને અમે લઈ આવ્યા છીએ.

દાદા : (ઊભા થઈને) ક્યાં છે પંડિત, ક્યાં છે ? પધારો ગુરૂદેવ, તમારી બ્રહ્મવાણી વહેતી મૂકો. આ એક જ વાવને પાણી મળે તો આ હજારો પહુડા અને માનવ મરતા બચે. ઉઘાડો ઉઘાડો ટીપણું અને જલ્દી જુઓ મહારાજ. મારા ક્યા જનમનાં પાપ મને નડે છે. ગુરૂદેવ શું માગે છે આ વરૂણદેવ, આ ભિખારી માનવી પાસે ઝટ ઉકેલ આપો. બોલો...બોલો...દેવ ઝટ બોલો.

પંડિત : (ઊભા થઈને) અભય વચન

દાદા : હા અભયવચન, ભૂદેવ બોલો

જાણતલ જોશીડો ઓલ્યો એમ કરી બોલ્યો...

દીકરો ને વહુ પધરાવો રે...

(દાદા બેસી જાય છે)

બાર બાર વરસે નવાણ ગળાવ્યા...

નાવણે નીર નવ આવ્યા રે... (હજી ગીત ચાલુ જ છે.)

નણંદ : (બારણા પાસે જશે) ઘોડલા ખેલાવતા મારા વીર રે અભેસંગ, દાદ બોલાવે રે...

અભેસંગ : શું રે કીયો છો મારા સમરથ દાદા

કયા કાજે બોલાવ્યા રે...

દાદા : (ઊભા થઈને) આવો બેટા આ હાડયામાના આ દેવીને મોહ જાગ્યા છે. મરદની ખબર ટાણે હોય બેટા મોતી એરણે માથે મંડાય તૈં ય જ એની સાચી કિંમતની જાણ પડે. (દાદા બેસી જશે)

અભેસંગ : હુકમ કરો દાદા, હુકમ કરો, તમારા વચને બળતી આગમાં પણ ઠેકવા તૈયાર છું માભોમ ને માટે હાડની કાંગસિંયું કરીને હૈડાને વીંધવા તૈયાર છું.

દાદા હુકમ કરો દાદા.

દાદા : બેટા મારા લોહીને હું ઓળખું છું પણ... પણ... (ઉભા થશે) જીભ નથી ઉપડતી. હજારો વખત ચુંબનથી ગુલાબી ગાલને રમાડનાર વીર માટે આજે જીભ પર ગોઝારા વેણ આવીને બેઠા છે. બેટા

કુંવર : દાદા... દાદા... બોલો મારે શું કરવાનું છે ? ઝટ બોલો દાદા

દાદા : જાણતલ જોશીડો એમ કરી બોલ્યો...

દીકરો ને વહુ પધરાવો રે...

કુંવર : અમો તે શું રે મારા સમરથ દાદા...

પારકી જણીને પૂછી આવું રે...

દાદા તરસ્યા પહુડા અને ભૂખ્યા ભાંડુકાને મારું વતર કામ આવે ને તો હું ધન માનીશ મારા અવતારને... પણ દાદા... પણ દાદા મારા અર્ધાંગિનીને કાને વાત નાખીને હમણાં આવું.

(કુંવર પડદા પાછળ વહુને લેવા જશે. વહુ નાના દીકરાને લઈને આવશે. નણંદને આપી દેશે. લાજ કાઢેલી રાખશે. કુંવર તથા વહુ આવીને વિરૂધ્ધ જગ્યાએઉભા રહેશે.)

વહુ : શું રે કીયો છો મારા સમરથ દાદા

શા કાજે બોલાવ્યા રે...

દાદા : આવો બેટા... (અવાજ ડગમગે છે) ભર્યા દરબારમાં આજ તારી પાહેં વચન માંગવુ છે.

વહુ : (અટકાવીને) બસ દાદા પામી ગઈ છું. વાત તેમાં શું ? જળ દેવતા રીઝતા હોય તો બલિદાન દેવા તૈયાર છું.

દાદા : બસ દીકરા તે તો ત્રણે પખા ઉજળા કરી દેખાડયા (ઉભા થશે) બત્રીસ લક્ષણા મારા દીકરા અને વહુએ આજ મારું કુળ સુધાર્યુ. અલ્યા... અલ્યા કોણ છે. અલ્યા ઢોલને શરણાઈયું વગડાવો. ગુલાબે રમાડો મારા કુંવરને... કેસરિયા વાઘા પહેરાવો.

પહેલા કિરણે જળદેવતાને બલિદાન ચઢશે.

(ઢોલ નો અવાજ... કુંવર તથા વહુ પાસે ઉભા રહેશે દાદા બેસી જશે.)

(છોકરાનો રડવાનો અવાજ)

કુંવર : પાછુ વળીને તમે જુઓ રે વાઘેલી વહુ

તમારા બેટડા કોણ ઉછેરશે રે...

(થોડી વાર શાંતિ...છોકરાનો રડવાનો અવાજ)

વહુ : ઉછેરશે સાસુ અને ઢબોરશે નણંદી...

દીકરા તો કાલ મોટા થાશે રે...

તું તો કાલે મોટા થઈ જઈશ દીકરા, માટે રૂવે રૂવે સતનું તેજ છે. કાયા ભડકે બળે છે. આ છ મહિનાના ફૂલને તરછોડતા પણ આજ મારે માની મમતા પર પગ દઈને ચાલવું પડશે (એક ડગલુ આગળ ચાલશે)

એકને મારી... એકને મારી હજારોને જીવાડવા છે. આ ભડકે બળતી કાયામાંથી ટીપુયે દૂધ એના પેટમાં જાશે મારું તો કાળજું કકળી ઉઠે છે.

કુંવર : (વહુને) ઘણું જીવે મારા તેજ, મા સમય થયો છે. પધારો... પધારો... તમે આ માનવ મેદની તમારા દર્શન કરવા મીટ માંડીને ઉભી છે. મેલી દે બાપ... છેડા મેલી દે...

(દીકરા તથા વહુની પંડિત દ્વારા પૂજા થશે અને સાસું તથા નણંદ મોડિયો ચૂંદડી પહેરાવીને નાળિયેર આપશે.)

વાગી શરણાયું અને વાગ્યા છે ઢોલડા

મરવા દીકરો ને વહુ હાલ્યા રે...

આવા બાર બાર...

નેપથ્ય : (અને લોકકથા પુરાવા આપે છે કે કાળજાની માટીને તરફડતી રાખીને આ જોગમાયા દેહના દાન દેવા, મરવા વાવ તરફ હાલી. રામ અને સીતાની જોડી શોભતી હોય તેમ આ જોડલું શોભતું હતું.)

(ઢોલ શરણાઈના અવાજ, ગામવાળા પાછળ ચાલશે અને વહુ-દીકરો આગળ ધીમે પગલે ચાલી વાવ પાસે આવશે.

પ્રથમ પગથિયે પગ રે જ્યાં દીધો, તળિયે પાણી ઝબુક્યા રે (૨)

બીજે પગથિયે પગ રે જ્યાં દીધો, કાંડા સમા નીર આવ્યા રે (૨)

ત્રીજે પગથિયે પગ રે જ્યાં દીધો, કેડ સમા નીર આવ્યા રે (૨)

ચોથે પગથિયે પગ રે જ્યાં દીધો, છાતી સમા નીર આવ્યા રે (૨)

પાંચમે પગથિયે પગરે જ્યાં દીધો, પરવશ પડિયા પ્રાણીયા રે (૨)

બાર બાર વરસે...

દાદા : (ઊભા થઈને, વાવ પાસે ઉભા રહેશે)

એક રે હોંકારો તમે દીયો રે અભેસંગ ગોઝારા પાણી કોણ પીશે રે...(૨)

એક રે હોંકારો તમે દીયો રે વાઘેલી વહુ ગોઝારા પાણી કોણ પીશે રે...(૨)

(ગામ લોકો હાથ લંબાવી નીચેની લાઈન ગાશે)

પીશે પંખીડા ને પીશે પહુડા... પીશે વઢવાણના લોકો રે...(૨)

બાર બાર વરસે નાવણ ગળાવ્યા નાવણે નીરે તે દિ આવ્યા રે...(૨)

નેપથ્ય : ગોરો કુંભાર જેમ ચાકડા માથેથી માટીનો પીંડા ઉતારે એમ માથા જળદેવતાને ચડાવાયા, ત્યાં તો કાંઠા તોડીને પાણી બહાર વહેવા માંડ્યા. તરસ્યા પંખીડા અને માનવી ધરાઈ-ધરાઈ ને પાણી પીવા લાગ્યા ફકત ના પીધું ઓલ્યા બુઢ્ઢા દાદા એ...

દાદા : (બેસીને)

એક રે હોંકારો તમે દીયો રે અભેસંગ (૨)

આ ગોઝારા પાણી કોણ પીશે રે...(૨)

તરી છે ચૂંદડી ને તર્યો છે મોડિયો,

તરી અભેસંગની લાશુ રે...

(મોડીયો, ચૂંદડી, પાઘડી ઉપર ઝુલતી બતાવવી)

બાર બાર વરસે નવાણ ગળાવ્યાં,

નવાણે નીર હવે આવ્યા રે...(૩) થી (૪) વાર ગાવું.

# લીંબડી તાલુકો

## ચાલો લીંબડી શહેરની સફર

ચાલો બાળદોસ્તો, આજે હું તમને લીંબડી શહેરની મુલાકાત કરાવું. આ શહેરનું તોરણ ઈ.સ. ૧૮૨૮માં બંધાયુ હતું.

નયન : સાહેબ, લીંબડી શહેર વિશે અમને થોડું વધુ જાણવાની ઈચ્છા છે તો આ અંગે અમને કહોને.

સાહેબ : જુઓ લીંબડી ગુજરાતની સંતો સૂરા અને મહાન લોકોની ભૂમિ છે. તે સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર તરીકે ઓળખાય છે.

મહેશ : સાહેબ, આ ભવ્ય દરવાજો શાનો છે ?

સાહબે : જુઓ, આ લીંબડીના નિમ્બાર્ક પીઠ દ્વારા બનાવેલો પ્રવેશદ્વાર છે.

સંજય : સામે દેખાય છે તે શાનું મંદિર છે ?



સાહેબ : બાળકો તે સ્વામિનારાયણ ભગવાનનું મંદિર છે. જે પ્રમુખસ્વામી મહારાજે બંધાવેલ છે. ચાલો, તેમાં દર્શન કરવા જઈએ.(દર્શન કર્યા પછી)

બાળ દોસ્તો : તમને આ મંદિર કેવું લાગ્યું.

બાળકો : ખૂબ જ સરસ અને ભવ્ય ?

બાળકો : આ પડી ગયેલી ઈમારત શાની છે.

શિક્ષક : આ લીંબડીનું નવું બસસ્ટેન્ડ છે. જે અત્યારે નવું તૈયાર થઈ રહયું છે. જેમાં ગુજરાતના જુદા જુદા વિસ્તારના લોકો મુસાફરી માટે અહીંથી આવ જા કરે છે.

બાળકો : સાહેબ, લીંબડી શહેરના આ બે તળાવો વિશે અમને જણાવો ને.

સાહેબ : આ તળાવ દોલતસિંહ એ બંધાવેલું, જેથી તેનું નામ દોલતસાગર પડેલ છે. અને તે રાજાતળાવ તરીકે ઓળખાય છે. પુરૂષો માટે ન્હાવાનું સ્થળ છે અને તેની જમણી બાજું જે તળાવ છે, તે બાલુભાની યાદમાં સ્ત્રીઓને ન્હાવા અને કપડા ધોવા માટે બાંધવામાં આવ્યું છે, જે રાણીતળાવ તરીકે ઓળખાય છે.

બાળકો : સાહેબ, આ બીજું મંદિર શાનું છે ?

સાહેબ : આ ગાયત્રીમંદિર છે, જેમાં દેશી ઔષધિઓનું વિતરણ કરવામાં આવે છે.

તળાવના કિનારે ડૉ. બાબાસાહેબ આંબેડકરનું સ્ટેચ્યું છે જે બંધારણના ઘડવૈયા છે.

બાળકો : સાહેબ, આ ચોક ક્યા નામ તરીકે ઓળખાય છે ?

સાહેબ : આ ચોક ભલગામડા ગેઈટ તરીકે ઓળખાય છે.

બાળકો : આ તળાવકાંઠે શાનું મંદિર છે ?

સાહેબ : આ સરોવરીયા હનુમાનનું મંદિર છે. અહીં આ દેનાબેન્ક છે અને લીંબડીની મુખ્ય બજાર છે.

બાળકો : સાહેબ, આ બજાર ક્યા નામે ઓળખાય છે ? તેમાં શું શું વેચાય છે.

સાહેબ : બાળકો આ વોટસન શાકમાર્કેટ તરીકે ઓળખાય છે. તેમાં શાકભાજી અને ફળફળાદિનું વેચાણ થાય છે.

બાળકો : આ સામે ઊંચુ મંદિર દેખાય છે તે શાનું છે ?

સાહેબ : બાળકો, એ મહાલક્ષ્મી મંદિર છે.

બાળકો : સાહેબ, આ લાકડાઓની વસ્તુઓ લટકાવી છે તે શાની બજાર છે ?

સાહેબ : આ સંઘાડિયા બજાર છે.

બાળકો : આ સંઘાડિયા શું છે ?

સાહેબ : લાકડાને આકાર આપી રંગોપૂરી વેચાનારને સંઘાડિયા તરીકે ઓળખાય છે.

બાળકો : સાહેબ, આ મોટી શાળાનું નામ શું છે ?

| | | |
|---|---|---|
| સાહેબ | : | આ નાગરદાસ મોહનદાસ હાઈસ્કૂલ છે જે. એસ.કે. હાઈસ્કુલ તરીકે પણ પ્રખ્યાત છે. જેમાં ૧ થી ૧૨ સુધીનું શિક્ષણ અપાય છે. |
| બાળકો | : | સાહેબ, આ ઊંચી ઊંચી ઈમારતોમાં ક્યા-ક્યા કામો થાય છે ? |
| સાહેબ | : | આ જૂનાગઢ કોમર્શિયલ બેન્ક છે. જેની પાછળ LIC ઓફિસ પણ છે. આ ઉપરાંત લીંબડીની અન્ય બેન્કોમાં પંજાબ નેશનલ, કેનેરા, એસ.બી.આઈ., સૌરાષ્ટ્ર ગ્રામીણ, પીપલ્સ તેમજ બેન્ક ઓફ બરોડા બેન્ક પણ છે. જ્યાં નાણાંકીય લેવડ દેવડ થાય છે. |
| બાળકો | : | સાહેબ, આ તાલુકા પંચાયત કચેરી એટલે શું ? |
| સાહેબ | : | આ કચેરીમાં લીંબડી તાલુકાના વહીવટી કામો થાય છે. |
| બાળકો | : | સાહેબ, આ ઓફિસમાં કાળા કોટ પહેરેલા લોકો કોણ છે અને આ ઓફિસ શેની છે ? |
| સાહેબ | : | આ લીંબડી તાલુકા કોર્ટ છે. જેમાં ન્યાય આપવાનું કામ થાય છે. |
| બાળકો | : | સાહેબ, આ ક્યા માતાનું મંદિર છે ? |
| શિક્ષક | : | બાળદોસ્તો, આ દશામાનું પવિત્ર મંદિર છે ? |
| બાળકો | : | મંદિરની પાસે આ મોટી ઈમારત શાની છે ? |
| સાહેબ | : | આ લીંબડીની નગરપાલિકા છે. જે નગરની પાણી, રસ્તાઓ, ગટર અને વીજળીની સુવિધા પૂરી પાડે છે તેની સામે જ લીંબડી રમતગમતનું મેદાન છે તેની બાજુમાં જ ટેલીફોન ઓફિસ છે. જ્યાં ટેલીફોન બીલ સ્વીકારાય છે. |
| બાળકો | : | સાહેબ, આ શાળા કઈ છે ? |
| સાહેબ | : | તે ઔદ્યોગિક તાલીમ સંસ્થા છે. જેમાં વાયરમેન પ્લમ્બીંગ જેવા અભ્યાસક્રમો ચાલે છે. |
| બાળકો | : | સાહેબ, આ ઊંચી કાચની ઈમારત શાની છે ? |
| શિક્ષક | : | બાળકો તે તાલુકા સેવા સદન છે, અને તેની બાજુમા લીંબડી પોલીસ સ્ટેશન છે. |
| બાળકો | : | સાહેબ, આ કોલેજનું નામ શું છે ? તેના વિશે અમને માહિતી આપો. |
| શિક્ષક | : | જુઓ બાળકો, આ સખીદા આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ છે. જેની પાસે જી.એસ.કુમાર વિદ્યાલય છે. જેમાં ૯ થી ૧૨ ધોરણનું શિક્ષણ આપવામાં આવે છે. |
| બાળકો | : | સાહેબ, આ બગીચાનું નામ શું છે ? |

સાહેબ : તે દિગ્વીજયસિંહ ઉદ્યાન છે.

બાળકો : સાહેબ, આ સામે પુરાણી ઈમારાતો શાની છે ?

સાહેબ : તે લીંબડી રાજાનો પેલેસ છે.

બાળકો : તો આ નવું બિલ્ડીંગ શાનુ છે ?

સાહેબ : બાળદોસ્તો, તે બી.આર.સી. ભવન અને T.P.E.O. કચેરી છે. જ્યાં શૈક્ષણિક તાલીમો આપવામાં આવે છે.

બાળકો : સાહેબ, આ ભગવા કપડા પહેરેલા લોકો કોણ છે ?

શિક્ષક : જે રામકૃષ્ણ મિશનના સાધુસંતો છે, મિશનનું મંદિર છે. જેમાં સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે.

બાળકો : સાહેબ, આ વળી કઈ સ્કૂલ છે ?

સાહેબ : તે ખોડુભા રાણા હાઈસ્કૂલ છે. જેની સામે લીંબડી રેલવે સ્ટેશન છે.

બાળકો : સાહેબ, આ કન્યાઓ કોણ છે ?

સાહેબ : તે શિવાંગીની હાઈસ્કૂલની બાળાઓ છે.

બાળકો : સાહેબ, આ સફેદ વસ્ત્રો પહેરેલા લોકો કોણ છે ?

સાહેબ : તે સફેદ થોમસ સ્કૂલના શિક્ષકો છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૫ થી ૧૨ નું શિક્ષણ અપાય છે.

બાળકો : સાહેબ, આ મોટી સુંદર ઈમારત કઈ છે ?

સાહેબ : તે લીંબડીની મુખ્ય પોસ્ટ ઓફિસ છે. જેની બાજુમાં જ બ્રાહ્મણ સમાજની ભોજન શાળા છે.

બાળકો : સાહેબ, આ સામસામેની શાળાઓ કઈ કઈ આવેલી છે ?

સાહેબ : જમણી બાજું સર જશવંતસિંહ હાઈસ્કૂલ છે, જ્યારે ડાબી બાજુ સર જે મિડલ સ્કૂલ છે.

બાળકો : સાહેબ, આવી બીજી કેટલી પ્રાથમિક શાળાઓ છે ?

સાહેબ : લીંબડીમાં ૧૦ પ્રાથમિક શાળાઓ છે જેને ૧ થી ૧૦ નંબર આપવામાં આવ્યા છે.

બાળકો : આ મંદિર કયા ભગવાનનું છે ?

સાહેબ : આ મંદિર હરેશ્વર મહાદેવનું છે.





બાળકો : જે આશ્રમનું નામ શું ?

સાહેબ : આ આશ્રમ જગદીશ આશ્રમ છે, તેની બાજુમાં કબીર આશ્રમ છે અને બાજુમાં ચરમાળિયા દાદાનું સુંદર મંદિર પણ છે.

બાળકો : સાહેબ, આ ભવ્ય મંદિર શાનું છે ?

સાહેબ : જે નિમ્બાર્ક પીઠ સંચાલિત ભગવાન ચતુર્ભુજરાય દાદાનું મંદિર છે. જેના દ્વારા પણ લોકોની સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે. અને અન્નક્ષેત્ર પણ ચલાવે છે.



બાળકો : સાહેબ, આ પ્રતીમા ક્યા રાજાની છે ?

શિક્ષક : આ લીંબડીના રાજા જશવંતસિંહની પ્રતીમા છે. આ ચોકને લીંબડીમાં ગ્રીન ચોક તરીકે ઓળખવામાં આવે છે.

બાળકો : સાહેબ, આ ઘડિયાળવાળી ઈમારત કઈ છે.

સાહેબ : આ લીંબડીનો ટાવર બંગલો છે ?

બાળકો : આ કઈ નદી છે ?

સાહેબ : આ લીંબડીનો ભોગાવો નદી છે.

બાળકો : સાહેબ, આ કાંઠે દીવાલ શાની છે ?

સાહેબ : તે લીંબડીનો પ્રાચીનગઢ છે.

બાળકો : સામે કાંઠે ક્યા ભગવાનનું મંદિર છે ?

સાહેબ : તે ફૂલનાથ મહાદેવનું મંદિર છે.

બાળકો : સાહેબ, હવે ખૂબ જ ભૂખ લાગી છે.

સાહેબ : ચાલો, આપણે નદીના પટમાં કુદરતી વાતાવરણ સાથે નાસ્તાની મઝા માણીએ.

બાળકો : આ છાણની વાસ ક્યાંથી આવે છે ?

સાહેબ : આ લીંબડીની ગૌશાળા છે.

બાળકો : આ ચોક ક્યો છે ?

સાહેબ : આ લીંબડીનો ચબૂતરા ચોક છે જેમાં સોની બજાર, મોચી બજાર પણ છે.

બાળકો : સાહેબ, આ દવાખાના જેવુ શું છે ?

સાહેબ : આ લીંબડી સરકારી હોસ્પિટલ છે જેનું નામ. રા.રા. હોસ્પીટલ છે.

બાળકો : એ કોણે બંધાવેલી છે ?

સાહેબ : જે દોલતસિંહ એ પોતાના પુત્રની યાદમાં બંધાવેલ છે.

● **રામકૃષ્ણ મિશન લીંબડીની મુલાકાત :-**

ચાલો બાળદોસ્તો, આજે આપણે લીંબડીમાં સેવાકીય પ્રવૃત્તિ ચલાવી રહેલ રામકૃષ્ણ મિશનની મુલાકાત લઈએ.

શિક્ષક : સામે દેખાય છે તે રામકૃષ્ણ મિશન છે. તેની અંદર બિરાજમાન પરમ પૂજ્ય આદિભવાનંદજીને મળીએ તેઓ આપણને સેવાપ્રવૃતિ વિશે માહિતી આપશે.

રમેશ : સાહેબ, રામકૃષ્ણ મિશન કઈ કઈ શૈક્ષણિક સ્પર્ધાઓ ઉજવે છે ?

શિક્ષક : શ્રી આદિભવાનંદજી આપને માહિતી આપશે.

આદિભવાનંદજી : બાળદોસ્તો, અમારે ત્યાં વકતૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વેશભૂષા જેવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે.

મહેશ : ગુરૂ, આરોગ્યને લગતું શું કાર્ય થાય છે.

આદિભવાનંદજી : અહીંયા દવાખાનું ચાલે છે. તેમજ તેમાં એકસ-રે વિભાગ, દંતવિભાગ તેમજ અંગ કસરત વિભાગ ચાલે છે.

રોનક : ગુરૂ ભૂકંપ બાદ આપની સંસ્થાએ ક્યાં કાર્યો કરેલ છે.

આદિભવાનંદ : ૨૦૦૧ માં આવેલ ભૂકંપ બાદ અમારી સંસ્થાએ ૨૪ શાળાઓ બનાવી જલધારા યોજના નીચે ૬૦ તળાવો ઊંડા કરાવ્યાં.

રાજેશ : ગુરૂ આપની સંસ્થામાં બીજી કઈ કઈ યોજનાઓ ચાલે છે.

આદિભવાનંદ : શ્રી મા શારદા-ગાયદાન યોજના ગરીબ, કુટુંબને અનાજ સહાય "દરીદ્રનારાયણ યોજના" તેમજ ગણવેશ સહાય આપવામાં આવે છે.

ચેતન : આપની સંસ્થામાં શિક્ષણને લગતી તેમજ સાહિત્યને લગતી કઈ યોજના ચાલે છે.

આદિભવાનંદ : સ્વામી વિવેકાનંદ સાહિત્યનું પ્રચાર તથા વેચાણ કરવામાં આવે છે. તથા મૂલ્યલક્ષી શિક્ષણ દરરોજ સવાર સાંજ ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે અપાય છે. ચાલો મંદિરની મુલાકાતે તથા દર્શન કરીએ.

સૌ બાળકો શિક્ષક સાથે મંદિરે દર્શને જાય છે.

શિક્ષકશ્રી : સ્વામીજી આપને શત-શત કોટીવંદન તથા પ્રણામ.




## લીંબડી "ટાવર બંગલો" "આત્મકથા"

મારો જન્મ ઈ.સ. ૧૮૮૧ માં લીંબડી રાજ્યમાં થયો હતો મારી જન્મદાતા એન્જીનિયર રોબર્ટ બેલની નીચે થયો. પાંચ વર્ષ બાંધકામ થતા રૂા. પાંચ લાખ ખર્ચાયા. આ પથ્થરની કોતરણી તૈયાર કરનાર કસબીઓ દ્વારા થઈ. આ લોકો એ મને મજબૂત બનાવ્યો મારો અંદર તથા બહારનો દેખાવ ખૂબ જ ભવ્ય છે. મારામાં ઈગ્લેન્ડથી મંગાવેલું કીંમતી અને કલાત્મક ફર્નિચર ગોઠવાયું છે. પ્રસિધ્ધ ચિત્રકારે વાનરૂપે મારા દરબાર ગઢની દિવલો શણગારી છે. જે સમયનાં મશહુર અને પ્રસિધ્ધ ચિત્રકાર વાનરૂપેને સોપ્યું. મારી બારીઓમાં રંગીન કાચનો ઉપયોગ થયો. તેની ઉપરનાં ટાવરમાં ચારે દિશામાં મોટી ઘડિયાળો અને દર-પંદર મિનિટે સમય દર્શાવતા ડંકા વાગે તેવી વ્યવસ્થા હતી.

ઈ.સ. ૧૮૮૬ ના ડિસેમ્બરમાં મુંબઈના ગવર્નર લોર્ડ રેનેનો સન્માન સમારંભ રાખવામાં આવેલ. તે સમયે મને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યો. મારા વિશાળ દરબાર ગઢની શોભામાં મારી જાહોજહાલી હતી. હું એક રાજઘરાના જીવતાં પ્રતીક રૂપે શોભતો.

ઈ.સ. ૧૮૯૪ માં અંતમાં રામકૃષ્ણ મિશનનાં સ્થાપક સ્વામી વિવેકાનંદ લીંબડીની મુલાકાત લીધી. તેમનો એક વિશિષ્ટ પ્રસંગનું વર્ણન કરુ છું. તેઓ વઢવાણથી પગ રસ્તે લીંબડી આવ્યા. એક શિવ મંદિરની બાજુના મકાનમાં ઉતર્યા હકીકતમાં તે વામપંથીઓનો અખાડો હતો. ત્યાંના સાધુઓએ સ્વામી વિવેકાનંદને કેદ કરેલા. તેમણે બ્રહ્મચર્ય સ્ખલિત કરવાનું કાવતરૂ કર્યું. સ્વામી વિવેકાનંદને જાણ થતાં તેઓએ દૂધ આપવા આવતા ભરવાડના છોકરા મારફત માટીમાં ઠીકરા ઉપર કોલસામાંથી લખેલો સંદેશો ઠાકોર જસવંતસિંહ ને મોકલ્યો. રાજાએ સ્વામીને છોડાવેલા. સ્વામી વિવેકાનંદ ઠાકોર જસવતસિંહનાં મહેમાન બન્યાં.



મારી અંદરનાં નીચેના ભાગમાં કેટલાય દિવસ સુધી સ્વામી ત્યાં રહેલા ત્યાંથી તેમને અમેરીકા ધર્મ પરિષદમાં જવાની

પ્રેરણા મારા સાંનિધ્યમાં મળી.

ઈ.સ. ૧૯૦૬ માં લાગેલી આગમાં લીંબડીના મહેલનો મોટો ભાગ ભસ્મીભૂત થયો. સ્વામી જે દરબાર કક્ષમાં રહયાં હતા ત્યાં જરાપણે નુકશાન કે અસર ન થઈ.

૬૫ વર્ષ બાદ વર્તમાન લીંબડી ઠાકોર સાહેબશ્રી છત્રપાલસિંહ એ આ ભવ્ય મહેલને તારીખ ૧૪-૧૦-૧૦૭૧ નાં રોજ શ્રી રામકૃષ્ણ પ્રાર્થના મંદિરના નામે જાહેર સંસ્થાને દાન આપેલ.

આજે હું સ્મૃતિરૂપે લીંબડી સ્ટેટમાં તાજનાં સાક્ષી રૂપે ઊભો છું. હાલમાં પ્રવીણ કુંવરબા સ્મૃતિ મંદિર નામ રાખવામાં આવેલ છે.

ઈ.સ. ૧૯૪૭ ની આઝાદી બાદ મારી આજુબાજુના રૂમોમાં સરકારી કચેરીઓ જેવી કે મામલતદાર, કોર્ટ સંકુલથી મારૂ આંગણું લોકોથી ધમધમતું રહયું ત્યારબાદ ‘સબદિન હોત ન એક સમાન’ એ કહેવત મુજબ કુદરતે પણ કરવટ બદલી. ઈ.સ. ૨૦૦૧ ની ૨૬ જાન્યુઆરી એ આવેલ ભૂકંપે મારા મોટા ભાગના અંગો (રૂમો) ને ખૂબ જ નુકશાન પહોંચાડયું. સરકારી કચેરીઓ ખસેડતા હું સૂમસામ બની ગયો.

હાલ મારા પાછળના ભાગમાં ઝાલાવંશનાં શક્તિમાતાના મઢમાં સવાર સાંજ આરતી થાય છે. બાળદોસ્તો, આજે મારી વાત સાંભળીને, ‘હું છું લીંબડીનો ટાવર બંગલો.’

- છાલિયા તળાવ (રામસાગર) ના પટમાં ભરાતો શિતળા સાતમનો મેળો :-

દોલતસિંહ રાજાએ બંધાવેલું ઝાલીયા (છાલીયા) મૂળનામ રામસાગર છે. જે આજે છાલિયા તળાવ તરીકે પ્રખ્યાત છે. જેના તટમાં શિતળા સાતમને દિવસે એક મોટો મેળો ભરાય છે. જ્યાં અનેક લોકો આજુ બાજુના ગામોમાથી શિતળા માતાના દર્શને આવી સાથે મેળાનો પણ આનંદ લે છે. આ તળાવની બાજુમાં જ એક નર્સરી બાગ છે જે સમગ્ર તાલુકાના ગામોને વૃક્ષારોપણ માટે વૃક્ષોના રોપા અને બીજ પૂરા પાડી વૃક્ષારોપણને વેગ આપવાનું કાર્ય કરે છે. આ છાલિયા તળાવમાં પહેલા નાનું એવું સસલા ઘર પણ હતું. જે બાળકોને આનંદ આપતું. અહીંની વનસ્પતિ સૃષ્ટિ અને તેની હરિયાળી આંખોને ઠંડક આપે છે અને માણસ પોતાના તમામ દુઃખો બે ઘડી ભૂલી જાય છે. પ્રકૃતિના ખોળે સુંદરતા માણે છે.



## જૈન દેરાસર
## અંકેવાળિયા, તા.: લીંબડી

બાળદોસ્તો,

પાલિતાણા અને આબુમાં આવેલ પ્રખ્યાત જૈન દેરાસર બંધાવનાર એવા વસ્તુપાળ અને તેજપાળ ની વાર્તા કહું છું.





વસ્તુપાળ અને તેજપાળનો સંઘ પાલિતાણાથી નીકળી આપણા ગામ (અંકેવાળીયા) થી પસાર થતો હતો. આમ બાર-બાર વર્ષ સુધી સંઘ પસાર થતો રહયો. તેરમી વખત આ સંઘ જ્યારે આપણા ગામમાંથી પસાર થતો હતો ત્યારે સંઘપતિશ્રી વસ્તુપાળની તબિયત અચાનક નાદુરસ્ત થતા સંઘપતિશ્રી વસ્તુપાળ સ્વર્ગવાસ પામ્યા. તે વખતે તેમના ભાઈશ્રી તેજપાળે અહીં તેઓની સ્વર્ગભૂમિ પર ભવ્યાતિ ભવ્ય જૈન મંદિર બંધાવેલ તેનું નામ (સ્વર્ગારોહણ પ્રાસાદ) રાખવામાં આવેલ. આ જૈન મંદિરની સાથે સાતે જીનાલય, ભોજનાલય, ઉપાશ્રય, કેસર સુખડની રૂમ, મંગલઘર તેમજ હારબંધ નવમૂર્તિઓ પણ બંધાવેલ છે. આ જૈન મંદિરની પુનઃ પ્રતિષ્ઠા ૨૦૫૬ મહાવદી સાતમને શનિવારના રોજ થયેલ છે. બાળદોસ્તો, આપણા ગામમાં આવું ઐતહાસિક ઘટના ઘરાવતું જૈન મંદિર આવેલુ છે. આ જૈન મંદિર લીંબડીથી સુરેન્દ્રનગર રોડ પર તળાવના કાંઠે આવેલ છે.

# ચુડા તાલુકો

## ચુડા તાલુકાનો ઇતિહાસ

ચુડાએ વાસંળ નદીના કિનારે આવેલું ગામ છે. આ વાંસળ નદી ચોટીલાના ડુંગરના મૂળમાંથી નીકળી છે. આ નદીનું ધાર્મિક મહત્વ ઘણું છે.

ચુડા નામ કેવી રીતે પડયું ? તે ઈતિહાસ પણ જાણવા જેવો છે. ચુડા એટલે કંકણ-ચુડલા કહેવાય છે કે અગાઉ અહી કંકણ ચુડલાનો મોટો વેપાર થતો હતો. એ માટે ચુડા જાણીતું હતુ. આમ કંકણના વેપાર ઉપરથી ચુડાનું નામ કંકણપુરી હતું. અને એમ કરતા સમય જતા કંકણના પર્યાય ચુડા નામ પડયું એવી માન્યતા છે.

ચુડા ઝાલા રાજપૂત કુળનું રાજય હતું ઝાલા રાજપૂતના મૂળ પુરૂષ હરપાલદેવએ સંવત ૧૧૫૧ માં પાટડીમાં ગાદી સ્થાપી હતી. ત્યાર બાદ ઉત્તરોતર ૩૧ મી પેઢીએ રામો એ સંવત ૧૬૮૬ માં વઢવાણની ગાદી સ્થાપી. તેમની ચોથી પેઢીએ માધવસિંહ ના બે કુંવરો પૈકી અભેસિંહ એ સંવત ૧૭૬૩ (ઈ.સ. ૧૭૦૬ )માં ચુડાની રાજગાદી સ્થાપી ચુડા ત્રીજા વર્ગનું રાજ્ય હતું. તે સમયે ચુડા રાજ્યને "ગાર્ડ ઓફ ઝાલાવાડ" કહેવાતું હતું. સને ૧૯૪૭ ના ડિસેમ્બરમાં સૌપ્રથમ રાજ્યનો વહીવટ પ્રજાએ સુપરત કરવાનું ઠરાવ્યું અને તેની જાહેરાત જાહેર સભામાં તે વખતે યુવરાજ ઠાકોર સાહેબ ધર્મેન્દ્રસિંહએ આદેશાનુંસાર કરીને ૧૯૪૮માં ચુડા રાજય સૌરાષ્ટ્રના એકમમાં ભળી ગયું.

ચુડામાં શ્રી ભૂતનાથ મહાદેવ મંદિર, શ્રી મહાલક્ષ્મી માતાનું મંદિર, શ્રી ઢાળવાળા બુટ માતાનું મંદિર, સોની જ્ઞાતિના બુટમાતાનું મંદિર, શ્રી ચામુંડા માતાનું મંદિર સખીનો દુલારો, રામોલમંદિર, ફૂલેશ્વર મહાદેવનું મંદિર અને રૂગનાથ ભગવાનનું મંદિર તેમજ ગબનશાહ પીરની દરગાહ વગેરે ચુડાના પ્રસિધ્ધ ધર્મસ્થાનો આવેલા છે.

### ગૌતમ ઋષિનું પુરાતન શિવાલય :- ગોખરવાળા

ભૂતકાળમાં કેટલાક કેટલાક ઋષિઓ વાસળ નદીના તટે તપ કરતા હશે અને ચુડાનો ઈતિહાસ આ વાતની સાક્ષી પૂરે છે.

ચૂડાની આ વાંસળ નદી ગોખરવાળા ગામના પાદરમાંથી પસાર થઈ આગળ વહે છે. ગોખરવાળા આ વાસલ નદીના તટે શ્રી ચુડા ઠાકોર સાહેબના ફાર્મમાં પણ એક સો વર્ષ જૂનું ગૌતમેશ્વર મહાદેવનું પુરાતન મંદિર આવેલું છે. આ મંદિર પથ્થરમાંથી કોરેલ શિખરબંધ મંદિર છે. આશરે એકસો વર્ષ કરતા વધારે વર્ષો પહેલાનું આ મંદિર બંધાયું હોય તેવું અનુમાન છે. આજ ગૌતમઋષિના મહાદેવના મંદિરમાં બીરાજમાન નાગધારી ચમત્કારી હનુમાનજી મહારાજ છે.

## અંગ્રેજોના સમયની યાદ અપાવતું ચુડાનું રજવાડી રેલવે સ્ટેશન.

અંગ્રેજ શાસનમાં બનેલું આ કંઈ કેટલીક યાદો અને બદલાયેલા સમયની વહેણની સાથે આજે પણ ચુડાનુ રેલવે સ્ટેશન અડીખમ ઉભુ છે. ક્યારે કઈ સાલમાં આ રેલવે સ્ટેશન બન્યું હશે તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. કેટલાય ઈતિહાસના ગ્રંથો શોધવા પડે પણ આ રેલ્વે સ્ટેશનની અંદાજે આ રેલવે સ્ટેશનના પાણીનો ઉંચો વર્ષો જૂનો છે. તેની વચ્ચે એક નોંધ મારી છે કે ૧૮૫૫ની સાલમાં "રીચર્સ એન્ડ કુડઝ એન્જિનિયર બોંમ્બે" એટલે કે આ ફોટો જોયા બાદ એમ કહી શકાય છે કે ૧૮૮૫ પહેલા આ રેલવે સ્ટેશન અંગ્રેજ શાસનમાં બન્યું હશે તે રજવાડાના સમયની ઝાંખી કરાવે છે.

## ચુડાનું ભગવાન ચત્રભુજરાયનું મંદિર

ચુડામાં પુરાણ પ્રસિધ્ધ શ્રી ભગવાન ચત્રભુજરાય મંદિર આવેલું છે. શ્રી ચત્રભુજરાય સ્વયંભુ પ્રગટ થયેલા છે. લોકવાયકા એવી છે કે મુળી માંડવરાય, વઢવાણના વાઘેશ્વરી માતા અને શ્રી ભગવાન ચત્રભુજરાય ભોગાવામાં સ્વયં પ્રગટ થયેલા. આ ત્રણેય ગામના જે તે વખતના રાજવીઓના સ્વપ્નમાં આવેલા અને ગેબી વાણી કરીને અમે સ્વયં પ્રગટ થયેલા છીએ તો ત્રણેય ગામના રાજવીઓ ગાડા મોકલે, ત્રણેય ગામેથી ગાડા મોકલાયા અને આ ત્રણેય દેવો જુદા જુદા ત્રણ ગાડામાં બિરાજયા. જે ગાડુ જે ગામ તરફ ચાલ્યુ તે ગામમાં તે દેવને બેસાડવામાં આવ્યા. શ્રી માંડરાયનું ગાડુ મુળી તરફ ચાલ્યું તો મૂળીમાં શ્રી માંડવરાય દાદાની સ્થાપના કરવામાં આવી. એક ગાડુ શ્રી વાઘેવરી માતા જેમા બિરાજમાન હતા તે ગાડુ વઢવાણ તરફ ચાલ્યુ. વઢવાણમાં શ્રી વાઘેશ્વરી માતાની સ્થાપના કરવામાં આવી અને શ્રી ચત્રભુજરાય વાળુ ગાડું ચુડા તરફ ચાલ્યુ તો ચુડામાં શ્રી ચત્રભુજયરાય ની સ્થાપના કરવામાં આવી. આમ આ ત્રણેય દેવો સ્વયં પ્રગટ થઈને આવેલા છે.

## પ્રીતમ સ્વામી (ચુડા)

"હરિનો મારગ છે શૂરાનો, નહી કાયરનું કામ"

ગાંધી તો શૂરા હતા જ પણ તમે... આ ભજન ગાંધી ને ખૂબ જ ગમતું. તમને ખબર છે બાળ દોસ્તો કે આ ભજનના રચયિતા કોણ છે ? એજ આપણાં તાલુકાના કવિ શ્રી પ્રીતમ સ્વામી... ઘણા વર્ષો પૂર્વે અનેક ભજનો, કાવ્યો અને પદો જેમના હાથે રચાયા. કવિ શ્રી પ્રીતમ સ્વામીનો જન્મ ચુડા ગામમાં થયેલો છે. જે આપણા માટે ખૂબ જ ગૌરવની બાબત છે. પ્રીતમ સ્વામીએ જન્મ પછી ઘણો સમય ચુડામાં વીતાવ્યા અને ત્યારબાદ ચુડા છોડી ગુજરાતમાં અનેક સ્થળે વિચરણ કર્યુ. અંતે સંદેશર (ડાકોર) ગામે જઈ વસ્યા. તેમના દ્વારા રચાયેલા એક પ્રખ્યાત ભજન... હરિનો મારગ છે શૂરાનો નહીં, નહીં કાયરનું કામ જોને...

હાલમાં શ્રી પ્રીતમ સ્વામીની સમાધિ સંદેશર (ડાકોર) ગામમાં આવેલી છે. જે "પ્રીતમધામ" નામે ઓળખાય છે. જ્યાં તેમના હાથે રચાયેલા ભજનો અને પદો પોથી સ્વરૂપે સંગ્રહાયેલા છે. ત્યાં તેમના ગ્રંથોની પુજા થાય છે. "પ્રીતમધામ" ખાતે ગ્રામજનો દ્વારા શ્રી સ્વામીની તિથિની ધામધૂમ પ્રર્વક ઉજવણી કરવામાં આવે છે. જેમાં શ્રી સ્વામી રચિત ગ્રંથોની ભવ્ય શોભાયાત્રા પૂરા નગરમાં નીકળે છે.

## કવિ મીનપિયાસી

"પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખ દુઃખ પૂછ્યું' તું ?

દર્દ ભરી દુનિયામાં જઈને કોઈનું આસું લૂછ્યું' તું ?

તમને ખબર છે બાળ દોસ્તો કે આ કવિતાના રચયિતા કોણ છે ? આપણા લોકલાડીલા કવિશ્રી મીન પિયાસી.

ગુજરાતના એક ઉત્તમ કવિમાં જેની ગણના થાય છે. એવા કવિશ્રી મીન પિયાસીનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડામાં ૨૧મી સપ્ટેમ્બર ૧૯૧૦ ના રોજ ભટ્ટ કુટુંબમાં થયેલો. તેઓનું મૂળ નામ દિનકરરાય કેશવલાલ ભટ્ટ હતું. તેઓ વ્યવસાયે વૈદ્ય તરીકે કામ કરતાં. આ ઉપરાંત તેઓ સાહિત્યપ્રેમી, પક્ષીવિદ્, ખગોળશાસ્ત્રી અને થિયોસોફિસ્ટ હતાં. તેમનો પક્ષીપ્રેમ ખૂબ જ ઊંચો હતો રોજ સાંજે દૂરબીન લઈને જંગલમાં ફરવા જવું અને જુદા-જુદા પક્ષીઓનો અભ્યાસ કરવો તે તેમનો નિત્યક્રમ હતો. "પક્ષીજગત" તેમને ખૂબ મોટો દળદાર એવો સંગ્રહ છે. ભાગ્યે જ કોઈ પક્ષી તેમનાથી અજાણ હશે. આ સિવાય આકાશના તારાઓ અને તેની ખગોળિય ઘટના પ્રત્યે તેમને ખૂબ જ રુચિ હતી.

કવિશ્રી મીન પિયાસીએ ગુજરાતના પ્રથમ હરોળના કવિમાં સ્થાન મેળવેલ. તેમના સ્વરચિત ત્રણ સંગ્રહો અનુક્રમે વર્ષાજલ, ફુલછડી અને જૂહી નામે પ્રસિધ્ધ થયેલા છે. "કબૂતરોનું ઘૂં...ઘૂં...ઘૂં..." એ એમનું એક ખૂબ જ જાણીતું અને લોક જીભે ચડેલું કાવ્ય છે.

## જ્ઞાનાવતાર શ્રી હરિકૃષ્ણ મહારાજ (ચુડા)

ચુડા ગામનું ધાર્મિક મહત્વ ઘણું છે. ઔદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં શ્રી ભાણભાઈ રાવલને ત્યાં શ્રી હરિકૃષ્ણ મહારાજનો જન્મ..........

શ્રી હરિકૃષ્ણ મહારાજે દેશમાં વિવિધ સ્થળે પર્યટન કરી સનાતન ધર્મનો બહોળો પ્રચાર કરેલો. શ્રી હરિકૃષ્ણ મહારાજે વિક્રમ સંવત ૧૯૧૪ માં મહાસુદ પાંચમના રોજ ચુડામાં વાંસળ નદીના કિનારે બહું ભવ્ય યજ્ઞ કરેલો. આ સ્થળ હાલમાં પણ ત્યાં છે જેને "યજ્ઞશાળા" તરીકે ઓળખાય છે. આ સ્થળે શ્રી હરિકૃષ્ણ મહારાજનું મંદિર પણ આવેલુ છે. આ મંદિર સિવાય ચુડા ગામમા ભટ્ટ શેરીમાં, ખંભાત, સોજીત્રા, અમદાવાદ, ધોળકા, ગોલાણા, પાંદરી વિગેરે... સ્થળોએ શ્રી હરિકૃષ્ણ મહારાજના મંદિર આવેલા છે.

દર વર્ષે કારતક સુદ પૂનમના રોજ મુંબઈ, સોજીત્રા અને ખંભાત રહેતા તેમના હરિભક્તો પગપાળા સંઘ લઈ ચુડા આવે છે. અને હરિકૃષ્ણ મહારાજના મંદિરે ધજા ચઢાવે છે. મોટો ધાર્મિક ઉત્સવ ઉજવાય છે.

## ચરમાળિયા દાદા (ચોકડી)

ચુડાથી પશ્ચિમ દિશામાં નવ કિલોમીટરના અંતરે ચોકડી ગામ આવેલું છે. આ ગામમાં ચરમાળિયા દાદાનું સુપ્રસિધ્ધ વિશાળ મંદિર આવેલું છે. જેનો ટૂંકો ઈતિહાસ આ પ્રમાણે છે.

ઘણા વર્ષો પહેલાની આ વાત છે. જૂનાગઢ જિલ્લાના મેસવાણ ગામથી આશરે બસો વર્ષ પહેલા એક સંત ફરતા-ફરતા ચોકડી ગામે પધારેલા. ગામની સતિયા તરીકે ઓળખાતી તલાવડીના કાંઠે આસન કરી ધૂણો ધખાવી બેઠા હતા. ગામ લોકોને ખબર પડતા ત્યાં ઝૂંપડી બનાવી આપી. પછી ત્યાં રોજ ભજન-સત્સંગ થવા લાગ્યા. ગામ લોકોને સંત ઉપર વિશ્વાસ બેઠો. સમય જતાં સંતને ગામમાં આવેલા રામ મંદિર (ઠાકર દ્વારે) આરતી પૂજા કરવા લઈ ગયા.

બસ પછી સંત રોજ મંદિરમાં આરતી પૂજા કરે છે. રાત્રે ભજન-સત્સંગ કરે. ઘણી વખત મંદિર નીચે આવેલા એક ભોંયરામાં બેસી આખી રાત તપ, ધ્યાન, યોગ કરતા હતા. તેથી તેમને ગામના લોકો ખંઢોરિયો બાવો પણ કહેતા. પણ ખરેખર તેમનું નામ ખીમદાસ બાપુ હતું.

સમય જતા તેમનું ભજન તપ પૂર્ણ થતા એક દિવસ ગામ લોકોને મનની વાત કરી કે હવે મારે આ સંસારમાં રહેવુ નથી ? અને મંદિરના આંગણામાં જીવંત સમાધિ લેવી છે. ગામ લોકોએ સંતને ઘણા સમજાવ્યા પણ આતો સંત કહેવાય. છેવટે ગામલોકોએ હા ભણી.

વિક્રમ સંવત ૧૯૦૨ અષાઢ સુદ બીજના દિવસે ચોકડી ગામે સમાધિ લીધી. પણ... સમાધી વખતે થોડા તર્ક વિર્તક થતા સંતને ક્રોધ ચડયો. અને કહયું કે અમૂક વર્ષો પછી હું ચરમાળિયા (નાગના સ્વરૂપે) અવતાર લઈશ. સમય જતા પચ્ચીમ વર્ષે વિક્રમ સંવત ૧૯૨૭ ચૈત્ર સુદી પુનમના દિવસે ચોકડી ગામમાં નાગ સ્વરૂપે પ્રગટ થયા.

આ સમાચાર ચુડાના રાજવી બેચરસિંહ ઝાલા (ઠાકોર સાહેબ) ને મળતા પોતના ખર્ચે ચોકડી ગામમાં વિશાળ મંદિરનું બાંધકામ કરાવી આપ્યું. અને કહયું કે, 'અમારા વંશજો રહેશે ત્યાં સુધી નાગપાંચમના દિવસે પ્રથમ અમારી ધજા ચડાશે.'

હાલ આ કપરા કળિયુગમાં પણ દર વર્ષે શ્રાવણ વદ નાગપાંચમના દિવસે આખું ગામ અગતો (રજા) પાળી મંદિરમાં હાજરી આપે છે. અને યાત્રાળુઓની સેવા કરે છે. ગામમાં મોટો મેળો ભરાય છે. ગામ તથા બહારગામના હજારો શ્રધ્ધાળુઓ નાળિયેર, દુધ, સુખડી, ઘી અને તલવટનો પ્રસાદ લાવી પોતાની માનતી અને બાધાઓ પૂર્ણ કરે છે. આખો દિવસ મંદિરમાં ભજનનો કાર્યક્રમ રાખવામાં આવે છે. આ દિવસે વિનામૂલ્યે ભોજન (પ્રસાદ) ચા-પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.



સાંજના સમયે નાગદેવતાની પાલખી આખા ગામમાં ફરે છે. ઘેર-ઘેર પ્રસાદ વહેંચવામાં આવે છે. ઢોલ તબલાના તાલમાં લણિયા ગાતા ગાતા ભાવ વિભોર બની જાય છે. પાલખી પાછી આવી ગયા બાદ મંદિરના પરિસરમાં રાસ-ગરબા અને હુડો ગામના સ્ત્રી પુરૂષો ભેગા મળી ગાય છે. અને ઢોલના તાલે રમઝટ બોલવે છે. રાત્રે સંતવાણીનો કાર્યક્રમ રાખવામાં આવે છે. નામી અનામી ભજનિકો કલાકારો હાજરી આપે છે. આમ ચરમાળિયા દાદાનું મંદિર શ્રધ્ધા અને આસ્થાનું કેન્દ્ર બની ગયું છે.

## કરમડ ગામના વાવની ભવ્યતા

ચુડાથી દક્ષિણ પૂર્વ દિશામાં કરમડ નામનું એક નાનકડું ગામ છે. લીંબડીથી રાણપુરના રસ્તા પર જતા રસ્તામાં ચાર નાની મોટી વાવો આવેલી છે. તે પૈકી એક સુંદર અને ભવ્ય વાવ આ ગામના પાદરમાં આવેલી છે. લોકવાયકા મુજબ વટેમાર્ગુને પાણી અને આશરો મળી રહે તે હેતુથી આ વાવનું નિર્માણ રાજ રજવાડા દ્વારા કરવામાં આવેલું છે.

આ ગામના ઈતિહાસ મુજબ આ વાવમાં મળતા પાણીના સ્ત્રોતના કારણે અહિં આ ગામનું નિર્માણ થયું હશે. એક વાત ચોક્કસ છે કે આ ગામના તોરણ બંધાયા પહેલા આ વાવનું નિર્માણ થયેલું છે. જે આશરે ૩૦૦ થી ૪૦૦ વર્ષો પહેલા થયું હતું એવું માનવામાં આવે છે.



આ વાવની ભવ્યતા ખૂબજ સુંદર છે. તેનું બાંધકામ મુખ્ય પાંચ માળમાં કરવામાં આવેલું જોવા મળેલ છે. તેની કોતરણી તેની ભવ્યતામાં વધારો કરે છે. આ વાવની કોતરણી અને બાંધકામ વઢવાણની માધાવાવ અને ધાંધલપુરની વાવ સાથે ખૂબ જ મળતી આવે છે. વાવના તળ ભાગમાં ચારે બાજુ એ વાજીંત્રો વગાડતી અપ્સરાઓ સુંદર શિલ્પ દ્રશ્યમાન છે. ફરતી બાજુ એ કાંગરી સુંદર કોતરણીવાળી જોવા મળે છે. વચ્ચેના ભાગમાં ફૂલની કોતરણીવાળી પથ્થરો જોવા મળે છે. આશરે ૧૦૦ પગથિયા ધરાવતી આ વાવ તે સમયના ઉત્તમ બાંધકામનો ભવ્ય નમૂનો પૂરો પાડે છે.

હાલમાં પણ આ વાવના પાણીનો ઉપયોગ ગામ લોકો ગ્રામ પંચાયતની મદદથી કરે છે. આ વાવના બીજા માળે ક્ષત્રિય જ્ઞાતિના શ્રી શક્તિ માતાની દેરી આવેલી છે. જ્યાં હાલમાં પણ ક્ષત્રિય પરિવારના દીકરાના લગ્નબાદની વિધિ માટે અહીં આવે છે. આ પરિવાર દ્વારા અને ગ્રામ પંચાયત દ્વારા આ વાવની દેખરેખ રાખવામાં આવે છે. બરાબર વાવની બહાર શહીદ થયેલ ક્ષત્રિયોના પાળિયાઓ આવેલા છે. વાવની નજીક હનુમાન મહારાજનું ભવ્ય મંદિર આવેલું છે. લોકવાયકા મુજબ સ્વામિનારાયણ ભગવાનના વરદ હસ્તે આ મંદિરની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અક્ષર પુરૂષોતમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે અહિંથી વિહાર કરી રહયા હતા ત્યારે અહિ રોકાયા હતા. તેમના હસ્તે આ મંદિરની મૂર્તિની

સ્થાપના કરી હતી. તે સમયે ભગવાન શ્રીએ ઉપયોગમાં લીધેલ ઢોલિયો અને હીંડોળો હાલમાં પણ અહીં જોવા મળે છે. હાલ આ મંદિરને કરમડિયા હનુમાન તરીકે ઓળખવામાં આવે છે.

હાલમાં પણ દર વર્ષે હનુમાન જયંતીના દિવસે ગામની તમામ જ્ઞાતિના લોકો મંદિરના પટાંગણમાં સમૂહ ભોજન લે છે. જે ગામની એકતાનું પ્રતીક ગણવામાં આવે છે.

## નારાયણધરા (અચારડા)

સંવત ૧૮૬૪ માં શ્રીજી મહારાજ ડોસાભાઈનો સોગ ભંગાવવા કંથારિયા પધારેલ. શ્રીજી મહારાજ અને તેમની સાથે પધારેલો સંતો આ ધરામાં ભાદરવા વદ અમાસે પધાર્યા અને વાંસળ નદીમાં સ્નાન કર્યુ હતું. તે વખતે શ્રીજી મહારાજના પગે નાગણી વીંટળાયેલી. શ્રીજી મહારાજે મોક્ષ કર્યો એવી આ મહાપ્રસાદીની જગ્યા છે.

વિક્રમ સંવત ૧૮૬૭ માં શ્રીહરી ડભાણમાં એક માસ રહીને ત્યાથી સંતો સાથે ચાલ્યા તે દેવ ધોલેરા થઈને અચારડા (નારાયણધરા) પધાર્યા. વાંસલ નદીમાં સ્નાન કર્યુ ને હનુમાનજીને પ્રસન્ન કર્યા.

ભગવાન સ્વામિનારાયણ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે આ ઓટલો કરાયેલ છે. તારીખ ૧૧/૧૨/ ૧૯૭૮ ના રોજ આ મહાપ્રસાદીનું સ્થાન જાણી આ ઓટલો બંધાવી ચરણારવિંદ પધરાવ્યો છે.

ચુડાની આ પવિત્ર વાંસળ નદી ભૃગુપૂરથી આગળ બે ઝરણાંને મળે છે. આ ત્રિવેદી સંગમ જ્યાં છે તે સ્થળને નારાયણધરા નામથી ઓળખાય છે. આ નારાયણધરામાં પવિત્ર શ્રાવણ મહિનામાં અહી સ્નાન કરવાનું મહત્વ ખૂબ જ છે. અહીં એક હનુમાનજીનું મંદીર આવેલુ છે. આમ, નારાયણધરાનું સ્થળ એક જાતરાનું સ્થળ ગણાય છે.

## ખેતલીયા દાદાનો મેળો (વેજળકા)

ચુડા તાલુકાનાં વેજળકા ગામમાં ખેતલિયાદાદાનો ભાદરવી સુદ પાંચમ, છઠ, સાતમના રોજ મેળો ભરાય છે. ખેતલિયાદાદા એટલે નાગનું સ્વરૂપ... જેને ચરમાળિયા દાદાના સ્વરૂપે પણ ઓળખવામાં આવે છે. ભાદરવી પાંચમના રોજ ગ્રામજનો તથા ભુવાશ્રી કાળી ચાદર લઈને નિશાન મળેલ જગ્યાએ જાય છે. ત્યાં એ ચાદર પાથરીને ખેતલિયાદાદાને ગામમાં પધારવા આમંત્રણ આપવામાં આવે છે. ખેતલિયાદાદાએ પાથરેલી ચાદરમાં આવી જાય છે. અને ધામધૂમથી તેમને ગામના ચોરે મંદિરમાં લાવવામાં આવે છે. લોકવાયકા મુજબ ગામના રક્ષણ માટે ભાદરવી પાંચમના દિવસે ખેતલિયાદાદા વેજળકા ગામમાં આવે છે. તેથી ત્યાં મેળો ભરાય છે. આખા ગામને પ્રસાદીમાં સુખડી અને ગાંઠીયા આપવામાં આવે છે. કહેવાય છે કે આ ખેતલિયાદાદા કડુકા ગામથી અહી પધારે છે. આથી ખેતલિયાદાદાનો મેળો અનેરૂ મહત્વ ધરાવે છે.

## ભૃગુપૂરની ભાગોળે ભૃગુનાથ મહાદેવ

ભૃગુપૂર ગામની પ્રાથમિક શાળાના એક વિદ્યાર્થીએ તેમના શિક્ષકશ્રીને એક સવાલ કર્યો...

વિદ્યાર્થી : હેં સાહેબ, ગામે ગામે મેળા ભરાય છે. તો તેનું કાંઈક કારણ કે મહત્વ હશે ખરુંને... તો પછી આપણા ગામમાં દર વર્ષે ભાદરવી અમાસના દિવસે ભરાતા મેળાનું પણ કંઈક ખાસ કારણ કે મહત્વ તો હશે જ ને...

શિક્ષક : હાં...હોય તો ખરું જ ને...

વિદ્યાર્થી : તો...સાહેબ...અમોને કહોને...

શિક્ષક : સારું, ચાલો હું આજે તમને આપણા ગામમાં ભરાતા મેળા વિશે, તેની આગવી ઓળખ, વિશેષતા અને આપણા ગામની સંસ્કૃતિની ઝાંખી કરાવું... જે મેં લોક મુખે સાંભળી છે...

બાળદોસ્તો, આપણું આ ગામ આપણા તાલુકા મથક ચુડાથી દસ કિ.મી. પૂર્વ દિશામાં એક નદીના કિનારે આવેલું છે. અને (શિક્ષકને વચ્ચે જ રોકતા...)

વિદ્યાર્થી : સાહેબ...સાહેબ...આ નદીનું નામ શું છે ?

શિક્ષક : ખૂબજ સરસ સવાલ તે કર્યો... હું કહેવાનો જ હતો પણ... તે મને વચ્ચે જ અટકાવ્યો... તેનું નામ “વાંસળ” નદી છે.

વિદ્યાર્થી : “વાંસળ” ? આવું નામ શા પરથી પડયુ હશે વળી...

શિક્ષક : હાલમાં બહું છીછરી દેખાતી આ નદી વર્ષો પહેલા બારેમાસ વહેતી અને ખૂબજ ઊંડી હતી. તેની ઊંડાઈ મોટા વાંસ જેટલી હતી. તેથી તેનું “વાંસળ” પડયુ હશે. આ નદી સુદામડાના ઉપરવાંસમાથી નીકળી વેળાવદર, ચુડા, ગોખરવાળા, ભૃગુપૂર, ખાંડિયા થઈ નળસરોવરમાં ભળી જાય છે. (શિક્ષકશ્રી ચુડાના નકશામાં સ્થળો દર્શાવે છે.)

આ નદીના કિનારે ત્રણ જગ્યાએ મહાદેવના સ્વયંભુ શિવાલયો આવેલા છે. જેમાં ચુડા પાસે બગથળા મહાદેવ, ગોખરવાળા પાસે ગૌતમેશ્વર મહાદેવ અને ભૃગુપુરમાં ભૃગુનાથ મહાદેવ. આ ત્રણેય શિવાલયો પૌરાણિક છે.

વિદ્યાર્થી : તે... હેં... સાહેબ, આ આપણા ગામનું નામ ભૃગુપૂર કેમ પડયું હશે ? શું આનો પણ કંઈ ઈતિહાસ હશે... કે...

શિક્ષક : હા...હા... છે ને તે ખરેખર ખૂબ જ સારો પ્રશ્ન કર્યો... બેટા...

દરેક ગામના નામકરણ પાછળ કંઈક ને કંઈક ઈતિહાસ તો હોય જ... એમ આપણાં ગામના નામકરણ પાછળ પણ એક સુંદર પૌરાણિક ઈતિહાસ છે.

વિદ્યાર્થી : તો...સાહેબ એ ઈતિહાસ અમોને કહોને...

શિક્ષક : લોકવાયકા મુજબ રામાયણ કાળનાં મહાન તપસ્વી ભૃગુકાળના મુખ્ય આગેવાન એવા ભૃગુઋષિ તેમના શિષ્યો સાથે વિહાર કરતા આ વાંસળ નદીના કિનારે નીકળ્યા અને અહી સુંદર નયનરમ્ય વાતાવરણ હોઈ અહીં જ રોકાયા. ઘણાં વર્ષો તપ કર્યુ... તેમણે આ તપ અને હવન માટે એક કુંડ બનાવ્યો. જેને આપણે "ગંગવો" કુંડ તરીકે ઓળખીએ છીએ. તેમના શિષ્યો દ્વારા નિર્મિત નાના નાના ૯૯૯ કુંડ ચુડાથી નારણઘરા સુધી વાંસળ નદીના પટમાં આવેલા છે. જે જમીન ધોવાતા તેમજ ખોદકામ દરમિયાન મળી આવેલ છે. હાલમાં પણ આમાના ઘણાં કુંડ હયાત છે.

૧૯૫૧ માં ગ્રામજનો અને આગેવાનોના પ્રયાસથી ગામને ભૃગુપૂર એવું નામકરણ કરવામાં આવ્યું. આપણાં ગામને લોકવાયકા મુજબ 'ભડકવા' નામથી પણ ઓળખવામાં આવે છે.

વિદ્યાર્થી : સાહેબ... આ કુંડને "ગંગવો" કુંડ શા માટે કહે છે. ?

શિક્ષક : લોકવાયકા મુજબ ભાદરવી અમાસના રોજ આ કુંડમાં સ્વયં ગંગા પ્રગટ થતા અને ભૃગુઋષિના ચરણ પખાળતાં અને તેથી જ તેને ગંગવો કુંડ કહેવામાં આવે છે. અહીં સ્નાન કરી ભૃગુઋષિ મહાદેવની પૂજા અર્ચના કરતા. તેથી જ અહીં ભાદરવી અમાસના રોજ મેળો ભરાય છે. આ દિવસે ગંગવા કુંડમાં નહાવાનો અનેરો મહિમા છે. આ કુંડના પાણીનો સંગ્રહ કરી ગ્રામજનો પવિત્ર વિધિમાં વર્ષ દરમિયાન વાપરે છે.

કંકણપુર (હાલનું ચુડા)થી નારણઘરા સુધીના વાંસળ નદીના કિનારા વિસ્તારને સપ્ત ઋષિનો પ્રદેશ તરીકે ઓળખવામાં આવે છે.

"સ્વર્ગથી સોહામણું, મારું ભૃગુપુર નામે ગામ
વાંસળ નદીના કાંઠે, જ્યાં છે ભૃગુઋષિના ધામ"

વિદ્યાર્થી : વાહ સાહેબ... ખૂબ જ મજા આવી.

શિક્ષક : અને હા, આ સિવાય આપણાં ગામના આથમણી દિશામાં જસમાં ઓડણ માતાનું ભવ્ય મંદિર આવેલું છે. જ્યાં દર વર્ષે અષાઢી બીજના રોજ ઝાલાવાડના ઓડ જ્ઞાતિના લોકો અહીં ભેગા થાય છે. હોમ હવન કરી માતાની પૂજા અર્ચના કરે છે.

પોતાના પરિવારના સારા અને મહત્વના નિર્ણયો અહિંયા લે છે. જસમાં ઓડણનું મુખ્ય મંદિર પાટણમાં આવેલું છે. જસમાં ઓડણ સિધ્ધરાજ જયસિંહના સમયમાં થઈ ગયેલ સતી છે. જેને ઓડ જ્ઞાતિના લોકો માતા તરીકે પૂજે છે.

વિદ્યાર્થી : સાહેબ આપણાં' ગામનો આવો સુંદર અને પૌરાણિક ઈતિહાસ જાણવાની ખૂબ જ મજા પડી.

## મોજીદડના બ્રહ્મનિષ્ઠ આચાર્ય શ્રીમન્ નથુરામ શર્મા

સૌરાષ્ટ્રના ઝાલાવાડ વિભાગમાં લીંબડી રાજયના મોજીદડ ગામે આચાર્ય શ્રીમન્ નથુરામ શર્માનું વિક્રમ સંવત ૧૯૪૧ ના આસો સુદ-૪ એટલે કે તા. ૧૦-૧૦-૧૮૫૮ ના રોજ એક ગરીબ પવિત્ર ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં પ્રાગટ્ય થયું. પિતાનું નામ પિતાંબર રાવલ અને માતાનું નંદકુંવર. મા-બાપે બાળકને શિવભક્તિનું ફળ માંન્યું. તેનું નામ નથુરામ પાડવામાં આવ્યું બાળ નથુરામ બે વર્ષ ના થયા ત્યારે એક સંન્યાસીએ તેમનું તેજસ્વી મુખારવિન્દ તથા ચરણ રેખાઓ જોઈને ભવિષ્ય કથન કર્યુ, કે આ બાળક મહાત્મા થશે. બચપનમાં અન્ય બાળકોની જેમ રમત ગમતના સમય ગાળવાને બદલે નથુરામ ગામની બહાર ચાલ્યા જતા અને પ્રકૃતિ નદી વૃક્ષોનું નિરીક્ષણ કલાકો સુધી એકીટસે કર્યા કરતા. કેમ જાણે પ્રકૃતિના ગૂઢ રહસ્યો સમજવાની કોશિશ કરતા હોય.

પૂજ્ય નથુરામ શર્માએ પ્રાથમિક શિક્ષણ મોજીદડ તથા ગામ ચુડામાં પુરૂ કર્યુ. ઈ.સ. ૧૮૭૪ માં શિક્ષકની તાલીમ લેવા રાજકોટ ટ્રેનીંગ કોલેજમાં દાખલ થયા. ફુરસદનો સમય ધ્યાન સમાધિમાં વ્યતિત કરતા. તેમની યાદશક્તિ તીવ્ર હતી. તેઓ શ્રી કરૂણાસાગર હતા. કોઈ પણ જીવ માત્રને થતા દુ:ખ થી અશ્રુ છલકાઈ જતા. વિદ્યાર્થી કાળમાંજ યોગીની જીવનશૈલી અપનાવી લીધી હતી. તેમનું સાધુ જેવું વર્તન જોઈ સહપાઠીઓએ તેમનું નામ સાંઈ પાડેલું. કોલેજ કાળ દરમિયાન તેમના પિતાની છત્ર છાયા ગુમાવી છતાં પણ ઊંચા કર્મ અંતિમ પરીક્ષામાં સફળ થયા.

મોટા પુત્ર તરીકે કુટુંબના ભરણ પોષણની જવાબદારી આવી પડતા યુવાન નથુરામ સૌરાષ્ટ્રના કેળવણી ખાતામાં પ્રાથમિક શિક્ષક તરીકે દાખલ થયા. ઈ.સ. ૧૮૭૭ માં પોરબંદર રાજ્યના અડવાણા ગામેથી શિક્ષકની નોકરીની શરૂઆત કરી. ત્યારબાદ લીંબુડા તથા જાફરાબાદમાં સેવા આપી. જાફરાબાદમાં હતા ત્યારે શિક્ષકની નોકરી છોડીને માંગરોળ રાજ્યના દિવાનના શિરસ્તેદાર બન્યા. છેલ્લે ભાવનગર નજીક આવેલી વરલ જાગીરના કારભારી બન્યા. આજીવિકા માટેનો તેમનો વ્યવહારકાળ ૧૦ વર્ષનો ગણાય વ્યવહારકાળમાં પણ પરમાર્થિક સાધનાની તમન્ના હતી. અડવાણા હતા ત્યારે વિદ્વવાન સોમપુરા બ્રાહ્મણ વાસુદેવ પાસે તેઓશ્રીએ વેદાંત યોગ અને કર્મકાંડનો અભ્યાસ શરૂ કર્યો. વ્યવહારકાળમાં તેમણે સાધના માર્ગ અપનાવી લીધો હોવાથી તેઓ સાધુ જીવન ગાળતા. એક ટંક ભોજન લેવું. ભોંયપથારીએ સૂંવુ, ત્રિકાળજ્ઞાન સંધ્યા કરી, પ્રાત: વહેલા ૩ વાગે ઊઠી ધ્યાનમાં બેસવું પ્રાણાયામ અને યાંત્રિક ક્રિયાઓ

કરી ધર્મ અને વેદાંતના પુસ્તકોનું વાંચન અને અભ્યાસ વગેરે તેમનો નિત્યક્રમ હતા. આ અભ્યાસને આધારે તેમને ફક્ત ૨૩ વર્ષની ઉંમરે તેમનું પ્રથમ પુસ્તક ‘સ્વભાવિક ધર્મ’ લખ્યું તેઓ શ્રી અવારનવાર ગિરનારમાં સમાધિ તપ કરવા ચાલ્યા જતા. તેમનું અનુયાયી વૃંદ મોટુ ને મોટુ થતું ગયું. તેઓ શિક્ષક તરીકે આદર્શ શિક્ષક હતાં. તેઓ ઉદાર મનના હતાં. પોતાની વસ્તુઓ પણ જરૂરતમંદને આપી દેતા. તેઓ ચમત્કારીક શક્તિ ધરાવતા હતા યૌગિક ક્રિયાઓ દ્વારા ઘણાંના અસાધ્ય રોગ તેઓ મટાડતા (આજે પણ ‘યોગ ભગાડે રોગ’ યુક્તિ એટલી જ સાર્થક છે.) તેમણે ધર્મમંથનના સારરૂપ બીજો ગ્રંથ ‘મનુષ્ય મિત્ર’ લખ્યો. માતા નંદુબા તેમનું લગ્ન કરાવવા ખૂબ આતુર હતા. વારંવાર તેના માટે આગ્રહ કરતા. લગ્નની તારીખ પણ નક્કી થઈ ગઈ હતી. પરંતુ તેઓશ્રીએ લગ્ન ન કરવાનો દૃઢ સંકલ્પ કરી મહાભિનિષ્ક્રમણ કરીને હિમાલય ચાલ્યા ગયા. હિમાલયના વનમાં શિયાળાની કડકડતી ઠંડીમાં હિંસક પશુઓ વચ્ચે પરમાત્માનું દર્શન ન થાય તો દેહ પાડી દેવાના નિશ્ચિય સાથે ઉગ્ર તપસ્યા કરી. તેઓશ્રીને શુભ અને શાંત પ્રકાશમાં પ્રભુના નિરાકાર સ્વરૂપના શ્રી દક્ષિણામૂર્તિ માહેશ્વરના દર્શન થયા. પ્રભુએ જ્ઞાન દ્વારા જનકલ્યાણનો આદેશ આપ્યો. બ્રહ્મ દર્શન કરી બ્રહ્મર્ષિ બન્યા ઈ.સ. ૧૮૮૭ માં વ્યવહાર છોડયા ! ઉતરાખંડ તથા પૂર્વ ભારતનો પ્રવાસ કર્યો, કાશી ગયા, કાશીમાં તેમણે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તેમના અનુયાયીઓ તેમને શ્રીનાથ ભગવાન તરીકે માનવા લાગ્યા.

ઈ.સ. ૧૮૯૦માં શ્રીમન્ નથુરામ શર્માએ ગીરનારની તળેટીમાં આવેલ મુચકંદ ગુફામાં સાત માસનું એકાંત સેવી ઉગ્ર તપ કરી આચાર્ય પદનો સ્વીકાર કર્યો. તેમના જનકલ્યાણ અર્થ ધર્મ કાર્યો કર્યો. ધર્મોપદેશ, ધર્મપ્રચાર કર્યા. મુમુક્ષોને માર્ગદર્શન માટે તેઓશ્રીએ વ્યાપક પ્રવાસ, પ્રવચન તથા વાર્તાલાપ કર્યા. તેમને પ્રાચીન વૈદિક, સનાતન ધર્મ તથા કર્મ ભક્તિ જ્ઞાન યોગમાર્ક માટે ગ્રંથોની રચના કરી તેમને યોગકૌસ્તુભ’ ‘નાથસ્વરોદય’‘યોગપ્રભાકર’ ‘પતંજલિ’ ‘યોગદર્શન’ જેવા એકસો કરતા પણ વધુ પુસ્તકો લખી, ગુજરાતી ધાર્મિક સાહિત્યને સમૃધ્ધ કર્યુ છે. તેમાં તેમણે વેદાંત, ઉપનિષદ, તત્વજ્ઞાન જેવા ગહન વિષયો સરળ ગુજરાતી ભાષામાં સમજાવ્યા છે. તેઓશ્રીનું આઠ ભાષા - ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મરાઠી, બંગાળી, ઉર્દૂ, ફારસી અને અંગ્રેજી પર પ્રભુત્વ હતું ઈ.સ. ૧૮૯૩ માં તેમણે પોરબંદરમાં શ્રી આનંદ આશ્રમની સ્થાપના કરી. બીલખા સહિત બીજા ચાર નગરોમાં આનંદ આશ્રમ સ્થાપ્યા. મુંબઈથી કરાચી સુધી તેમનો બહોળો શિષ્ય સમુદાય ફેલાયેલો હતો. વિક્રમ સવંત ૧૯૮૭ ના અશ્વિન વદી ૧૧ એટલે તા. ૬-૧૧-૧૯૩૧ ના શુક્રવારના રોજ આનંદ આશ્રમ બીલખા ખાતે તેમનું સ્વરૂપાસ્થાન થયું.



ગુજરાતના સુપ્રસિધ્ધ સાહિત્યકાર સ્વ. ધૂમકેતુએ નોંધ્યુ છે કે, વાણી ઉપર સંયમ એટલે શું એનું

વ્યવહાર સ્વરૂપ જેવુ શ્રીમન્ નથુરામ શર્માના સાંનિધ્યમાં મેં જોયું એવું ત્યારપછી બીજે ક્યાંય જોયું નથી. નહીંતર ઠીંક ઠીંક મોટા કહેવાય એવા ઘણા પુરૂષોનો પરિચય લાભ તો મને મળ્યો છે. 'દિવ્ય વન સંઘવાળા સ્વામી શિવાનંદે તેઓશ્રીને ગુજરાતના સિધ્ધયોગી તરીકે ઓળખાવ્યા છે.

વિદ્વાન સાક્ષર શ્રી કે.કા.શાસ્ત્રીએ લખ્યું છે કે, યોગમાં મહારાજશ્રી સિધ્ધપુરૂષ હતા. મહાત્માશ્રીની વાણીમાં કદી કોઈ મતપક્ષનું ખંડન નહોતું આચાર્યશ્રી લોકોને પ્રભુ પાસે બીજું કંઈ ન માગતા ફક્ત 'સુમતિ' માગવાનો ઉપદેશ આપતા.

## લોકવાયકા

**"સબ જગ જઈયો, ચુડા મત જઈયો."**

**"સબ ગામ જઈયો, ચુડા મત જઈયો"**

સ્ટેટ સમયથી એવી પ્રથા હતી. કે બપોરના ૧૨:૦૦ વાગ્યાથી ૦૪:૦૦ વાગ્યા સુધી ચુડાની બજાર બંધ રહેતી. અને સુરેન્દ્રનગરથી ટોલી (રેલવે) ચુડા પહોંચવા નો સમય ૧૨:૦૦ વાગ્યે પહોંચતા. આવા સમયે ચુડાની તમામ બજાર બંધ રહેતી. આવા સમયે સાધુઓને કંઈ ખાવા-પીવા ન રૂપિયા પણ મળતાં. અને જ્યારે ટોલી (રેલવે) ઉપડવાનો સમય થતો ત્યારે બજાર ખુલતી... આવા સંજોગોમાં સાધુઓ ને ભૂખ્યા રહેવું પડતું. તેથી આવી લોકવાયકા છે કે, 'સબ ગામ જઈયો, ચુડા મત જઈયો.'

## સ્મશાનગૃહ (ચુડા)

વાંસળ નદીને કિનારે ચુડાની સુદરતામા વધારો કરતી એક સુંદર જગ્યા આવેલી છે. એ છે ચુડાનું સ્મશાનગૃહ. મોટાભાગે કામવગર કોઈપણ વ્યક્તિ આવા સ્થળે જવાનું પસંદ ન કરે, પરંતુ આ જગ્યા એટલી સુંદર છે કે ગામના વડીલો રસ્તો નીકળતા મુસાફરો આ જગ્યાએ આરામ કરે છે. ખેતરમાં કામ કરનારા આજુ-બાજુના ખેડૂતો ત્યાં આવીને બપોરનું ભોજન લે છે. આ જગ્યા હરીયાળી મનને મોહી લે એવી છે. આવા વાતાવરણના કારણે ત્યાંના માણસોમાં એવી માન્યતા હતી કે, 'સ્મશાનમાં ન જવાય તે માન્યતા ને દૂર કરી આ જગ્યાએ જઈ સમય પસાર કરતા થયા છે.'

## ચુડાનું પ્રખ્યાત મરચું

ચુડામાં વર્ષોથી લાલ મરચાનો વેપાર ચાલે છે. વાંસળ નદીના પટમાં ચુડા ગામની આજુબાજુની સીમમાં વાવેલા મરચા ત્યાં લાવી સુકવી અને એ લાલ ચટાક, તીખું મરચું દળી વેપાર કરવામાં આવે છે. પેપ્સી, ગોલર, રેશમપટ્ટો, કાશ્મીરી, દેશી વિગેરે જેવી જાતના અલગ અલગ મરચા ત્યાં મળે છે. આ વ્યવસાય પર ત્યાં એક ફિલ્મ પણ બનેલી જેનું નામ "મીર્ચ મસાલા" જેમાં ચુડાના મરચા સાથે જોડાયેલ વ્યવસાયને બતાવવામાં આવ્યો છે.

# ધ્રાંગધ્રા

## "આપણો ઐતિહાસિક વારસો-વાવ"


બે દિવસ થયા. ગામમાં વીજળી ન હોવાથી મધ્યાહન ભોજનવાળા બહેન ગામના પાદરે આવેલી વાવમાંથી પાણી ભરવાની વાવમાંથી પાણી ભરવાની મદદ માટે પ્રિયા, મીના અને ભૂમિને સાથે લઈ ગયો. ભોજનમાં વિશ્રાંતિ પછીના સમયમાં શિક્ષક વર્ગમાં આવ્યા અને બાળકોને ભૂગોળનું પાઠયપુસ્તક કાઢવાનું કહયું. સાહેબ ભણાવવાનું શરૂ કરે ત્યાંજ પ્રિયાએ પ્રશ્ન કર્યો સાહેબ, આજે અમે મધ્યાહન ભોજનવાળાં બહેનની સાથે અમે પણ વાવે ગયેલાં ત્યાંથી વાવ જોઈ. પણ સાહેબ, આવી પગથિયાવાંળી વાવ કોણે બંધાવી હશે ? સીધી પાણીની મોટર કેમ નહીં મૂકી હોય ?

આ સાંભળી સાહેબ ખડખડાટ હસી પડ્યા અને બોલ્યા, બેટા તેં સરસ પ્રશ્ન કર્યો. ચાલો આજે તમને આપણાં તાલુકાની આવી જેટલી વાવો આવેલી છે તે કોણે ? શા માટે ? ક્યારે ? બંધાવી તેની સરસ વાત કરું છું. આમ કહી સાહેબે પોતાની વાત શરૂ કરી.

"પ્રિયા, ભૂમી, મીના" તમે જે વાવ જોઈને આવ્યાં તે કોઈ સામાન્ય કૂવો નથી પણ આપણી સાંસ્કૃતિક ધરોહર સમી ઐતિહાસિક વાવ છે, આપણાં જળમંદિરો છે.

ભૂતકાળ પર નજર કરીએ તો દુકાળનો શાપ ગુજરાતના લલાટે લખાયેલો રહયો છે. ગુજરાતનો ઈતિહાસ સાક્ષી છે કે, દર ત્રણ વર્ષે આપણું ગુજરાત દુષ્કાળનો ભોગ બનતું રહયું છે. તેથી જ ગુજરાતમાં શાસકો અને પ્રજા પાણી માટે ઉપાયો શોધતા રહયા છે. આપણી સંસ્કૃતિમાં જળને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. તેથી જ આપણે ત્યાં જળસંગ્રહોની સેંકડો પધ્ધતિઓ છે અને આ બધામાં "વાવ" એક અનોખી ભાત પાડે છે.





સંશોધન મુજબ આખા ગુજરાતમાં ૬૬૯ વાવો છે. જેમાં વાવ-કુવા બંને આવી જાય પણ કુવા અને વાવની સ્થાપત્ય કળામાં ફરક હોય છે.

શિલ્પશાસ્ત્રમાં ચાર હાથથી માંડી તેર હાથ સુધીની પહોળાઈ વાવને કુવો કહે છે. કુવામાં પણ ભારે વૈવિધ્ય છે.

- ચાર હાથની પહોળાઈ વાળા કૂવાને 'શ્રીમુખ' કહે છે.
- પાંચ હાથની પહોળાઈ વાળા કૂવાને 'વૈજ્ય' કહે છે.
- છ હાથની પહોળાઈ વાળા કૂવાને 'પ્રાંત' કહે છે.
- સાત હાથની પહોળાઈ વાળા કૂવાને 'દુંદુભિ' કહે છે.
- આઠ હાથની પહોળાઈ વાળા કૂવાને 'મનોહર' કહે છે.
- નવ હાથની પહોળાઈ વાળા કૂવાને 'ચૂડામણી' કહે છે.
- દસ હાથની પહોળાઈ વાળા કૂવાને 'દિગ્ભદ્' કહે છે.
- અગિયાર હાથની પહોળાઈ વાળા કૂવાને 'જ્ય' કહે છે.
- બાર હાથની પહોળાઈ વાળા કૂવાને 'નંદ' કહે છે.
- તેર હાથની પહોળાઈ વાળા કૂવાને 'શંકર' કહે છે.

**આવી જ રીતે,**

- જે વાવને એક મુખ અને ત્રણ ખંડ-માળ હોય તે 'નંદા.'
- જે વાવને બે મુખ અને છ ખંડ-માળ હોય તે 'ભદ્રા'
- જે વાવને ત્રણ મુખ અને નવ ખંડ-માળ હોય તે 'જ્યા'
- જે વાવને ચાર મુખ અને અગિયાર ખંડ-માળ હોય તે 'વિજ્યા'

હવે આપણે આપણાં ધ્રાંગધ્રા તાલુકામાં આવેલી વાવોની વાત કરીએ, આપણાં તાલુકામાં આવી ઐતિહાસિક વાવો કુલ બાર આવેલી છે. આજે હું તમને આમાંની એક વાવ વિશે વિસ્તૃત વાત કરીશ, જેનું નામ છે કંકાવટી

આ વાવ લાલ રેતિયા પથ્થરની બનેલી છે. આ વાવનું બાંધકામ ૧૭મી સદીનું હોવાનું ઈતિહાસકારો જણાવે છે. વાવના પ્રવેશદ્વારે ભગવાન ગણેશની પ્રતીમા અને ત્રિશુલ કંડારેલ છે. વાવમાં અડધા મીટરના ગાળે બે સમાંતર પાથ છે. અને આ બંને પાથ છેડે વાવ ફરતે એક ગોળાકાર પાથ સ્વરૂપે એકબીજાને મળે છે.

માત્રીવાવમાં માત્રીમાતાનો ગોખ આવેલો છે. આ વાવ વિશે એવી લોકવાયકા છે કે, કાનમાં રસી આવતી હોય, બોલવામાં જીભ ખચકાતી હોય, હાથપગનો લકવા હોય તો આ વાવમાં બિરાજમાન માતાને વાવ ફરતે દૂધની ધારા વાળી કરવાથી ઉપરોક્ત તકલીફોમાંથી રાહત મળે છે.

આ ઉપરાંત કંકાવટી ગામે "જોહર" નો કૂવો આવેલો છે. જેમાં ક્ષત્રિય સ્ત્રીઓએ દુશ્મનોથી પોતાની ઈજ્જત બચાવવા કૂવામાં પડી પોતાનો જીવ આપી દીધેલો.

આ વાવો બાંધવા પાછળ દાન-સખાવત સાથે સાથે ધાર્મિક, સામાજિક કારણો પણ હોય છે. કોઈ વાવ કોઈ સ્વજનની સ્મૃતિરૂપે બંધાવેલી હોય, તો કોઈ સમાજ સેવા અર્થે કોઈ વાવ બાધા-આખડી કે માનતા સ્વરૂપે પણ બંધાવેલી હોય છે.

મીના, ભૂમિ એકસાથે બોલી ઉઠયાં સાહેબ, આ વાવ અમે નાનપણથી જોતાં આવ્યાં. પાંચસો વાર તેમાં પાણી ભરવા ગયાં, પણ આપણી આવી વાવ અને આપણાં તાલુકામાં આવેલી વાવો વિશે આટલું સરસ ક્યારેય જાણ્યું નથી.

## કોંઢેશ્વર મહાદેવ

શ્રાવણ માસનો સોમવાર હોવાથી આજે ગામના બહાર આવેલા ઐતિહાસિક મંદિર "કોંઢેશ્વર મહાદેવ" ખાતે બટુક ભોજન હોવાથી શાળાના શિક્ષકો બાળકોને લઈ મંદિરે બટુક ભોજન કરાવવા લઈ ગયેલા. ભોજન કરી પાછા વળતાં રસ્તામાં વાતવાતમાં નટખટ નિશાએ બહેનને પ્રશ્ન કર્યો કે, "બહેન, આપણાં ગામનું નામ કોંઢ પરથી આ મંદિરનું નામ કોંઢેશ્વર પડયું ? કે આ કોંઢેશ્વર મંદિર પરથી આપણા ગામનું નામ "કોંઢ" પડયું ? બહેન કહે આનો જવાબ તો આપણે છેલ્લી આઠ-આઠ પેઢીથી મંદિરથી પૂજા કરતા ઈન્દુગીરી બાપુને પુછીએ તો ?

સૌ પાછાં મંદિરે ગયાં, બટુક ભોજન પૂરું થઈ ગયું. બાળકોને પાછા આવતાં જોઈ બાપુ બેઠા થયા અને પૂછયું "કેમ લશ્કર બધું પાછું આવ્યું ?" બહેને બાળકોનો પ્રશ્ન બાપુને કર્યો કે, બાળકોને આપણા આ પ્રાચીન મંદિરની વાત કરો અને જણાવો કે, આપણા આ મંદિરની સ્થાપના પહેલાં થઈ ? કે આપણા ગામની ?

બાપુ કહે ચાલો બધા શાંતિથી બેસી જાઓ. હું જાણું છું ત્યા સુધીની બધી વાત કહું. સૌ શાંતીથી ગોઠવાઈ ગયા.

બાપુએ વાત શરૂ કરી કે, આ મંદિરની સ્થાપનાનો શિલાલેખ કોઈથી વંચાતો નથી પણ આ મંદિરની દંતકથા મુજબ વાર્તા છે કે, કોંઢના ભરવાડ આ જંગલ વિસ્તારમાં ગામના ક્ષત્રિયોની ગાયો ચરાવવા આવતા. તેમાંથી એક ગાય રોજ એક આંકડાના છોડ ઉપર ઉભી રહી જાય અને તેના આંચળ પરથી આપોઆપ દૂધ પહેલા આંકડા ઉપર પડે. આમ, રોજ બનતું. પેલી બાજુ તે ગાયના માલિકે ગામના દરબારને ફરિયાદ કરી કે, "આ ગોવાળો મારી ગાયને વગડામાં દોહી લે છે. સાંજે હું ગાય દોહવા બેસું તો ગાય એક ટીપું પણ દૂધ આપતી નથી." આ સાંભળી પંચે ગોવાળને પૂછયું કે શું આ વાત સાચી છે ? ગોવાળો રોતા, કકળતા કહે, બાપુ, તમે કહો એના સમજો અમે ગાયને દોહતા હોઈએ ! તો પછી

તેમણે રોજ વાળી ઘટના જણાવી. આ સાંભળી પંચ પણ નવાઈ પામ્યું.

બીજા દિવસે ગામના દરબારો ખુદ વગડામાં ગયાં અને જોયું તો સાચે જ પેલી ગાય કહયા મુજબ આંકડાના છોડ પર ઉભી રહી. ત્યાં તેના આંચળમાંથી દૂધની છેર, પેલા આંકડા ઉપર પડવા લાગી. જોનાર સૌ તો દંગ રહી ગયા .

આ પંચમાંથી એક માણસે પેલા ગોવાળના હાથમાંથી ધારીયું લઈ આંકડો કાપ્યો. ત્યાં તો નવાઈ ચમત્કાર સામાન્ય રીતે આંકડો કાપતા તેમાથી સફેદ ચીકણું ચીડ (દૂધ) નીકળે પણ આ શું આ આંકડામાંથી તો લોહીની ધારા છૂટી, પંચને એટલું તો ભાન થયું કે આ જગ્યા કોઈ સાધારણ જગ્યા નથી લાગતી એટલે તે લોકોએ ત્યાં પાવડા-કોદાળીથી ખોદવા લાગ્યાં. પણ આ શું જમીનમાં શિવલીંગ દેખાયુ. જેમ જેમ ઊંડું ખોદતા ગયા તેમ તેમ શિવલીંગ મોટું થતુ ગયું. આખરે પૂર્ણ શિવલીંગ બહાર આવ્યું. સાંજે સૌ ઘેર આવ્યા બસ ચોરે ને ઓટે એક જ વાત શિવલીંગની.

લોકવાયકા મુજબ તે રાત્રે ગામના દરબારને સ્વપ્નમાં ભગવાન શંકર આવ્યા અને કહયું કે, જે જગ્યાએ મારુ શિવલીંગ નીકળ્યું ત્યાં મારું મંદિર બનાવી તે લીંગની સ્થાપના કરો. બીજા દિવસે સમસ્ત ગામે ફાળો એકત્ર કરી અને મંદિરનું નિર્માણ શરૂ કરાવ્યું અને જે મંદિર નિર્માણ પામ્યું તે આ સ્વયંભૂ “કોંઢેશ્વર મહાદેવ”.

બાપુએ પોતાની વાત પૂરી કરી, પણ બાળકોએ સવાલ કર્યો કે, “ આ કેટલા સમય પહેલાની વાત છે ? ” બાપુ કહે આશરે ૧૭મી સદી પહેલાની ઘટના છે અને આ કોંઢેશ્વર મહાદેવના નામ પરથી આપણાં ગામનું નામ “કોંઢ” પડયું.

પૂછયું પણ બાપુ, આ ૪૫૦ વર્ષમાં તો ઘણી કુદરતી હોનારતો આવી હશે તો પણ મંદિર તો એમનું એમ જ છે. બાપુ કહે, તમે અંદરનો શિલાલેખ કદાચ નહી વાંચ્યો હોય ? ૧૮૭૦ માં આ મંદિરનો જીર્ણોધ્ધાર તે સમયે ધ્રાંગધ્રા સ્ટેટમાં રાજવી તથા દિવાન સાહેબ માનસંગબાપુએ કરાવેલ. એટલે મંદિર સાંગોપાંગ છે અને આ ગામના લોકો તો જાણે છે પણ શિક્ષકો કે બહારના લોકોની જાણ ખાતર કે શ્રાવણમાસની આઠમે તથા અમાસે આ મંદિરનું મહાત્મય ખૂબ છે. ગામના તમામ વર્ણોના લોકોને આ “કોંઢેશ્વર મહાદેવ” પ્રત્યે અપાર શ્રધ્ધા છે. બીજા ગામની તો ખબર નથી પણ આપણા ગામના કોઈપણ વ્યાક્તિ કોઈપણ વાહન વસાવે પછી તે ટ્રક હોય કે ટ્રેકટર આ ગામના દરેક વાહન પર “કોંઢેશ્વર કૃપા” લખવાનો વણ લખ્યો નિયમ છે.

આમ કહીં બાપુએ પોતાની વાત પૂરી કરી. સૌ બાળકોએ બાપુની વાત શાંતિથી સાંભળી અને પછી બહેન સાથે સૌ શાળાએ આવી પોત પોતાના વર્ગમાં ગયા.

**ઈશ્વરની સહી... (દેશળ ભગતની વાત)**

ધ્રાંગધ્રા શહેરની સીમાડે હરીપરના રસ્તે નાગાબાવાના આશ્રમમાં આજે પૂનમની ઠાકર થાળી હતી. પૂનમની ચાંદની આકાશમાં સોળે કળાએ ખીલી હતી અને માં ભોમને રૂપેરી સાડી પહેરાવી દીધી હતી. વાતાવરણ મધુર હતું અને ભક્તિમય હતું. આવા વાતાવરણમાં નાગાબાવાના આશ્રમમાં ભક્તજનોની ભીડ

જામી હતી.

"ભક્ત કે ભગવાન રે..." ની મધુર સુરાવલીથી ભજનનો આરંભ કર્યો. ગાનારના ગળાની હલક દર્દમય હતી. ગાવાની ઢબ ઉપરથી સમજી શકાય તેવું હતું કે ભજનનો કંઈક શાસ્ત્રીય ગાયકીનો ખ્યાલ હતો. રાત્રીનો સમય લગભગ બારેક વાગ્યાનો થયો હતો. શાંત વાતાવરણમાં જેલના ડંકા સંભળાયા. ભજન બરાબર જામ્યું હતું. ભજનિક તંબૂર તથા સુરાવલી સાથે એકમેક થઈ ગયો. ધીરા સાદે બીજા ભક્તો મુખ્ય ચરણને જીલતા હતા અને બધા જ ભજનના રંગે રંગાઈ ગયા હતા.

અહીં તો અધ્યાત્મવાદનો આ કસુંબલ રંગ જામ્યો છે અને ત્યારે...

આ વખતે એક કાળો ડીંબાંગ અરબી ઘોડો પગની ઠોકરે ધરતી ગજાવતો શહેરના રાજમાર્ગને વટાવી રહયો હતો.

"હોલ્ટ, હું કમ્સ ઘેટ (ઉભા રહો કોણ આવ્યું છે)" ગ્રાઉન્ડ રાઉન્ડ પાસ "પોલીસનો સૂચનો કરતો અવાજ" કયા નામ ? કૌન નંબર "આવનારે લશ્કરી કમાન્ડરની રીતે પોલીસને પડકાર્યો." નામ દેશલ નંબર છતીસ." "મુલાકાત પોથી" અસવારે બૂક માંગી. પહેરેગીરી આપી. તેમા આવનારે પોતાની સહી કરી કહયું. "શાબાશ દેશળ ઈતની રાતમેં સીર્ફ તૂંહી જાગતા હે, સાવધ હૈ ઔર કીતને જવાન સોયે હુએ પકડે ગયે હૈં, કલકી પરેડ મેં ઉનકો નસીહત હોગી ઔર તુજે બઢતી મીલેગી" અને ઘોડો કઠોર ડાબલાના અવાજ સાથે ધરતી ખુંદવા લાગ્યો પહેરગીર ટહલવા લાગ્યો.

આવનાર અને મુલાકાત પોથીમાં સહી કરનાર ધ્રાંગધ્રાના સૈન્યપ્રેમી રાજવી અજીતસિંહ પોતે જ હતા જે બને ત્યાં સુધી પોતે જ આખા નગરની દેખરેખ રાખતા.

અને...અને... અજીતસિંહના કાને ભજનોનો અવાજ પડયો... અવાજ પરિચિત લાગ્યો. ઘોડાને થંભાવ્યો. અવાજ હુબહુ દેશળનો હતો "પણ એ તો પહેરા પર હતો મને ભ્રાંતી થાય છે." ઘોડો તો આગળ વધ્યો અને ભજન પણ

**"બાપુ અમને પૂરા રે મળે તો રાવુ રેડીએ...**
**અધુરિયાને ના કહીએ દિલની વાત રે...**

અને પછી તો દરબારે ઘોડાની ગતિ વધારી જ નહીં અને આજે રાજવી કાંઈ જ નક્કી કર્યા સિવાય મહેલ પર જ ગયા.

અને વહાલાના ગુણગાન ગાતા દેશળને ભાન થયું કે, હમણાં રાજા અજીતસિંહ રોનમાં નીકળે છે. રજા લીધી નથી અને મુલાકાત પોથી ખીસ્સામાં જ છે. અને સવારના ચાર તો વાગી ગયા હવે...?

હવે... ભગવાન કરે તે ખરું ! બીજુ શું ? અને બતીના અજવાળામાં ઘોડાના દાબડા દેખાયા અને પગના નિશાન પણ જણાયા. માનવીના પગલાં જોતાં ખાતરી થઈ કે મારી જગ્યાએ બીજો પહેરેગીર ગોઠવાયો હોવો જોઈએ.

ભગતે ખિસ્સામાંથી મુલાકાત પોથી કાઢી જોયું તો આંખો ચમકવા લાગી. બુકમાં અજીતસિંહ મહારાજની ખુદની સહી હતી અને ''દેશળ'' શબ્દો સ્પષ્ટ લખેલા હતા અને ચોંધાર આંસુએ દેશળ એ બુકને ખિસ્સામાં મૂકી. તેમનાથી આર્તનાદ થઈ ગયો. ''ધન્યનાથ એક ખવાસની વારે આવવું પડયું. નાથ દયાનિધાન'' તારા વિના આ રંક દેશળની નોકરી બીજું કોણ કરે !

ત્યાં તો જમાદારે પૂછયું કેમ ભગત, હજુ તો હમણાં જ ગયાને વળી પાછા આવ્યા ! પૂનમની રાતના અંતિમ તારાની વિદાય સાથે પ્રભાત તો થયું પણ આજની ઉષાએ આ દેશળને માનવમાંથી દેવ બનાવી દીધો.

## ''આપણો તાલુકો ધ્રાંગ-ધરા''

વહાલા બાળકો ! ધ્રાંગ-એટલે પથ્થર અને ધરા એટલે જમીન. પથ્થરોની જમીન મતલબ 'ધ્રાંગ-ધરા.' જેનું કાળક્રમે અપભ્રંશ થઈ ધ્રાંગધ્રા બન્યું.

- **ઐતિહાસિક સ્થળો :-**

ધ્રાંગધ્રા શહેરમાં રાજમહેલ, ગામના મધ્યે આવેલ માન-મહેલાત, ગામ ફરતેનો ગાઢ દિલ્હી દરવાજો, ઘાટ દરવાજો, સીતા દરવાજો, જોગાસર તળાવ જેવાં સ્થળોને ઐતિહાસિક કહી શકાય. દિલ્હી દરવાજા-માન મહેલાતની શિલ્પકલા તથા અત્યારે બેસતી શાળા ન. -૧ ના મકાનમાં આવેલા કોઠારોનું સ્થાપત્ય પણ જોવા લાયક છે.

- **ધાર્મિક સ્થળો :-**

ધ્રાંગધ્રાના ધાર્મિક સ્થળોમાં મુખ્યત્વે શિતળા મંદિર, જોગાસરનું એકદંતા ગણપતિ મંદિર, મણીનાગેશ્વર મંદિર, રામમહેલ, રોકડિયા હનુમાન, જડેશ્વર મહાદેવ, કાશીવિશ્વનાથ, સ્વામિનારાયણ ભગવદ્ધામ, દેશળભગતની છાપરી, જૈન દેરાસરો તેમજ આર્મી સંચાલિત ગુરૂદ્વારા મહત્વના છે.


રાજમહેલ


મેઈનગેટ

# સાયલા તાલુકો

## નવલખા મંદિર - સેજકપર



સુરેન્દ્રનગર જિલ્લાનું સાયલા તાલુકાનું ગામ સેજકપર ઐતિહાસિક મહત્વ ધરાવે છે. કાળની કેટલીએ થપાટો ખમીને ઉભેલા નવલખાની ટૂંકી વાત.

આ મંદિરની રચના-શૈલી સોલંકી કાળની લાગે છે. આ પરથી આ ગામ ૮૦૦ થી ૧૦૦ વર્ષ પ્રાચીન લાગે છે. લોકવાયકા એવી પણ છે સેજકજીને કૃષ્ણ ભગવાને વચન આપ્યું હતું. જ્યાં તારા રથનું પૈડું ભાંગી જાય ત્યા તું રોકાઈ જજે. સેજકજી મૂર્તિ લઈને ચાલતા થયા, જ્યાં પૈડું ભાંગ્યુ ત્યાં રોકાઈ ગયા. જ્યાં જે નગર વસાવ્યુ તે હાલનું સેજકપર.

"રથ ભાંગ્યો સમર થશે, સેજક કથ સંભલરા,

ઘર સેજકપર નામ ઘર, પ્રથમ મુકામ પંચાળા."

ઈતિહાસમાં જુનાગઢના રાજાએ સેજકજીને આ જમીન આપી તેવુ બતાવ્યું છે. આ નવલખાને બાંધવામાં નવ લાખ રૂપિયા ખર્ચ થયા હશે. એટલે કદાચ નવલખો નામ પડયુ હશે. મંદિરની સ્થાપત્ય શૈલી મોઢેરા અને સોમનાથના મંદિરને મળે છે. મંદિરના હાથી, હનુમાનજી, દેવ-દેવી, નર્તકીની ખંડિત, અખંડ મૂર્તિઓ જોવા મળે છે. શિવ-પાર્વતીનું મંદિર છે. મેદાનમાં પાળિયા છે. ઘણી કુદરતી અડચણો પછી આ નવલખો અડગ ઊભો છે.

### લોયાધામ - પ્રથમ શાકોત્સવ

પૂ.ઘનશ્યામ મહારાજ ગઢડાથી નીકળ્યા. ફરતા ફરતા લોયા પહોચ્યા. લોયામાં હતા હરિભક્ત સુરા ખાચર. સુરા ખાચર બોલ્યા મહારાજ અહીં ઉત્સવ કરો. મહારાજ બોલ્યા, અહીં શાકોત્સવ કરીએ. અહીં કયું શાક અત્યારે વાડીઓમાં છે ? સુરા ખાચર બોલ્યા, રીંગણા ખૂબ છે. મહારાજ બોલ્યા, 'કાલે રીંગણાનું શાક બનાવીએ.' બીજા દિવસે ગામમાં ઢગલે-ઢગલા રીંગણા આવ્યાં. ૬૦ મણ રીંગણા થયા. ૨૦ મણ ઘી આવ્યું. પૂ. મહારાજે જાતે શાક બનાવ્યું. લોકોએ બે દિવસ શાકનો પ્રસાદ લીધો.

તે દિવસ હતો મહા સુદ સાતમનો. પૂ. ઘનશ્યામ મહારાજે પહેલો શાકોત્સવ લોયામાં શરૂ કરેલો.



**સંતશ્રી લાલજી મહારાજની જગ્યા :-**

ઝાલાવાડની મલકતી ધરાની કણકણમાં મણ - મણની માહોરી વાતુ પડી છે. સંતો-સતી-જતી-દયાળુ-દાતાર અને ભજનાનંદી ભક્તોના રણકા થી રણકતો મલક મલક એટલે ઝાલાવાડ પ્રદેશ. ઝાલાવાડના મલકમાં એક એક નદિયુના કિનારે તેમજ ડુંગરાની ધારે સતી, જતી અને શિવના બેસણાં છે.

સૌરાષ્ટ્રના પવિત્ર તીર્થ સ્થાનો (ચોટીલા, વિરપુર, જૂનાગઢ, સોમનાથ, પરબવાવ, દ્વારકા વિ.) નું પ્રવેશદ્વાર એટલે ભગતનું ગામ (સાયલા). સુરેન્દ્રનગર જિલ્લાનો આ તાલુકો સુરેન્દ્રનગરની ૩૦ કિ.મી. ના અંતરે નેશનલ હાઈવે આઠ પર આવેલો છે અનેક સંત-મુની-જતી-સતી શ્રી નાનચંદ્રજી મહારાજ, શ્રી મેઘમુની મહારાજ, શ્રી લાડકચંદભાઈ વોરા, શ્રી કુમારપાળ દેસાઈ જેવી વિભૂતિઓને જન્મ આપ્યો છે આ મોઘેરી ધરતીએ. સાયલાને પોતાની કર્મભૂમિ બનાવીને શ્રી લાલજી મહારાજ (ભગત) દેવપુરુષ થઈ ગયાં. આ મલકના સૌ માનવીઓ આ ગામ (સાયલા)ને ‘ભગતના ગામ’થી ઓળખે છે.

સંત શિરોમણી પૂ. શ્રી લાલજી મહારાજનો જન્મ વાંકાનેર (રાજકોટ) પાસે સિંધાવદર ગામમાં, દશા શ્રીમાળી વાણિક કુટુંબમાં વિક્રમ સંવત ૧૮૫૬ ના ચૈત્ર સુદી ૯ ને સોમવારના મંગલ પ્રભાતે ધર્મપરાયણ ભગવદીય શ્રી બળવંતભાઈ શાહ તથા વિરુબાઈને ત્યાં થયો હતો.

પૂ.શ્રી લાલજી મહારાજે શ્રી સંપ્રદાય ‘બાવલદ્વારાન્ગર્ત’ શ્રી કુંબાજી મહારાજના પરંપરાના વાંકાનેરના શ્રી રઘુનાથજી મંદિરના મહંતશ્રી સેવાદાસજી મહારાજ પાસેથી ‘શ્રી વૈષ્ણવીદીક્ષા’ ગ્રહણ કરી. શ્રીલક્ષ્મીદાસજી એવું નામ ધારણ કર્યું. તેમના જન્મનું મૂળ નામ ‘લાલજી’ હોવાથી શ્રી લાલજી મહારાજ એજ નામથી પ્રસિધ્ધ થયાં.

‘શ્રી લાલજી મહારાજની જગ્યા’ એ નામની ઓળખાતા બધાય મંદિરો શ્રી રામાનંદ સંપ્રદાયના

ગણવામાં આવે છે.પૂ.શ્રી લાલજી મહારાજની ગુરુ પરંપરા-

સીતાનાથ સમારભ્ભામ્ રામાનંદાય મધ્યમામ્

અસ્મદાચાર્ય ઈન્તા વન્દે ગુરુપરમ્પરામ્

શ્રી કુંબાજી મહારાજ યતિરાજ સાર્વભૌમ જગદ્ગુરુ શ્રી સ્વામી શ્રીરામાનંદાચાર્યજી મહારાજના શ્રી લાલજી મહારાજ પરમકૃપા પાત્ર શિષ્ય હતાં.

'ઉદાર ચરિતનામ્ તુ વસુધૈવ કુટુંબક્મ'ના મહાનિયમ પ્રમાણે પોતે ધર્મપ્રચાર માટે વિચરતા હતાં. સાયલાના ઠાકોર સાહેબશ્રી (પહેલાં)ના ભાવભીના આમંત્રણથી સાયલા પધાર્યા. ઠાકોર સાહેબ તથા પ્રજાજનોના આગ્રહથી વિક્રમ સંવત ૧૮૮૯ ની સાલમાં 'શ્રી લાલજી મહારાજની જગ્યા' નામની ધાર્મિક જગ્યાની સ્થાપના કરી.

'જ્યાં ટુકડો ત્યાં હરી ઢુકડો' અને 'લેનેકો હરી નામ, દેનેકો અન્નદાન'ના સંત વચને 'શિરા-પુરી'નું સદાવ્રત ચાલુ કર્યુ. આ જગ્યાનું સદાવ્રત 'પ્રભુનામ સંકીર્તન' તથા 'કરતાલ' રૂપી સાધનથી આજે પણ એ ગુરુ પરંપરા પ્રમાણે ચાલી રહયું છે. શ્રી લાલજી મહારાજની જગ્યાની મંડળીઓ દર વર્ષે દેશ-દેશાવરમાં ધર્મ પ્રચાર માટે ફરે છે.

પૂ.શ્રી લાલજી મહારાજ (ભગત) દ્વારા - સિંધાવદર, વાંકાનેર, ઘાંટીલા, સિધ્ધસર, હળવદ, જોટાણા, ધંધુકા, વડતાલ, મગુના (ચૂંવાળ પ્રદેશ), રાધનપુર, કચ્છ-ભૂજ, ભાયલી, કોસીંદ્રા, રાસનોલ, જતાપુર અને લોર ગામ તથા તેના પ્રજાજનો પૂ.ભગતના આશીર્વાદથી ધન્ય થયેલ છે.

**લોકવાયકા મુજબ**

શ્રી લાલગુરુ(ભગત) ને સ્વયં શ્રી શેષનારાયણ ભગવાને જગાડીને આજ્ઞા કરી કે - 'હે વત્સ, મારી જેવા પ્રકારની મૂર્તિની તું ઝંખના કરે છે તેવી મૂર્તિ તો સાગરના સામે પાર દીવબંદરના એક પ્રાચીન મંદિરમાં છે તો ત્યાં આવી મને લઈ જા. હું તારી ભક્તિથી પ્રસન્ન છું.'

મહારાજશ્રી તથા તેમની મંડળી મૂર્તિ લેવાં માટે દીવબંદર પધાર્યા. દીવબંદરના ગ્રામજનોએ મૂર્તિ લઈ જવા માટે વિરોધ કર્યો. દીવબંધરના રેસિડેન્ટ તેમજ ગ્રામજનોએ ઠરાવ કર્યો કે ઘોડા કે બળદ વગર રથ જેની તરફ વળે તેને મૂર્તિ આપવી. જે રીતે બોડાણા ભક્ત માટે શ્રી રણછોડરાયજી દ્વારકાથી ડાકોર પધાર્યા હતાં તેવી જ રીતે ભક્ત આધિન શ્રી શેષનારાયણ ભગવાન શ્રી લાલગુરુ(ભગત) કાજે સ્વયં દીવબંદરથી સાયલા પધાર્યા.

પૂજ્ય આચાર્ય શ્રી લાલજી મહારાજે વિક્રમ સંવત ૧૯૧૪ માં શ્રીરામ-લખમણ-જાનકી તથા દીવબંદરથી સ્વયં પધારેલા શ્રી શેષનારાયણ ભગવાન તેમજ પંચદેવની મૂર્તિ-પ્રતિષ્ઠા કરેલ હતી. આ સમયે 'વિષ્ણુયાગ' નામનો મહાયજ્ઞ પણ કરવામાં આવ્યો હતો. ગુરુવર્ય શ્રી લાલજી મહારાજે સ્થાપેલો ધર્મધ્વજ લોકોને ધર્મ પ્રેરણા આપતો નિરંતર ફરકી રહયો છે.

## ‘હે લાલ ડંકા વાગ્યા તમારા દેશમાં’

પૂ. લાલજી મહારાજ ધર્મોપદેશ દ્વારા જ્ઞાનની ગંગા વહેવરાવી લગભગ ૩૬૦ જેટલા અન્નક્ષેત્રયુક્ત મંદિરોની સ્થાપના કરી જગતમાં ધર્મનો ડંકો વગાડી વિક્રમ સંવત ૧૯૧૮ની કારતક સુદ ૧૦ ને બુધવારના રોજ સાકેત સ્વર્ગસ્થ થયાં હતાં.

શ્રી લાલજી મહારાજની જગ્યામાં ઉજવાતા સમૈયાઓમાં અન્નકુટ(બેસતુ વર્ષ), દેવદિવાળી, શ્રી રામાનંદ જયંતિ, વસંત પંચમી, શીવરાત્રી, ધૂળેટી, રામનવમી, ગુરુ પૂર્ણિમા, ઝિલા-હિંડોળો, શ્રી લાલ પંચમી, જન્માષ્ટમી, ભગવત સપ્તાહ, ઝીલણી અગીયારસ (ભાદરવા સુદ ૧૧), શરદ પૂર્ણિમા તમેજ દિવાળી જેવા પ્રસંગ ધાર્મિક ભાવનાથી ધામધૂમથી નિજમંદિરની જગ્યામાં ઉજવવામાં આવે છે.

આ જગ્યાના પૂર્વાચાર્ય તરીકે શ્રી ભીમદાસજી મહારાજ, શ્રી ગોપાલદાસજી મહારાજ, શ્રી ભગવાનદાસજી મહારાજ, શ્રી મોતીરામદાસજી મહારાજ, શ્રી કૃષ્ણદાસજી મહારાજ અને શ્રી મયારામદાસજી મહારાજ ‘વૈષ્ણવ માર્તન્ડ’ સેવા-સતસંગ અને સમાજસેવા કરીને લાલગુરુની ગાદી પરંપરાને ઉજ્જવળ કરેલ છે.

હાલમાં આચાર્ય લઘુ મહંતશ્રી દુર્ગાદાસજી મહારાજ (M.A.સંસ્કૃત) યુવાનવયે ધર્મ સાથે શિક્ષણનો પ્રસાર તથા સામાજિક પ્રવૃત્તિઓ કરી રહયાં છે.

### ધાંદલપુર-સાત કોઠાની વાવ :-

પાટણના રાજમાતા મિનળદેવી સોમનાથ જતા હતા. ત્યારે ધાંધલપુરના પાદરમાંથી નીકળ્યાં ત્યાં તેમણે પુત્ર જન્મના આશિષ મળ્યાં. તેમના આ પુત્ર સિધ્ધરાજે ત્યાં વાવ બનાવડાવી. તે વાવ સાત કોઠાની. આ વાવને “મિનળદેવી વાવ” નામ આપ્યું. આ વાવ ૧૩ મી સદીની જણાય છે.





**ધાંધલપુર-ધૂધળીનાથનો મેળો :-**

સાયલા તાલુકાનું ધાંધલપુર એક નાનકડું ગામ. ત્યાં ભાદરવા સુદ સાતમે ધુંધળીનાથના યાદમાં મેળો ભરાય છે. ધૂંધળીનાથ અને દાડમાદાદાની ઘણી વર્ષો પહેલા લડાઈ હતી લડાઈ લડતા લડતા દાડમાદાદાએ ધુંધળીનાથના એક પગ કાપી નાખ્યો.

આ લોકવાયકા મુજબ આ જગ્યાએ ધૂધળીનાથની એક પગવાળી મૂર્તિ મૂકાણી. દાડમાદાદાનું માથું પડયું હતું ત્યાં બની સમાધિ આ જગ્યાએ લોકો ભાદરવા સુદ સાતમે મેળો શ્રધ્ધાપૂર્વક કરે હોમ-હવન દર્શન ઉમટી પડે છે માનવ મહેરામણ ઉત્સવ ઉજવે છે.

**જનસમુદાય મોઢે સાંભળવા મળતી વાયકાઓ :-**

- સવારના પહોરમાં ‘સાયલા’ એવું નામ બોલીએ તો જમવા ન મળે. એટલે લોકો ‘ભગતનું’ ગામ એમ કહે છે.
- દરબારગઢ પાસે સ્વયંભૂ મૂર્તિ છે. ‘વિશભુજેશ્વરી માતાની’ સાયલા સિવાય ભારતમાં આ માતાની મૂર્તિ ક્યાંય નથી. મંદિરો હોય છે પણ ત્યાં ફણાઓ પૂજાય છે.
- નિનામા ત્રિવેણી સંગમથી આગળ રાતકડીના રસ્તે ભમરનો ડુંગરો છે. જેમાંથી ભોયરું નીકળે છે જે જુનાગઢ સુધી જાય છે.

**:: મર્દ ઝાંપડિયો ::**

વર્ષો પહેલાની સુદામડાની વાત. તેના પર મિયાણાઓની ખરાબ નજર હતી. ચઢાઈ કરવાના ખરાબ ઈરાદાથી આવ્યા. એક પાળ ગામના રખેવાળોએ જાણ કરી. સરદાર એ વખતે ગામતરે ગયેલા. કાઠીઓ વગરનું ગામ સાવ ખાલી ખમ. ગામમાં માત્ર વૃધ્ધો, સ્ત્રીઓને બાળકો જ રહયા. દરબાર શાદુળ મુંજાણો. પરસાળ પર લમણે હાથ ટેકવી બેઠો. વૃધ્ધોએ લીધી તલવાર, સ્ત્રીઓએ આંબલા, બાળકોએ ક્યૉ પાણાના ઢગલા. તૈયાર થયો દરબાર. મજબુત એવા કાનિયાએ ઢોલ વગાડયો. બધાને શુરાતન ચઢયું ઝાંપા ક્યૉ બંધને મેલ્યા આડા ગાડા. ધીગાણુ કરવા સૌ સજ્જ થયા.

સંધ્યા ટાણે ઝાલર વાણી ઝાંપે ડોકાણો સૈન્ચ સાથે લાખો પાડેર. ઝાંપે રહેતી વાઘરણે તેના પતિને જામગરીથી ભરેલી બંદૂક આપી ને પણ મિયાણાથી તે ડર્યો. ફરી કાનિયાએ શુરાતન ચઢાવવા ઢોલ વગાડયો. ખૂણામાં ઊભેલા સુથારીને જોમ ચડયું. જોમને બંદુક વાઘરીના હાથમાંથી ઝાંટકી એક જ ધડાકે પાડયો લકા પાડેરને... પછી ધો...ધો નો થયો ગોકીરો. પડધા સાંભળી સામેય કેટલાય લોકો હોવાની મિયાણાને થઈ શંકા. પણ તોય જોમ અકબંધ તલવારોથી બોલાવી રમઝટ. કેટલાંયને ઘાયલ કરી છેલ્લે લખાની લાશ લઈ નાઠા.

ગઢની રાંગે રાંગે એક બાજુ મિયાણા તો તેની પાછળ શાદુળ. ગરનાળું જોઈ પ્રવેશવાનો અંદર કર્યો પ્રયાસ. ત્યાં તો સામી બાજુએ શાદુળ દીઠો. કર્યો ઘા હાડકાનો તેના માથા પર. બેહોશ થઈ સાદુળ

ઢળ્યો. એવામાં ક્યાંકથી આ લે...લેતો જા ની સાથે ઝીંકાયા તલવારના ઘા મિયાણા તરફ. મિયાણા ઊભી પૂંછડીએ ત્યાથી ભાગ્યાં. ધૂળની ડમરીઓ શાંત થઈ. થોડીવાર પછી દરબાર ઊઠયો. કળ ઉતારી બેઠો થયો. બાજુમા જુએ તો લોહીથી ખરડાયેલો કાનિયો ઝાંપડિયો. બાપુ... સુદામડા બોલતા તેનું પ્રાણ પંખેરુ ઊડયું. શાદુળ ભીની આંખે બોલ્યો, સુદામડાનો સાચો મર્દ તો કાનિયો ઝાંપડો જ.

વાલ્મિકી સમાજના કાનિયા ઝાંપડિયાની દેરી આજે પણ શૂરવીરતાની પાળિયા સ્વરૂપે સાક્ષી પૂરે છે.

## :: રોકડિયા ઠાકર ::

સૌરાષ્ટ્રની ધરતી પર અનેક પરોપકારી સંતો થઈ ગયા. સંત આપાજાદરાના વારસદારો થાનગઢથી ધજાળા આવેલા. આપા માયાબાપુ ધજાળામાં આવી રોકાણાં. તેઓ 'રોકડિયા ઠાકર' કે કાઠી દરબારના ઠાકરથી ઓળખાય. જ્યાં નાનાબાપુ નામે એક પરોપકારી સંત થઈ ગયા. તેમના જીવનનો એક પ્રસંગ કહું.

મેવાસા ગામમાં સુરીગ ખાચર રહે. બહુ જ બીમાર રહે. અવારનવાર સમાચાર મોકલે. નાનાબાપુ આવે તો સારૂં થાય. એકવખત નાનાબાપુ ધજાળાથી મેવાસા ગયા. ગામમાં પહોંચતા ખબર પડી, આપાસુરીજાનું નાની ઉંમરે અવસાન થયું. લોકો દુ:ખી થઈને ફરિયાદ કરે. આપશ્રી વહેલા પધાર્યા હોત તો સારૂ થાત. નાનાબાપુએ એક કિમિયો કીધો. આપ સુરીગના માતા સુરીગખાચર ઉપરથી પાણીનો લોટો ઉતારે. પછી તે પાણી તેમનાં માતા પીવે તો આ સુરીગ ઊભા થાય. તેમના માતા એ ના પાડી.

પછી નાના બાપુએ કીધું કે આજથી ત્રણ દિવસનું હું મારું આયુષ રાખું. બાકીનું આયુષ આપા સુરીગને આપું. પાણી પોતે પી જાય છે. આળસ મરડીને આપા સુરીગ ઊભા થયા. નાનાબાપુના ચરણે લાગે. પછી ત્રણ દિવસમાં નાનાબાપુ સ્વર્ગે સીંધાવ્યા. નાનાબાપુએ બીજા માટે પોતાનો જીવ આપી દીધો.

"દવા કરે દાક્તર, ઓસડ કરે અનેક

પણ ઓસડ કરે ન ઉગરે, (એને) ઉગારે રોકડિયા એક"

"આજકાલના યુગમાં અઢી સૈકાની વાત, જળુ સાખામાં જન્મયા ઉતમ પુરૂષ આઠ.

જાદર ગોરાલ ને વણો, માચો માણો હાય, લાખો લખમણ ને દાદવા જગ વખણો હોય"

(સાભાર - "સેજકજી વૃતાંત - ગુજરાત રાજ્યનો સાંસ્કૃતિક ઈતિહાસ - ગ્રંથ-૪ પાના નં. ૧૩૨-૧૩૩) (દુહો-ગુજરાત અંક ૮/૧/૮૭ પાના નં. ૩૩)

# મુળી તાલુકો

## આપણો તાલુકો મુળી

જિલ્લાના વડા મથક સુરેન્દ્રનગરથી વીસેક કિલોમીટરના અંતરે રાજકોટ હાઈવે પર અમારા તાલુકાનું મથક એટલે મુળી. મુળી તાલુકો આમ તો સુરેન્દ્રનગરનાં હદય સમાન છે. અનેક રીત રિવાજો, પરંપરા અને સંસ્કૃતિ થી સભર એટલે મુળી તાલુકો.

મુળી તાલુકાના નાનકડા ગામડામાં કોળી, કણબી, રજપૂત, દરબાર, જૈન વાણીયા, બ્રાહ્મણ, કાઠી દરબાર, હરીજન, ચારણ, કુંભાર, રબારી, ભરવાડ જેવી અનેક જ્ઞાતિઓ વસે છે. વ્યવસાયમાં મુખ્યત્વે ખેતી કરવામાં આવે છે. અહીં કપાસ, બાજરી, એરંડા અને મગફળી નું વાવેતર પણ થાય છે. મુળી તાલુકામાં કપાસના જીન પણ આવેલા છે. કપાસની જીનીંગ મીલ આવેલી છે.

આ તાલુકામાં અનેક સંતો, ભક્તો, કેળવણીકારો અને કવિઓ તથા લેખકો પણ થયા છે. ગામડે-ગામડે નાના-મોટા મંદિરો-ચોરા આવેલા છે. અનેક પાળિયાની વાતો, ગામડે ગામડેથી મળે છે. ટીકર (પરમાર) અને કળમાદ, ઉમરડા જેવા ઐતિહાસિક અને જુના ગામોમાંથી અનેક ઈતિહાસની વાતો સાંભળવા મળે છે.

ખાસ તો ટીકર (પરમાર)ની બાજુમાં સરા રોડ પર ગુજરાત સરકાર દ્વારા સોલાર પ્લાન્ટ નિર્માણ કરવામાં આવ્યું છે. તે જિલ્લાનો એક માત્ર સોલાર પ્લાન્ટ છે. જે કુલ ૪૦ મેગા વોટ વીજળી ઉત્પન્ન કરે છે.

### :: મુળી શહેરની પરકમ્મા ::

સવારથી શાળાનાં બાળકો ખુબ જ આનંદમાં હતા. અંદરો અંદર વાતો કરતા હતા, કે આજે તો આપણાં સાહેબ આપણને મુળી ના જુદ જુદા સ્થળે જોવા લઈ જવાના છે. શોરબકોર વધતો જતો હતો. બાળકોના ઉત્સાહ પણ ખૂબ જ હતો. ત્યાંજ સાહેબે આવીને બધાયને કહ્યું. કે ચાલો આપણે બધા વિદ્યાર્થી મિત્રો અને શાળાનાં શિક્ષક પરિવાર સાથે મુળી શહેરનાં દર્શન કરવા માટે જઈએ.

વિદ્યાર્થીઓને લઈને શાળા પરિવાર સૌ પ્રથમ તો મુળીના સુંદર મજાના મહેલ પાસે પહોંચ્યા.

ચિરાગ : સાહેબ, આ મહેલમાં કોઈ રહે છે કે કેમ ?

સાહેબ : ના બાળ દોસ્તો, આ મહેલમાં કોઈ રહેતું નથી. વરસો પહેલા આ મહેલમાં અહીંના રાજા રજવાડાના પરિવારજનો રહેતા હતાં. પણ અત્યાર આ મહેલનો સમાવેશ હેરીટેઝ (રક્ષિત સ્મારક) હોટેલમાં થયો છે. કલાત્મક દ્દષ્ટીએ અને વાસ્તુ શાસ્ત્રની દ્દષ્ટિએ આ મહેલ અદ્‌ભુત છે.

પૂજા : સાહેબ, આ મહેલમાં અત્યારે શુ સગવડતાઓ છે ?

સાહેબ : આ મહેલમાં જે સગવડતાઓ હોટલમાં હોય છે તેવી જ સગવડતાઓ અહીં છે અને ટીવી સિરિયલ અને ફિલ્મના શુટીંગ પણ અહીં થાય છે.

મહેલ જોયા બાદ બાળકો ચાલતા ચાલતા જે વિસ્તાર મુળીનો આંબલીઓનો વિસ્તાર ગણાય છે. ત્યાં પહોચ્યા. ત્યાનાં બાજુનાં જ મેદાનમાં જુના જમાનાની મામલતદાર કચેરી, ન્યાયાલય, તાલુકાની જેલ, પોલીસ સ્ટેશન અને નવુ બનેલુ તાલુકા પંચાયતનું બિલ્ડીંગ આવેલું છે.

ચિરાગ : સાહેબ, આપણે અત્યારે શું જોવાનું છે ?

સાહેબ : જુઓ બાળકો, આ મુળીની મામલતદાર કચેરીની ઓફિસ છે. જે મકાન ખૂબ જ જુનું છે. અંદર જ અનેક શાખાની ઓફીસો આવેલી છે. દરેક ઓફીસનો હું હમણા પરિચય કરાવીશ. અંદર તાલુકાની જેલ, પોલીસ સ્ટેશન, ન્યાયાલય અને તાલુકા પંચાયતની વધારે માહિતી આપણે ત્યાં જઈને જ જાણીશું. બાળકો આનંદિત થતા થતા બધી માહિતી મેળવતા મેળવતા બધી જ ઓફિસોનો પરિચય મેળવી ત્યાંથી આગળ વધ્યા

ચિરાગે : સાહેબ આ ટાવરની ઘડિયાળ કેમ બંધ છે ?

સાહેબ : હા બાળદોસ્તો, આ ટાવર જે એક ભવ્યતા હતી, જે જમાનામાં લોકો પાસે ઘડિયાળો ન હતી. ત્યારે આ ટાવરના ટકોરે માણસો સમય જાણતાં હતા. અત્યારે આ ટાવર બંધ છે. પણ એની ભવ્યતા અકબંધ છે. ત્યાંથી પાછા બાળદોસ્તો અને શિક્ષક મિત્રો આગળ વધ્યા.

અને આવી પહોંચ્યા મુળી ચોવીસી ના પરમારોનું આસ્થાનું કેન્દ્ર એટલે માંડવરાય દાદાનું મંદિર.

બાળકો : હે સાહેબ, આ મંદિરમાં સૂર્યનારાયણ ભગવાનની મૂર્તિ છે ?



સાહેબ : હા, જે સૂર્યનારાયણ અથવા માંડવરાયદાદાના નામથી પૂજાય છે. વરસો પહેલા થરપાકર (સિંધ) પ્રાંતમાંથી પરમારો અહીં આવ્યા અને મુળી શહેર વસાવ્યું. ત્યારે તેમની

સાથે લાવેલા ગોડી પાર્શ્વનાથની મૂર્તિની સ્થાપના કરી અને એજ તેમના આરાધ્ય દેવ માંડવરાય દાદા.

ભરત : હે સાહેબ, આ મુળી પરમારોની રાજધાની કહેવાય ?

સાહેબ : હા વરસો પહેલાનો ઈતિહાસ એમ કહે છે કે મુંજા પરમાર અને લગધીર પરમાર અને એમની માતા જોબાઈનાં જે જગ્યા એ વસવાટ કરતા ત્યા મુળી નામની રબારણ દુધ દેવા જતી તેને લગધીરને પોતાના ભાઈ માનેલા અને તેના નામ પરથી લગધીરે પોતાની રાજધાનીનું નામ મુળી રાખ્યું. અને આ મુળીનો ઈતિહાસ ખુબ જ જાણવા જેવો અને વાંચવા જેવા છે. આ મંદિરમાં સોપારી અને ગોળની માનતા રાખવામાં આવે છે, અને દર રવિવારે હજારો શ્રધ્ધાળુ અહી ભક્તિ ભાવથી માથુ નમાવી પોતાની બધા (માનતા) પુરી કરે છે.

આરતી : સાહેબ, સામે શું ભોજનાલય છે ?

સાહેબ : હા બાળ દોસ્તો, અહીં દરરોજ અને ખાસ તો દર રવિવારે જેટલા પણ યાત્રાળું આવે છે તેમને દાતાઓ તરફથી ભોજનની પ્રસાદીનો લાભ આપવામાં આવે છે. ચાલો આપણે ચાલતા ચાલતા મુળીના પ્રસિધ્ધ સ્વામિનારાયણ ભગવાનના મંદિર જઈએ.

રાહુલ : સાહેબ, આ મંદિર તો બહુ જ મોટું અને ભવ્ય છે.

સાહેબ : હા બાળ દોસ્તો, ભગવાન સ્વામિનારાયણની હાજરીમાં જેટલા પણ મંદિર બંધાવ્યા જે પૈકીનું આ એક અદ્‌ભૂત સ્થાપત્યવાળુ મંદિર છે. કહેવાય છે ભગવાન સ્વામિનારાયણે આ મંદિરના પાયા ખોદાવ્યા હતા. અને સદ્‌ગુરૂ બ્રહ્માનંદ સ્વામીએ આ મંદિર પૂર્ણ કરાવ્યું. અહીં નરનારાયણ દેવની મૂર્તિ અને દરવાજામાં શ્રી હનુમાન અને શ્રી ગણેશની વિરાટ પ્રતિમાંઓ આવેલી છે. મંદિરમાં લાકડા પર કોતરકામ કરેલી ભવ્ય હવેલી પણ આવેલી છે. ભગવાનની પ્રસાદીને કુવો અને લીમડો પણ આવેલા છે. શ્રી હનુમાન અને શ્રી ગણેશની મૂર્તિની પ્રતિમા બનાવી એ પથ્થર મુળીથી વગડીયાના રસ્તા પર આવેલી જ્ઞાન વાવ નામની જગ્યા પરથી લાવ્યા છે.

બાળકો : સાહેબ, આજે તો બહુ જ મજા આવી !

સાહેબ : હ... તો આપણે ભોગાવાનાં સામાં કાઠે આવેલી સદાવાડી પણ જોવા જવાના છીએ.

બાળકો ચાલતા ચાલતા ક્યારે ભોગાવો પાર કરીને સામે કાંઠે પહોંચી ગયા તેની પણ ખબર ન રહી.




ચિરાગ : સાહેબ, સામે કાંઠે પણ ઘણી બધી જગ્યા જોવા લાયક છે ?

સાહેબ : હા બાળમિત્રો, ભોગાવાનાં સામે કાંઠે આપણે જ્યાં ઊભા છીએ તે સદાવાડી, જેમાં ભગવાન કૃષ્ણ રોકાયા હતા, તેવી લોકવાયકા છે. તે ઉપરાંત દાજી બાપુની જગ્યા અને રામદેવપીરનું મંદિર પણ આવેલુ છે.

સાંજના પાંચ વાગ્યાનો સમય થયો હતો. સૌ ચાલતા-ચાલતા મુળીની વચ્ચે આવેલી પોસ્ટ ઓફીસની જાણકારી મોળવી અને શાળાએ પહોંચી ગયા. શાળામાં પહોંચ્યા ત્યારે સાહેબે જ કીધું કે બાળદોસ્તો, મુળીના સ્થળો જોવાની મજા આવીને ?

બાળદોસ્તો એકી અવાજે બોલ્યા અરે ખૂબ જ મજા આવી !

## :: મુળીનાં જળાશયો (નાયકા ડેમ) ::

અમારી શાળા તો ગામડાની શાળા, અને અમારું વાહન એટલે ટ્રેકટર અથવા બળદગાડું. બે દિવસ પહેલા મેં શાળામાં વાત કરી હતી. એ વાત ને શાળાના બાળકોએ મને ઓચિંતા યાદ અપાવી કે સાહેબ તમે એમ કહેતા હતા કે આપણા મુળી તાલુકામાં ભોગાવો નદી પર એક સરસ ડેમ આવેલો છે. તેનું નામ નાયકા ડેમ છે. તો સાહેબ ક્યારે જોવા જવાનું છે. સાહેબે કહ્યુ શનિવારે આપણે વાહન લઈને જોવા જઈશું. બાળકો આનંદમાં આવી જ્યાં. જોતજોતામાં શનિવાર પણ આવી ગયો. શાળાના દરવાજે વાહન પણ આવી પહોંચ્યું બધા જ બાળકો પોતપોતાના ભાથા સાથે ટ્રેક્ટરમાં બેસી ગયા. જોતજોતામાં આનંદ કિલ્લોલ સાથે નાયકા ડેમ પાસે આવી પણ ગયા.

ચિરાગ : સાહેબ, તમે કહેતા હતા એ નાયકા ડેમ આપણે આવી ગયા ?

સાહેબ : હા બાળકો, હું તમને વાત કરતો હતો એ નાયકા ડેમ છે.

હંસા : સાહેબ, આ ડેમ કઈ નદી પર બંધાયેલો છે ?

સાહેબ : આ ડેમ ભોગાવો નદી પર બંધાયેલો છે. તે મુળી અને ગૌતમગઢ ગામની વચ્ચે આવેલો છે.

વિશાલ : સાહેબ, નાયકા ડેમની શી વિશેષતા છે ?

સાહેબ : નાયકા ડેમ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલો માત્ર એક એવો ડેમ છે જ્યાં ડેમ છલોછલ કરાય એટલે વધારાનું પાણી ઓવર ફ્લો થવા માટે ઓટો મેટીક દરવાજા આવેલા છે.

હિના : હે સાહેબ, કેટલા દરવાજા આવેલા છે ?

સાહેબ : ૨૦ ઈલેક્ટ્રીક અને ૧૪ ઓટોમેટીક એમ કુલ ૩૪ દરવાજા આવેલા છે. આ ડેમ ૧૯૫૪ માં બાંધવામાં આવ્યો છે. પણ ૨૦ ઈલેક્ટ્રીક દરવાજા પાછળથી એટલે કે ૨૦ જુન ૧૯૯૬ ના રોજ બનાવવામાં આવ્યા છે.

રાહુલ : હે સાહેબ, આપણે એ ડેમના દરવાજા તરફ જઈશું ?

સાહેબ : પણ થોડી સાવચેતી રાખજો.

જશવંત : સાહેબ, આ દરવાજા કેવી રીતે ખૂલે છે ?

સાહેબ : જુઓ બાળકો, આ દરવાજાની વિશેષતા એ છે કે દરવાજાની અમુક ઊંચાઈ સુધી પાણી ભરાય એટલે ઉચ્ચાલનના સિધ્ધાંત મુજબ અહીં દરવાજાની નીચે એકાએક પાણી ભરાય તેવી કોઠી બનાવવામાં આવી છે. આ કોઠીમાં પાણી ભરાય એટલે દરવાજાની સાંકળ ખેંચાય છે. તેની સપાટીની મર્યાદા સુધી જ પાણી રહે છે અને બાકીનું પાણી ઓવરફ્લો થાય છે.

રાહુલ : સાહેબ, આ બીજા ઘણા દરવાજા છે. જેને આવી કોઠી કે સાંકળ તો નથી ?

સાહેબ : હા, બીજા દરવાજા એવા છે કે ઈલેકટ્રીક મોટર વડે ઊંચા નીચા થાય છે. અને જ્યારે પાણી વધારે હોય ત્યારે બધાજ દરવાજા ખોલવામાં આવે છે.

મીના : સાહેબ, વાવાઝોડા કે વરસાદના સમયે લાઈટ જાય ત્યારે શું કરવુ ?

સાહેબ : તારી વાત સાચી છે ક્યારેક એવું પણ બને કે વાવાઝોડા કે વરસાદના સમયે લાઈટ ન હોય અને દરવાજાની જવાબદારી સોંપેલ માણસ પણ ન હોય ત્યારે આ ઓટોમેટીક ખુલતા દરવાજા જ કામ આવે છે.

રાહુલ : સાહેબ આ તો ખૂબ જ સરસ વ્યવસ્થા કહેવાય.

સાહેબ : હા બાળ દોસ્તો, આ આગવી વિશેષેતા માત્ર સુરેન્દ્રનગર જિલ્લાના ભોગાવા નદી પર આવેલા નાયકા ડેમ પર જ છે અને એ જોવા અને જાણવા જેવી બાબત છે. તો બાળ દોસ્તો નાયકા ડેમને સારી રીતે જુઓ થોડીવાર આપણે અહીં રમીશુંને ભાથું ખાઈને મુળી જઈશું.

## વસંત પંચમીનો મેળો

પવિત્ર નગરી એટલે મુળી. જ્યાં ભગવાનશ્રી સ્વામિનારાયણે બાંધેલુ મંદિર છે. જ્યાં ભગવાનશ્રી

સ્વામિનારાયણનાં આદેશથી વસંત પંચમીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. જે સમય જતા વસંતપંચમીના મેળા તરીકે પણ ઓળખાવા લાગ્યો છે.

મહાસુદ પાંચમનાં દિવસે એટલે કે વસંત પંચમીના દિવસે મુળીના આ મંદિરમાં ખૂબ જ માનવ મહેરામણ ઉમટે છે. ભગવાનના દર્શન કરી મંદિરના વિશાળ મેદાનમાં સૌ આવે છે. બપોરે ૧૨ વાગ્યે આચાર્ય મહારાજશ્રી મેદાનની વચ્ચે રાખેલા રંગોના કુંડામાંથી વિશાળ પીચકારીઓ વડે ભક્તોને રંગે છે. સૌ શ્રધ્ધા અને ભક્તિથી રંગાય પણ છે. આ રંગના છાંટણાં લેવાનું અને ત્યારબાદ પ્રસાદ લેવાનું ખૂબ જ મહાત્મય છે. તેને કારણે જ તે એક મેળાના સ્વરૂપમાં આ પર્વ બની ગયો છે.

## બિલેશ્વર મહાદેવનો મેળો-ઉમરડા

મુળીથી પંદરેક કિલોમીટરના અંતરે ઉમરડા ગામ આવેલું છે. આ ગામ અતિ પ્રાચીન છે. ગામથી થોડે જ દુર પાદરમાં ત્રણ નદીનો સંગમ આવેલો છે. જ્યા ભગવાન શિવનું અતિ પ્રાચીન મંદિર આવેલું છે. લોકવાયકા એવી છે કે ભગવાન શિવ અને પાર્વતી શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે અહીં જાગરણ કરવા આવેલા અને રાતભર ચોપાટ રમ્યા હતા. તે સ્થળ પર ધ્રાંગધ્રા સ્ટેટ ધ્વારા મંદિર બનાવવામાં આવેલુ અને ત્યારબાદ દર વર્ષે વર્ષોથી મૂળીનાં ઠાકોર સાહેબ દ્વારા ત્યાં ધજા ચઢાવવામાં આવે છે.

શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે આજુબાજુના ગામડામાંથી અહી ભરાતા મેળામાં લોકો આવે છે. ભગવાન શિવને માથુ ટેકવવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે છે. આ મેળો દર વર્ષે શ્રાવણ મહિનાના પ્રથમ સોમવારે ભરાય છે. આ મંદિર બિલ્વ ગંગા નદીના કિનારે આવેલુ પ્રાચીન અને શ્રધ્ધાની દ્રષ્ટિએ ખૂબ મહત્વ ધરાવે છે. અને ખૂબ જ જુનું બાંધકામ હોવાને કારણે રાજ્ય સરકાર દ્વારા સ્મારક જાહેર કરવામાં આવ્યુ છે.

મુળી તાલુકાના જોવાલાયક ધાર્મિક સ્થળો, પુરાતન સ્થળોની સંક્ષિપ્ત માહિતી :

મુળી તાલુકો વરસો પહેલાં મુળી ચોવીસી તરીકે ઓળખાતો હતો. આ તાલુકામાં જોવા લાયક ધાર્મિક સ્થળોમાં માંડવરાયજી દાદાનું મંદિર, ભગવાન સ્વામિનારાયણનું મંદિર, અને ત્યાંથી બાર જ કીલોમીટરના અંતરે આવેલુ દૂધઈ ગામ. જે રબારી સમાજની આસ્થાનું પ્રતીક છે. મેઘસ્વામી નામના રબારી સંતે સ્થાપેલું આ ભવ્ય મંદિર આમ તો સૌરાષ્ટ્રમાં જે જગ્યાઓ આવેલી છે એમાની એક નામી જગ્યા છે. આ જગ્યામાં દરરોજ હરિહરનો સાદ પડે છે. ગામના પાદરમાં જ મેઘ તલાવડી આવેલી છે. જે સંતો અને આવેલા ભક્તો ધ્વારા ગાળવામાં આવેલી છે. આ તળાવની પાળ પર અનેક વૃક્ષો આવેલા છે.



ત્યાંથી એ જ રસ્તા ઉપર મુળીનું સમૃધ્ધ ગામ સરા આવેલું છે જે આજ મેલડીમાંના મંદિરને કારણે

ખૂબ જ પ્રખ્યાત છે. અહીંની લોકવાયકા મુજબ દેવીપૂજકની મેલડીમાતાને હાલ વાણિયા જ્ઞાતિના લોકો પોતાના ઈષ્ટ દેવી માને છે. અને અન્ય લોકો પણ અહીં દર્શન કરવા દર રવિવારે ખૂબ જ મોટા પ્રમાણમાં આવે છે. તેને સરાવાળી મેલડીમાં તરીકે ઓળખવવામાં આવે છે.

ત્યાંથી થોડેક દુર કુંતલપુર નામનું નાનકડું અને રળિયામણું ગામ આવેલું છે. અહીંની લોકવાયકા એવી છેકે પાંડવો ગુપ્તવાસ દરમિયાન અહીં રોકાયેલ અને કુંતિમાના નામ પરથી જ આ ગામનું નામ કુંતલપુર પહેલુ. એની યાદી રૂપે આજે પણ આ ગામમા અતિ પ્રાચીન કુંતીમાના મંદિરનું સ્મારક આવેલું છે. કુંતલપુરથી નજીકમાંજ આવેલું કળમાદ ગામ પણ કણબાઈમાંના મંદિરને કારણે ખૂબ જ પ્રખ્યાત છે.

મુળીથી નજીકમાંજ આવેલું ટીકર (પરમાર) ગામ પણ અતિ ઐતિહાસિક મહત્વ ધરાવતું ગામ છે. ગામનાં પાદરમાં અનેક પાળિયા આવેલા છે.

મુળી તાલુકાના નળીયા ગામમાં તળાવની પાળ ઉપર આસ્થાના પ્રતીક સમાન શિકોતરમાનું એક ભવ્ય મંદિર આવેલુ છે. દરિયાકાંઠે હરસિધ્ધી માતાએ જગડુશા શેઠે બંધાવેલ મંદિર પછીનું શિકોતરમાતાનું મંદિર છે. એવી લોકવાયકા છે. નળિયાથી રામપરા જતા રસ્તામાં ખૂબ જ જુના જમાનાની વાવ આવેલી છે. જેને રાજબાઈ માની વાવ તરીકે ઓળખવામાં આવે છે.વરસો પહેલા બંધાયેલી આ વાવમાં નવ કોઠા અને નવ મતવાલા છે. અને ભુલ-ભુલામણી વાળા પગથિયા છે. કલાની દ્રષ્ટિએ, બાંધકામની દ્રષ્ટિએ જોવાલાયક આ વાવ છે. વરસો પહેલાં વણઝારાની પોઠો નીકળતી ત્યારે એ પોઠોનું ધન લુટારુઓથી બચાવવા આ વાવમાં સંતાડયું હોવાની અને ક્યારેક પણ પાણી ખાલી ન થતું હોવાની લોકવાયકા છે. આ વાવ રાજ્ય સરકાર પુરાતત્વ વિભાગમાં રક્ષિત છે.

## મુળીનો ઈતિહાસ : સાવજનું દાન

શાળાનું મેદાન સાફ થઈ ગયુ છે. પ્રાર્થનામાં સૌ બેસી ગયા છે. થોડી વારમાં પ્રાર્થના પૂરી થઈ ત્યાં જ શાળાનાં શિક્ષકશ્રીએ આવીને વાત માંડી સાંભળો બાળકો ! આજે તમને આપણાં મુળીના ઈતિહાસની એક વાર્તા સંભળાવવી છે.

મુળીની સ્થાપના પછી સાતમી પેઢીએ ચાંચોજી થઈ ગયા. તેઓ ગોમતીજીમાં નહાવા ગયા. સાથે હળવદ અને ધ્રોલના રાજા પણ હતા ગોમતીજીમાં ન્હાતાં ન્હાતાં હળવદના રાજા અને ધ્રોળના રાજાએ વ્રત લીધા. મુળીના ચાંચોજીએ એવુ વ્રત લીધું કે મારી પાસે જે કાંઈ હશે તે હું આપીશ.

વાત તો ખૂબ લાંબી છે પણ દાતારની કસોટી કરવા હળવદના મહારાજાના કહેવાથી એક ચારણ મુળી દરબારમાં આવી માંગણી કરી કે

‘અશેદેકે અજપતી દે ગજ કે દાતાર,

સાવજ દે મુ સાવ ભલા પારકરા પરમાર.’

સાવજ ? સભાનો અવાજ ફાટી ગયો. હાંહાં જીવતો સાવજ. ચારણે લલકાર કર્યો. ઘડીકવાર તો સભામાં સન્નાટો વ્યાપી ગયો. પણ ચાંચોજીના મુખની એકેય રેખા બદલી નહીં મો મલકાવીને કહ્યું. "આવતી કાલે પ્રભાતે તમને સાવજના દાન દઈશું."

રાત્રિ માંડવરાયજીના સ્થાનકમાં જઈ પ્રાર્થના કરી. ત્યાંતો અંદરથી અવાજ આવ્યો હે ક્ષત્રિય મારી પાસે શું આવ્યો ? મારા ડુંગરમાં આટલા બધા સાવજ ફરે છે. તું ક્ષત્રિય છો એમાંથી એકાદાને ઝાલી લે. સવારનો સૂરજ ઊગ્યો. આખી કચેરી માંડવાના ડુંગરમાં પહોંચી. ચાંચોજી બોલ્યાં ચાલો કવિરાજ, સાવજ આપુ એમ કહેતા તો ત્રાડ દેતો એક સાવજ નીકળ્યો. દોટ કાઢીને ચાંચોજીએ તેના કાન ઝાલ્યા. બકરી જેવો બનીને સાવજ ઉભો રહી ગયો. પરમારે બુમ પાડી લ્યો કવિરાજ, આ સાવજનું દાન. પણ ચારણ પાછા પગે ભાગવા લાગ્યો.

'ચાંચે સિંહ સમર્પયચો, કેસર ઝાલી કાન,

હવે રમતો મેલને રામ, પહોચ્યો પરમારા ધણી.'

ઓ બાપ ચાંચા તે કેસરી સિંહને ઝાલીને સમર્પણ કર્યો. તે હું કબુલી લઈ છું મને દાન પહોચી ગયું. તમ તારે એને રમતો મુકી દે બાપ. સાવજ ચાલ્યો ગયો. લોકો છે કે એ સાવજ માંડવરાયજી પોતે હતા.

સાહેબે વાત પુરી કરતા કહ્યું કે, બાળદોસ્તો આ વાત તો ખૂબ લાંબી છે. તેના દોહા પણ ઘણા બધા છે. તમે ઝવેરચંદ મેઘાણીની સૌરાષ્ટ્રની રસધાર નામના પુસ્તકમાંથી આ વાત વાંચજો. મેં તો તમારા જેવડા બાળ દોસ્તોને સમજાય એ માટે તમને ટૂંકમાં કહી છે.

## એક તેતરને કારણે

સૌરાષ્ટ્રની રસધારની એક વાત - "એક તેતરને કારણે" તમને સંભળાવું છું.

અગ્નિકુંડના ભડકામાંથી માર મારની ત્રાડ દેતો જે બહાર આવ્યો. આવીને પર નામનાં રાક્ષસને સંહાર્યો તે પરમારોની આણ ઉજ્જૈન, ચીત્તોડ અને આબુ ગઢ પર વર્તાય. તે વંશનો એક વેલો સિંધમાં ઉતરી આવ્યો. મૂળ પુરૂષ સોઢાજીના નામ પરથી સોઢા પરમાર કહેવાયા. સોઢા પરમારોનું રાજ થરપારકરમાં હતું.

બાપુ રતનજી, કૈલાશધામમાં પધારી ચુકયા હતા. માં જોમબાઈ હજુ બેઠા હતા. તેમને ચાર દીકરા, અખોજી, આશોજી, લગધીરજી અને મુંજાજી. તે ગોડી પારસનાથના મોટા ભક્ત હતા.

સંવત ૧૪૭૪માં દુષ્કાળ પડતા બંને મોટા ભાઈને ત્યાજ રાખી લખધીરજી અને મુંજાજી સાથે માને લઈ દુષ્કાળ વર્તવા નીકળી પડયા. લખધીરજીને એવો નિયમ હતો કે તે પોતાના ઈષ્ટદેવના દર્શન કરી પછી અન્નપાણી કરતા. જ્યા મુકામ કરતા ત્યાથી હાસલી ઘોડી પર સવાર થઈ ઈષ્ટદેવની પૂજા કરવા જતા.

પણ દિવસે દિવસે અંતર વધતુ જતું હતું ત્યારે ભગવાને સપનામાં આવી કહયું કે, કાલે સવારે તમને ગાય સામી મળશે. પગથી જમીન ખોતરશે ત્યા મારી મૂર્તિ નીકળશે, એ મુર્તિ સાથે લઈ જજો. અને રથમાં જ્યા અટકી પડે ત્યા ગામ વસાવજો. ચાલતા ચાલતા એક દિવસ સુંદર મજાની એક નાનકડી નદીના કાઠે રૂપાળા પ્રદેશમાં રથ અટકી પડયો. ત્યાં જ સર્વે મુકામે કર્યો અને ત્યાના રાજવી વીશળદેવ વાઘેલા (વઢવાણ) ની રજા લેવાનું વિચાર્યું.

પછીતો લખધીરજી રોજ હાસલી ઘોડી લઈને વઢવાણ જાય છે. ચોપાટ રમે છે. પણ વાઘેલા રાણીને આ ગમતું નથી. તેમને હટાવવા સાયલાના ચભાડ રાજપૂતો લખધીરજીનો જ્યા વીસામો હતો ત્યા ઘાયલ તેતરને શિકાર કરવા તેની પાછળ ઘોડા દાડાવવા લાગ્યાં. ઘાયલ તેતર ભાગતા ભાગતા જોમાબાઈમાં જ્યાં પોતાના ઈષ્ટદેવની પૂજા કરતા હતા ત્યાં બાજઠ નીચે જઈ બેઠું. એક તેતર માટે થઈ આખરે તલવારો ખેંચાઈ. આ તો શરણાગતે આવેલાને આશરો આપવાની વાત હતી. ત્યાં જ પાચસો ચભાડ અને એક સો ચાલીસ જેટલા સોઢા પરમાર હોમાઈ ગયાં.

આ ઘટના સમયે લખધીરજી વઢવાણ હતાં. આવીને જોયું તો મા દીકરા મુંજાજીના શબને પોતાના ખોળામાં લઈ સતી થઈ ગયા અને જયા જોમબાઈમાં પોતાના દીકરાની ચિંતામાં બેસીને સતી થઈ ગયા આજે પણ તે ખાંભીઓ જાણે એમના શૌર્યની વાત કરતી હોય તેમ અડીખમ ઉભી છે.

તો બાળદોસ્તો એક અબોલ તેતરને કારણે સોઢા પરમારોએ પોતાના પ્રાણોના બલિદાન આપ્યા અનેરજપૂત ધર્મ નિભાવી ઈતિહાસના પાને નામ અમર કરી દીધું. મુળી નામની રબારણ જે દુધ આપવા આવતી તેના પરથી મુળી નામ રાખી ઈતિહાસને દીપાવ્યો છે.

## કુંડાળે મોત (અણનમ માથા)

### આંબરડી અણનમ માથાના પાળિયા

જગતમાં મિત્રો તો ઘણા થયા પણ સાથે જીવવા મરવાના કોલ દઈ ઈતિહાસના પાને અમર થઈ ગયેલા બાર મિત્રોના અણનમ માથાની વાત આજે મારે તમને કરવી છે.

આંબરડીના ટીંબે વિહળ રાબો નામનો એક ચારણ રહે. તેના અગિયાર મિત્રો જેમા લક્ષ્મણ, ધાનરવ, સાજણ, નાગાજણ, રવિયા, તેજરવ, ખીમરવ, આલ્ગા, પાલરવ, વેરશલ અને કેશવગર નામનો રાજગોર બ્રાહ્મણ પણ ટેકતો તેમણે એવી લીધી કે મરવું તો એક સાથે અને એક જ કુંડાળામાં પણ વિહળભાની ટેકતો એવી કે પોતાની કુળદેવી અને પોતાની ભવાની (તલવાર) સિવાય કોઈને માથું ન નમાવવું.

કરા ફાટા મિત્રોની વાતો ધીમે ધીમે ફેલાતી ફેલાતી એક કાનફુસિયાએ અમદાવાદના સુબાને જઈને કરી. સુબાના કાનમાં તેલ રેડાયું. આંખો લાલ ધગેલ તાંબા જેવી થઈ ગઈ. ''મારા મલકમાં રેવું અને મને પણ સલામ નહી ?'' એના પારખા કરવા છે.

આંબરડીના પાદરમાં અમદાવાદના બાદશાહના ડેરા તંબુ તણાયા છે. વિહળભાતો પોતાના ખેતરમાં સાંતી હાકે છે. મા ભગવતીને પોતાના બુલંદ કંઠથી આરજૂ કરે છે. ત્યાં કોઈએ આવીને સમાચાર આપ્યાં કે સુબો તમને મળવા બોલાવે છે.

જરા પણ ગભરાયા વિના વિહળભા ઘેર આવી સાંતી છોડી સુબાના તંબુમા દાખલ થયા. ઉમરાવો બેઠાં છે. અને વિહળભાએ દાખલ થઈ પોતાની તલવાર માથા પાસે લાવી સલામ કરી.

બાદશાહે પૂછ્યું "આ સલામ કોને ?"

વિહળભા : મોરી ભગવતી ને જ હોય ને બાપ. બીજાને તો હું માથે કયા નમાવું છું.

"તો ધીંગાણું થાય", - "કાંઈ વાંધો નહીં બાપ. અમેય પુગતા સામૈયા કરીશું."

અગિયાર મિત્રો ભેગા થયાં છેલ્લી વારના કેસરીયા કર્યા પણ બારમો મિત્ર તો આજ બહારગામ ગયો છે. સવાર પડી અગિયારેય મિત્રો શિવના ગણની જેમ તલવારો લઈ નીકળી પડયાં. વાતતો લાંબી છે પણ ટૂંકમાં કહું તો ગઢની પછીતની દીવાલ તોડી સુબાના લશ્કર સાથે ધમાસાણ યુધ્ધ માંડયું.

સાંજ પડવા આવી છે અગિયારેય મિત્રો ખૂબ જ ઘાયલ થયા છે. પોતાના શરીરના કપાયેલા ભાગ લઈ કરેલા કુંડાળામાં આવી પડે છે. એક ટેકને ખાતર અગિયાર મિત્રો એક જ કુંડાળામાં કાયમ ને માટે વીરગતી પામ્યાં. એમના ઘાયલ શરીરને માંજુડી નામની રબારણ પાણી પાય છે. અગિયાર મિત્રોની ચિતામાં બારમો મિત્ર જે બહારગામ ગયો હતો તે આવીને અંદર પડી જગતમાં સાચા મિત્રો, સાચી ટેક, સાચી વીરતાની પ્રતીતિ કરાવતો ગયો. ધન્ય છે આવા વીર મિત્રોને ધન્ય છે આપણી ધરતીને.

## રાહડો (રાસડો)

મુળીના જશાપર ગામે વાલો નામોરી નામનો બહારવટિયો આવેલો. એ વખતે જશાપર ગામમાં એક ખોજાની દીકરીના લગ્નમાં હાજરી આપેલી. એ સાથે તે દીકરીનો કરિયાવર લગ્નનો તમામ ખર્ચ અને જાન વિદાય એટલે કે જાંગીના દેવા એ વાતનો ઉલ્લેખ નીચેના રાહડામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ સોરઠી બહારવટિયા ભાગ-૧ મા કરી છે.

નામોરીનો નર છે વંકો, રે વાલા, તારો દેશમાં ડંકો.
ભૂજવાળાનું ગામ તે ભાંગ્યુ ને ફોજું ચડિયુ હજાર;
ઊંટ ઘોડા તો આડા રે દીધા, ધીંગાણુ કીધુ ધરાર.
-નામોરીનો

વાગડ દેશથી ઉતર્યો વાલો, આવ્યો હરિપર ગામ;
ડુંગર મોવરને જીવતો ઝાલ્યો, હૈયામાં રહી ગઈ હામ.

-નામોરીનો

જસાપરમાં તો જાંગીના દીધા, આવ્યા મુળી પર ગામ;

ઓચિંતાના આવી ભરણા, મરાણો મામદ જામ.

-નામોરીનો

ખરે બપોરે પરિયાણ કીધા ન ભાંગ્યું લાખણપર ગામ;

વાંકાનેરની વારુ ચડિયું નો 'તો, ભેળો મામદ જામ.

-નામોરીનો

હાલ પણ જસાપર ગામમાં વાલો નામોરી આવ્યાની એંધાણી રૂપે ચબૂતરો ગામની બજાર અને ગામ વચ્ચે આવેલા ચોરાનો ઝરુખો એ વાતની સાક્ષી પુરે છે.

## આલેક કરપડો (સરલા)

ડાયરો જામ્યો હોય અને મરદ માણસની વાતુ મંડાતી હોય ત્યારે મરદને કાયમ યાદ કરવામાં આવે છે, તેનું નામ છે આલેક કરપડો, સરલા ગામમાં રાણા કરપડાના ઘેર આ જોધારમલ દીકરાનો જનમ થયો. સાહિત્યકારના કહેવા પ્રમાણે આલેક કરપડો હંમેશા ધીંગાણામાં સામેવાળા મોવડીને જ મારતો.

એ વાતની સાક્ષી રૂપે ધીંગાણાની અનેક વાતો કહેવાય છે. એમાની એક વાત મોરબી અને આલેક કરપડા વચ્ચેના ધીંગાણાની પણ છે. મોરબી ઠાકોરે સરલાની ભેંસો વાળી અને આલેક ઘોડાને એછડી મારી. દુશ્મનો ચેતી ગયેલા હતા. એટલે મોવડીમાં રાજાના બદલે બીજા જ વ્યક્તિને રાખેલો. આલેકે બરછીનું નિશાન લઈ મોવડીને વીંધી નાખ્યો. એ દરમિયાન એ પણ તલવારના ઘા, બરછી-ભાલાના ઘાથી વીંધાઈ ગયો. મોરબીનું લશ્કર પાછુ વળ્યું.

વાતનો ઘણી લાંબી છે. પણ ટુંકમાં કહુ તો આલેકનો જીવ જાય છે. આંતરડા નીકળી ગયા છે પણ પિતાના કહેવાથી ચાલીને ઘેર આવે છે. આજુબાજુના ગામના સગા સંબંધી આવી ગયા છે. કસુંબા પાણી થાય છે. આલેક હવે જીવ છોડવાની વાત કરે છે. ત્યારે પિતા સવારનું શિરામણ કરીને જવાનુ કહે છે. રાતભર ડાયરો જામ્યો છે. સવારનો શિરામણ થાય છે. એ વખતે આલેક નવા કપડા ધારણ કરી હાથમાં ભાલો લઈ ચાલતાં સ્મશાને જાય છે. ઢોલ શરણાઈ વાગે છે. સ્મશાને આવી સૌને જય નારાયણ કહી આલેક ઓતરાદું માથું રાખી પોતાની ભેટ છોડી નાખે છે. અને આ વીર પુરૂષ સરગાપુરીમાં સધાવે છે.

આવા વીર પુરૂષોની વાતો આપણી ભૂમિની ઓળખાણ છે. તે ભૂમિને સો-સો સલામ.

(સૌરાષ્ટ્રની રસધારમાંથી સાભાર)

# લખતર તાલુકો

## લખતરની આછેરી ઝલક...

- સૌરાષ્ટ્રના સીમાડે આવેલં લખતર ગામ સુરેન્દ્રનગરથી ૨૫ કિ.મી. દૂર છે.
- દક્ષિણ ગુજરાતના રાનીપરજ સમાજને બેઠો કરવામાં જેનું નામ મોખરે છે તે સ્વ. જુગતરામ દવેએ ગાંધી સાહિત્ય ઉપરતાંત બાળસાહિત્ય ક્ષેત્રે સંખ્યા બંધ પુસ્તકો લખ્યા છે.
- આકાશવાણીના ડાયરેક્ટર પદેથી નિવૃત્ત થયેલા શ્રી હસમુખ રાવલે વિવિધ વિષયોના અનેક પુસ્તકો આપી લખતરનું ગૌરવ વધાર્યુ છે.
- લકતરના તુરી-બારોટનું ઢોલક વાદન અને રાવલ હથ્થા વાદન રાજ્ય સુધી પ્રસંશા પામેલા છે.

## આંબલી બોલે છે...

**(ભાગ-૧)**

અનેક વર્ષોના વહાણા વાઈ ગયાં કેટલાય રાજાઓના રાજ મારી આંખો સામેથી પસાર થયાં. હું તો બસ સાક્ષી ભાવે જોતી જ રહી ગઈ આજે અહી બેઠી બેઠી આપણા લખતરનો ભવ્ય ભૂતકાળ વાગોળું છું. પ્રજાપ્રેમી અને ધર્મપ્રેમી રાજાઓએ કરેલા બાંધકામો અને માનવતાના કાર્યો યાદ કરી ભાવ વિભોર થાઉં છું. ઘણું ઘણું મે નજરે જોયું છે. ઘણું મારા ઓટલે બેસી ઓડકાર ખાનાર વડીલોની ચર્ચામાંથી સાંભળ્યું છે શું હતાં એ ભવ્ય ભૂતકાળના દિવસો...!

ઝાલા રજપૂત શ્રી અભેસિંહજીએ વિક્રમ સંવત ૧૬૦૩ માં લખતર ગાદીની સ્થાપના કરી. આ પ્રજાપ્રેમી રાજઓના કર્મ અને ધર્મને હું કાયમ વાગોળ્યાં કરું છું. નામદાર કરણસિંહજીનો રાજયાભિષેક થયો ત્યારે તેમની ઉંમર માત્ર ૬ (છ) વર્ષની હતી. તેમના વતી રાજમાતા રૂપાબા વહીવટ ચલાવતા. ભણીગણીને નામદાર કરણસિંહજીએ વહીવટ હાથમાં લીધો ત્યારે પ્રજાની સુખ-સમૃધ્ધિ અને વિકાસમાં અનેક ગણો વધારો થયેલો. પરમભક્ત કુશળ વહીવટદાર કરણસિંહજી બાપુએ ખેતીવાડી માટે બંધો બંધાવ્યા. કૂવા અને તલાવો ખોદાવ્યાં. અરે... ઝાલાવાડની પહેલી પ્રાથમિક શાળા પણ આપણા લખતરમાં જ શરૂ થયેલી... નામદાર કરણસિંહે ઔદ્યોગિક આબાદી માટે જીનીંગ ફેક્ટરીની શરૂઆત પણ કરાવેલ.સંત હૃદય કરણસિંહજી બાપુએ વ્રજભાષામાં લખેલા કીર્તનો ગાઈ-સાંભળી હું



તો નાચવા લાગતી. સાહિત્ય રસિક આવા પ્રજાવત્સલ રાજાને આ લખતર કદી ભૂલી શકે તેમ નથી.

લખતરની ગાદી સંભાળનાર નામદાર બલવીરસિંહજી પછાત વર્ગની વિશેષ કાળજી રાખતા. તેમણે અસ્પૃશ્ય લોકોના શિક્ષણ માટે લખતરમાં 'હરિજન શાળા' ખોલી હતી. તેમના પુત્ર નામદાર ઈન્દ્રસિંહજીએ ફરજિયાત વેઠપ્રથા બંધ કરી. મિડ્લ સ્કૂલની શરૂઆત કરી.

બાળકો, એ જમાનામાં રમત-ગમત ક્ષેત્રે પણ લખતરનું આગવું સ્થાન હતું. નામદાર ઈન્દ્રસિંહજીએ આઈ.સી.સી. (ઈન્દ્રસિંહજી ક્રિકેટ કલબ) ની સ્થાપના કરેલી. રાષ્ટ્રપ્રેમી આ રાજવીરે ભવ્ય ભારતમાં લખતર રાજનું વિલિનિકરણ કર્યુ. હું તેમને વંદન કરતા થાકતી નહોતી.

રાજાશાહી અને લોકશાહીની સાક્ષી એવી હું આંબલી. છેલ્લાં ૧૬૦ વર્ષથી તળાવના કાંઠે ઊભી છું. મારા વહાલા બાળકો, આજ મારી ભીતરમાં ધરબાયેલી વાતો કરતા ખૂબ ગૌરવ થાય છે. ચાલો તમને હું આપણા ભવ્ય ઈતિહાસના દર્શન કરાવું.

જુઓ...આ મારી સામે છે તે ઈ.સ. ૧૯૪૫માં શરૂ થયેલી શ્રી કરણસિંહજી મિડ્લ સ્કૂલ. તેની બાજુમાં ઊભેલો ૮૦ વર્ષ જુનો ચબૂતરો. જીવદયાપ્રેમી રાજપરિવારની સાક્ષી પૂરે છે આ ચબૂતરો. ચાર મુખ્ય દરવાજા વાળો લખતર ફરતો કિલ્લો આજેય આપણી શોભા વધારી રહયો છે. ૧૨૦ વર્ષ જુના આ ગઢ નિર્માણનું કાર્ય મારી સગી આંખે જોયું છે. મારી જમણી બાજુએ ગઢનો જે દરવાજો છે તે આથમણો દરવાજો. આ દરવાજાની અંદર પ્રવેશતા જ શાળા નં.૧ આવેલી છે. ઝાલાવાડની સૌ પ્રથમ કોરોનેશન સ્કૂલ ૧૮૫૩ માં શરૂ થયેલી. જે હાલમાં શાળા નં.૧ તરીકે ઓળખાય છે. આપણાં નામદાર કરણસિંહજી તથા કેળવણીકાર જુગતરામ દવે પણ આ શાળામા જ ભણેલા. તેની બાજુમાં જુઓ... સર.જે. હાઈસ્કૂલ પહેલા તે મિડ્લ સ્કૂલ તરીકે ઓળખાતી. આમ, ૧૪૬ વર્ષ પહેલાંથી અહીં પ્રાથમિક શિક્ષણની શરૂઆત થયેલી, જેની હું સાક્ષી છું.

ચાલો બાળકો, હવે ઝડપથી મારા ઓટલે બેસી નાસ્તો કરીલો. નાસ્તા પછી આપણે પગપાળા પ્રવાસ કરીશું.

### આંબલી બોલે છે...

**(ભાગ-૨)**



વહાલા બાળકો, નાસ્તો કરીને તૈયાર ? સરસ... આજે મને પણ વર્ષો જુની વાતો વાગોળવાનો અવસર મળ્યો છે. ચાલો મારી સાથે...

જુઓ બાળકો.. આ છે આપણું 'મોતીસર' તળાવ. તળાવની પાળે આ ખીજડિયા હનુમાનજીનું સુંદર મંદિર... પંખીના કલરવ અને સુંદર વાતાવરણથી શોભતુ આ

મંદિર તળાવની શોભા વધારે છે. આ પાળા ઉપર શોભાયમાન શ્રી બહુચરેશ્વર મહાદેવનું પણ ઘણું માહાત્મ્ય છે. ૧૭૫ વર્ષ પુરાણા આ મંદિરમાં ભગવાન સ્વામિનારાણ પાંચસો પરમહંસો સાથે પધારેલા. આ વખતે લખતર આખું ધન્ય થયું હતું.

હવે આપણે તળાવની પાળે પાળે જ આથમણી (પશ્ચિમ) બાજુ આગળ વધીએ. સામે જુઓ... આરામગૃહની બાજુમાં આવેલી 'રેફરલ હોસ્પીટલ' મૂળ તો આ 'સૂરજ કુંવરબા મેટરનીટી' નામનું સાર્વજનિક દવાખાનું જેની સ્થાપના ઈ.સ. ૧૯૨૯ માં થયેલી. જે પાછળથી રેફરલ હોસ્પીટલ તરીકે કાર્યરત થઈ.

ચાલો બાળકો, અહીં તળાવના આરામાં થોડા છબછબિયા કરીએ... આ મોતીસર તળાવમાં તો વેડછીનો વડલો તરીકે જાણીતા શિક્ષણવિદ્ જુગતરામ દવેએ ખૂબ ધુબકા માર્યા છે હો... એ જોજો હો... તળાવ ઊંડુ છે... કાઠે બેસીને જ હાથ-પગ ધોવાના... અરે હા...હા... આમ, પાણી ઉછાળી એક બીજાનાં કપડાં નહીં પલાળવાના... અરે, વાહ બેટા અહીં જુઓ... આ દિવાલમાં એક આરસ પહાણની તકતી છે. આમા તળાવ બંધાવ્યા બાબતની સંપૂર્ણ વિગત છે. આઝાદી પહેલાનું આ 'મોતીસર' તળાવ લખતરની શાન છે.

અરે, બેસવાનો વખત નથી. ચાલો ચાલો જલ્દી, દિવસ આથમે તે પહેલા મારે તમને આ બધુ દેખાડી દેવું છે. તળાવની પાળે આથમણી બાજુનો આ ગૌરવપ્રદ ઈતિહાસ જુઓ... આ છે સંત રામદાસ બાપુની દેરી... આ બાજુમાં છે તે બાપુરાજની દેરી. બાપુરાજ એટલે આપણા કરણસિંહજી રાજા. અહીં શ્રાવણ વદ આઠમના દિવસે તેમની સ્મૃતિમાં સુંદર મેળો ભરાય છે તમે મેળાની મોજ તો માણતા જ હશો. આ છે સતીમા સદુબાની સ્મૃતિમાં નિર્માણ થયેલ. 'સોળથંભી' ઘોડેશ્વાર તથા સતીમાતાના પંજાના પાળિયા કેવા ભવ્ય ઈતિહાસની સાક્ષી પુરે છે.

ચાલો હજી તો આપણે ઘણુ જોવાનું જાણવાનું અને માણવાનું બાકી છે. અહીથી સીધા રોડે ચાલીએ એટલે તાલુકા પંચાયત, પોલીસ સ્ટેશન, મામલતદાર કચેરી અને રેલવે સ્ટેશન આવે. આ બધું તો તમે જોયેલું છે. આપણે તો ન્યાયાલય અને બી.આર.સી. ભવન થઈ ગઢની રાંગે રાંગે ચાલવું છે. લ્યો આવી ગયો આ ઉતર દિશાનો પાટડી દરવાજો. ગઢની જાહોજલાલી જોતાં જોતાં આપણે પહોંચી ગયાં છેક લખતરની (પૂર્વ) ઉગમણી બાજુ ભગવાન ભાસ્કરના પ્રથમ કિરણને વંદન કરતો આ દરવાજો એટલે ઉગમણો દરવાજો. હવે જઈએ દક્ષિણ (દખ્ખણ) દિશા તરફ... જુઓ આ  અમદાવાદ - સુરેન્દ્રનગર હાઈવે... આ સહયોગ વિદ્યાલય અને થોડે આગળ બસ સ્ટેશન. બાજુમાં રસ્તો છે તે શિયાણી ગામનો રસ્તો. આથી ગઢના આ દરવાજાનું નામ 'શિયાણીનો દરવાજો.' અપાયુ છે.

ચાલો બાળકો આ દરવાજાથી આપણે લખતરની અંદર પ્રવેશ કરીએ. ઝાલર ટાણું થાય ત્યા સુધીમાં તો મારે તમને ઘણું ઘણું બતાવવું છે.

જુઓ આ છે પાતાળિયા દાદાનું ભવ્ય મંદિર

આ ગ્રામદેવી શ્રી બુટભવાની મંદિર.

આ જગદીશ આશ્રમ... ચાલો દર્શન કરી પાવન થઈએ...

જુઓ, આ લખતરની શોભા. લખતરની શોભા અને ગૌરવ વધારતો ભવ્ય રાજમહેલ છે ને અદભૂત આ દરબારગઢની બાજુની આશરે ૧૦૦ વર્ષ પહેલાની ગોરવર્ધન નારાયણની હવેલી. આ છે રામજી મંદિર... દર્શન કરી પાવન થઈએ... આ છે ગામની મધ્યમાં આવેલ રામ મહેલ.

આ બાજુ જુઓ બાળમિત્રો ગામની વચ્ચે આવેલી આપણી શ્રી મા રાજબા કન્યાશાળા, આઝાદી પહેલાં છેક ૧૯૦૯ માં તેને સ્થાપના થયેલી. જરા વિચારો એ વખતે પણ રાજવીઓ કન્યા કેળવણી માટે કેટલાં જાગૃત હશે

આગળ જતા આ ૧૩૧ વર્ષ પુરાણું શ્રી નિલકંઠ મહાદેવ મંદિર. આ છે તે જૈન મંદિર, આ ભગવાન સ્વામિનારાયનું મંદિર, આ હરિહર મંદિર - આ બધો આપણો ભવ્ય અને દિવ્ય વારસો છે.

અલ્યા ઉભા રહો. જુઓ... આ છે ભુતનો ચોરો. અરે... ડરશો નહી. કાંઈ ભૂત-બૂત નથી એ તો ભૂત અટકના કડવા પાટીદાર પરતી નામ પડયુ ભૂતનો ચોરો. આઝાદીની લડતોનો સાક્ષી છે આ ચોરો.

બસ હવે અંધારુ થવાની તૈયારી છે. સૂરજ નારાયણ પોઢી રહયા છે. બધા બાળકો જલ્દી પોતપોતાના ઘેર જાઓ... હું તો બસ ભવ્ય ભૂતકાળને વાગોળતાં-વાગોળતાં આમ જ રાત્રી વિતાવીશ...

## શ્રી ગેથળા હનુમાનજી મંદિર

આશરે આઠસો વર્ષ પહેલાંની આ વાત છે. શિવાજી મહારાજના ગુરૂ સમર્થ રામદાસજી સ્વામી નીકળેલા. તેમણે ચાલતાં-ચાલતાં રાત પડી ગઈ. કોઈ ગામ આવે જ નહી. ગૌચરનું ખુલ્લું મેદન હતું. સ્વામીજીને થયું અહીં જ રોકાઈ જઈએ. ઠેર ઠેર બાવળ, બોરડી જેવી વનસ્પતિ હતી. હનુમાનજીની પૂજા કર્યા વિના જમતા નહી એવો નિયમ હતો. અહીંયા હનુમાનજી ક્યાંથી લાવવા ? ત્યારે રામદાસજી સ્વામીએ ગોબર (છાણ) તથા માટી ભેગી કરી. તેમને હનુમાનજીની મૂર્તિ બનાવી. પૂજા કરી પછી તે જમ્યા.



આ જગ્યા પર ગાયો ચરતી હતી એટલે ગૌ-સ્થળ કહેતા. સમય જતા ગેથળા એવું નામ પડયું એવી લોકવાયકા છે. આ જગ્યા પર પહેલાં આદલસર ગામ હતું અહીં શક્તિ માતાજીનું મંદિર આવેલું છે. તેની બાજુમાં તળાવ અને કુવો પણ છે.

ગેથલા હનુમાનજી મંદિરની જગ્યામાં રાત્રે કોઈ રહેતું નહીં એવા સમયે આ મંદિરમાં એક સંત ફરતા

ફરતા આવે છે. તેમનું નામ શ્રી સ્વામી શ્યામાનંદ સરસ્વતી મહારાજ હતું. આ સ્વામીજીએ અહીં રોકાણ કર્યુ પછી તેમણે જગ્યાનો વિકાસ ક્યો. ગામોમાંથી લોકફાળો ભેગો કર્યો અને જીણોદ્ધાર કરાવ્યો.

આ જગ્યામાં રહેવા- જમવાની માટેની વ્યવસ્થા છે. મંદિરની પડતર જમીનમાં સરસ બગીચો છે. તેમાં બાળકોના મનોરંજન માટે હીંચકા લપસણિયા છે. અહીં કારતક મહિનાના છેલ્લો શનિવારે લોકમેળો ભરાય છે.

અહીંયા જવા માટે લખતર-અમદાવાદ હાઈવે ઉપર છે. આદલસર ગામથી ૨ કિ.મી. દૂર છે.

## :: લખતરની ઐતિહાસિક શાળાઓ ::

બાળકો : નમસ્તે સાહેબ,

શિક્ષણ : નમસ્તે બાળકો આજે હું તમને લખતરની ઐતિહાસિક શાળાઓ વિશેની થોડીક વાત કરું.

ઠાકોર અભયસિંહ સાહેબ વિંસં. ૧૬૦૩ માં લખતર સ્ટેટમાં રાજગાદીની સ્થાપના કરી. લખતર સ્ટેટે પ્રજાનાં શિક્ષણની ચિંતા કરી છે. તો બાળકો, આપણાં રાજવીઓએ તે વખતે લોકોનાં શિક્ષણ માટે શું કર્યુ ? તે વાત કરીશ.

જે સમયે આખાયે હિન્દુસ્તાનમાં અંગ્રેજોનું રાજ્ય હતું. ત્યારે લખતરમાં આપણે જે "બાપુરાજ" કહીએ છીએ તેમનું નામ હતુ કરણસિંહ સાહેબ. નાના હતા એટલે તેમના માતુશ્રી રાજમાતા રૂપાળીબા સાહેબ રાજ કરતા. એ વખતે આપણા લખતરનાં વોરાવાડમાં એક ગામડી શાળા હતી. ત્યારે રાજમાતા એ ઝાલાવાડમાં સૌપ્રથમ લખતરમાં તા. ૭-૨-૧૮૫૩ નાં રોજ પ્રાથમિક શાળાની સ્થાપના કરી.

રોહિત : હે 'સાહેબ, આજે આ પ્રાથમિક શાળા લખતરમાં છે ?

શિક્ષક : હા, રોહિત તારો પ્રશ્ન ખૂબ જ સરસ છે. આગળ હવે એ જ વાત કરવાની છે.

સમય જતાં આ શાળાનું નામ કોરોનેસન વર્નાકયુલર શાળા રાખવામાં આવ્યું. અને હાલ તે પ્રાથમિક શાળા એટલે આપણી તાલુકા શાળા નં.-૧ જે લખતરમાં આથમણા દરવાજાની અંદર આવેલી છે.

કૌશિક : હેં, આ તાલુકા શાળા નં.-૧ ની સ્થાપના રાજમાતા એ કરેલી છે એ તો આજે જ અમને ખબર પડી તો... તો... આ નિશાળ બહુ જુની હો

શિક્ષક : હા કૌશિક, એના વિશે તો હજુ ઘણું કહેવાનું છે.

આપણાં લોક લાડીલા એવા ઠાકોર સાહેબ શ્રી કરણસિંહ સાહેબ તમામ જેવા ૧૫ (પંદર) બાળકો સાથે આ શાળામાં ભણેલાં. ઠાકોર સાહેબને પ્રજા-સંપર્કનાં પાઠ બાળપણમાં આ શાળામાંથી જ મળેલા.

આ સિવાય એક કેળવણીકાર થઈ ગયા તેમનું નામ છે જુગતરામ દવે. આ શાળામાં જ ભણેલા. જેમણે શિક્ષણ ત્યાગ અને સ્વાશ્રય ની નવી દૃષ્ટિ આપી. પછી તેઓ સુરત જિલ્લામાં ગયા. ત્યાં જઈ રાની પરજ અને દુબળા જેવી ગરીબ અને પછાતજાતિ નાં ઉધ્ધાર માટે આજીવન તેમની સેવા કરી. તેમને "વેડછી નો વડલો" એવું બીરૂદ મળ્યું. વેડછીમાં તેમની આશ્રમ શાળા છે. સુરત જિલ્લામાં જાઓ તો મુલાકાત લેજો.

બાપુરાજ સાહેબ યુવાન થતા રાજગાદીએ આવ્યા. બાપુરાજ સાહેબ (કરણસિંહ સાહેબ) જોયું કે મારા નગરની દીકરીઓ નિરક્ષર રહે તે કેમ ચાલે ? એટલે આ બાપુરાજસાહેબે દીકરીઓને શિક્ષણ, સંસ્કાર અને જ્ઞાન મળી રહે તે હેતુથી તા.૮-૮-૧૯૦૯ નાં રોજ શ્રી મા રાજબા કન્યાશાળાની સ્થાપના કરી. જે શાળા ભૂકંપ પહેલા લખતર ગામમાં વઢવાળી શરીએ બેસતી. ભૂકંપમાં તે ઈમારત ઝર્ઝરિત થઈ જતાં હાલ બી.આર.સી. ભવનની બાજુમાં મકાનમાં આજે પણ આ શાળા ચાલુ છે.

રાધિકા : સાહેબ, અમે સાંભળ્યું છે કે આ મિડલ સ્કૂલ પણ લખતરમાં રાજાએ શરૂ કરાવેલી એ વાત સાચી ?

શિક્ષક : ખૂબ સરસ, વાત સાચી છે.

જે તમે મિડ્લ સ્કૂલ ની વાત કરો છે ને, તે મિડ્લ સ્કૂલ સન ૧૯૦૭ માં શરૂ કરવામાં આવી. અને સને. ૧૯૨૩માં આ સ્કૂલનું નામ સર જશવંતસિંહ હાઈકૂલ રાખવામાં આવ્યું. આ હાઈસ્કૂલ એટલે હાલની સર.જે.હાઈસ્કૂલ આ હાઈસ્કૂલમાં ધોરણ ૯ થી ૧૨ સુધીના અભ્યાસની વ્યવસ્થા આપણી રાજય સરકારે કરી છે.

આરતી : હે સાહેબ, આ હાઈસ્કૂલનું નામ સર જસવંતસિંહ હાઈસ્કૂલ શા માટે રાખવામાં આવ્યું ?

શિક્ષક : સરસ, આરતી તેના વિશે વડીલો પાસેથી એવી જાણકારી મળી છે કે લીંબડી સ્ટેટના રાજવી શ્રી સર જશવંતસિંહ ઠાકોર સાહેબ અને આપણા લખતર સ્ટેટના ઠાકોર સાહેબ બન્ને મિત્રો હતા. એટલે આપણા સ્ટેટમાં મિત્રની યાદગીરી રૂપે આ શાળાનું નામ સર જશવંતસિંહ હાઈસ્કૂલ રાખવામાં આવ્યું.

સુનિલ : સાહેબ, અમે મિડ્લ સ્કૂલનું પુછતાં હતાં તેનું શું ?

શિક્ષક : હા, બાલદોસ્તો લખતરમાં આથમણા દરવાજા બહાર ચબુતરા પાસે આવેલી મિડ્લ સ્કૂલની વાત કરો છો ને ?

બધાં બાળકો : હા, સાહેબ.

શિક્ષક : આ કરણસિંહ મિડ્લ સ્કૂલની લખતરમાં તા. ૧-૪-૧૯૪૫ ના રોજ સ્ટેટના રાજવી

શ્રી ઈન્દ્રસિંહ ઠાકોર સાહેબે સ્થાપના કરેલી. જે શાળા હાલ મિડ્લ સ્કૂલ નં.-૩ તરીકે ઓળખાય છે.

તો, બાળકો આપણા સ્ટેટના રાજવીઓએ લખતરની પ્રજાનાં શિક્ષણ અને સંસ્કારના સિંચન માટે ઉદારતાથી આવી શિક્ષણની સંસ્થાઓની સુંદર વ્યવસ્થા કરી છે.

(રોહિત, કૌશિક, રાધિકા, આરતી, સુનિલ)

સાહેબ, આજે તો તમે અમને લખતરની શાળાઓ વિશે ખૂબ જ સરસ વાતો કરી. અમને બહુ મજા આવી. અને અમને ખબર પડી કે... (૧) તાલુકા શાળા નં.-૧ (૨) મા રાજબા કન્યા શાળા (૩) સર. જે.હાઈસ્કૂલ (૪) કે મિડલ સ્કૂલ આપણા લખતર સ્ટેટના રાજાઓએ શરૂ કરાવેલી.

શિક્ષણ : ધન્યવાદ બાળકો !!!!!

## :: ઢાંકી પમ્પીંગ સ્ટેશન ::

બાળમિત્રો આનંદ થનગનાટ કરતાં કરતાં લો આપણે પહોંચી ગયા સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ઢાંકી ગામ પાસે આવેલા નર્મદા કેનાલ પરના પમ્પીંગ સ્ટેશને. જે માત્ર રાજ્ય કે દેશનું જ નહીં સમગ્ર એશિયાખંડનું સૌથી મોટું પમ્પીંગ સ્ટેશન છે.

મનોજ : સાહેબ, આ કેનાલમાં પાણી ક્યાંથી આવે છે ?

શિક્ષક : સરસ, જૂઓ આ કેનાલમાં પાણી નર્મદા નદીમાંથી આવે છે. નર્મદા નદી મધ્યપ્રદેશ રાજ્યના અમરકંટકમાંથી નીકળી ફરતી ફરતી ગુજરાતમાંથી પસાર થઈ સમુદ્રને મળે છે. જ્યાં કેવડિયા ગામ પાસે આ નદી ઉપર ખૂબ જ મોટો બંધ બાંધવામાં આવ્યો જેનું નામ છે સરદાર સરોવર બંધ. તેનું ખાતમુહૂર્ત ભારત દેશના પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂ એ કરેલું. આ સરદાર સરોવરમાંથી કેનાલ દ્વારા પાણી કડી સુધી પહોંચાડયું. ત્યાંથી કેનાલ બે ભાગમાં વહેંચાઈ. જેમાંનો એક ભાગ એટલે સૌરાષ્ટ્ર શાખા નર્મદા નહેર જે આપણે જોઈ રહયાં છીએ.

વિશાલ : સાહેબ, આ પમ્પીંગ સ્ટેશન શા માટે બનાવવું પડયું ?

શિક્ષક : સરસ, બાળમિત્રો સરદાર સરોવરબંધથી પાણી કેનાલ દ્વારા અહીં કુદરતી જમીનનાં ઢાળ ધોળીધજા ડેમમાં પાણી પહોંચાડવા પાણીને ૬૬.૪૩ મીટર ઊંચાઈ પર લઈ જવાનું છે. એટલા માટે આ પમ્પીંગ સ્ટેશન બનાવવું પડયું.

માધવી : સાહેબ, આ પમ્પીંગ સ્ટેશનથી કઈ રીતે પાણી ઉપર લઈ જાય છે ?

શિક્ષક : આ ઢાંકી પમ્પીંગ સ્ટેશનમાં કુલ ૧૬ (સોળ) પંપ મુકવામાં આવેલા છે. જેમાં ૧૦ પંપ કમ્યુનેટીવ વર્ટીકલ ૮ થી ૯ પંપ છે. આ પંપની દરેક મોટર ૪૫૦૦ હોર્સપાવર ૮ થી ૯ ની છે. તેથી પાણી વહન કરવાની ક્ષમતા ૨૦ હજાર લીટર પ્રતિ સેકન્ડની છે. જ્યારે બીજા ૬ (છ) પંપ વર્ટીકલ ટર્બાઈન ૮ થી ૯ પંપ છે. જેની દરેક મોટર ૧૩૬૯ હોર્સપાવર ૮ થી ૯ ની છે. તેની પાણી વહન કરવાની ક્ષમતા ૫૦૦૦ લીટર પ્રતિ સેકન્ડની છે. આ બધા જ પંપ ચાલુ હોય ત્યારે ૨,૩૦,૦૦૦ (બે લાખ ત્રીસ હજાર) લીટર પ્રતિ સેકન્ડ પાણી વહન કરી શકે છે. આ આખું પમ્પીંગ સ્ટેશન કમ્પ્યુટર દ્વારા સંચાલિત છે. આ પમ્પીંગ સ્ટેશનનું વિધિવત ઉદ્‌ઘાટન ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્‌હસ્તે સન ૨૦૦૭ ના માર્ચ મહિનામાં કરવામાં આવેલું.

ઢાંકી પમ્પીંગ સ્ટેશન દ્વારા પાણીને ૧૦.૮૦૬ મીટર ઊંચેથી કેનાલમાં આગળ વહેવડાવવામાં આવે છે.

શિવાની : આ સિવાય, બીજા કેટલા પમ્પીંગ સ્ટેશન છે ?

શિક્ષક : આ સિવાય બીજા-૪ (ચાર) પમ્પીંગ સ્ટેશનો ધોળી ધજા ડેમ સુધી આ કેનાલ ઉપર બનાવવામાં આવ્યા છે. એમાના...

- બીજું પમ્પીંગ સ્ટેશન લખતર ગામ પાસે,
- ત્રીજું પમ્પીંગ સ્ટેશન બાળા ગામ પાસે,
- ચોથું પમ્પીંગ સ્ટેશન રાજપર ગામ પાસે,
- પાંચમું પમ્પીંગ સ્ટેશન દુધરેજ ગામ પાસે, બનાવવામાં આવેલ છે.



રાજુ : સાહેબ, આ ઢાંકીથી પાણી ધોળીધજા ડેમ સિવાય બીજે ક્યાં ક્યાં જાય છે ?

શિક્ષક : બાલદોસ્તો, ઢાંકી પમ્પીંગ સ્ટેશનથી લખતર ગામ તરફ કેનાલ ઉપર થોડીક આગળ જઈએ એટલે બે પેટા કેનાલ નીકળે છે.

તેમાની ઉતર દિશા તરફની આ માળિયા કેનાલ આ કેનાલ દ્વારા પાણી કચ્છ, મોરબી, રાજકોટ, જામનગર જિલ્લાને પાણી પીવા માટે પુરૂ પાડવામાં આવે છે. દક્ષિણ દિશા તરફની વલ્લભીપુર કેનાલ આ કેનાલ દ્વારા ધંધુકા અને ભાવનગરને પાણી પુરું પાડવામાં આવે છે. વઢવાણનાં કોઠારિયા ગામ પાસેથી એક પેટા કેનાલ બોટાદ તરફ જાય છે. ધોળીધજા ડેમની પાસેથી જ ધ્રાંગધ્રા શાખા કેનાલ નીકળે છે. જે ધ્રાંગધ્રા તરફ પાણી પુરૂં પાડે છે.





# પાટડી તાલુકો

## અમારો તાલુકો પાટડી



- સુરેન્દ્રનગર જિલ્લાની ઉત્તર દિશાએ આવેલ પાટડીનગર. જે દેસાઈ રાજવી પરિવારના કુળદેવી શક્તિધામ જ્યાં માતાની પ્રાગટ્ય કક્ષા સાથે પાટડી સોનાની હાટડીથી સુપ્રસિધ્ધ નગર છે. જે હાલ તાલુકા મથક છે.

- પાટડી નગર અનેક કુદરતની થપાટો સામે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખેલ છે. ગામ ફરતે કિલ્લો, દરવાજા અને શક્તિમાતાને મળેલ ૨૩૦૦ ગામના તોરણ બાંધવા માટે પ્રથમ તોરણ પાટડી નગરે બાંધવામાં આવેલ છે. જેનો શિલાલેખ - ગામ શેરા તરીકે આજે હૈયાત છે. ઈતિહાસને સુવર્ણ અક્ષરે અંક્તિ કરી અડીખમ ઈતિહાસની સાક્ષી તરીકે ઉભો છે.

- પાટડી સોનાની હાટડી સાથે અનેક સંસ્મરણો સંઘરાયેલા છે. અંગ્રેજો વખતે મીઠાના કામદારને ચાંદી-સોનાના સિક્કા મીઠાના વિનિમય તરીકે આપવામાં આવતા હતા. દાંડીકૂચ વખતે પાટડી નગરના અનેક રાષ્ટ્રભક્તો ગાંધી સાથે સત્યાગ્રહના સહભાગી બન્યા છે. જેનો ઉલ્લેખ પાટડી દર્શન નામના ગ્રંથમાં વાંચવા મળે છે.

તાલુકાની પશ્ચિમ દિશાએ કચ્છનું નાનું રણ અડીને આવેલું છે. જ્યાં મીઠાની ખેતી થાય છે. જે મીઠાની ખેતી કરે તેને અગરિયા કહેવાય છે. સમગ્ર ભારતમાં અહીંથી મીઠું મોકલવામાં આવે છે. જે "વડાગરા" નામનું મીઠું સમગ્ર ભારતમાં વિશેષ સ્થાન ધરાવે છે. વર્ષોથી હિન્દુસ્તાન સોલ્ટ ખારાઘોડા અગરિયાના હક્ક, હીત અને તેનુ આર્થિક, સામાજિક પોષણ કરતી સંસ્થા છે.



પાટડી તાલુકો વિશ્વમાં "ઘુડખર" ની જન્મભૂમિ તરીકે ઓળખાય છે. વર્ષો પહેલાં સૌરાષ્ટ્રના બંદરોમાં ઝીંઝુવાડા બંદર ધમધમતું હતું. ત્યારે અરબસ્તાનમાંથી ઉત્તમ ઓલાદના ઘોડાનો વહાણ દ્વારા ઝીંઝુવાડા બંદરેથી સમગ્ર ગુજરાતમાં સપ્લાય કરવામાં આવતા હતા. જ્યાં ઘોડા અને ગધેડાના સંસ્કરણથી ઘુડખરનો જન્મ થયો તેવું ઈતિહાસકારો માને છે.

## "વનરાજ ચાવડા"

આપણા ગુજરાત રાજ્યની અસ્મિતાના ગૌરવની અનેક ગાથાઓ ગુજરાતના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે કંડારાયેલી પડી છે. આવી જ એક ગાથા પાટડી તાલુકાના વણોદ ગામના પાદરેથી ગુજરાતના ઈતિહાસમાં જોવા મળે છે.

વિક્રમ સંવત પાંચમી સદીમાં ચાવડા વંશના કુળદીપકનો ઈતિહાસ પણ અહીંથી શરૂ થાય છે. આઠમી સદીમાં વણોદ પાસે પંચાસર રાજ્ય આવેલું હતું. જેનો રાજા જયશિખરી (ગુજરાતનો સમ્રાટ) હતો. શૂરવીર, તેજસ્વી અને બુધ્ધિમાન હતો. તે વેદ ધર્મ પાળનારો ધર્મિષ્ઠ રાજા હતો. તેનું રાજ-'રામ રાજ્ય' જેવું હતુ. એકવાર તેમના જ રાજ્યનો કવિ શંકર ફરતા ફરતા કલીયાણી નગરીના ચાણક્ય વંશના રાજવી ભુવડ સોલંકીના રાજ્યમાં જઈ ચડયો. જય શિખરીના રાજ્યના ભૂવડ પાસે ખૂબ જ વખાણ કર્યા. તેના વખાણથી પ્રભાવિત થઈ ભૂવડને ઈર્ષ્યા આવી અને આવા સમૃધ્ધ રાજ્યના રાજા બનવાની ખેવના જાગી. તેથી પોતાના સેનાપતિ મિહિરને મોટા લશ્કર સાથે પંચાસર રાજ્ય ઉપર ચડાઈ કરવા મોકલ્યો. પંચાસર પાસે યુદ્ધ થયું. જેમાં જય શિખરીના સેનાપતિ શુરપાળે મિહિર સામે યુધ્ધ કરી તેને મારી ભગાડયો.

આ હારનો બદલો લેવા માટે ભૂવડ સોલંકીએ પોતાના લશ્કર સાથે પંચાસર ઉપર ફરીથી ચડાઈ કરી અને ફરીથી મોટું યુધ્ધ થયું જેમાં જય શિખરી મરાયો. સેનાપતિ શુરપાળે સમય સંજોગો જોતાં રાણી રૂપસુંદરી સગર્ભા હોવાથી પંચાસરના કુળદીપકને બચાવવા માટે રૂપસુંદરીને લઈનેજે પોતાના બહેન પણ હતી. તેને લઈને ગુપ્ત રસ્તેથી લઈ જતા જંગલમાં રૂપસુંદરી એક પુત્રને જન્મ આપે છે. આ બાળકનો વનમાં જન્મ થવાથી તેનું નામ વનરાજ રાખવામાં આવ્યું. તેવામાં આ જંગલમાંથી જૈનમુની શિલગુણસુરી મહારાજ વિહાર કરવા નીકળ્યાં. ત્યાં તેમણે બાળકના રડવાનો અવાજ સાંભળ્યો. તેમણે નજીક જઈ બધી હકીકત જાણી. બાળક વનરાજ અને તેની માતા રૂપસુંદરીને જૈન ઉપાશ્રયમાં લાવ્યાં. જ્યાં તેનો ઉછેર કર્યો. સમય જતાં વનરાજ યુવાન થયો તથા પોતાની માતાની વાતો સાંભળી પોતાનું રાજ્ય પાછું મેળવવા માટે જંગલનો જાણનાર અણહીલ ભરવાડ તથા ચાંપો વાણિયો આ બંન્નેના સહકારથી એક ટોળી બનાવી. ગેરીલા યુધ્ધ કરતા અને ધન એકઠું કરતાં. આમ કનોજના રાજા ધંચકૂળને લૂંટીને ચોવીસ લાખ સોના મહોરો વનરાજે લૂંટી લીધી. સમય જતા તે ધનથી વનરાજે મોટી સેના એકત્ર કરી પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. અને પાટણમાં પોતાની રાજધાની સ્થાપી. પોતાના મિત્ર અણહીલ ભરવાડના નામ પરથી 'અણહીલપુર પાટણ' નામ આપ્યું. આ રીતે વિ.સં. ૮૦૨ મહાવદ સાતમને દિવસે "ગુર્જર દેશ" નામે પાટનગર 'અણહીલપુર પાટણ' સામ્રાજ્યની સ્થાપના કરી. પાટણ ફરતે મજબૂત કિલ્લો બંધાવ્યો અને જ્યાં પોતાનો જન્મ થયો હતો અને બાળપણ વીતાવ્યું હતું તે વણોદ ગામમાં તળાવ બનાવી તે તળાવની પાળ ઉપર પોતાના કુળદેવીની સ્થાપના કરી. જે આજે પણ હયાત છે.

૩૦૦ વર્ષ સુધી સોલંકી રાજાઓએ ગુજરાત ઉપર રાજ્ય કર્યુ. આ સોલંકી યુગ ગુજરાતનો સુવર્ણયુગ કહેવાય છે.

## "કોમી એકતાના પ્રતીક હજરત નવ શહીદ પીર"

'ન કુરાન અપના, ન પુરાણ અપના;

શાન ઉનકી, કેવલ ઈમાન અપના.'

સુરેન્દ્રનગરના દસાડા તાલુકાની વાત છે. જૈનાબાદ ગામ છે. એમાં કોમી એકતાના પ્રતીક સમા હજરત "નવ શહીદ" પીર બાબાની વાત કરવી છે. તેની દરગાહ આવેલી છે. એ ખૂબ જુના સમયની છે.

હજરત નવ શહીદ પીરનું વતન સિંધ પ્રાંત હતું. સિંધ પ્રાંતના રાજા સુમરો હતો. એક દિવસ રાજા પોતાના લાવ લશ્કર સાથે રાજમાં ફરવા નિકળ્યા. નવ શહીદપીરની બહેન "બીબી અજમા" આ લશ્કરને જોવા ઝરૂખામાં ઉભા હતા. સુમરા રાજાની નજર "બીબી અજમા" ઉપર પડી. તરત જ રાજાએ માણસોને તેમના ઘરે લગ્નનો પ્રસ્તાવ લઈ મોકલ્યા. આ બાબત મંજુર ન હોઈ આ સૈયદ કુંટુંબ સિંધ છોડી ચાલતા ચાલતા આજના જૈનાબાદ ગામ એટલે તે સમયના "કલાડા" ગામમાં આવી પહોંચ્યા. તે વખતના કલાડાના રાજાનો કુંવર આ અજાણ્યા પરિવારને જોઈ પૂછતાં કરે છે. તેમની હકીકત સાંભળી આશરો આપવા માટે રાજાને જઈને બધી વાત કરે છે. રાજા આ વાત સાંભળીને પરિવારને મળવા આવે ત્યાં સુધીમાં તો સુમરાનું લશ્કર આવી ચઢયું. તેજ જગ્યાએ સૈયદ પરિવાર અને લશ્કર વચ્ચે ધીંગાણું થયું. સૈયદ પરિવારના એક પછી એક આઠ ભાઈઓ, બહેન "બીબી અજમા" ની રક્ષા કાજે શહીદ થઈ ગયા. તથા બીજા કુટુંબીજનો પણ શહીદ થતાં. આ બધુ બીબી અજમાએ જોયા પછી કોઈ આધાર ન રહેતા એમણે નેક દિલોજાનથી ખુદા પાસે મદદ માગી, 'હે ખુદા જમીનમાં હું સમાઈ શકું તેટલી જગ્યા મને આપો.' તરત જ જમીન ફાટી ગઈ "બીબી અજમાં" જમીનમાં સમાઈ ગયા. ચૂંદડીનો છેડો બહાર રહયો ત્યાં તેમની કબર પણ ત્યાં જ બનાવવામાં આવી.

આ ઉપરથી "નવ શહીદ" તરીકે ઓળખાય છો. દર વર્ષે ભાદરવા સુદ-૧૩ અહીંયા મોટો મેળો ભરાય છે. આખા પંથકમાંથી લોકો અહીંયા માનતા કરવા શ્રધ્ધા પૂર્વક આવે છે.

આ ધાર્મિક સ્થળે દર વર્ષે ભાદરવા સુદ-૧૩ ને મુસ્લીમ ચાંદ ૧૧ ના રોજ ઉર્ષ (મેળો) ભરાય છે. જેમાં પઠાણ, ઝાલા દરબાર, આલ રબારી પારેખ જૈન નિવેધ ચઢાવે છે. જૈનાબાદ દરબાર સાહેબ તરફથી તેમના રાજાશાહી પરંપરા મુજબ સંદલ વેળાએ 'ગીલાફ શરીફ' ચડાવવામાં આવે છે. આ જગ્યા હિન્દુ-મુસ્લીમ સૌની શ્રધ્ધાનું સ્થાન છે.

## સવારામ ભગતનું પીપળી ધામ

**માતુશ્રી કાશીમા, પિતા કૃષ્ણ મુજ તાત;**

**સ્વામી ફુલગર સદગુરૂ સદાસવે નીજદાસ**

સૌરાષ્ટ્રના ઝાલાવાડ વિસ્તારનું પીપળીધામ સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં આવેલું છે. જ્યાં અનંત બ્રહ્માંડોના નાથ રણુજાના રાય પીર રામદેવ મહારાજે સવારામ ભગતને દર્શન દીધેલ.

પીપળીગામ એટલે સવારામ સાહેબની પ્રાગટય ભૂમિ. વિ.સં. ૧૯૧૭ ને મહાસુદ-૧૫ ના રોજ તેમનું પ્રાગટ્ય થયું. પ્રજાપતિ કુળમાં પ્રગટયા હોઈ વારસાગત માટીકામનો વ્યવસાય સાથે સતત પ્રભુ ભજન કરી નિર્વાહ ચલાવતા. સોખડા ગામના દશનામી અતિત સાધુ સ્વામી ફુલગર મહારાજે તેમને ભજનનો મહીમા સમજાવ્યો. યુવાનીમાં જ ભજનનો રાગ છેડયો. સાધુ સંતોના મેળાપ સાથે ભક્તિના રંગમા રેલાયા. રામાપીરના દર્શન સમયે સવારામ સાહેબે આપેલ વચન મુજબ તેમને ૧૯૬૯ માં અન્નક્ષેત્રની શરૂઆત કરી. જે આજ સુધી અખંડ ચાલુ રહયુ છે.

કબીર કહે કમાલ કો, દો બાતે શીખ લે;

કર સાહેબ કી બંદગી, ભૂખે કો અન્ન દે.

શ્રી સવારામ સાહેબના હસ્તક વિ.સં. ૧૯૭૨, વૈશાખ સુદ ૧૧ ના રોજ શ્રી રામદેવપીર મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો. સવારામ સાહેબની સાથે ઝબુબાઈ પણ સત્સંગમાં જોડાયેલા. જે બજાણાથી ચાલીને પીપળીધામ આવતા. સવારામ સાહેબને આમંત્રણ મળતા ભક્તોની સાથે બજાણા ભજન ગાવા જતા ત્યારે રામદેવ મહારાજની વિશ્રામ કરવાની ઈચ્છાને અનુરૂપ સ્થાપના કરી જે સ્થળ રામદેવપીરનો વિસામો ગણાય છે. (ઈ.સ. ૧૯૭૪) શ્રી ઝબુબાઈ મા એ દેહત્યાગ કર્યો. જેમની સમાધિ પણ પીપળી મંદિરની જગ્યામાં છે.



શ્રી સવારામ સાહેબ ભજનોમાં લીન રહેતા. સૌ વર્ષે તેઓ (વિ.સં. ૨૦૧૭ ના વૈશાખ વદ-૧૧ ને બુધવાર) સત્‌લોક સિધાવ્યા. ત્યારબાદ શ્રી બળદેવદાસ મહારાજે પીપળીધામની ગાદી સંભાળી અને ફરી વખત શ્રી રામદેવપીરનું બાવનગજનું દેવળ બનાવરાવેલું ચૈત્રી પૂનમે તા. ૧૭-૪-૧૯૯૫ ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા ધામધૂમ પૂર્વક કરવામાં આવી. આજે પણ આ જગ્યાએ શ્રી સવારામ ભગત આ રચિત કાવ્યો. પદો દ્વારા પરમ કૃપાળુ પરમાત્માનો મુક્તિ સંદેશ આપવામાં આવે છે ? હાલ આ જગ્યામાં સંતશ્રી વાસુદેવ મહારાજ બિરાજમાન છે.

## કાળિયા ઠાકરની જગ્યા - ગેડિયા

**ગેડિયા નગારા ગળ ગળે, ધોળા ફરકે નિશાન,**

**કંઈક નરપતિને નમાવ્યાં, કાળવા તારા કમઠાણ.**

ભારત દેશમાં સૌરાષ્ટ્રની ભૂમિ એટલે સાધુ, સંતોની ભૂમિ ગણાય ઝાલાવાડ પંથકના સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાનું ગામ ગેડિયા, જ્યાં કાળિયા ઠાકરનું મંદિર પ્રસિધ્ધ છે.

એક વખત રૂગનાથપરી તથા પોપટપરી આ બે મહાનસંતો દ્વારકાની યાત્રાએ જતા હતા. આ વખતે ઝીંઝુવાડા ગામના ગિરાસદારો ઝાલા દરબારોથી ઓળખાય. ઝાલા યોગરાજ ના બે દીકરા સામંતસિંહ તથા અંબેકુમાર. આ સંતાનો સંગમા આવતા તેમણે દીક્ષા લીધી. સામંતસિંહ ઉર્ફે છઠા ષષ્ટમ સ્વામી નામે ઓળખાયા. અંબેકુમાર ઉર્ફે આંબા અમરચૈતન્ય સ્વામી તરીકે ઓળખાયા. દીક્ષા લીધા પછી તેઓ ત્યાંથી ચાલતાં ચાલતાં કામલપુર ગામે પધાર્યા. ત્યાં તેમનો મેરા ભગત સાથે ભેંટો થતા સંતોએ પાટની પૂજા મેરા ભગતને અર્પણ કરી. ત્યારબાદ મેરા ભગતને પૂજા-પાઠ મળતા તેઓ ખેરવા ગામે જતા. વચ્ચે ગેડિયા ગામે બળદગાડાનું પૈડું જમીનમાં ઉતરી જતા પૈડું કાઢવા મહેનત કરી. પરંતુ પરચો મળતાં ઠાકોર ને અહીં રહેવાની ઈચ્છા જાણી. તેથી મલેક દરબારોએ પોતાની જમીન દાનમાં આપી. અને અહીં મંદિર બનાવી રહેવા લાગ્યાં.

આમ આ જગ્યાના ગાદીપતિ મઘાભગતે સમાધિ લેવાનું વિચારતા કામલપુર ગામે આવ્યાં જ્યા મહંતોની સમાધિ થતી અંગ્રેજ સરકારને ખબર પડતા તપાસ માટે આવ્યા. આ જગ્યાનું સત્ય સમજાતા માફી માંગી. તે વખતે સ્પેશ્યલ સનદ વિરમગામ કોર્ટ ધ્વારા આપવામાં આવી ૫ મી જુલાઈ ઈ.સ. ૧૮૬૪ માં સનદ આપેલ જે મોજુદ છે. સમય જતા ભગવાનદાસ બાપા ગેડિયાની ગાદીને આવ્યા. જેમણે ઘણા દાખલા બતાવી ગેડિયા એ એક દ્વારકા છે એવું પ્રમાણ આપ્યું.

આ જગ્યામાં હાલ નારાયણદાસ બાપુ ગાદી શોભાવી રહયા છે. આ મંદિરની સ્થાપના ને આશરે ૪૫૦ વર્ષ થયેલ છે. ખાસ કરીને માલધારી સમાજ આ જગ્યાના સેવક છે. બીજા અન્ય સમાજના લોકો પણ આ જગ્યાને શ્રધ્ધાપૂર્વક માને છે. ગામમાં મલેક દરબારની વસ્તી છે. જે મંદિરના પ્રસંગે પૂરતો સહકાર આપી કોમી એકતાનું ઉદાહરણ પુરૂં પાડે છે. જન્માષ્ટમીના દિવસે અહીંયા મેળાનું આયોજન થાય છે. આજુ બાજુ ગામના લોકો શ્રધ્ધાપૂર્વક આ જગ્યાના દર્શન કરી પ્રસાદ લે છે.

## "હઝરત સોહર વર્દિયા બહાઉદ્દીન બાવા પીરજાદા - બજાણા"

પાટડીના તાલુકાના બજાણા ગામે પીર હજરત સોહર વર્દિયા બહાઉદીન બાવા પીરજાદાની દરગાહ શરીફ આવેલી છે. દર વર્ષે મુસ્લિમ ચાંદ ૧૫ અને ૧૬ રજબ મહીનાના દિવસે તેમનું ઉર્સ બજાણા ભરાય છે. અહીં આસપાસના દરેક ધર્મના લોકો ઉર્ષમાં આવે છે. લોકો પોતાની બીમારી અને તકલીફોમાંથી રાહત મેળવવા દરગાહ પર આવે છે. બહાઉદ્દીનપીરની ખ્યાતિ દૂર સુધી ફેલાયેલી છે.

પીરજાદાએ પોતાનું પ્રાથમિક શિક્ષણ વિરમગામ તાલુકાના અલીગઢ ખાતે લીધેલું. ૧૪ વર્ષની ઉંમરે તેમણે આઝાદીની લડતની રેલીઓની આગેવાની કરેલી. પાટડી તાલુકાના માલવણ ગામે શિક્ષક તરીકે ફરજ બજાવેલી.

તા. ૨૧-૧૦-૧૯૬૬ ના દિવસે તેઓ (મૃત્યુ) વફાત પામ્યા. આસો સુદ-આઠમ ના દિવસે આ મેળો ભરાય છે.

## ઉપરિયાળા જૈન તીર્થ

સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાનું ગામ ઉપરિયાળા જે વિરમગામ-ધ્રાંગધ્રા હાઈવે મોટી મજેઠીથી ૮ કિ.મી. ના અંતરે આવેલુ છે. જે એક ઐતિહાસિક પ્રાચીન જૈનધર્મનું તીર્થસ્થાન છે.

આ ગામમાં ખાસ કરીને હિન્દુ અને મુસ્લીમ વસતિ રહે છે. વર્ષો પહેલાની વાત છે. એક પ્રજાપતિ માટી કામ કરી પોતાનું ગુજરાન ચલાવતો. એકવાર તેના પરિવારમાં એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એવું જાણવાં મળ્યું કે તું જે ચાકડાથી કામ કરે છે તે ચાકડાની નીચેની જગ્યાએ ચાર પ્રતિમાઓ આવેલી છે. આવું જાણતા પ્રજાપતિએ બધાને જાણ કરી.

વિરમગામ-પાટડી તેમજ આજુબાજુના લોકોને ભેગા કરી જૈન દિગંત મુનીઓની હાજરીમાં ખોદકામ કરતા ચાર પ્રતિમાઓ મળી આવી. જેની સ્થાપના કરવામાં આવી.

આ ચાર પ્રતિમાઓ પૈકી પ્રથમ મુખ્ય મૂર્તિ આદીનાથ ભગવાનની છે. જમણી બાજુએ પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. ડાબી બાજુએ શાંતિનાથ ભગવાન અને વચ્ચે ગેબીનાથ ભગવાન છે. કહેવાય છે કે મહાવીર સ્વામી અહીંથી પસાર થયા હતા.



આ મંદિરનો મુખ્ય દરવાજો પત્થરની કલાત્મક કોતરણી કરી બનાવેલ છે. મંદિરના અંદરનો ભાગ રંગીન કાચના ટુકડીઓથી સુશોભિત છે. આ જગ્યાનું સંચાલન આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા કરવામાં આવે છે.

## સ્વામિ તેજાનંદ

જતી, સતી, સંત, શૂરા અને સાહિત્યકારોની જન્મદાત્રી એટલે અમારી ખારૂડી ધરતી.

આ ધરા અને સંતો-મહંતોના પાવન પગલે પવિત્ર પુણ્યભૂમિ સ્વર્ગસમાન છે. આ તાલુકાનો બેટ ઝીલાદણ. જ્યાં અનેક સંતો, મહંતો, સાધકની સિધ્ધિની અમરગાથાઓ તેના ખોળે ધરબાયેલા છે.

તેવા એક પરમ સિધ્ધિ, આત્મજ્ઞાનિ, સાધક, સિધ્ધિ પ્રાપ્ત કરનાર સંત-મહંત એટલે સ્વામી તેજાનંદ મહારાજ !

સ્વામી તેજાનંદનો જન્મ ઝીંઝુવાડા ગામમાં સંવત ૧૪૦૭ કારતક સુદ બીજને રવિવારે થયો હતો. માતા લક્ષ્મીદેવી, પિતા રામદાસ સ્વામીએ આ તેજસ્વી, ધાર્મિક બાળકને સંવત ૧૪૨૮ માં જનોઈ ગ્રહણ કરાવી ગુરૂ ઉપદેશ આપ્યો. સંસારમાં મન ચોંટતું નહીં. છતાં સામાજિક બંધનના લીધે ૨૧ વર્ષે બાઈ રૂડીબેન સાથે લગ્ન થયાં. એક પુત્ર થયો તેમનું નામ ચરણદાસ. તેજાનંદ સ્વામી જાણે પૂર્વ સંન્યાસી હોય તેમ સંસારના બંધનો તેમને બાંધી શકયા નહીં. ઝીંઝુવાડાથી થોડેક દૂર આવેલ ઝીલાદણ બેટ. ઝીલકા તીર્થે કાયમી સન્યાસી સાધક તરીકે રહેવા લાગ્યા.

સ્વામી તેજાનંદ મહારાજ એક વખત સરસ્વતી નદીમાં સ્નાન કરવા સિધ્ધપુર ગયા. આ પવિત્ર નદીમાં તમારા જેવા અછૂત સાધુને સ્નાન કરવાનો અધિકાર નથી, તમારા જેવા અછૂતોને જનોઈ ગ્રહણ કરવાનો પણ અધિકાર નથી તેવું કહી ત્યાંના સૂબાએ રોકયા.

આ સાધક સિધ્ધ સાધુએ સૂતરના તાંતણાની જનોઈનો આકાશમાં ઘા કર્યો, શરીરમાંથી આંતરડાં કાઢી જનોઈ બનાવી. મા સરસ્વતીના ખળખળ નીર તેમના ચરણો પખાળવા લાગ્યાં, આકાશમાંથી ભયંકર ગેબી અવાજ સંભળાયો. સૌ અવાચક થઈ ગયા. સૂબો, આ સાધુના ચરણો માં પડી ક્ષમા માગવાં લાગ્યો. આ છે તાકાત સૌરાષ્ટ્રના સંતોની.!

ત્યાંથી ફરતા ફરતા સ્વામી તેજાનંદ મહારાજ રાજસ્થાનના જયપુર નગરમાં ગયા. ત્યાનાં રાજાએ ગુજરાતના સંતોનાં પારખા લેવા બળદ વગરનું ગાડું ચલાવવા કહ્યું. સ્વામી એ ગંગાજળ હાથમાં લઈ મંત્ર દ્વારા 'બેલ વગરની વેલ ચલી' જોધપુર નરેશ બાપુના ચરણોમાં નમી પડયા. : પોતાની ભૂલ ક્ષમ્ય ગણી, ક્ષમા આપો મહારાજ.!

જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે. તેવું માનનાર આ સંતશ્રીએ સંવત ૧૫૧૭માં ભાદરવા વદી-૧૪ ને ગુરૂવારના રોજ તમામ સેવકો બોલાવી જીવંત સમાધિ ઝીલાદણ બેટમાં લીધી.

હાલ આ સમાધિ સ્થળે એક ભવ્ય મંદિરનું નિર્માણ થઈ રહેલ છે. સમગ્ર ગુજરાતના ગરો બ્રાહ્મણના આ ગુરૂ-સંતનાં દર્શન કરવા એ પણ એક જીવતરનો લહાવો છે.

## ષષ્ટપ્રજ્ઞા સ્વામી : સ્થાપક વડવાળા મંદિર દૂધરેજ

ઝીંઝુવાડા નગર એટલે સંતો-મહંતો જૈનાચાર્યની જન્મભૂમિ, કર્મભૂમિ, તપોભૂમિના અનેક સંતોની અમર ગાથા તેના ખોળે ધરબાયેલા છે. આવા એક મહાન તપસ્વી સિધ્ધ સંત એટલે સ્વામી ષષ્ટપ્રજ્ઞ મહારાજ !

પિતા યોગરાજ ને માતા ગંગાદેવીના સંતપુત્ર સામંતસિંહનો જન્મ ઝીંઝુવાડા નગરમાં રાજવી પરિવારમાં વિક્રમ સવંત ૧૬૬૮ ના રોજ થયો હતો. યોગરાજસિંહ ઝાલા-મકવાણા અટકના છે. તેમના બે પૂત્રો સામંતસિંહ અને અમરસિંહ શિકાર કરવા ઝીલાદ બેટમાં જાય છે. હરણનો શિકાર કરે છે અને યાદવસ્વામી તે હરણને જીવિત કરે છે. ત્યારથી બન્ને ભાઈનું હૃદયપરિવર્તન થાય છે. યાદવ સ્વામી પાસે દીક્ષી લે છે. સામંતસિંહનું નામ ષષ્ટપ્રજ્ઞ સ્વામી અને અમરસિંહનું નામ અમરપ્રસાદ ગુરૂ આપે છે. બન્ને સ્વામીઓ યાત્રાએ નીકળે છે.

ષષ્ટપ્રજ્ઞ મહારાજ પરમ રામભક્ત હતા. રામનવમીના દિવસે ભગવાન શ્રીરામ સ્વપ્નમાં સ્વરૂપનું દર્શન કરાવે છે. તેમના ભાલમાં ઊર્ધ્વપુંડ તિલક ને કંઠમાં તુલસીની માળા પહેરાવી કપાળમાં જાનકીની બિંદી કરી અંતર્ધ્યાન થયા. ભગવાનશ્રી રામનો સાક્ષાત્કાર થયો. તેમના સદ્‌ગુરૂ યાદવ સ્વામી (જે હાલ સમાધિ ઝીંઝુવાડા ગામે આવેલ છે.) ના આદેશ પ્રમાણે દુધરેજ ગયા. ત્યાં સુંદર આશ્રમની સ્થાપના કરી. ગોવાળિયા (રબારી) સેવક-ભક્ત બન્યા. ષષ્ટપ્રજ્ઞ મહારાજ ૧૧૮ વર્ષની ઉંમરે સં. ૧૭૮૬ માં નિર્માણ પામ્યા.

## આઈશ્રી રાજરાજેશ્વરી માતાનું મંદિર-ઝીંઝુવાડા

રાજ કે ને રિહવી, ઉદાની અસુરે;

સૂમરા કાઢયા સુમળા, મુળા ખેત મલેચ્છ.



સમગ્ર ભારતમાં એકમાત્ર એવુ મંદિર છે કે મુસ્લિમના મકરબામાં માતાનું સ્થાપન થયેલ છે. જેનું મુખ પશ્ચિમ દિશામાં છે. ઝાલાવાડ પ્રદેશના હાલના હળવદ તાલુકાના ચરાડવા ગામના ઉદાચારણની દીકરી રાજલ એટલે સાક્ષાત મા જગદંબાનો અવતાર. જેનું મૂળ સ્થાન આજે પણ ચરાડવા ગામે આવેલ છે.

ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ હિન્દુ દેવ, દેવીઓના મુખ પૂર્વ દિશાએ આવેલા હોય છે. મા રાજલનું મુખ્ય પશ્ચિમ દિશામાં છે. તેનો

ઈતિહાસ એક હજાર પાનાનો છે.

ટૂંકમાં પાટડી ઝાલાવંશના રાજવી વનવીરસિંહને માતા એ સપનામાં ઝીંઝુવાડા નગરની રાજગાદી કબજે કરવાનું કહ્યું. સાથે માતા રહયા. મુસ્લિમ રાજનો અંત અને ઝાલા વનવીરસિંહનો વિજય થયો.

ઈ.સ. ૧૪૦૮ સં. ૧૪૬૪ના વૈશાખ વદ આઠમ ને બુધવાર તેમનો રાજયાભિષેક થયો. આઈ રાજલની કૃપાથી આજ દિન સુધી આ નગરમાં ઝાલા પરિવાર-વંશ વૃધ્ધિ પામતો રહયો. આજે તો અમેરિકા સુધી ઝાલા રાજવી પરિવાર પ્રસ્થાપિત થયેલ છે.

માતા ના સેવક-ભક્તો એટલે કલકત્તા, મુંબઈ, વડોદરા, અમદાવાદના અનેક શ્રધ્ધાળુઓ પોતાની કુળદેવીના પાળે બાધા-મૂવાળા માટે આવે છે.

વિશાળ ભવ્ય મંદિર, મોટો ચોક, સુંદર ધર્મશાળા અને ભોજનાલયની અતિ સુંદર વ્યવસ્થાને સમગ્ર ગુજરાતમાં યાત્રાધામ તરીકે વિકસિત આ મંદિર છે.





ઝીંઝુવાડા હેરીટેઝ





# થાન - ચોટીલા તાલુકો

## ચોટીલા તાલુકાની પરિક્રમા

પાંચાળ એટલે... पंच्च + आलय = पंचालय् ।

પાંચ જણાને રહેવાનું સ્થળ તે પંચાલય અને પંચાલય ઉપરથી પાંચાળ નામ ઉદ્ભવેલું છે. જેનો કંડુલ પુરાણના અધ્યાય પહેલામાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. પુરાણા અને અન્ય આધાર પરથી પાંચાળ પ્રદેશ વિશે માહિતિ મળી આવે છે. પાંચ સંજ્ઞાઓથી બનેલા આ પાંચાળપ્રદેશ કણ્વ, ગાલવ, ઔતિથ્ય, આંગીરસ, અને બૃહસ્પતિ એમ પાંચ મહર્ષિઓનો વાસ હતો અને તેથી જ આ પ્રદેશનું નામ પાંચાળ પડયું છે.

સાથે સાથે પાંચાળ વિશે કેટલાક મત છે જે આ પ્રમાણે છે.

- ભગવાન શિવનું એક ઉપનામ પંચાળ છે. તે ઉપરથી પણ આ વિસ્તારને પંચાળ એવું નામ અપાયું હોય.

- અમુક વિદ્વાનોનાં મતે પંચાળ શબ્દ રાજસ્થાનમાં છઠ્ઠી સદીમાં સ્થપાયેલાં પ્રતિહારા વંશના શાસકોએ આઠમી સદી આસપાસ સૌરાષ્ટ્રમાં સત્તા મેળવી અને તે પ્રતિહારો ઉપરથી પાંચાળ નામ પડયુ છે. પાંચાળનો વિસ્તાર અહીંથી છેક બાબરા-કરિયાણા સુધીનો ઓળખાતો હતો એવો પણ એક મત છે.

કેવો છે આ પાંચાળ દેશ ?

**કંકુવરણી ભોમકા, સરવો સાલેમાળ;**

**નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ. (૧)**

(એ પાંચાળની જમીન રાતી છે, સુંદર સાલેમાળ ડુંગર છે, અને એ દેવભૂમિમાં શૂરવીર પુરૂષો નીપજે છે.)

**ગૂઢે વસ્તરે ગોરિયાં, પગપિંડીનો તાલ;**

**પનઘટ ઉપર પરવરે, પડ જોવો પાંચાળ. (૨)**

(પાંચાળની સ્ત્રીઓમાં વિશેષ કરીને કાઠિયાણીઓ અને ચારણિયાણીઓ હોવાથી એમનો પહેરવેશ કાળા રંગનો છે, દેહનો વર્ણ ગોરો છે. એ રમણીઓ લચકાતે પગે નદીને તીરે પાણી ભરે છે.)

**ઓદરથી ઉરે સરસ, નાક નેણનો તાલ;**

**ચાર હાથનો ચોટલો, પડ જોવો પાંચાળ. (૩)**

(જેવા રૂપાળાં એ ગોરીઓનાં ઉદર, તેથી વધુ રૂપાળી એની છાતી છે. તેથીય વધુ રળિયામણાં એનાં નાક અને નેણ છે. માથે લાંબા ચોટલા છે.)

**નરનારી બન્ને ભલાં, કદી ન આંગણ કાળ,**

**આવેલને આદર કરે, પડ જોવો પાંચાળ. (૪)**

જે પ્રદેશના પુરૂષો અને સ્ત્રીઓ બન્ને ભલા છે તેથી એમના આંગણામાં કાળ (ગુસ્સો) પ્રવેશતો નથી. ખાસ કરીને આ વિસ્તારમાં દુષ્કાળ પડતો નથી એ પણ અર્થ થાય, વળી આવા ભલા માણસો આંગણે આવેલાનો આદર કરે એવો અમારો આ પાંચાળ પ્રદેશ છે.)

**આછાં પાણી વીરડે, ધરતી લાંપડિયાળ,**

**સર ભર્યાં સારસ લવે, પડ જોવો પાંચાળ. (૫)**

(જેની ધરતી લાંપડ (કાંટાવાલા) ઊંચાઘાસથી ઢંકાયેલી છે, જેની નદીઓના પટમાં વીરડા ગાળીને લોકો તેલ જેવાં નિર્મળ પાણી પીએ છે, જેનાં ભરપૂર સરોવરડાંમાં સારસ પક્ષીઓ કિલ્લોલ કરતાં હોય છે, એવી એ દેવભૂમિ પાંચાળ છે.)

**નદી ખળકે નિઝરણાં, મલપતાં પીએ માલ;**

**ગાળે કસુંબા ગોવાળિયા, પડ જોવો પાંચાળ. (૬)**

(જ્યાં નદીઓ અને ઝરણાંઓ ખળખળ વહી રહેલ છે, જ્યાં માલધારીના માલ (ગાયભેંસો) ભરપૂર પાણીમાં મલપતાં મલપતાં નીર પીએ છે, જ્યાં ગોવાળ લોકો અફીણના કસુંબા ગાળીને ગટગટાવે છે, એવો એ પાંચાળ દેશ છે.)

**ઠાંગો માંડવ ઠીક છે, કદી ન આંગણ કાળ;**

**ચારપગાં ચરતાં ફરે, પડ જુઓ પાંચાળ. (૭)**

(જ્યાં ઠાંગો અને માંડવ જેવા ડુંગરા છે. દુષ્કાળ કદી પડતો નથી, ચોપગાં જાનવરો ફરે છે એવો એ પાંચાળ દેશ છે.)

**તાતા તોરિંગ મૃગકૂદણા, લીલા પીળા લાલ;**

**એવા વછેરા ઊછરે, પડ જુવો પાંચાળ. (૮)**

(જ્યાં હરણ જેવી ફાળ ભરનારા પાણીદાર, રંગરંગના ઘોડા નીરજે છે. એવો એ પાંચાળ દેશ છે.)

**કૂકડકંધા મૃગકૂદાણા, શત્રુને હૈયે સાલ;**

**નવરંગ તોરીંગ નીપજે, પડ જોવો પાંચાળ. (૯)**

(જ્યાં કૂકડાના જેવી ઊભી ગરદનવાલા અને દુશ્મનોના હૃદયમાં શલ્ય સમ ખટકનારા નવરંગી ઘોડા નીપજે છે, એવો એ પાંચાળ દેશ છે.)

**કળ કોળી ફલ લીંબોળી, વનસપતિ હરમાળ;**

**(પણ)નર પટાધર નીપજે, ભોંય દેવકો પાંચાળ. (૧૦)**

(કુળમાં જુઓ તો ઘણુંખરું કોળીના કુળ વસે છે. (કોળીની સંખ્યા ઘણી છે.) ફળમાં લીંબોળી બહુ થાય છે, અને વનસ્પતિમાં હરમાળ વધુ નીપજે છે. એમ છતાં ત્યાં મનુષ્યોમાં તો વીર પુરુષો પાકે છે, એવી એ દેવભુમિ પાંચાળ છે.)

**ખડ, પાણી ને ખાખરા, પાણાનો નહી પાર;**

**વગર દિ એ વારૂ કરે, એ પંથક પાંચાળ. (૧૧)**

(જે વિસ્તારમાં ખડ (ઘાસ), ખાખરા (કેસુડો) નામના વૃક્ષો પણ બહું થાય છે, પાણી પણ પુષ્કળ છે વળી પાણા એટલે પથ્થરા ઠેર ઠેર પથરાયેલા જોવા મળે છે. (કોઈ પ્રકારના લાવારસના પથ્થર હોય તેવું લાગે છે.) વળી આ પંથકના માણસોની એવી ખાસિયત છે કે કોઈનો દિન હોય (સુખી સંપન્ન ન હોય) તોય વારૂ એટલે મદદનો હાથ લંબાવે છે. એવો આ મુલક પાંચાળ છે.)

**ધન ઘોડા, વડ અસવાર, પદમણી નાર;**

**અવળકંધા નર નીપજે એ પંથક પાંચાળ (૧૨)**

(જે વિસ્તારના ઘોડા વખણાય છે, વળી તેના પર સવાર થનારા એથીય વધુ બહાદુર છે, જે વિસ્તારની સ્ત્રીઓ પણ પદમણીનાર છે. વળી આ વિસ્તારના માણસો નોખો ચીલો ચાતરે એવા છે, પોતાનો રસ્તો અનોખો બનાવે છે. એવો આ પંથક પાંચાળ છે.)

**આવ્યાને આવકાર, વળી નૈનોમાં નેહ;**

**દૂધે વાળુ એ કરે, એ પંથક જુઓ પાંચાળ (૧૩)**

(અજાણ્યાનેય જ્યાં આંગણે આવકાર મળે છે. વળી આવકાર દેવી વેળાએ નયનોમાં સ્નેહ હોય છે. જે પંથકના માણસો વાળું (સાંજનું જમણ) દૂધે કરે છે. મતલબ કે જ્યાં પશુઓ પુષ્કળ છે, પશુઓ ત્યાં જ પુષ્કળ જોવા મળે જ્યાં ઘાસ બહુ મળે, ઘાસ ત્યાં જ મળે જ્યાં પાણી ઘણું હોય. આવા મુલકના માણસો દયાળું, માયાળું ન હોય તોજ નવાઈ ! એવો આ પંથક પાંચાળ છે.)

## થાન તાલુકામાં આવેલ ધાર્મિક સ્થળો

| | | | |
|---|---|---|---|
| ૧. | કાળેશ્વર મહાદેવ | : | મહાદેવનું મંદિર થાન ૦ કિ.મી. |
| ૨. | વાસુકી દાદાનું મંદિર | : | થાન આશરે ૦૧ કી.મી. |
| ૩. | ત્રિનેત્રેશ્વર મહાદેવ મંદિર | : | તરણેતર ૧૨ કી.મી. |
| ૪. | શ્રી બંડુક નાગદાદાનું મંદિર | : | થાન, માંડવવન ૧૧ કી.મી. |
| ૫. | શ્રી અનસૂયા દેવીનું મંદિર, આશ્રમ | : | થાન, અમરાપર ગામ તરફ ૨.૫ કી.મી. |
| ૬. | અસ્તળની જગ્યા (મેપા ભગત) | : | થાન, રેલ્વે સ્ટેશન ફાટક સામે ૦૧ કી.મી. |
| ૭. | મુનિબાવા મંદિર | : | થાન (જામવાળી તરફ) ૭-૮ કી.મી. |
| ૮. | જોગાશ્રમ | : | થાન, તરણેતર રોડ તરફ ૦૧ કી.મી. |
| ૯. | ખોડીયાર માતાનું મંદિર | : | થાન, વાંકાનેર માર્ગ તરફ ૧.૫ કી.મી. |
| ૧૦. | આંબલીવાળા પીરદાવલશાની દરગાહ | : | થાન, હાઈસ્કુલના તરફ ૦૧ કી.મી. |
| ૧૧. | ગેબીનાથની જગ્યા | : | થાન, સોનગઢ માર્ગે ૨.૫ કી.મી. |
| ૧૨. | શ્રી જૂના સૂરજદેવળ મંદિર | : | થાન સોનગઢ ગામ ૨.૫ કી.મી. |
| ૧૩. | નવા સૂરજદેવળનું મંદિર | : | સૂરજદેવળ ગામ આશરે ૮-૯ કી.મી. |
| ૧૪. | મેલડી માતાનું મંદિર | : | વગડીયા ૧૦ કિ.મી. |
| ૧૫. | અજરારમર જિનાલય | : | થાન |
| ૧૬. | અવલીયા ઠાકરની જગ્યા | : | થાન, ૧૫ કી.મી. |
| ૧૭. | સ્વામિનારાયણ મંદિર | : | થાન, વાંકાનેર માર્ગ તરફ ૧.૫ કી.મી. |
| ૧૮. | સાઈબાબા મંદિર | : | મેળાના મેદાન પાછળ ૦।। કી.મી. |
| ૧૯. | આશાપુરા મંદિર | : | થાન, વાંકાનેર માર્ગ તરફ ૧.૫ કી.મી. |
| ૨૦. | પાપનાશક કૂંડ | : | કાનપર માર્ગ તરફ ૨.૫ કી.મી. |
| ૨૧. | અન્નપૂર્ણા મંદિર | : | કપુરવાવ ગામ ૧ કી.મી. |
| ૨૨. | ચાંદરેલિયાદાદાનું મંદિર | : | ચાંદરેલિયા (ચંદ્રાસણ) ૫-૬ કી.મી. |
| ૨૩. | મેલડી માતાનું મંદિર | : | ફુલવાડી, થાન ૧ કી.મી. |

# કુદરતી રીતે ટપકતી જલધારા : ઝરિયા મહાદેવ

મારૂ નામ અલ્પાબેન એન. રાણપુરા છે. હું ધોરણ આઠમાં અભ્યાસ કરૂ છું. ગઈ કાલે હું મારા મામા સાથે થાન-ચોટીલા તાલુકા વચ્ચે આવેલા **ઝરિયા મહાદેવનાં** સ્થળે ગઈ હતી. તો તેનો **અહેવાલ** આ સૌ વિદ્યાર્થી ભાઈ-બેહનો સાંભળો.

ગુજરાતનો એક ભાગ સૌરાષ્ટ્ર, એમાંય પવિત્ર પાંચાળ ભૂમિ આવેલી છે. આ ડુંગરાળ પ્રદેશ છે તેમાંય માંડવની વિશિષ્ટતા ન્યારી છે. પવિત્ર પાંચાળ ભૂમિ પ્રાચિન કાળથી આગવુ મહત્વ ધરાવે છે. આ માંડવમાં રમણીય સ્થળ ઝરિયા મહાદેવ ચોટીલાથી આશરે બારેક કીલોમીટર દૂર થાય-ચોટીલાના મુખ્ય રોડ પરથી વળાંક લેતા રસ્તા પર આવેલું છે. અષાઢ-શ્રાવણની પવિત્ર ઝરમરો ધરતીને સીંચતી હોય. વળાંકોમાં સર્પાકારે ચાલતો જતો રસ્તો યાત્રિકોને વાનર જમ્મની યાદ દેવરાવે છે. વરસાદી વાતાવરણનો માહોલ હોય અને પ્રકૃતિએ જાણ ધરતીને હરિયાળી ચાદર બીછાવી દીધી હોય તેવુ બે ઉંચી ઉંચી ધારની ખીણમાં આ સ્થાન આવેલું છે. તે અદભૂત છે.

ઝરિયા મહાદેવની આ સોહામણી જગ્યા છે ભગવાન શિવ અરણ્યવાસી છે તેની સતત પ્રતિતિ કરાવે છે. આ જગ્યામાં પથ્થરમાંથી કદરત રીતે સતત મીઠું જળ ટપકયા કરે છે. કેટલાયે દુકાળો એના પરથીવિતિને ચાલ્યા ગયા પણ પાણી ટપકયા કરે છે. એતો જાણે શિવલીંગ ઉપર નિર્મળ જળની ધારા અવિરત વહેતી રહીને અભિષેક આપ્યા કરે છે.

ઘણાં વૈજ્ઞાનિક સંશોધન થયા તેવા અનુમાનની વાતો સાંભળવા મળતી હોય છે. પણ પથ્થરમાંથી ટપકતાં મીઠા નિર્મળ પવિત્ર જળના ભેદને હજી સુધી કોઈ ઉકેલી શકયું નથી. કુદરતની અકળ ગતિ ન્યારી છે, એના ઊંડાણને એ ગંગધારાને કોણ પામી શકે, સમજી શકે.



આ મંદિરની આગળ નાનો કુંડ છે. શિવલીંગ ઉપર ટપકતું પાણી કૂંડમાં ભરાય છે. શ્રધ્ધાળું માનવી શિવની પૂજા અર્ચના કરતા ૐ નમઃ શિવાય બોલી બીલીપત્ર, ફળ ફૂલ અર્પણ કરીને નમન કરે છે. દેવાધીદેવ ભોળાનાથ દુ:ખોના નાશ કરનારા છે. તેના શ્રધ્ધાળું ભક્તો દર્શન કરીને પોતાની મનોકામના

પૂર્ણ કરે છે.

સુંદર વન, વૃક્ષ-વેલાઓ, ફૂલ, પાણા અને ઝાડીઝાખરાની નૈસર્ગિક જગ્યામાં જૂનું ઝરિયા મહાદેવ મંદિર આવેલું છે. અહીં પથ્થરમાંથી કુદરતી રીતે પાણી ટપકયા કરે છે. દુકાળના ત્રણ ત્રણ વરહ વયા ગયા તોય ટપકધારા અટકી ન હતી. સૌ તે શિવધારાનું અમૃત લઈ ધન્યતાનો અનુભવ થાય કરે છે. સ્થળ નાનકડું છે, પણ ઘણું જ સુંદર છે. વળી આ સ્થળની ઉપરની ટોચે ચડીએ તો કાશ્મીરની વનરાજી જેવું દૃશ્ય જોવા મળે છે. પાછળ બે મોટા ખડકો-ડુંગરાઓ જાણે સાદ પાડી બોલાવતા હોય તેમ ઊભા છે. ઉપરથી નીચેનું દ્રશ્ય સુંદર દેદીપ્યમાન લાગે છે. ચોમાસામાં હરિયાળી, તો ફાગણમાં કેસૂડો. પ્રકૃતિ આ સ્થળને સતત નવાજયા કરે છે. જાણે પ્રકૃતિનું માનીતું સ્થળ ન હોય. યાત્રિકો માટે આ મનભાવન પવિત્ર સ્થળ છે. એક સાથે ઘણાં માણસો વૃક્ષોની શીતળ છાયામાં બિરાજી શકે એવી એટલી વિશાળતા છે. શ્રાવણમાસના દરેક સોમવારે અહીંયા ધર્મપ્રેમી ભક્તોની ભીડ બિરાજી શકે એવી એટલી વિશાળતા છે. શ્રાવણમાસના દરેક સોમવારે અહીંયા ધર્મપ્રેમી ભક્તોની ભીડ જામે છે. ને મેળો ભરાય છે. આ દિવસે સૌ દેવદર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવે છે. પાંચાળના ઘણાં મંદિરોમાં માનવતાની ભાવના અવિરત વહેતી રહે છે. પવિત્ર પાંચાળ ભૂમિ અસંખ્ય મંદિર ધર્મસ્થાન, સંત-શૂરા-ભક્તો-દાતાઓ કવિઓના ગૌરવગાથા સમાન પવિત્ર ભૂમિ ગણાય છે. ઝરિયા મહાદેવના દર્શનથી શ્રધ્ધાળુંઓ તૃપ્તિ પામીને ઈશ્વર અને કુદરતના સાનિધ્યની અનુભૂતિ કરે છે.





## મનપાંચમનો મેળો, એટલે તરણેતર

સાંજ ઢળેને ઘરમાં કોલાહલ વધી જાય, તે બધા જમી લે ત્યાં સુધી. બધા કંટાળી જાય ટપુસેનાથી. રાત પડે આજુ બાજુ સહુ ઢબી જાય, ત્યારે ટીવી ન હતું. શિયાળાની રાત હોય, ઘરના સૌ નાના મોટા કામ પરવારીને વાતો કરવા લાગી જાય. ટાઢ ફડાકા મારતી હોય, ચાદર બધી બાજુએથી વીંટાળી હોય જાણે કે ઝાડને સર્પ વીંટળાયો હોય. નાનું મોટું તાપણું કર્યુ હોય, ફરતાં બધાયે બેઠા હોય. અલકમલકની વાતો કરતાં કરતાં ક્યારેક ઈતિહાસ, ભૂગોળ, રાજા, રજવાડાની વાતો નીકળે. ક્યારેક તહેવારો પ્રસંગો ઉજવણીની કથા હોય. વાતુનો પવન જે બાજુનો હોય તે દિશામાં વાત થાય. ક્યારેક બાળગોપાળની જીદ પણ અસર કતી. એકરાતની વાત છે. ટપૂસેના દાદાને વીંટળાઈને જીદે ચડી. કહે દાદા કોઈ મેળાની વાત કરોને.

દાદાએ વાત માંડી.............

**વ્હાલપના ભરેલા વેણ, સૌની લે 'ધ્રુવ' સંભાળ**

**દુ:ખે ભેળાં માનવા, દેવકો પડ જોવો પાંચાળ.**

સૌરાષ્ટ્રના ત્રણ મેળા પ્રખ્યાત છે, જેમાં (૧) સાધુસંતને ભક્તજનોનો મેળો એટલે ભવનાથનો મેળો જુનાગઢ. કે જ્યાં દર મહાશિવરાત્રીએ મેળો ભરાય છે. જે અલખની આરાધનાનો મેળો છે. (૨) માધવપૂરનો મેળો - પ્રેમલક્ષણા ભક્તિકિર્તનનો મેળો છે. (૩) તરણેતરનો મેળો - જુવાનડાઓનો મેળો છે, પ્રેમનો મેળો છે. જ્યાં હૈયેહૈયાની ઓળખાણ થાય છે. વાતુ મંડાય છે, ને નક્કી થાય છે. મેળો એટલે મેળામાં માણાહ મેળે મેળે ભેગું થાય, મેળે મેળે મળે અને મેળે મેળે છૂટું પડે એટલે મેળો અને આ તો પાછો મનપાંચમનો મેળો...



સુરેન્દ્રનગરજિલ્લાના થાનગઢ તાલુકાના અને થાનથી ૧૨કી.મી. દૂર તરણેતર ગામ આવેલું છે. ગામના પાદરમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર છે. તરણેતર એ ત્રિનેત્રેશ્વર પરથી અપભ્રંશ થયેલું હોય એમ લાગે છે.

આ વિસ્તાર પ્રાચીન કાળથી પાંચાળ પ્રદેશ તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રનો પાંચાળ પ્રદેશ એટલે બનારસ અને હરદ્વાર ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરની સ્થાપના અંગે ઘણી દંતકથાઓ પ્રચલિત છે. એક કથા



મુજબ તેના મૂળ મહાભારતકાળમાં જાય છે. દ્રુપદરાજાની નગરી પાંચાળમાં હતી તેવું માનવામાં આવે છે. દ્રૌપદીનું બીજું નામ પાંચાળી પણ હતું. તેનો સ્વયંવર ત્રિનેત્રેશ્વર મહાદેવના સાંન્નિધ્યમાં થયો હોવાની લોકવાયકા છે.

બીજી કથા એવી છે કે કણ્વઋષિએ અને બ્રહ્માએ અહીં મહાદેવની પૂજા કરી હતી. બીજી લોકવાયકા મુજબ અયોધ્યાના સૂર્યવંશી રાજા યુવનાશ્વ નિઃસંતાન હોવાથી તેણે ગુરૂ વશિષ્ઠના સૂચનથી યજ્ઞ કર્યો હતો તેનાથી જે પુત્ર જન્મયો તે માંધાતા. માંધાતાએ તરણેતરનું મંદિર બાંધ્યું હતું. આમેય આ મંદિર ૧૦મી સદીનું હોવાની શક્યતા છે. પ્રાચીન મંદિરના જીર્ણોદ્ધાર લખતરના રાજવી કરણસિંહજીએ ઈ.સ. ૧૯૦૨ની સાલમાં કરાવ્યો હતો.

ભાદરવા સુદ ૪-૫-૬ના ત્રણ દિવસોમાં અહીં મેળો ભરાય છે. એમાં મોટો મહિમાં ઋષિપાંચમનો છે. આ દિવસે વહેલી સવારે મંદિર ઉપર વર્ષોથી પાળીયાદમંદિરની બાવન ગજની ધજા ચડે છે. મંદિરના પટાંગણમાં આવેલા કુંડમાં ગંગાજી પ્રગટે છે. ને કુંડમાં નહાવા માટે ભાવિકોની ભીડ ઉભરાય છે. આ મેળામાં દેશ-વિદેશના પ્રવાસીઓ પણ આવે છે.

એવું છે આ અમારું તરણેતર,

ભેગા મળે, શેઠ ને વાણોતર,

તરબોળ હૈયાં, હરિરસ કે પરણેતર,

આનંદ સઘળે શું પાદર કે ખેતર.

એવું છે આ અમારું તરણેતર...(ધ્રુવ)



આ મેળાનું ખાસ આકર્ષણ ભરતગુંથણ કરેલી છત્રીઓ છે. આ છત્રીમાં ધણી-ધણીયાણી આખું વર્ષ ભેગા બેસીને ભરતકામ કરે છે. તેમાં વિવિધ ડિઝાઈનો કરે છે. રંગરંગના રૂમાલ બાંધે છે, ઉપર મોર પણ રાખે છે.

મંદિરની પાસે લોકગીતો, ઢોલના સથવારે હુડો રાસ અને પાવાના સૂરે રમઝટ બોલાતી હોય. બીજી બાજુ રાત્રે મંદિરના પાછળના ભાગમાં રાવટીઓમાં

અલખને આરાધતા આરાધકો ભકતજનોને હરિરસમાં તરબોળ કરી દે છે. ત્રણ દિવસના આ મનપાંચમના મેળામાં ગામે-ગામની આશરે અઢીસો કરતા પણ વધારે રાવટીઓ હોય છે. રાવટીમાં આવનારાને આવકારો, રહેવા માટે ઉતારો, પ્રસાદરૂપે બત્રીસજાતનું ભોજન હોય છે. "લેને કું હરિનામ, દેને કું અન્નદાન" તેમ વેદનું સૂત્ર સાચુ થતું જણાય છે.

મેળામાં ડાયરો, બનેવી બજાર અને જુદી જુદી હરિફાઈ જેવીકે અશ્વદોડ, બળદગાડા દોડ, લાડુ સ્પર્ધા, પાવાના સૂર રેલાવવાની સ્પર્ધા, રાસ, હુડો રાસ, દુહા કે છંદની હરિફાઈ, ગ્રામીણ ઓલમ્પિક મેળાની મોજને જકડી રાખે છે.

તરણેતરનો આ મેળો ભક્તિ, શ્રધ્ધા અને સ્નેહનો અનોખો સંગમ થઈ આબાલ વૃદ્ધ સૌને વરસો વરસ સાદ પાડી પાડીને બોલાવે છે.

**એ...હાલો તરણેતરને મેળે,**

**મેળામાં જાવાની જુગતી...**



## પ્રકૃતિનું સૌંદર્ય, માંડવવન

પ્રાર્થનામાં પૂછયું : માંડવવન કેટલાંએ જોયું છે ?

કેટલાકે આંગળી ઉંચી કરી, કેટલાંકના ચહેરા પર આશ્ચર્ય હતું. થોડાંક એકબીજાના ચહેરા ખંજવાળી રહયા.

પણ બધાનો એક સૂર હતો, સાહેબ અમને ત્યાં જોવાં લઈ જાવ.

પણ...થોડુંક દૂર છે. ચાલી શકશો ?

જે હોય તે, અમે તો જવાના...જવાના...ને જવાના. બાળસંસદે ઠરાવ એકીમતે પસાર કરી દીધો.

સ્ટાફ મિટિંગમાં બાળસંસદનો પડઘો પડયો, થયું કે ચાલો આપણેય જોઈ લઈએ.

એક દિવસ નક્કી થયો ને અમે સૌ ઉપડયા.

પાંચાળની ધરતી સૌરાષ્ટ્રનું કાશી. પાંચાળની રમ્ય ધરતી ઉપર પ્રકૃતિએ જેને હેતભરીને શણગારિયું છે એવું માંડવવન આપણને સાદ દઈ રહયું છે. પાંચાળ પ્રદેશના પર્વતાળ વિસ્તારથી સાવ ભિન્ન એવું આ વનસૌન્દર્ય કુદરતના નિર્મળ સ્વરૂપને પ્રગટ કરે છે.

સિમરન : હે સાહેબ, આ વિસ્તાર ખરેખર ક્યાં આવેલ છે ? ત્યાં શું શું છે ?

રસિકભાઈ : આ વિસ્તાર પ્રસિદ્ધ ચોટીલા અને થાનગઢના વચ્ચેના વિસ્તારમાં આવેલો છે. ચોટીલા અને થાન બંન્ને તરફથી આશરે ૧૧ કિ.મી. ના અંતરે છે. ત્યાં માંડવ પ્રાકૃતિક વન વિભાગનો પોઈન્ટ છે. 'પ્રકૃતિ શિક્ષણ' જેવી વનશિબિરો પણ થાય છે. આ વન ૧૭૪૫ હેકટર વિસ્તારમાં ફેલાયેલું છે.

હિમાલય : આપણે થાનથી જવું હોય તો કેમ જવાય ?



અમૃતલાલ સાહેબ : થાન બહાર ખોડિયાર મંદિર અને રૂપાવટી ગામની બહાર થઈને આ વન તરફ જવાનો રસ્તો નીકળે છે.

દિવ્યા : માંડવ વન વિશે થોડી વધુ જાણકારી આપો ને ?

દીપ્તીબેન : અહીં માંડુ ઋષિનો આશ્રમ હોવાની લોકવાયકા છે. આ ગીચ વન પ્રદેશની વચમાં ભગવાન શિવ અને

વાસૂકી તથા બાંડૂકા નામે રહેલાં નાગબંધુઓની સ્મૃતિ કરાવતું મંદિર સંકૂલ શ્રધ્ધાથી મનને છલકાવી દે છે. અહીંનું શાંત અને પવિત્ર વાતાવરણ સૌના ચિત્તને શાંત કરી દે છે.

ચોમાસાના આગમન સાથે જ એનાં વૃક્ષો અને ઝરણાં તથા વિશાળ ઘાસ વિસ્તારો અને જીવસૃષ્ટિ જીવંત બની મહેંકી ઊઠે છે. શ્રાવણમાસના સરવડા ઝીલતી ચોમેરની ધરતી લીલી ઓઢણીએ મલકી રહી છે. ઠેકઠેકાણે ધેનુઓનાં ધણ, કંઠે ગૂંજતી ટોકરીઓ, ને પગમાં રૂમઝુમતા ઝાંઝરે ડુંગરાને ગજવે છે.

સચીન કહે : મારા દાદા એમ કે'તાતા કે, સતાધાર આપા ગીગાભગતના ગુરૂ આપા દાનાભગતને આ માંડવવન ખૂબ ગમતું. તેની વાત કરો ને.................

દિનેશભાઈએ જૂની વાતો જાણકાર કહીં જાણે. એમ કહી રવિસાહેબ તરફ આંગળી ચીંધી

રવિસાહેબ ખોંખારો ખાધો ને વાત ચાલું કરી. : ચલાળે ગામથી આપા દાનાભગત દર વરસ જેઠ મહિનાથી ભાદરવા સુધી પાંચાળમાં મુકામ કરતા. થાનનાં દેવળો પર ચઢાવવાની ધજાઓ એક પોઠિયા ઉપર લાદીને આપા દાનાભગત પોતાનાં સાધુઓ સાથે આવા એક સમયે પાંચાળ જાય છે. વનરાઈમાં ઝાંઝ પખાજ અને કરતાલોના નાદ સાથે હરિભજન ગવાતાં આવે છે. પાળિયાદના ભગત આપા વિસામણને આપા દાના કહે છે. "બાપ વિસામણ આંઈ માંડવમાં મારું દલ (દિલ) બહું ઠરે છે, નાનપણમાં હું આંઈ કામધેનુઓ (ગાય) ચારતો, એ સમો આજ સાંભરી આવે છે. ફરીવાર ઠાકર બાળપણ આપે બધુંય જ્ઞાન ભૂલી જવાય, જગત મને માનતુ મટી જાય, એય ને હું સદાકાળ આંઈ ગાવડિયું જ ચાર્યા કરું. માતાજીયુંને પસારયા જ કરું. ઈ તો મને મુગતી થકીયે મીઠેરું લાગે છે." આવું માંડવવન સૌના મન હરી લે છે.

આરતી કહે : સર, આ ચારેય બાજુ વૃક્ષો સરસ ઉગ્યા છે ! આ ઘાસ જુઓ, સર, સર પેલો શેળો જાય.

કમલેશ કહે : સાહેબ, અહીં ક્યાં-ક્યાં વૃક્ષો થાય, કેવા કેવા પક્ષીઓ પ્રાણીઓ જોવાં મળે એતો કહો.

અમને અમારા સર કેવા ના જ હતા, પણ વચ્ચે તમે બેયે મગમાં ધોકો માર્યો. નહીને સર...તૃપ્તિએ ટાપશી પૂરી.

મુસ્કાન કે, સરને બોલવા તો દયો.

લ્યો, સાહેબ બોલો. બધા એકીટશે સાંભળવાનો અભિનય કરવાં લાગ્યા.

હાર્દિકભાઈ : કહે સાંભળો. : માંડવ વનમાં મુખ્યત્વે વૃક્ષોમાં ગોરડ, હરમો, ગુગળ, ધાવડો, જાંબુ, રાયણ, ટીમરું, સાદડ, ખાટી આમલી, પીલી, વિકળો, ગંગેટી, ચણી બોર, આસીત્રા જેવા અનેક ઔષધ તરીકે ઉપયોગ ધરાવતા નાના મોટા વૃક્ષો થાય છે. સાથે શણિયાર, રાતક, ઝીંકવા અને લાપડું જાતનું ઘાસ

બહું જોવા મળે છે.

આ વિસ્તારમાં વિવિધ જાતના પ્રાણીઓ જેવાં કે, નીલગાય, વરૂ, ઝરખ, શિયાળ, શેળા, ચંદન ઘો, શેઢાળી જેવા જોવાં મળેતો ક્યારેક દીપડો પણ આંટો મારી જાય છે.

પક્ષીઓમાં ૬૦ જાતના પક્ષીઓ ઉપરાંત ૧૧૦ જાતના યાયાવરપક્ષી ઓગસ્ટથી જાન્યુઆરીમાં જોવા મળે છે.

કુદરતી રીતે ચોરસ આકારમાં કપાયેલા મોટા મોટા પથ્થર કુદરતી બેનમુન ગોઠવણી જેવા જણાય છે. આ વિસ્તાર ચોમાસા અને શિયાળા દરમિયાન ખાસ જોવાલાયક છે.

માંડવના ડુંગરા કવિતા બનીને કવિઓને સાદ પાડે છે. ભજનિકોને નાદ સુણાવે છે. દુહા-છંદની મોજ બની સાદ પૂરાવે છે કે...

**'માંડવવન નહીં દેખા તો પાંચાળ મેં કુછ નહીં દેખા.'**

**ચાલો...કુછ પલ તો ગુજારે માંડવ વનમે.**









માંડવ વન (બાંડિયાબેલી)

## ગોફણ તો ગેબીનાથની

વિદ્યાર્થી : હે બેન, આ ગોફણ એટલે શું ?

શિલાબેન : ગોફણ એટલે લાકડાના નાના કટકા સાથે રબરના ટુકડાને જોડી દૂર સુધી ઘા કરવાનું એક જાતે બનાવેલું સાધન. જો પાકો નિશાને બાજ હોય તો ઘા ઠેકાણે જ પાડે.

વિદ્યાર્થી : હે બેન, તમે પેલી દુહા જેવી સાખી બોલતા હો છો તેમાંય આ શબ્દ આવે છે. પણ ગેબી એટલે શું ? તે સમજાવોને. એય શું પાકા નિશાનેબાજ હતા.

શિલાબેન : ના ના એવું નથી. અહીં ભાષાની રીતે વાત કરી છે. તેઓ મોટા સાધુ હતા. મહાન ત્યાગી, તપસ્વી, જીવનમાં એમણે જેના માથે હાથ મૂક્યા એ મહાન થયા. એટલે એ અર્થમાં એમનો કોઈપણ ઘા કાચો પડયો નહી.

વિદ્યાર્થી : હે બેન, એ ગેબીનાથ વિશે વાત કરોને. એ ક્યાંના હતા ? કોણ હતા ?

શિલાબેન : સારૂ તો સાંભળો.

**ગોફણ તો ગેબી તણી, જેને વાગી રૂદિયામાંય**
**ચારો દિશાએ દીપક જલે, પશ્ચિમ ધરાની માય.**

દેવભૂમિ પંચાળ થાનથી આશરે ત્રણેક કી.મી. ના અંતરે તરણેતરના રસ્તે ગેબીનાથના ભોયરૂ તરીકે ઓળખાતી જગ્યા આવે છે. બે સામાસામા ડુંગર છે. એક પર જુના સુરજદેવળ અને બીજા ડુંગર પર ગેબીનાથના બેસણા છે. અત્યારે તો ભોંયરૂ બંધ કરવામાં આવ્યું છે. પણ આ જગ્યા આજે પણ ગેબીનાથના ભોંયરા કે સ્થાનક તરીકે ઓળખાય છે.



પ્રાચીન ઈતિહાસમાં જણાવ્યા મુજબ કચ્છના ઓઢા-જામ અને હોથલ છુટા પડયા બાદ હોથલદે એ પોતાના ત્રણ પુત્રો જેસલજી, જખરોજી અને નાના ગાંગોજીને અલગ અલગ આર્શિવાદ આપ્યા. જેમાં જેસલજી બાદશાહી ઈલ્કાબ ધારણ કરશે. જખરજી દાતાર થશે ને ગાંગોજી ગીરના રાજા થશે. જંગલના લોકો તેની તહેનાતમાં રહેશે અને પાછલી અવસ્થામાં સાધુ થશે.

આવા વીર ગાંગાજી સમય જતા ગીરમાં જાય છે. ગીરની અઘોર વનરાજીમાં તેમને નવનાથ

પૈકીના ગોરખનાથનો મેળાપ થયો. સંસારી યુધ્ધોથી થાકેલાં ગાંગોજીને વૈરાગ ઉપજતા દિક્ષા લઈ કાળ ભગવાન સામે યુધ્ધ આરંભ્યું. ગુરૂ ગોરખનાથની સેવા કરતાં કરતાં ગાંગોજી સિધ્ધિને પામી ગયા. શિષ્યની ગુપ્ત અને પરાક્રમી સિધ્ધિઓ જોઈએ ગુરૂ ગોરખનાથે તેમને 'ગેબીનાથ'નામ આપ્યુ. ગેબીનાથે ગીરનારની પવિત્ર ભૂમિમાં આકરી તપશ્ચર્યા પછી ગોરખનાથનો આદેશ લઈ પાંચાળમાં ઉતર્યા અને થાનગઢ પાસે બ્રગુફામાં ધૂણી ધખાવી યોગસાધના કરવા લાગ્યા. થાનગઢ પાસે ગેબીનાથનું જ્યાં સ્થાનક છે તે ડુંગરની હેઠવાસમાં આશરે ૧૫૦ વર્ષ પહેલાં સોનગઢ નામે ગામ વસેલું છે. લગભગ ૨૫૦ વર્ષ (સંવત ૧૮૦૦ આસપાસ) પ્રગટ થયા (આવ્યા). ત્યારે અહીંના ભોયરામાં બેસીને તપ કર્યુ. ગેબીનાથે જ્યાં તપ કર્યુ હતું. તે ભોંયરૂ હાલ ઘણાં વર્ષોથી બંધ છે. પરંતુ તેના ઉપરથી ચાલીએ તો નીચે પોલાણ હોય તેવો અવાજ સ્પષ્ટ સાંભળી શકાય છે. અગાઉ ત્યાં નાનકડી ઝુંપડી હતી. આજે મોટું મંદિર બનાવવામાં આવ્યું. છે.

તે સમયે ગેબીનાથે સૌ પ્રથમ થાનના કુંભાર મેપાભગતને દર્શન દીધા. મેપાભગત ગેબીનાથની કૃપાથી મહાન ભગત થયા. આજ મેપાભગતના હસ્તે મોલડીના કાઠી દરબાર રતાબાપુએ ગેબીના દર્શન પામ્યા અને તે પણ મહાન ભગત થયા. સોનગઢના કાઠી દરબાર આપો જાદરો જે આપા રતાના ભાણેજ થાય, તે આપા રતા અને આપા મેપાની કૃપાથી મહાન ભક્ત જાદવપીર થયા. જાદરાબાપુના પુત્ર ગોરખાબાપુએ હોકાનીએથી (હોકાની નળીથી) મોરબીનો ગઢ પાડી ગાયો પાછી લાવ્યાં અને ગેબીએ ગોરખા હનુમાનની સ્થાપના કરી, ત્યારપછી તેની દરેક પેઢીએ પીર થતા આવ્યાં છે. રતાબાપુની ભક્તિના પ્રતાપે મેસરીયાના રબારી જલોભગત ભક્તિને પામ્યા અને જલો મટીને જલારામ તરીકે વીરપુરમાં પ્રગટયા. (પ્રખ્યાત થયા)

થાનગઢમાં મેપાબાપુએ ત્યાં દર બીજના ભજનમાં દૂધની દેગ લઈને આવતા કેરાળના ભરવાડ વીરાભગત તથા રત્નાભગત આવતા તે ભક્તિને પામ્યાં અને ગેબીનાથના પ્રતાપે તેમના ઘેર દેવ જેવી દીકરીઓ મીરાંબાઈનો અવતાર રાણીમા-રૂડીમા પ્રગટયા અને ભક્તિ કરી કેરાળા તથા રાજકોટમાં જગ્યા બાંધી. આપા જાદરાએ આણંદપુરમાં અંધ દાનાને દેખતા કર્યા અને ભક્ત દાનાએ ચલાળામાં જગ્યા બાંધી. દાનબાપુ અને ગોરખાબાપુએ મળીને પાળીયાદના બહારવટીયા વિસામણને ભક્તિ આપી સિધ્ધ કર્યા (જીવની દિશા બદલી નાખી તેઓ મોટા સિધ્ધ સાધુ થઈ પ્રખ્યાત થયા)

ચલાલા દાનબાપુની જગ્યામાં ગાયુની સેવા કરતા ગીગા આપા વિસામણ અને આપા દાનાની કૃપાથી મહાન સંત ગીગડાપીર થયા. આ ગીગડાપીરે ગીરમાં સત્તધર્મની ધજાથી જગ્યા બાંધી જે સતાધાર થયું. હાલ આજે પણ સતાધાર અન્ન, દાન અને સેવાનો ધર્મ બજાવી ભક્તિના પ્રવાહને વહાવે છે. લોકોક્તિ પ્રમાણે પાંચાળમાં ભક્તિના બીજ ગેબીનાથે રોપ્યા છે.

## મેપા ભગતનું થાનગઢ

દૃશ્ય : (થાનની પ્રા.શાળા નં. ૧૩ માં શનિવારની બાલસભા ચાલે છે. એક વિદ્યાર્થી થાનમાં વડલો સળગ્યાની દંતકથા વિશે પ્રશ્ન કરે છે. ત્યારે...)

જય : હે સાહેબ, મેં સાંભળ્યું છે કે વર્ષો પહેલા અહીં એક વડલો સળગ્યો હતો. તે સાહેબ શું વડલો માણસોએ સળગાવ્યો હતો ? કે વડલા ઉપર વીજળી પડી હતી. અમને એના વિશે વિસ્તારપૂર્વક વાત કરો.

વિક્રમભાઈ : આના વિશે વાત કરવા નીચેની પે સે.શાળા નં. ૧ માંથી બહુશ્રુતાય શ્રી. નટુભાઈ પરમારને બોલાવીએ તો...તેઓ આવે છે. (વિદ્યાર્થી જય એજ પ્રશ્ન ફરી વાર સંભળાવે છે.)

નટુભાઈ : (થોડું વિચારીને) ખરેખર આ સારો પ્રશ્ન છે. વર્તમાનને સારો બનાવવા ક્યારેક બનેલી ઘટનાઓ વિશે થોડી ઘણી જાણકારી રાખવી જરૂરી બને છે.

વાત જાણે એમ બની કે પાંચાળ પંથકમાં (થાન, ચોટીલા, હળવદનો વિસ્તાર) થાનની બાજુમાં આવેલા વિસ્તારમાં નવુ ગામ નામે મોલડી બંધાય છે. ખોરડા બંધાઈ રહયા છે. એ ખોરડાને માળવા માટે નળિયાં પાડવા થાન ગામના કુંભારોને બોલાવવામાં આવ્યા છે. ગામને પાદર એક સામટા પચીસ ચાકડા ચાલુ થઈને ઉતારે છે. પણ હજી નિંભાડો (નળિયાં પકવવાનો મોટો ચૂલો) નથી ખડકયો. હજી તાજા તાજા નળિયાં ચાકડામાંથી ઉતારીને ગોઠવાતા જાય છે.

એટલી વારમાં આકાશમાં જેઠ મહિનાની કાળી ડિબાંગ વાદળીઓ આભને ઢાંકી દે છે. સહુના મોં પર ચિંતાના વાદળ છવાઈ જાય છે. બધા નળિયાં ઢાંકવા માટે દોડાદોડ કરી મુકે છે. ત્યારે ગામ બંધાવનાર કાઠી દરબાર આપા રતા (જે ઓ નાસ્તિક હતા. ને બાવા-ભગતની ખૂબ ઠેકડી ઉડાડતા) મેપા નામના ભગતને પોતાના બનાવેલા નળિયાં ઝટઝટ ઢાંકવા કહે છે. તારા ઠાકરને બોલાવ છતર ધરે નહીંતર કાચા નળિયાં ફરી એકવાર ગારો માટી ને પાણી થઈ જાશે.

મેપા ભગત ટૂંકો જવાબ આપતા કહે છે : ઠાકર વિના કોઈ આડા હાથ દઈ શકે તેમ નથી, આટલો પથારો શેં ઢંકાય ? આટલી વાત પૂરી થઈ નથી ત્યાં તો વીજળીનો કડાંકો ગાજયો, વાદળીઓ તુટી. પણ તોયે મેપાભગત તો "ઠાકરને રાખવું હશે તો એ...આની આથેય રાખશે" એટલું બોલી ભગતે પોતાના અંગનું કેડિયું (પહેરણ) ઉતારીને નળિયાંની પથાર ઉપર ફગાવી દીધુ ને સૌ ભગત પર હસતા હતા.

આ બાજુ વરસાદના અનરાધાર પાણી જ્યારે બીજાઓનાં નળિયાં પલાળી તણાઈ ગયા અને મેપાભગતના નળિયાં ઉપર પાણીનો છાંટોય ન પડયો. ચારેકોરથી ખળખળ પાણી વહયા જાય છે.

ભગત આંખો બંધ કરીને આકાશ સન્મુખ બે હાથ જોડીને ઈશ્વર ધ્યાનમાં તલ્લીન બનીને ઊભા છે. આ ઘટનાને નજરોનજર જોનારા નાસ્તિકને બાવા-ભગતની ખૂબ ઠેકડી ઉડાડનારા આપા રતાને આ અજાયબ કૌતુક લાગ્યુ. એમની ચેતનાને કોઈ ગેબી ઈશારો મળ્યો. આભના નોતરા ઉતર્યા. ને વરસાદના

પાણીમાં જેમ સઘળી માટી પીગળી જાય એમ આ કાઠીદરબારનું અંતર ઓગળી ગયું. ને સઘળા અંહકાર પીગળી ગયા.

સદગુરૂ એ સમજાવ્યુ સાનમાં
બહુનામી માર્યા બાણ
વિચાર કરું તો વેદના ભારી,
એ જી મારે ઝળહળ પ્રગટયા રવિભાણ
એ શું મુંને સંત મળ્યા રે સુહાગી
રણક ઝાલરી ઝણણ વાગી રે

આપા રતા ને ગારો ગમવા લાગ્યો. રોજ ચાકડે જઈ બેસે, હોકો પાય. ત્રીજો દિવસે તો ભગતનાં પગમાં પડી અરજ કરી : "મને તમારી કંઠી બાંધો."

એવી જ રીતે થોડા વરસ પછી ભગત આપા રતાને જુલમી સૌને રંઝાડનાર એવા એમના જમાઈ સોનગઢ ના આપા જાદરાએ પણ કંઠી બાંધવા કહ્યું. એમણે થાન મેપાભગત તરફ આંગળી ચીંધી. બરાબર પારખી આપા જાદરાને માતે મેપાભગતે હાથ મેલ્યા. ને આપા જાદરાની સુરતા (એકાગ્રતા સભર ધ્યાન) જગતના ચોકમાં રમવા મંડી.

પણ સાહેબ, આમા વડલો સળગ્યાની વાતતો આવી નહી. અશરફ, અલ્પા, મીરાએ કકળાટ કર્યો.

આગળની વાત આ મુલકના વતની, થાનમાં વર્ષોથી રહેતા રવિસાહેબ કરશે. એમ કહી નટુભાઈ સાહેબ વાત કહેવાનો વારો રવિસાહેબ પર નાખ્યો.

રવિસાહેબ : પેલા ના સમયમાં વેઠ પ્રથા (રાજના કામકાજ કરવાનો વારો) દરબારના ઘોડારમાં ઘોડાને પાણી પાવાનો, ભરવાનો વારો આવતો. એકવાર મેપાભગતના ઘરનો વારો આવ્યો. એ કોઈ દી આવતા નહી પણ આજ આવ્યા. તેમણે તો એકવાર માણ્ય (તાંબાનું પાણી ભરવાનું વાસણ) ભરી લાવ્યા. તેમાંથી માત્ર ટીપુ ટીપું ઘોડા પાસે રડી દીધું. ફરીયાદ થઈ કે બીજીવાર મેપાભગત પાણી ભરવા નથી ગયા. ને ફરીવાર ઘોડાને પાણી ભરેલી કૂંડીઓ પાસે મુકયા, પણ આ શું એકેય ઘોડું મોઢુંયે બોળતું નથી. થાન દરબારને કોઈને જણાવ્યું કે ભગત પાસે કોઈ મહાન સિદ્ધિ છે. અને એમણે મેપાભગતના ઘરની વેઠ (ચાકરી) બંધ કરાવી. "ઠાકર તમારું ભલું કરશે." એટલી દુઆ દઈને ભગત ચાલ્યા ગયા.

મેપાભગતના ઘરનું ખોરડું ગરીબ અને આંગણે રોટલો મોટો. સાધુસંત ત્યાંથી ભૂખ્યા પાછા ફરતાં નથી. વેઠ બંધ થઈ એટલે ભગતને આશા બંધાણી દરબારની અરજે જાઉં. એકવાર એમણે દરબારને વિનંતી કરી કે 'બાપ, વેરો છોડી દો તો પાંચ અતિથિને જમાડવાનું પુણ્ય તમારે નામ ચડશે. પણ

મળતિયાઓએ કાન ભંભેર્યા કે વેઠ તો બંધ છે ને પાછો વેરોય બંધ કરાવવો છે. ફરમાન છૂટયું કે બાંધો વડલાને થડ.

કસકસાવીને રાજના માણસોએ મેપાભગતને થાનના ઈ વડલાના થડ સાથે બાંધી દીધા. ભગત ભૂખ્યાને તરસ્યા બંધાયેલા રહયા. ગામમાં સૌ ચર્ચા થઈ, ઈર્ષાળું હતા એને આનંદ થયો સજ્જનો દુ:ખી થયા..

આ વાત સોનગઢના આપા જાદરાને કાને ગઈ, આપા એમનાં શિષ્ય એટલે રે'વાણું નહી. બપોરે જમવાનું અધુરું છોડીને ભાગતા ઘોડે થાન આવ્યા. છેટેથી દેખાવ જોયો, દિલ બહું કોચવાયું પણ મેપા ભગતે કાંઈ આડુ અવળું વેણ ઉચ્ચારવાની ના પાડી. આપા જાદરા કહે : બાપુ બીજુ તો ઠીક તમને બાંધ્યા તોયે હજી આ વડલો કાં લીલો રહયો ? અને કહેવાય છે કે ધીરે ધીરે એ વડલાને મેણું લાગ્યુંને વડલો સુકાવા લાગ્યો. એની આખીયે ઘટા ભસ્મ થઈ ગઈ. (ત્યારે એ સમયે શાપિત ગણાતો એ વડલો થાનમાં બતાવાય છે.)

વાર્તા પૂરી થઈ ત્યારે ઘડીયાળ પણ થંભી ગઈ હતી. ને સૌ થાનમય હતા.

## થાનગઢના વાસુકીદાદા

(હિમાલય એના દાદાને પ્રશ્ન કરે છે.)

હિમાલય : હે દાદા, આપણે થાનમાં કેટલાં વરસથી રહીએ છીએ ?

દાદા : મારા જનમથી.

હિમાલય : તો... તો... દાદા તમને થાનની બધીય ખબર હશેને ?

દાદા : હા મારા દાદા મને વાતુ કરતાં એટલી મને ખબર છે, પણ તું આજે આવું કેમ પૂછે છે ?



હિમાલય : દાદા આવુ બધુ મારે ભણવામાં આવે છે. મારા સાહેબ કહેતા હતાં કે તમારા દાદાસાથે વાત કરી લખી લાવજો.

દાદા : માળુ ગજબ કહેવાય, આવુંય તારે ભણવાનું આવે. તો...તો... સારૂ કહેવાય. તો સાંભળ...

આવ્યાને દે આવકાર, ઓર નૈણોમેં નેહ

દૂધે વાળું એ કરે એ પંથક જુઓ પાંચાળ

જૂના કાઠિયાવાડમાં આવેલા પાંચાળ પ્રદેશના

દોઢસોક ચોરસ માઈલનો કંદોરો "કંડોળો"ના નામે ઓળખાય છે. એક કાળે થાનનગર દેવભૂમિ પાંચાળનું પાટનગર હતું, જેની જાહોજલાલી એ ડુંગરાળ પ્રદેશનાં નવસો વાવ કૂવાથી વર્ણવવામાં આવી છે. તે સમયે થાન પાસે એક બે ઊના પાણીના ઝરાઓ હતા. એ સમયે સિંહનો વાસ પણ આ વિસ્તારમાં હોવાનાં સંભવ છે. થાનગઢ ફરતાં પચાસથી સાઠ જેટલાં તીર્થસ્થાનો આવેલા છે, જેમાં તરણેતર જેવા અતિ પ્રાચીન, સૂરજદેવળ જેવા મધ્યકાલીન અને વાસુકિ નાગદેવના ત્રણસોક વર્ષપુરાણા મંદિર વગેરે તીર્થોનો સમાવેશ થાય છે.

વેદકાલીન થાન જુના કાળમાં થટ્ટપટ્ટણના નામે ઓળખાતું. આ થટ્ટપાટણ એ દેશમાં પાટણોમાંનું એક ગણાતું. એ આજે તો થાનગઢના નામે પંકાય છે, એના ગ્રામદેવતા વાસંગીદાદા (વાસુકી) ના જીવતાજાગતા થાનકને કારણે. કંડુલપુરાણમાં ઉલ્લેખાયેલ થાનનગર એની ભૌગોલિક પરિસ્થિતિના કારણે વનરાજીનું કુદરતી સૌદર્ય ધરાવતું હતું. ગામની ભાગોળે આવેલું વૃક્ષ, આચ્છાદિત તળાવ. તળાવને સામે કાંઠે હજારેક વર્ષ પુરાણું રાયણનું અજા જુડ વૃક્ષ છે. એ વૃક્ષ નીચે પાંચાળ પંથકના ગ્રામદેવતા વાસુકિનાગનું મંદિરનાગપૂજાના ઈતિહાસને સાચવીને બેઠું છે.

મંદિર માથે સોએક ફૂટની ઊંચાઈને નાગપ્રતિકમઢી ધજા આકાશમાં ફડાકા દઈ કહી છે. ભાવિક ભક્તો અને શ્રદ્ધાળુંઓથી મંદિર ભર્યુભાદર્યુ રહે છે. શ્રાવણ મહિનામાં તો ભક્તોની ભીડથી મંદિર હાંફવા માંડે છે. નાગપાંચમના દિવસે મેળો ભરાય છે ને મોટો ઉત્સવ થાય છે.

**"થાન મુકામ સ્વધામ ધોળેશ્વર નામધ વાસુકિ દેવ બીરાજે,**
**ધીર મુચ્છિકો ધામ ધ્વજબંધ, સૂરજદેવકી જાતર છાજે,**
**તીરથ આવત જીવ ત્રિનેત્ર તો કોટિજન્મ પાતક ભાજે,**
**તા ઘટ નોબત નામકી બાજે."**

આવા વાસંગીદાદા રાજસ્થાનના મૂળ રજપૂતો જે સૌરાષ્ટ્રમાં કાઠી ધાંધલ તરીકે ઓળખાયા, એ ધાંધલ કાઠીઓના કુળદેવતા છે. આલમની અઢારેય વરણના ઈષ્ટદેવતા ગણાય છે. રાજના કુળદેવતા એવા વાસંગીદેવનું આ મંદિર ત્રણસોક વર્ષ પહેલાં લખતરના રાજવી રાણા અભેરાજજીએ બંધાવેલું છે. એમ કહેવાય છે કે ઝાલા રાણા અભેસિંહજીને લખતરથી વાંકાનેર જતાં થાનની સીમમાં પડાવ નાખેલો. તેમને વાસુકિએ સ્વપ્નામાં આવીને થાન અપાવ્યું હતું. મંદિરને રાજની પ્રતિષ્ઠા પ્રાપ્ત થતાં ઘણાં રજવાડાઓને વાસુકિનાગ પરચા આપતા રહયા હતા.

હિમાલય : હે દાદા ધ્રુવ સાહેબ તો એમ કહેતા હતા કે થાન તો અઢીહજાર વર્ષથીયે જૂનું છે. ભાવનગર, રાજકોટ, હળવદ કે જામનગર જેવા શહેર નહોતા. ત્યારેય થાન હતું.

દાદા : હા, બેટા હિમાલય. સૌરાષ્ટ્રમાં માત્ર એવા ગણ્યા ગાંઠયા શહેરો અને ગામો છે કે જેની આટલી પ્રાચીનતા હોય.

હિમાલય : દાદા, થાનના આ પ્રાચીન (જૂના) વાસુકી દાદા વિશે હજી વાતો કરોને.

દાદા : લોકસંસ્કૃતિના પ્રખર અભ્યાસી શ્રી જયમલ્લભાઈ પરમાર નોંધે છે કે "વાસંગીનું મંદિર ભલે ઝાલા રાણા અભેસિંહજીએ બંધાવ્યું હોય, પણ એનું મૂળ સ્થાન તો તુલસીશ્યામની જેમ અતિ પ્રાચીન હોવું જોઈએ. સૌરાષ્ટ્ર અને નાગપૂજા એક ઘણું મોટું સંશોધન માગે છે. થાનનું વાસુકિનું સ્થાન એમાં અગત્યની કડીરૂપ બને તેમ છે.

આર્યો ભારતમાં આવ્યા તે પહેલાં નાગજાતિના મનુષ્યોના બે કુળ કચ્છ-સૌરાષ્ટ્રમાં કે પાતાળ પ્રદેશમાં વસતાં. જળમાર્ગ ઉપર જેમનું પ્રભુત્વ હતું તે કરકોટક અને જમીનમાર્ગ પરનું જે નાગકુળ તે તક્ષક.

એમ કહેવાય છે. ઝાલાવાડ સાગરકાંઠે હતું. ઝાલાવાડમાં પણ ચરમાળિયા અને તલસાણિયા નાગનાં સ્થાનકો છે. વેદકાલીન ઉલ્લેખો પ્રમાણેકચ્છ-સૌરાષ્ટ્રને આર્યો પાતાલપ્રદેશને નામે ઓળખતા હતા. ત્યારે ભોગવતી નદીને કાંઠે ભોગવતી નગરી હતી. અને એ નગરીના વાસુકિ નામે નાગ જાતિના રાજા હતા. વૈદિક સરસ્વતીનું એક નામ ભોગવતી હતું. સરસ્વતી લુપ્ત થતાં, સુકાઈ જતાં એના એક ફાંટાનું નામ ભોગવતી રહ્યું તે આજનો ભોગાવો એના નીચેના ભૂસ્તરના ફેરફારને કારણે સરસ્વતી સુકાઈને નદીના ટુકડાઓમાં વહેંચાઈ ગયેલી, એટલે ભોગાવાને કાંઠે વાસુકિનું થાનક હોય તે ઘણું સ્વાભાવિક છે. એ સ્થાનકથી ભોગાવો આઘો-પાછો ગયો હોય તેમ પણ સંભવે. એક માન્યતા પ્રમાણે સંભવતઃ ભોગવતી નગરી હોય અને થાન નાગજાતિના મૂળ રાજા વાસુકિનું જ હોય એ વધુ સંભવ છે."

હિમાલય : દાદા વાસુકિદાદાની કથાયે ઘણી હશે. તે કહોને.

દાદા : વાસુકિનાગ સાથે સંકળાયેલી અનેક પૌરાણિક કથાઓ પ્રાપ્ત થાય છે. એક કથામાં કહેવાયું છે કે અમૃતમંથન વેળાએ મંદરાચલ નામના રવાયાને ફેરવવાનું નેતરું બનવા માટે વાસુકિનાગને આમંત્રણ અપાયું હતું. જેનું ચિત્ર આપણને જોવા મળે છે.

બીજી એક કથા અનુસાર બ્રહ્માનો પુત્ર મરીચિ, અને મરીચિના પુત્ર કશ્યપને નાગકન્યાથી સો પુત્રો થયા, જેમાં મુખ્ય વાસુકિ, બાંડુક, ધૂમ્રાક્ષ, પ્રતિક, પંડારિક, તક્ષક, ઐરવત, ધૃતરાષ્ટ્ર વગેરે હતા. એ વખતે પંચઋષિઓ (કર્ણવ, ગાલવ, અંગિરા, અનત અને બૃહસ્પતિ) ત્રેતાયુગમાં જાત્રાએ જવા નીકળ્યા અને પાપનાણાના જંગલમાં મુકામ કર્યો. ત્યાં સત્ર ઊજવવાનું નક્કી કર્યું. અને બ્રહ્મયજ્ઞ શરૂ કર્યો. ભીમપુરીમાં રાજ્ય કરતા ભીમાસુરને આ વાતની ખબર પડતાં જ તેણે યજ્ઞમાં વિઘ્નો નાખવા માંડયાં. આથી મુંઝાયેલા ઋષિઓ થાન પાસેના પંચકુંડી તળાવને તીરે આવ્યા. ત્યાં આવીને તપ કર્યું. આથી બ્રહ્માજી પ્રસન્ન થયા. ઋષિઓએ અપત્તિની કથા કહીને ભીમાસુરના ત્રાસમાંથી મુક્ત કરવા વિનંતી કરી.

ત્યારે બ્રહ્માજી બોલ્યા : "ઋષિઓ, મુંઝાશોમાં. ભીમાસુરનું મૃત્યુ શેષનાગ અને વાસુકિના હાથે થશે." આટલું કહીને બ્રહ્માજી અલોપ થયા. એ પછી પાંચેય ઋષિઓએ મળીને નાગદેવતાને પ્રાર્થના કરી. આ પ્રાર્થનાથી શેષનાગ, વાસુકિ અને બાંડુક નાગો પ્રસન્ન થયા. ઋષિઓએ તેમને ભીમાસુરના ત્રાસમાંથી છોડાવવા વિનંતી કરી. એ ત્રણે નાગદેવોએ પોતાના ઝેરથી ભીમાસુરને હણ્યો. આથી ઋષિઓ રાજી થયા.

શેષનાગને થાનમાં રહેવા વિનંતી કરી. શેષનાગ તો પાતાળના રાજા હતા, તેથી ત્યાં રહી શકે તેમ ન હતું. આથી તેમણે વાસુકિને થાનમાં અને બંડુકને માંડવમાં રહેવાનું કહ્યું. આથી બંને નાગદેવ ત્યાં રહી ગયા. ત્યારથી વાસુકિનાગ આ વિસ્તારમાં પૂજાતા આવ્યા. છે.

હિમાલય : દાદા, એમના તહેવાર અને નૈવેદ્ય વિશે થોડુ જણાવોને. એ દિવસે તો મેળોય ભરાય છે.

દાદા : શ્રાવણ મહિનાની વદ પાંચમ એટલે નાગપાંચમ, આ દિવસે વાસુકિદાદાને તલવટના લાડું ધરાવવામાં આવે છે. નાગનું શરીર ઠંડી પ્રકૃત્તિવાળું હોવાથી નાગપાંચમને દિવસે નિવેજ પણ ઠંડું અર્પણ કરવામાં આવે છે. બાજરાના લોટની કુલેર, તલવટ, પલાલેળા ધાન્ય અને કઠોળ વગેરેના નિવેજ મુખ્ય ગણાય છે. નાગપાંચમનું વ્રત કરનાર નારીઓ તે દિવસે માથામાં તેલ નથી નાખતી. સૌભાગ્યના શણગારો સજી નાગદાદાની કથા સાંભળે છે. તેમના મંદિરે દર્શન કરવા જાય છે. ખેડૂતો માને છે કે આ દિવસે ખેતરમાં હળ ન હંકાય. મોલ ન લણાય. લીલા છોડ કપાય નહીં. કશું બાળી શકાય નહીં. તળાવકાંઠે ટાઢોડામાં રહેનારા આ દેવને જે ગાયનું દૂધ વલોવવામાં ન આવતું હોય એવી ઝાંઝડી ગાયનું દૂધ ચડે છે. દેવસ્થાનમાં આવેલા રાફડામાં આજે પણ દૂધ રેડવામાં આવે છે ને નૈવેદ્ય ધરાવાય છે. મેળો થાય છે. નાના મોટા સૌ મેળાની મઝા માણે છે. આજુ બાજુના પંથકમાથી ભજનિકો આવે છે. ભજનના સૂર રેલાય છે.

ભારતીય લોક જીવનમાં નાગપૂજાની પરંપરામાં ઘણી પ્રાચીન ગણાય છે. એનું પગેરૂં છેક વેદકાળથી પણ આગળ જાય છે. શ્રી.પી.જી.દેવરસ માને છે કે વેદોના સમય પહેલાં પણ ભારતમાં નાગપૂજા પ્રચલિત હતી. હડપ્પન સંસ્કૃતિના અવશેષો, મોહેંજો દડોમાં વૃષભ, અગ્નિ, પીપળો, અને નાગપૂજા જાણીતી હતી. બૌદ્ધ ધર્મમાં, જૈન ધર્મમાં નાગપૂજાના ઉલ્લેખો મળે છે.

## ચોટીલા તાલુકામાં આવેલ ધાર્મિક સ્થળો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી ચામુંડાનું મંદિર | : | ચોટીલા ડુંગર ૧ કી.મી. |
| ૨. | પંચાયતન મંદિર | : | ગામ :પરબડી, આશરે ૦। કી.મી. |
| ૩. | ચૌ મુખી વાવ/તળાવ પાસેનું મંદિર | : | ગામ : ચોબારી, ૧૨ કી.મી. |
| ૪. | ભીમોરાની ગુફાઓ | : | ગામ : ભીમોરી, ૧૧ કી.મી. |
| ૫. | ભક્તિ વન | : | ગામ : નાના પાળિયાદ તરફ ૧ કી.મી. |
| ૬. | જૈન તીર્થ ડોળિયા | : | ગામ : ડોળિયા, ૧૫ કી.મી. |
| ૭. | અનંતેશ્વર મહાદેવનું મંદિર | : | આણંદપુર (ભાડલા)૨૫ કી.મી. |
| ૮. | ઝરિયા મહાદેવ | : | થાન તરફ ૮ કી.મી. |
| ૯. | મોલડી મંદિર (બાવન હનુમાન) | : | ગામ : મોલડી, બામણબોર પાસે ૨૨ કી.મી. |
| ૧૦. | મીનળ વાવ | : | ગામ : ધાંધલપુર, ૧૬ કી.મી. |
| ૧૧. | ઠાંગેશ્વર મહાદેવ | : | ગામ : મોટી મોલડી, ૨૫ કી.મી. |
| ૧૨. | જલારામ મંદિર | : | ચોટીલા, રાજકોટ હાઈવે ૨.૫ કી.મી. |

## સૂર્ય મંદિર : જૂના સૂરજદેવળ

**સૂરજ, સૂર્ય, રવિ, ભાણ... (સમાનાર્થી શબ્દ લખવા આપેલા.)**

**અશ્વિન :** હે બેન, આ ભાણ શબ્દ પણ સૂર્યનો પયાર્યવાચી શબ્દ નથી ? આ આફતાબ ના પાડે છે.

**અલકાબેન :** હા...હા... એ પણ એનો સમાનાર્થી શબ્દ છે. જુઓ પેલી પંક્તિમાં આવે જ છે ને.

"ભલે ઉગ્યાં ભાણ, ભાણ તુંહારાં ભામણાં,

મરણ જીયણ લગ માણ, રાખો કશપરાઉત"

**પુષ્પા :** બેન, પણ આ ભાણ શબ્દ સમજાતો નથી ?

**અલકાબેન :** હા, આ ભાણ શબ્દ જુનો છે. કાઠી સમાજના લોકો રહેતા તે પ્રદેશ એટલે કાઠીયાવાડ, એ સમાજના લોકો સૂરજદેવને માને છે. તેમનો આ શબ્દ છે.

**તનિષા :** હે બેન, બધાનાં મંદિર હોય સૂરજદેવનુંય હોય ?...સૂરજ દેવનેય કોઈ પૂજે ?... એની વાત કરોને. અમારે સાંભળવી છે.

**અલકાબેન :** થાનને ભારતના અતિ પ્રાચીન પ્રદેશોમાનું એક ગણવામાં આવ્યું છે. એની આસપાસનો સમગ્ર પ્રદેશ જે સ્થાનોને સાચવી બેઠો છે એની મહત્તાએ આ થાનનગરને વિશિષ્ટ મહત્વ આપ્યું છે. થાન એટલે આ પ્રદેશના પવિત્ર યાત્રા સ્થળોની મુલાકાતે આવતા અને અહીં જ વસતાં સંતોની ભૂમિ.

કિંવદંતી અનુસાર સતયુગની વાત સાથે આ પ્રદેશ સાથે જોડાયેલો છે. એવી પુરાણખ્યાત કથા છે કે સતયુગમાં સૂર્યવંશના પ્રતાપી રાજવી માંધાતાના હાથે અહીંના સૂર્ય મંદિર (સૂરજદેવળ) નું નિર્માણ થયું હતું.



થાન જોજનો પહોળા અવની પટ ઉપર વિસ્તરેલું હતું. અહીં ૨,૫૦,૦૦૦ જેટલા માનવીનો નિવાસ હતો. સ્વંય નારાયણ અને લક્ષ્મીજીએ આ પ્રદેશની મુલાકાત લીધી હોવાની દંતકથા પણ છે. થાનનો મધ્યમ કિલ્લો કંડોલ કહેવાતો. આ કંડોલ પાસે જ સૂરજદેવળનું સ્થાન આજે

પણ વિદ્યમાન છે.

એક કથા એવી છે કે વાલોજી નામના કાઠીના પાછળ પાવાગઢથી જામ આબડાનું કટક પડેલું. જામ વાલોજીએ થાનના કિલ્લામાં આશ્રમ લીધો હતો. જામ આબડો ગઢને ઘેરો નાખીને પડયો હતો. ચિંતિત વાલોજીને કાઠીઓના કૂળ દેવતા સૂર્યદેવે સ્વપ્નમાં આવી દર્શન દઈ સહાયની ખાતરી આપી. વાલોજીકાઠી હિંમતથી જામ આબડા સાથે લડયા. જામને કચ્છમાં નાસી જવું પડયું અને ઉપકાર વશ વાલોજીએ કંડોલા ટેકરી પરના પ્રાચીન સૂર્યમંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. સમયાંતરે અહીં આવેલા અને લાખામાચીના નિર્માણમાં સહયોગી બનેલા લાખા ફુલાણીએ પણ આ મંદિરનું સમારકામ કરાવ્યાના ઉલ્લેખ છે. વિ.સ. ૧૨૭૨ માં કાઠી દરબારો કચ્છ પ્રદેશમાંથી થાનગઢ આવીને વસ્યાં. એ સમયે અહીં પરમારોનું રાજ્ય હતું. પરમાર દરબારોના ઈષ્ટદેવ માંડવરાયજી એ શ્રી. સૂર્યનારાયણ જ છે. આ ઈષ્ટદેવનું ઐકય કોઈ અણજાણી વાતનું સુચક છે. થાનગઢ પાસે આવેલા જુના સુરજદેવળ એ સમયે ભવ્ય જાહોજલાલીથી શોભતું એવુ સુર્યઉપાસનાનું કેન્દ્રસ્થાન હતું. પૂર્વાભિમુખે આ મંદિર રથ આકારે શોભતુ, આસપાસ નવગ્રહ મંદિર અને કશ્યપ મંદિર આવેલું છે. સુર્યોદયના સમયે પુર્વના ઝરૂખેથી સુર્યના કિરણોથી મંદિરની મૂર્તિ ભવ્યતાથી ઝળહળી ઉઠે છે. તે સમયે શ્રી મુળી ઠાકોર સાહેબ દ્વારા જીર્ણોધ્ધાર કરવામાં આવેલો. જેનો ઉલ્લેખ નીચેના દુહામાં મળે છે.

**"પહેલી ધજા પરમારની જુના સુરજદેવળ ચડે,**

**માતંડ (સુર્ય) ને માંડવરાય એક જ છે, જુગે જુદા નહી પડે."**

હાલમાં પણ મુળી ઠાકોર સાહેબ મહારાજા જીતેન્દ્રસિંહજી તથા યુવરાજ રણજીતસિંહજી દ્વારા વંશ પરંપરાગત રીતે ભાદરવા સુદ ચોથના રોજ ભગવાન શ્રી. સુર્યનારાયણના મંદિરે (જુના સુરજદેવળ) નિયમિત ધજા ચડાવવામાં આવે છે. આ પુરાતન મંદિર હોવાથી ભારતીય પુરાતત્વ વિભાગ ન્યુ દિલ્હી દ્વારા રક્ષિત જાહેર કરેલ છે. સોનગઢના પ્રગટ જાદરાપીરના વંશજો હાલમાં વંશપરંપરાથી મહંત તરીકે સેવા આપે છે. વર્તમાન સમયે શ્રી. દિલીપબાપુ મહંત તરીકે હાલ સેવા બજાવી રહયા છે. પ્રતિ વર્ષ વૈશાખસુદ-૪ (ગણેશચોથ)ના રોજ કાઠી દરબારો સાડા ત્રણ દિવસના ઉપવાસ અને યજ્ઞ હવન કરે છે..............

અવાર નવાર થયેલા જીર્ણોધ્ધાર-સમારકામોએ મૂળ મંદિરને ખૂબ જ અસર કરી છે અને હાલ એ પૂરાતન સૂર્યમંદિરની ભવ્યતા એના અવશેષમાં ખોવાયેલી મંદિરની આસપાસ નજરે પડે છે. હાલ આ મંદિર પુરાતત્વ વિભાગના રક્ષિત સ્મારક તરીકે છે.

કાજલ : બેન, અમને સૌને મઝા આવી. આવી બીજી વાતોય અમને કહેતાં રહેજો. હો કે.

## ચૌબારીની વાવ

**ચિરંજીવ યોગીરાજ,**

મઝામાં હોઈશ. મમ્મી, પપ્પા પણ મઝામાં હશે. દાદા-દાદી આનંદ કુશળ હશે. ગઈકાલે સ્કુલમાંથી અમને ચૌબારીની વાવ જોવા લઈ ગયા હતા. અમને આ વાવ જોવાની ખૂબ મઝા આવી. મારાથી રહેવાયુ નહી એટલે એની વાત કરવા તને પત્ર લખવાનું મન થઈ ગયું. મોબાઈલ આવ્યા પછી અમથુંય હમણાં તને પત્ર લખ્યો નથી. થયું કે લખવાનું સાવ ભુલાઈ ન જાય. ને થોડોક મહાવરો પણ થઈ જાય.

શનિવારના રોજ સવારમાં અમે સ્કુલમાંથી ચૌબારી જવા ઉપડયા. રસ્તામાં ચોટીલાનો ડુંગરાળ પ્રદેશ આપણું મન હરી લે છે. ચોતરફ નાના-નાના ડુંગરાની હારમાળા જાણે આપણને સાદ કરીને બોલાવતી હોય એમ ઊભી છે. ચોટીલાથી ૨૦ કિ.મી. દૂર આવેલ આ ગામ ખાતે ચારે બાજુથી અંદર ઉતરવાના પગથિયાવાળી ચૌમુખી વાવ આવેલી છે. પુરાતત્વ ખાતા તરફથી તે રક્ષિત ઈમારત છે. તેની બાજુમાં આવેલા નાગદેવતાના ત્રણ મંદિરનું ઐતિહાસિક મહત્વ છે. એક દંતકથા મુજબ કચ્છના વિખ્યાત લાખા વણઝારા કચ્છથી આટકોટના માર્ગે જતાં અહી રોકાયા હતા. એક વાયકા એવી છે કે લાખા વણઝારાએ એની સાથે લાવેલા બાજરાનું બી અહીં ઢોળાયું હતું અને ત્યારથી આ વિસ્તારમાં ચૌબારી સૌ પ્રથમ બાજરીના પાકનું વાવેતર ધરાવતુંગામ બન્યું. ચૌબારી વાવ, લાખા વણઝારા અને બાજરીના બી સાથે સંકળાયેલો આ પ્રદેશ ઈતિહાસના પાના ઉપર અનોખી રીતે પોતાનું નામ અંકિત કરે છે.

ચૌ મુખી પ્રવેશ ધરાવતી આ વિશિષ્ટ પ્રકારની વાવ અત્યારે તો ઈતિહાસને યાદ કરતી એના ભગ્ન સૌંદર્યને પોતાની વિશાળતામાં સમેટીને બેઠી છે.

**વાવમાં જવા માટે ચારેય તરફ એકબીજાને સમાંતર પ્રવેશ હોઈ, આનું નામ ચૌમુખી વાવ પડયું છે.** પગથીયા ઉતરી વાવમાં પ્રવેશ કરીએ તો વચમાં ચોરસ કૂવો આવે છે. આમ આ વાવ મધ્યે કુવો આવેલ હોઈ, વાવ કરતા કુંડ શબ્દ વાપરવો વધુ ઉચિત જણાય છે. વાવની દક્ષિણે એક ચોરસ મંડપ જેવું બાંધકામ છે. જેમાં ચાર ઉભા સ્તંભ છે. જે ઉપરના આડા પાટડાને ટેકો આપે છે. વચ્ચેના બે સ્તંભો દક્ષિણ બાજુના પ્રવેશદ્વાર સાથે જોડાયેલા હોઈ, ચોરસ મંડપ બને છે. વાવના પ્રવેશદ્વારની દિવાલોમાં ગવાક્ષો છે. જેમાં સપ્તમાતૃકા, મહીષાસુરમર્દિની, શેષાઈ વિષ્ણુ, શિવ તથા વિષ્ણુની પ્રતિમાઓ કંડારેલ છે. સ્થાપત્ય પરથી આ વાવ ૧૨મી સદીની હોવાનું જણાય છે.



ખરેખર, ભાઈ તારી યાદ ખૂબ આવી ગઈ. અમારાં સરે કેટલાંક લીધા છે. જે રૂબરૂ આવીશ ત્યારે તને બતાવીશ. તને જોવરાવામાં બાકી નહી રાખું. ક્યારેક પરિવાર સાથે જોવા જઈશું. મમ્મીને કામકાજમાં મદદ કરજે. લેપટોપ ઉપર ઓછું બેસજે. સારી રીતે ભણવામાં ધ્યાન રાખજે. દાદા-દાદીને કહેજે, મને સંભળાવવા ઝાઝી વારતાઓ તૈયાર રાખે.

**એજ લિખિતંગ... તારી દીદી ખેવનાની યાદ...**

## રાતડિયા રણની દેવી : માંડવનાં સ્વયંભુ 'માં ચામુંડા'

**નદી કિનારે નાળિયેરી રે ભાઈ, નાળિયેરી રે.**

**ચોટીલાવાળી ચામુંડમાને કાજ રે, ભાઈ નાળિયેરી રે...**

નવરાત્રી આવે એવા સમયે વિદ્યાર્થી મંત્રીમંડળે નક્કી કર્યુ કેહમણાં પર્યટને ગયા નથી. તો ચાલો સૌ નજદીકમાં આવેલ ચોટીલા જઈએ.

રસ્તે ચાલતાં ચાલતાં સૌ પોતપોતાની મોજમાં મસ્ત હતાં. ત્યારે થયું કે ચોટીલા ડુંગરના મા ચામુંડા વિશે કઈક જાણું. મને આસપાસથી મળેલી માહીતી તમારી સાથે શેર કરવા માગુ છુ. તે તમે પણ જાણો એટલે...

**"ચોટીલે ચામુંડા વસે, આરાસુરમાં અંબા માત,**

**મહાકાળી પાવે વસે, ગરવી ભૂમિ ગુજરાત."**

ગુજરાત-સૌરાષ્ટ્રની સોહામણી ધરતી પર અનેક તીર્થધામો આવેલા છે. શક્તિની ભક્તિ અને પૂજાનો સોહામણો સંસ્કાર લોકજીવનમાં પ્રાચીન કાળથી ધબકી રહયો છે. પારાવાર પૌરાણિક દેવીઓ અને અસંખ્ય લોકમાતાઓ વિધવિધ નામે લોકજીવનમાં પૂજાય છે. એવી આદરપૂર્વક પૂજાતી દેવી છે ચોટીલાની ચંડી ચામુંડા.



આવી દેવભૂમિ સમી પાંચાળની ધરતી પર નેશનલ હાઈવે નં. ૮, રાજકોટના રસ્તા પર ચોટીલા આવેલુ છે. ચોટીલાની કોરેમોરે ચોફેર આવેલો ડુંગર મા ચામુંડા-ડુંગર તરીકે જાણીતો છે. આ ડુંગર પર ૧૧૭૩ ફુટની ઉંચાઈએ મહાશક્તિ મા ચામુંડાનું મનોહર મંદિર આવેલું છે. એમ કહેવાય છે કે ચૂંડ નામના રાક્ષસને મારનાર રણચંડીના નામ પરથી આ ડુંગર ચંડીનો ડુંગર કહેવાતો તેના પરથી ચંડીનો ચંડીલો-ચંટીલો અને એમાંથી ચોટીલો થયો હોવાનું અનુમાન કરવામાં આવે છે.

ચોટીલા ડુંગરની અધિષ્ઠાત્રી રણચંડી દેવી ચાંમુંડાનું મૂળ પૌરાણિક નામ તો છે ‘ચંન્દ્રઘંટાદેવી’ રણચંડી બનીને આ દેવીએ ચંડ અને મુંડ નામના ભયંકર અસુરોને રણમાં રોળ્યા આથી ચંડા-મુંડાને હણનાર આ દેવી જગતમાં મા ચામુંડા તરીકે ઓળખાયા ને પૂજાયા. લોકજીવનમાં આ દેવી “ચાવણમા,” “ચાવંડ,” “ચામુંડી,” “ચાવણી” તથા રાતડીયા રણની દેવી તરીકે ઓળખાય છે, પૂજાય છે. ગુજરાતમાં મા ચામુંડાનાં જેટલાં સ્થાનકો છે તે બધામાં ચોટીલાનું સ્થાનક સર્વશ્રેષ્ઠ અને જીવતું-જાગતું સ્થાનક ગણાય છે. ચોટીલાની મહાદેવી ચંડી ચામુંડાની સ્થાપના રાજપૂતોના હાથે થઈ હોવાની કિંવદંતી સાંપડે છે.

ચામુંડામાતાના પ્રાદુર્ભાવ અંગેની પૌરાણિક કથા દેવી ભાગવતમાં નોંધી છે. “અસુરેશ્વર મહિષાસુરે મદથી છકી જઈને સ્વર્ગ પર આક્રમણ કર્યુ. ઈન્દ્રાદિ દેવો સ્વર્ગ છોડીને નાસી છુટયા. નિઃસહાય દશામાં ભટકતા ભટકતા તેઓ પિતામહ બ્રહ્માની પાસે ગયા તેમને સાથે લઈ બ્રહ્મા સંરક્ષક વિષ્ણુ અને સંહારક સદાશિવ શંકર પાસે ગયા. મહિષાસુર જગતમાં ત્રાસ ઉપજાવી રહ્યો હતો. ધર્મનો નાશ કરી અધર્મ ફેલાવી રહ્યો હતો. આ સાંભળી વિષ્ણુ અને શંકર ભગવાન કોપાયમાન થઈ ગયા. એમના મુખમાંથી મહાતેજ નીકળ્યું. ઈન્દ્રાદિ દેવોના શરીરમાંથી પણ તેજ નીકળવા લાગ્યું. આ બધાં તેજ પરસ્પર એકાકાર થતાં તેમાંથી મહાતેજનો જવાળામય પર્વત ઊભો થઈ ગોય. તેમાંથી પરાશક્તિ શ્રી પરમેશ્વરીનું એક નારીરૂપ પ્રગટ થયું. બધાં દેવોએ તેને પોતપોતાનાં આયુધો આપ્યાં. શણગારના સાધનો આપ્યાં. હિમવાને સિંહનું વાહન અને કુબેરે સુરપાત્ર આપ્યું.

આવી રીતે અભિનંદિત થયેલાં મહાદેવીએ અટ્ટહાસ્ટ સાથે મહાગર્જના કરી ત્યારે પૃથ્વી ડોલવા લાગી. પર્વતો ચલાયમાન થયા અને સમુદ્રો ખળભળી ઊઠયા ત્યારે દેવો અંત્ય હર્ષ પામીને બોલ્યા : સિંહવાહિની જે.

આ મહાદેવી કાલિકાએ ચંડ અને મુંડને હણી નાખ્યા તેથી જગદંબા પ્રસન્નતા પૂર્વક કાલીને કહેવા લાગ્યા “કાલિકા ! તમે દેવતાઓનું મહાન કાર્ય સિદ્ધ કર્યુ છે. જગતમાં તમે ‘ચામુંડા’ નામથી પ્રસિદ્ધ થશો.

આ મહાદેવી સામાન્ય રીતે ચંડિકા તરીકે ઓળખાયાં, જે પાછળથી લોકજીવને ચામુંડા તરીકે સ્વીકારી લીધા.”

## ભીમોરાની ગુફા

ચોટીલાથી ૧૧ કી.મી. દૂર નાના ખાચર નામના કાઠીએ ભીમોરા ગામ વસાવ્યું. એણે બાંધેલો કિલ્લો આજે તો તુટી ગયો છે, ગુપ્તવાસ દરમ્યાન પાંડવોએ અહીં નિવાસ કર્યાની વાયકા છે.

પાંચાળના વિશાળ ડુંગરાઓની અંદર ગીચ ઝાડીઓની ડુંગરાની પડખે 'ભીમની ખોપ' નામની પુરાતન એક ગુફા આવે છે એ જોવા લાયક છે. એ ગુફામાં પથ્થરોમાંથી જ કંડારી લીધેલા નાના ઓરડા છે. પ્રથમ ભીમોરાના દરબારો એ ગુફાને પણ પોતાની માલમિલકત રાખવા માટે વાપરતા. લોકવાયકા છે કે ભીમોરા ગામનું નામ ભીમના નામ ઉપરથી પડયુ છે. પાંડવો જ્યારે ગુપ્ત વનવાસ ભોગવતા ત્યારે ભીમોરાની આ ગુફામાં રોકાયેલા. આજે પણ ત્યાં કુંતામાતાનું રસોડુ, ભીમના પગલા, ભીમની વાટકી જોવા મળે છે.



જસદણ અને ભીમોરાની લડાઈ બાદ ભીમોરા સાવ ઉજ્જડ બની ગયું હતું. એવું કહેવાય છે કે ત્યાં બહારવટિયાઓનો પડાવ રહેતો. ત્યાર બાદ વર્ષો પછી તા. ૫-૧૧-૧૯૭૬માં સ્વ. કરમશીભાઈ મકવાણાએ શૈક્ષણિક સંસ્થાની સ્થાપના કરી. તેમાં વિવિધ વિભાગમાં ૬૦૦ થી ૭૦૦ બાળકો અભ્યાસ કરે છે. ઘણી મુશ્કેલી બાદ ભીમોરાનો વિકાસ થયો.

## કહેવત : 'અઠે દ્વારકા'

એકવાર એવુ બન્યું કે.......... બે મારવાડી રજપૂતો મારવાડથી દ્વારકા જાત્રાએ જતા હતા. પાંચાળ ભોમમાં આવ્યા. ભીમોરાની બાજુમાંથી નીકળતા નાજા ખાચરને ખબર પડતા રાત્રી રોકાણ માટે ગામમાં લઈ આવે છે. બને છે એવુ કે આજ સમય ગાળામાં ભીમોરા ઉપર ચઢાઈ થાય છે. એટલે નાજા ખાચર બંને ભાઈઓને બોલાવી કહ્યું કે "ભાઈઓ, હવે તમે અહીંથી નીકળી જાઓ. નહિતો આજ આ ફોજ તમને પણ મારી નાખશે." મારવાડીઓએ જવાબ દીધો :'નાજા ખાચર ! અમે તમારો રોટલો ખાધો. હવે અમારાથી કેમ જવાય ! દ્વારકા તો કોણ જાણે ક્યારે પહોચશું, અને ત્યાં દર્શન કર્યા પછી કોણ જાણે ક્યારે મોક્ષ મળશે ! એને બદલે આહીં જુદ્ધમાં ક્ષત્રીને બે ડગલે જ મોક્ષ મળશે. વળી સ્વર્ગાપરને માર્ગે તમારા જેવા શૂરવીરોના સાથે ફરી ક્યાંથી મળે ? માટે અમારે તો હવે 'અઠે જ દ્વારકા' મતલબ કે આહીં જ અમારું દ્વારકા. (ત્યારથી આપણા પ્રાંતમાં 'અઠે જ દ્વારકા' નું ઓઠું પ્રચલિત થયું.)

## લાખામાચીનો ઈતિહાસ

કચ્છ રાજયનાં યુવરાજ લાખાફૂલાણી હતા.તેઓના સમયમાં લાખાફૂલાણી બહુ જ બહાદુર અને શૂરવીર હતા. તેમના સમયમાં કોઈ ગુનાનો ખોટો આરોપ લાખાફૂલાણી ઉપર મુકાતાં તેના આરોપસર કચ્છનાં રાજાએ તેમને દેશવટાની સજા કરેલ હતી.

આ દેશવટાની સજા મળતા યુવરાજે કોઈ જ ખુલાસા કર્યા વગર કચ્છ રાજય છોડી દઈને પાંચાળ વિસ્તારમાં આવેલા. આ સમયે લખા ખડા ધાર પાંચાળ વિસ્તારમાં આવેલી છે. ત્યાં આ પથ્થરની ધારમાં માંચડો બાંધીને રહેવા લાગ્યા હતા. આ લખા ખડા ધાર હાલમાં લાખામાચી ગામમાં આવેલી છે. અહી તેઓએ ઘણો સમય વસવાટ કરેલ. અહી એક વાવ/કૂવો પણ છે. જયાંથી પાણી મળી રહે છે. આમ આ લખા ખડા ધાર પાસેના વસવાટ બાદ તેઓએ અહી ગામડુ વસાવ્યું. જેનું નામ તેમના નામ લાખાફૂલાણી પરથી લાખામાંચી રાખવામાં આવ્યું. અહી તેમનો માંચડો હતો .જે હાલ નથી .તેથી આ સ્થળને લાખા- માંથી (માંચડો) તરીકે ઓળખવવામાં આવેલ. અને ગામને લાખામાંચી ગામ તરીકે ઓળખવામાં આવે છે.

## ભકિતવન : ચોટીલા

ચોટીલા ખાતે ચામુંડા માતાના ડુંગરની તળેટીમાં આશરે ૧૨ એકર જમીનમાં ભકિતવનનું નિર્માણ કરવામાં આવ્યુ છે.ભકિતવનને ત્રણ મુખ્ય ભાગમાં વિભાજીત કરવામાં આવ્યું છે. (૧) તુલસી કુંડ (૨)ભકિતવન સંકુલ (૩)પુનિતવન સંકુલ

જે પૈકી તુલસીકુંડનું બાંધકામ તથા તેને ફરતે ૧૦૮ તુલસી કયારા, બે આકર્ષક વનકુટિરના બાંધકામ, મુખ્ય વિશાળ દરવાજો, કલાત્મક અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો ફુવારો, ઓવરહેડ ટેન્ક, બે લોન(ઘાસ)ના વિસ્તાર, રસ્તાઓ પર બ્લોક, કબીગ પગથીયા, તમામને ફરતે રેલીગ(વાડ), ઊપરાંત બે છેડા પર બે વધુ દરવાજા વિગેરેનું આ સ્થળે સુંદરબાંધકામ આવેલું છે.

ભકિતવન સંકુલની વચ્ચે વનકુટિર (વૃક્ષ આકારમાં ) છે તથા તેની ફરતે નવ આદ્યશકિત માતાજીના નવ વનોનું નિર્માણ કરેલ છે.દરેક વનોને ફલાવરબેડ(જાસુદ)થી વિભાજીત કરેલ છે. તથા તેના પર ગ્લેઝ ટાઈલ્સના ટૂકડા વાપરી ૫૧ શકિતપીઠના માતાજીની વિગત સાથે લોકોને જાણકારી મળી રહે તે હેતુથી ગોઠવવામાં આવી છે. વચ્ચે આવેલ પરિસરમાં એક યંત્ર મૂકેલ છે. જેમાં ૫ રૂા નો સિકકો નાખવાથી માતાજીના લોકનો મધુર અવાજ સાથે જ નજીકના વૃક્ષ વાવેતરમાં ગોઠવેલ



ત્રિશુલમાંથી પાણીની ધારાઓનો અભિષેક થાય છે. જેનાથી વાવેતર કરેલા રોપાને સિંચી શકાય એવી સુંદર વ્યવસ્થા ઊભી કરેલ છે.

આ ભકિતવન સંકુલમાં એક તરફ શ્રી.ચામુંડામાતાજી પુષ્પવાટિકા બનાવેલ છે. શ્રી.ચામુંડામાતાજીને ધરાવવાનાં પુષ્પો , કમળ ,જાસુદ, ગુલાબ, વગેરે અહીંથી જ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.એક તરફ ત્રિફળાવન બનાવી તેના ત્રણ ભાગમાં આંબળા, હરડે તથા બહેડાના વૃક્ષોનું વાવેતર કરેલ છે. આ સંકુલમાં એક રોપ વિતરણ કેન્દ્ર બનાવેલ છે. જેમાંથી દર વષે ચોમાસા દરમ્યાન લોકોને જુદા જુદા રોપાઓ વિતરણ કરવામાં આવે છે. ભવિષ્યમાં બાગબગીચાની જાળવણી માટેના રોપા સાચવી શકાય તે માટે પૂનિતવન સંકુલની વચ્ચે વનકૂટિરનું બાંધકામ કરીને તેના ફરતે ચાર વનો (૧) બાળ નિરોગીવન (૨) નક્ષત્રવન(૩) શશીવન (૪) ગૃહવાટિકાનું નિર્માણ કરવામાં આવેલ છે. સંકુલની બન્ને બાજુએ લોનવિસ્તારો–ઘાસના મેદાનો બનાવેલ છે. જેમાં બેસવા માટે બાકડા મૂકી સુંદર વ્યવસ્થા કરેલ છે.

આખા ભકિતવનની વચ્ચોવચ એક ફુવારો મુકેલ છે.જેમાં બે હોસ પાવરની મોટર દ્વારા ફકત જળશકિત વડે તેની ઉપર રાખેલ અંદાજીત ૫૦૦ કિ.ગ્રા. થી વધુ વજનના મારબલનો મોટો ગોળો ગોળ ગોળ ફરે છે જે લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

## પાળિયા (ચોટીલા)

ભીમોરા, પાંચવડા, અકાળા, લાખચોકિયા ગામના ખાચર દરબારોના પાળિયા ચોબારી ગામમાં ઊભા કરવામાં આવેલ છે. જે ગામની વચ્ચે ૩૦ જેટલા પાળિયાઓ ઊભા છે. જેમાં ભીમોરાના શીલવંત ઓઢા ખાચરનો પાળિયો મહત્વનો છે. તેના દ્વારા તેનો સમય જાણી શકાય છે.

સૂર્ય મંદિરના દરવાજા બહાર ૧૭ જેટલા પાળિયાઓ ઊભા છે. જેમાં ૯ પદાતિ અને ૮ રથવાળા છે. જેમાં અમુક સવંત ૧૭૨૨, સવંત ૧૭૨૮, સવંત ૧૭૫૦–૫૨, સવંત ૧૭૬૩ વંચાય છે. અહી મંદિરમાં કયાંકથી લાવેલ એક છુટ્ટો ગધેગાળનો પાળિયો છે

## પાળિયા (થાન)

આ કંકુવર્ણી પાંચાળભૂમિમાં ઇતિહાસને સંઘરીને ઊભેલા કેટલાંક પાળિયાઓ પણ આવેલા છે. પુસ્તકાલયવાળા દરવાજાને છેડે એક ઘોડેસવારવાળો પાળિયો છે. આ પાળિયા પર લખાયેલ લખાણ સ્પષ્ટ વાંચી શકાય તેવું નથી. અન્ય ૧૬ પાળિયાઓ હોવાના ઉલ્લેખો મળે છે. એમાં એક વિક્રમ સવંત ૧૭૫૨નો છે, જેમાં લખાણ છે કે જયારે કચ્છના સૈન્યોએ થાન ઉપરહુમલો કયો ત્યારે વજેરાજજીના પુત્ર શેષમલજીના પુત્ર ગોપાલસિંહજીના પુત્રએ હુમલો પાછો વાળતા એ યુધ્ધમાં મરાયા છે.બીજો પાળિયો વિક્રમ સવંત ૧૭૫૭ ભાદરવા સુદ ૧૩ને શુક્રવારનો છે.તેમાં લખ્યું છે કે મહારાણા અભેરાજજીના પુત્ર વજેરાજજીના પુત્ર શેષમલજીના પુત્ર ઝાલા સંગ્રામસિંહજી ગાયોની રક્ષાથે મૃત્યુ પામ્યા છે. ત્રીજો પાળિયો વિક્રમ સવંત ૧૭૭૬ ભાદરવા સુદ ૧૦ ને બુધવારનો છે. જેમાં લેખ છે કે રાણા અભેરાજજીના પુત્ર વજેરાજજીના પુત્ર શેષમલજીના પુત્ર ઝાલા સંગ્રામસિંહજીના પુત્ર કુમારશ્રી.પ્રતાપસિંહજી થાન ઉપર ચડી આવેલા શત્રુ સામે લડતા લડતા મૃત્યુ પામ્યા . વાસુકિનાગની જગ્યામાં મંદિર બહાર દીવાલને અડીને ચાર પાળિયા મેં જોયા તેમાં એક રથવાળો ,બે સતીના અને એક ઘોડેસવાર કોતરેલો છે. પરંતુએકેયમાં કાંઈ વંચાતુ નથી.

## પાંચાળના પનોતા પુત્ર : રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી

જન્મ :- ૨૮ ઓગસ્ટ ૧૮૯૬ ચોટીલા

નિધન :- ૯ માર્ચ ૧૯૪૦ બોટાદ



વ્યક્તિત્વ :- બહુમુખી વ્યક્તિત્વ

- સાહિત્યકાર
- વકતા
- સંપાદક, લોક સાહિત્યના સંશોધક
- અનુવાદક, સ્વાતંત્ર્ય સેનાની
- પત્રકાર
- ગાયક
- લેખક

હું પહાડનું બાળક છું. મારા વડવાઓનું વતન ભાયાણીનું ગામ બગસરા મારુ જન્મસ્થાન છે કંકુવરણી પાંચાલ ભોમનું કલેજુ ચોટીલા. ચામુંડાના માતાના ચોટીલા ડુંગરીની લગભગ તળેટીમાં, એજન્સી-પોલીસના એ વેળાના અઘોર વાસ લેખાતા થાણામાં મારો જન્મ થયેલો.

મારા મોટેરા ભાઈઓએ મને એ બચોળિયાની દશામાં છાતીએ તેડી તેડી ડુંગર ફરતા આંટા લેવરાવેલા છે.

૧૯૩૧ 'રાષ્ટ્રીય શાયર'

'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !' ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધતુ કાવ્ય, જે વાંચીને મહાત્માજીએ ઉદ્ગાર કાઢયો : 'મારી હાલની સ્થિતિનું આમાં સચોટ વર્ણન છે. આના અનુસંધાને રચાયેલા અન્ય કાવ્યોને અનુલક્ષીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આ અરસામાં મહાત્માજી પાસેથી પામ્યા.

**'કોઈનો લાડકવાયો'**

**રકત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે,**
**કેસરવરણી સમર સેવિકા કોમળ સેજ બિછાવે,**
**ઘાયલ મરતાં મરતાં રે, માતની આઝાદી ગાવે,**
**એની ભસ્માકિંત ભૂમિ પર ચણજો આરસ ખાંભી,**
**એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી,**
**લખજો : ખાક પડી આંહી કોઈના લાડકવાયાની....**

સાબરમતી જેલના તેમના સાથી દેવદાસ ગાંધીએ અબ્બાસઅલી તૈયબજી જેલમાંથી મુક્તિની આગલી સંધ્યાએ શિરસ્તા અનુસાર યોજાયેલા વિદાય સંમારંભ દરમિયાન 'રોયલ રીડર' માસિકના જૂના અંકમાંથી ફ્રેન્ચ કવિયિત્રી મેરી ડીલા કોસ્ટ દ્વારા રચિત અંગેજી કાવ્યનું પઠન કર્યુ. પોતાની આંખોમાં અસહ્ય પીડા હોવા છતાં એ કાવ્યનો ગુજરાતી અનુવાદ કર્યો. જેલની દિવાલોને ઓળંગીને આ કાવ્યે જોતજોતામાં જબરી લોકચાહના પ્રાપ્ત કરી.

**'૧૯૩૮ અખિલ હિંદ ચારણ સંમેલન'**

રાજકોટ ખાતે પાંચમા અખિલ ચારણ સંમેલનમાં હાજરી આપી. હજારો ચારણો વચ્ચે ખડા થઈને મંત્રમુગ્ધ કરતું સુંદર વક્તવ્ય આપ્યુ. એ પુરૂ થતા લિંબડીના રાજકવિ 'શંકરદાનજી દેથા' મંચ પર જઈને મેઘાણીને ભેટી પડયા અને બોલ્યા : 'કળજુગ નક્કી આવી પૂગ્યો છ ભાઈઓ ! નહિતર એક વાણિયો બોલે અને આપણે હજાર ચારણ મૂંગા મૂંગા એને સાંભળતા દોઢ-દોઢ કલાક લગી બેસી રહીએ....એવું બને ખરું ?

ત્યારે મેઘાણીજીએ વિનમ્રભાવે જવાબ વાળ્યો 'હું ત ટપાલી માત્ર છું, આપની વાતો લોકો સુધી પહોચાડું છું.'

એમના સાહિત્ય સર્જનને આપણે જોઈએ તો....

**'લોકગીત'** : રઢિયાળી રાત, ચુંદડી, હાલરડા, ઋતુગીતો, સોરઠી સંતવાણી

**'લોકકથા'** : સૌરાષ્ટ્રની રસધાર, રંગ છે બારોટ, દાદાજીની વાતો, સોરઠી બહારવટિયા, કંકાવટી

**'લોક સાહિત્ય'** : સૌરાષ્ટ્રના ખંડેરોમાં, ધરતીનું ધાવણ, ચારણો અને ચારણી સાહિત્ય, ગીરનું પરિભ્રમણ, લોકસાહિત્યનું સમાલોચન, પરિભ્રભણ

**'નવલકથા'** : સોરઠ તારા વહેતા પાણી, વસુંધરાના વહાલા દવલા, સમરાંગણ, વેવિશાળ, તુલસી ક્યારો

## ભીમોરાની લડાઇ

ચોટીલાથી ત્રણ ગાઉ, થાન સ્ટેશનથી છ ગાઉ, બોટાદ-વીંછિયા રેલ્વેના સ્ટેશન કાળીસરથી ત્રણ ગાઉ અને જસદણથી દસ-બાર ગાઉ એક ભીમોરાનો ગઢ આવેલો છે. એક સમયે અહીં વચન માટે લડાઈ થઈ હતી. એની કથા થોડીક આ પ્રમાણે છે.

એકવાર જસદણની સામે બહારવટે નીકળેલ ટાઢાણા નામના કાઠીને સંઘરવાની ભીમોરાના નાજા ખાચરે ના પાડી. એક તો જસદણ ભીમોરાથી મોટુ એટલે એની સાથે દુશ્મની વહોરવાની કોઈ મુર્ખ માણસ પણ મુર્ખામી ના કરે. એવા સમયે નાજા ખાચરને ખબર પડી કે હૈયાવહાલો ઘોડો જોરાવરીથી ઝુંટવી લીધો. ને બહારવટા સિવાય રસ્તો ના રહયો. સત્યને ખાતર નાજા ખાચરે ટાઢાણા કાઠીને આશરો દીધો.

આ વાતની આ બાજુ જસદણ દરબારને ખબર પડી, એમણે ભીમોરે સંદેશો મોકલ્યો કે “અમારો ચોર કાઢી દ્યો.”

નાજા ખાચરે જવાબ મોકલ્યો કે “ટાઢાણો તો અમારો શરણાગત ઠર્યો. હવે એને ન સોંપાય, એને મેં અભય વચન આપ્યું છે.”

જસદણ દરબાર ચેલો ખાચર જવાબ પી ગયા. ભીમોરા ઉપર ચડાઈ કરવી દોહ્યલી હતી. ભીમોરાને પડખે ચોટીલાના ખાચરોનું જાડુ જુથ ઊભું હતું. એટલે વિચાર કરીને એમણે વડોદરે નજર નાખી, મોટી રકમ નકકી કરીને બાબારાવની મોટી ફોજ પાંચાળ ઉપર ઉતરી આવી. ને ભીમોરા ભણી કુચ આદરી.

ડુંગરની તળેટીમાં નેરાની અંદર રણવાજા વાગ્યા. તે સાંભળી બારીમાંથી નાજા ખાચરે નજર કરી. તોપબંદૂકોથી નેરું હલકી હાલ્યું છે. ભીમોરાને વીંટીને ઘેરો પડયો છે.

આ બાજુ “નાજાભાઈ !” માણસોએ કહ્યું : “આ દળકટકની સામે ટકાશે નહીં, માટે નાઠાબારીએથી નીકળી જાયેં.”

નાજા ખાચરે ડોકું ધુણાવ્યું : “ના બાપ ! જેને જીવ વાહલો હોય એ સુખેથી નીકળી જાય. મારે તો બે ભવ જીવવું નથી. મારી સાત પેઢીને ગાળ બેસે કે નાજો ચેલાના મોઢા આગળ ભાગ્યો. !”

**‘ત્રંબાળું ચેલા તણા, વાગ્યાં કોઈ વહળોય,**

**(પણ) ગરુ ગડકયા નોય, નાઠાબારી નાજીયા’**

(ચેલા ખાચરના ત્રંબાળુ ઢોલ ભયંકર નાદ કરીને ગડડેવા લાગ્યા. પણ 'ચેલા'ની બીકથી ગુરુ નાજો નાઠાબારીમાં થઈને નાસે કદી ?)

આ બાજુ કિલ્લાની અંદર કેવી દુર્દશા મંડાણી ? માત્ર આઠ જ માણસો હતાં અને પાણી ખૂટવા લાગ્યું હતું, નવુ પાણી તળેટીના કૂવા સિવાય ક્યાંય નહોતું. કૂવા ઉપર તો સેના પડી હતી.

આખરે પાણી ખૂટયું. નાજા ખાચરે જીવવાની આશા છોડી. પોતાના બાળબચ્ચાંને ગુપ્ત માર્ગેથી ચોટીલે મોકલી દીધો. પાણી વિના આઠેય જણ  તરફડતા હતા. એકેય ટીપુયે પાણી ન રહયું.

ટાઢાણો કાઠી પણ આ કિલ્લામાં જ હતો. એનાથી તરસ ના સહેવાણી, રાતમાં ઊઠીને એ નાજા ખાચરના હોકાની અંદરનું ગંધાતું પાણી પી ગયો. પ્રભાતે દરબારે એને ફિટકાર દીધો.

તરસથી બેહોશ થયેલાં કાઠીએ ગઢની રાંગ ઉપરથી નીચે કૂદકો માર્યો. દડતો દડતો એ તળેટીમાં બાબારાવની ફોજ વચ્ચે જઈ પડયો. એને ચેલા ખાચરની પાસે લઈ ગયા. એણે મોં પાસે ખોબો ધરીને ઈશારતમાં સમજાવ્યું. એને પાણી પાવામાં આવ્યું.

ચેલા ખાચરે પૂછ્યું ) "ગઢમાં કેટલાં માણસો છે ?"

ટાઢાણે જવાબ આપ્યો : " ફક્ત આઠ જણા."

તરત જ ફોજને હુકમ મળ્યો : "હવે ફિકર નહીં. ગઢમાં નથી દારુગોળો કે નથી માણસો. કરો હલ્લો !

અને સૈન્ય આવ્યું. દરવાજા તુટયા. બરાબર ચોકમાં ધીંગાણું મચ્યું. પોતાની પ્યારી ધૂળમાં રગદોળાતાં એ નાજા ખાચરે કેટલાયનો સામનો કર્યો. પણ આઠ જણા ક્યાં સુધી ટકે ? નાજા ખાચરના શરીર પર ઘણા જખમો પડયા ; એણે ઘણાને સુવાડયા. આખરે નાજા ખાચર બરાબર ઓટાના પગથિયા પર બેસી ગયા. બેઠા બેઠા પણ લડયા. આખરે ઘેરાઈ ગયા.

ભીમોરાનો ગઢ ચેલા ખાચરના હાથમાં ગયો. પરંતુ ત્યાર પછી નાજા ખાચરના પુત્રે એ ગઢ પાછો જીતી લીધો. અત્યારે એ ગઢ મોજુદ છે.

આ આખા પ્રસંગને લગતું એક ચારણી કાવ્ય છે. પાના નં. ૨૦૮ 'સૌરાષ્ટની સરધાર'

એમની વીરતાના ગુણગાન કરતા દુહાઓ આપણને મળે છે. એ માટે 'સૌરાષ્ટની સરધાર' ના પાના નં. ૨૦૬ થી ૨૦૯ સુધી વાંચજો.

# દૂધ–ચોખા

(પાંચાળમાં ભીમોરા અને મેવાસા : બેઉ લાખા ખાચરના બંધાવેલા કિલ્લા : બેઉ એના વંશજો વચ્ચે વહેંચાયેલા. ભીમોરે નાજા ખાચર અને મેવાસે શાદૂળ ખાચર તથા ભોજ ખાચર નામે બે ભાઈઓના રાજ ; બાજુના ગોરૈયા ગામનું પગીપણું (રખેવાળી) બંને ભાઈઓ કરે છે. જો ગોરૈયા લુંટાય તો નુકસાનની ભરપાઈ મેવાસા ગામે કરી દેવી એવો કરાર છે.એવા વખતે ભીમોરાના નાજા ખાચરે ભાઈઓના લીધે ગોરૈયા લુંટયું.મેવાસાના ભોજખાચરે ગોરૈયા સાથેના કરારની પવિત્રતાનું પાલન કરવા પોતાનો પ્રાણ દીધો. એના અનુસંધાનની આ ઘટના છે.)

સામસામા બે ડુંગરા ઉપર બે ગઢ ઊભા છે.એક મેવાસા ને બીજો ભીમોરા.આઘે આઘે એક ખૂણામાં વાદળરંગીહીં ગોળગઢ ઊભો છે.બીજી દિશાએ ચોટીલા ડુંગર પર બેઠેલી દેવી ચામુંડા છાંયો કરી રહી છે.ઓતરાદી દિશાએ ઠાંગા ડુંગરની લાંબી લાંબી ધારો દેખાય છે. ઝાલર પર ડંકા થયા. એવી સાંજના સમયે એક કાઠી થી બોલાઈ ગયુ કે ''હાય ભોજ ! હાય મારા ભોજ!

ગઢની એક ગોખમાંથી બારી ઊઘડી ને અવાજ આવ્યો : ''આપા શાદૂળ ગોકીરા કરીને ડુંગરા શીદ ગજવો છો ? જેને સાદ પાડો છો એનો મારતલ તો સુખેથી જીવે છે.

આ બાજુ આપા શાદૂળને આ વેણ હાડોહાડ લાગ્યું. તલવાર લઈ ભીમોરા તરફ હાલ્યા.

સાંજના સમયે ભીમોરાનુ ખાડુ (ધણ) હારે કાળો કામળો ઓઢીને શત્રુ ઝાંપામાં બેસી ગયો.ગઢમાં દાખલ થઈ ગયો. નાજાખાચરના ઓરડા સામે સંતાઈને એકાંતની વાટ જોતો બેઠો.

આ બાજુ વાળુ ટાણું થયું. નાજો ખાચર બેઠા છે. હમણાં હમણાં એકલા બેસીને ખાઈ લે છે.વાળુ લઈને કાઠિયાણી જમાડવા આવ્યાં.

તાંસળીમાં ચોખા કાઢીને માંહી દૂધ–સાકર નાખ્યા, ચોળીને તૈયાર કયુ, કહ્યુંઃ '' હવે આજ સોગ ભાંગો ?''

'' કાઠિયાણી ! તું મને ગળામણ ખવરાવવા આવી છો ? ભોજ જેવા ભાઈને મારીને હું હાલ્યો આવું છું. હજી એના બારમાના કારજ પૂરા થયા નથી , અને હું મોંમા દૂધ –ચોખા મેલું ?''

કપાળેથી પરસેવો લૂછી નાખીને આપો નાજો બારી સામે જોઈ રહ્યા, વળી બોલ્યા : '' બધુંય નજરે તરવરે છે. ગોરૈયાનો માલ વાળીને હાલ્યા આવીએ છીએ ત્યાં તો ભોજને આવતો ભાળ્યો– એકલ ઘોડે, મારતે ઘોડે ઊભા રો , ચોર , ઊભારો એવા સાદ પાડતો આવે . મેં હાથ ઊંચો કરીને ઈશારે સમજાવ્યું કે પાછો વળી જા પણ ભોજ પાછો વળ્યો નહિ. અમે ઘોડા ઝપથી ચલાવ્યા. સહું એ કહ્યું કે ભોજને આંબવા દેવો નથી.

પણ કાઠિયાણી ભોજ આંબ્યો. બરછી ઉપાડી. મારી ડોક વીંધાવાની વાર નહોતી , ત્યાં તો આપણા માણસોએ ભડાકો કરી નાખ્યો. આજ એને વિસારીને તારા દૂધ–ચોખા ખાવા એ સહેલું નથી .''

ભાણું ઠેલીને નાજો ખાચર ઊભા થઈ ગયા. કાઠિયાણીએ ઠામ ભેગા કરી લીધા. તેવા વખતે ઓરડા સામે સંતાઈને બેઠેલ દુશ્મન ઓરડામાં આવી ઊભો રહ્યો.

''કોણ ,શાદૂળભાઈ ? આવ, બાપ ભલે આવ્યો ''

નાજા ખાચર ,આજ તને આ દૂધ–ચોખાએ બચાવ્યો. તને મારીને મારા ભાઈ ભોજની હત્યાનું વેર વાળવા આવ્યો છું. પણ તારી બધી વાતો છુપાઈને સાંભળી છે. તારી ઉપર હું તરવાર કેવી રીતે ચલાવું ? કાલ મેવાસે આવીને કસુંબો પાઈ જજે.

વેર નીતારીને શાદૂળ ખાચર ભીમોરાને ડુંગરેથી ઊતરી ગયો.

## ભાઈ–બહેનના પાળિયા

ચોટીલાથી ત્રણ ગાઉ પાંચાળમા રેશમિયું ગામ છે. ગામને સીમાડે ભેડાધાર નામની એક ગોળાકાર ધાર છે.ધાર ઉપર બે પાળિયા છે. એક પાળિયો સ્ત્રીનો છે. સ્ત્રીની સાથે બે બાળકો છે : એક આંગળીએ વળગેલું અને બીજુ કેડમાં તેડેલું. બીજો પાળિયો એક ઘોડેસવારનો છે.

કેટલા વરસ પહેલાંની આ વાત હશે તે તો કોણ જાણે? કચ્છ તરફથી એક સ્ત્રી ભેંસો હાકીને ચાલી આવતી હતી.સાથે એના બે છોકરા હતા. વાટમાં ખાવાનું મળ્યું નહોતું.

બાઈ રેશમિયા ગામની સીમાડે આવી.સાંજ પડી ગઈ હતી. તે ટાણે ધાર ઉપર એક ઘોડેસવાર સામો મળ્યો. બાઈએ પૂછ્યુ : ''ભાઈ, મારો ભાઈ રેશમિયો આયર આ ગામમાં છે કે નહિં.

રેશમિયો આયર તમારો ભાઈ ક્યાંથી?

બાપ,બહું વહેલાનો એને વીર કીધો છે.પંદર વરસ થયાં અમે એકબીજાને મળ્યા નથી.ઓણ અમારે કચ્છમાં દુકાળ પડયો છે. ઘરવાળા પાછા થયા છે. મને થયું કે પાંચાળમાં માલ હાંકીને રેશમિયા પાસે જાઉ તો કાળ ઊતરી જવાય.પાણીયે મોંમા નાખ્યું નથી.

હું ઘોડિયે સૂતી હતી તે દીવસોમાં મારા માવતર સોરઠ દેશમાં આવેલા. માર્ગે વગડો આવ્યો.ઝાડને થડ પાસે એક તાજું અવતરેલું બાળક રોતું જોયું. તે દિ અહિંયા પણ દુકાળ હતો. માવતર પોતાના પેટના જણ્યાને રઝળતા મેલીને પોતાનો બચાવ ગોતતા હતાં. એવા કાળા દુકાળને ટાણે મારા માવતરે આ છોકરાને તેડી લીધું.માએ એક થાનેલેથી પેટની દીકરીને

વછોડી નાખી. આ પારકા દીકરાને મોટો કર્યો , કમાતો કર્યો , વરાવ્યો–પરણાવ્યો હતો. એજ મારો ધરમનો ભાઈ રેશમિયો. નોખાં પડયા તે દિ કહીને ગયેલો કે ‘બોન,વિપત પડે તે દિ હાલી આવજે.

આજ વખાની મારી  ભાઈનું ઘર ગોતતી આવી છે.

ઘોડેસવાર વિચારમાં પડી ગયો. પણ પોતે જ હતો. એ બોલ્યો :‘બેન રેશમિયો તો પાછો થયો! ’

‘‘રેશમિયો પાછો થયો ?’ બાઈને ભરોસો ન પડયો. એણે ફરી થી પૂછ્યું.

‘‘હા,બાઈ,પાછોથયો–આઠ દિવસ થયા.’’

‘‘ભાઈ પાછો થયો ?ના,ના થાય નહી.જેના ભરોસે કેટલાં ગાઉ ભૂખ્યા ને તરસ્યા હાલી આવી.એ પાછો થયો. બાઈને બધુંફરતું લાગ્યું. એ લવવા લાગી.ઝાડ–પાનને પૂછવા લાગી કે, ‘‘હે વીર મારો પાછો થયો?’’

ઘોડેસવાર થરથરી ગયો, એને થયું કે નાસી છૂટું પણ એ નાસી ન શકયો.પાગલ બનેલી બાઈએ પછી ચોધાર આંસુએ મરશિયા એક પછી એક ઉપાડયા.

**‘‘ભલકિયું ભેડા, કણસિયું કાળજ માંય,**

**રગું રેશમિયા,વીંધીયું, વાગડના ધણી.’’**

(હે ભેડા, તેં તો મારા કાળજામાં ભાલાં ભોંકયાં. હે વાગડિયા શાખાના આયર, મારી આશાઓને તેં વીંધી નાખી)

**‘‘ઘોડો મૂવો, ઘર ગિયાં,મેલ્યાં મેવલિયે,**

**રખડી રાન થિયાં,(ત્યાં) રોળ્યાં રેશમિયે.’’**

(ઘોડા જેવો મારો ધણી મર્યો. મારા ઘર ભાંગી ગયાં, વરસાદે પણ રઝળાવ્યા.રખડી રખડીને હેરાન થઈ ગયાં,ત્યાં જેની છેલ્લી આશ હતી તે રેશમિયે પણ રોળી દીધાં.)

**‘‘ભેડો અમણો ભા, (જાણ્યો)વાંઢયાને વરતારશે,**

**(ત્યાં તો )વાટે વિસામા રોળ્યા,રેશમિયા ’’**

(આશા હતીકે, રેશમિયો ભેડો મારો ભાઈ છે તેથી દુકાળ પાર ઉતરાવી દેશે ; ત્યાં તો હે રેશમિયા, હે અમારા વિસામા, તે અમારા જીવનને, અમારા આ પ્રવાસને માગે  જ અમને રઝળાવ્યાં.)

**‘‘ભેડા ભાંગી ડાળ, જેને આધારે ઊભતા,**

**કરમે કોરો કાળ, રોળ્યા રેશમિયા !’’**

(હે ભેડા, જેને આધારે અમે ઊભાં હતાં, તે ડાળ જ ભાંગી પડી. હવે કર્મ માં કાળો દુકાળ જ રહ્યો.)

જેમ જેમ મરશિયા ગવાતા ગયાં,તેમ તેમ રેશમિયો ઘોડેસવારપથ્થર બનવા લાગ્યો. ઘોડાના ડાબલા થીજી ગયાં, ઘોડાની આખી કાયા પણ કાળમીઢ જેવી બની ગઈ.અસવારનું લોહી થંભી ગયું. છાતી સુધી પથ્થર બની ગયો ત્યારે રેશમિયો ચીસ પાડી ઊઠયો !

''હે બહેન ,ખમૈયાં કરી જા; હું જ તારો ભાઈ– હું જ રેશમિયો. મે ઘોર પાપ કયુ .હવે દયા કરી જા.''

પણ ચારણીના હાથમાં હવે વાત નહોતી રહી.એના હાથમાથી તીર વછૂટી ગયું હતુ.એ બોલી :

**''ભર દરિયે કોઈ વાણ , ભેડાનું ભાંગી ગયું,**

**પંડ થાતે પાખાણ, રસ ગ્યો રેશમિયા ! ''**

(હે રેશમિયા ભાઈ, તુજ સમુ વહાણ મારે જાણે કે મધદરિયે ભાંગી પડયું. મારું પીં ડ પણ હવે પાષાણ બની ગયું.હવે મારા અંતરમાં રસ ન રહ્યો.)

આમ આખો અસવાર નિર્જી વ પથ્થર બની ગયો.બાઈ એના છોકરા સાથે પથ્થર સમી બની ગઈ.ભેંસો એકલી ભાંભરતી રહી.

## આંચળ તાણનારા

એકવાર કેટલાંક માણસો ધ્રાંગધ્રા તાબાના નગરા ગામનું ધણ હાંકીને જાય છે.એ સમયે ગામની એક દીકરી એમની પાછળ જાય છે.પોતાની વહાલી ભેંસોને છોડી મુકવા કહે છે.એવે સમયે એ ડાકુઓ તે દીકરીની ઠઠા મશ્કરી કરે છે. તેથી એ દીકરી પોતાનો જાન આપી દે છે.જતા જતા પોતાના ભાઈને કહેતી ગઈ કે ચોટીલા જજે મૂળુખાચરને બેનના છેલ્લા ઝાઝા જુહાર કહેજે. ચોટીલાના આ મૂળુ ખાચરને આખી પંચાળ પૂજે છે.એવો એ સિદ્ધ પુરૂષ છે.બીજાના દુઃખમાં જીવ સુધ્ધા દેનારો છે. એનો ભાઈ ચોટીલા તરફ આવે છે.

આ બાજુ સિતેર વરસના મૂળુ ખાચર ગામતરે જતા હતા.એમાં સામે આવતા ઘોડેસવાર પર નજર પડી. પૂછયુ : ''ભાઈ, પાંચાળમાં ઉઘાડે માથે ભમનારો આ કોણ આવે છે ? પાઘડી કે પનિયું કાંઈ કાં નથી બાંધેલ ?

ઘોડેસવાર નજીક આવ્યો. ઓળખાયો : ''આપા, આ તો કેશવદાસ.''

''રામ,રામ આમ ઉઘાડે માથે કાં ?

એ માણસે રામ રામ ન કર્યા.એની આંખમાં આંસુડાં હતાં.

**જોગાહર,જાચણ તણી,ધાર્યુ કાન ધર્યે,**

**કાઠી,કટક કર્યે,મૂળવા,ટીકર મારવે.**

(હે જોગા ખાચરના પૌત્ર મૂળુ ખાચર, યાચકની ચીસને કારણ ધરજે.દળકટક લઈને લૂંટારુંને રોળી નાખજે ! પછી જ રામ રામ કરીશું. પછીજ હું માથું ઢાંકીશ.પાંચાળમાં કોઈ સૂરજ પૂતર રહ્યો નથી ત્યારે જ અંતરિયાળ વગડામાં આપણી બેન–દીકરીયું ઉપર કોઈ નજર બગાડે ને.આજ હું કયાં શૂરવીરની લાજે માથું ઢાંકુ.)

''કેશવદાસ,તમે આ શું બોલો છો?''

''આપા ઝાઝી વાર નથી થઈ.મરતી મરતી એ તમારું નામ લેતી જઈ છે.''

મૂળુ ખાચરની આંખોમાંથી  ઊનાં ઊનાં આંસુ દડી પડયા.

''અમારી દેવભોમ લાજી.પાંચાળનું પાદર શરમાણું. પણ લ્યો, આ કોલ. ત્રણ દીમાં જો હું લુંટારાના ગામને તાવડીમાંથી રોટલો ઉથલાવે તેમ ન ઉથલાવું તો જાણવું કે મૂળુ ખાચર સૂરજ પૂતર નહોતો– તો એના માવતરમાં ફેર જાણજો! ''

બસ,આપા ! તો હવે કસુંબા પીએ! ''

કસુંબા લઈને મૂળુ ખાચર પાછા વળ્યા. ગામતરે ન ગયા. પણ દેવને કરવું  એ રાતથી આપાને માથામાં દુખાવો ઉપડયો. તાવ ચડયો. લુંટારૂનું ગામ તો આઘુ રહી ગયું.સ્વર્ગાપરના દરવાજા દેખાયા.પણ જીવ કેમેય કરીને જાતો નથી.

દીકરાએ પિતાની પથારી ઉપર બેસીને પૂછ્યું : ''બાપુ! જીવ કેમ જાતો નથી ? પાંચાળમાં સહું વાતો (નિંદા) કરે  છે કે મૂળુ ખાચર સતવાદી મોતથી  ડરી ગયો. બાપુ,જીવતરમાં એવડી બધી શી મમતા રહીં ગઈ?''

''બેટા! '' મરતાં મરતાં બાપે દીકરાનો હાથ દાબીને કહ્યું : ''તારો બાપ મોતથી ન ડરે ; પણ મારા જીવતરનું એક કામ રહી ગયું.લૂંટારાને મારવા હતા. આપેલું એક વચન પૂરું થઈ શકયું નહી.''

દીકરાએ આખી વાત જાણી લીધી.કહ્યું : ''બાપુ ! એમાં શી મોટી વાત છે ? બાપનાં કરજ તો બેટાઓ જ કરતા આવે છે.લ્યો, આ પાણી મૂ કું છું કે તમારું તેરમું કરીને ચૌદમે જ દા'ડે  લૂંટારાને માથે મીઠાના હળ જોડાવું.''

''બસ, બાપ !''

''ત્યારે કરો સદ્ગતિ.''

મૂળુ ખાચરનો જીવ ચાલ્યો ગયો.એના  કારજમાં સોરઠની ત્રણેય પરજોના કાઠીઓ ભેળા થયા.ડાયરાને જમાડી તેરમાની સાંજે આપા મૂળા ખાચરની ટેક–વચનની વાત કરી.બધા એ ભેગા મળીને ચડાઈ કરવાનો ઠરાવ કર્યો.

મોડી રાતે સહુ સૂતા ત્યારે એક બુઢ્ઢા ચારણે જવાનને કહ્યું. : ''બાપ,જગત વાતું કરશે.''

''શી વાતું, દેવ ?''

''કે  બાપને વચન આપતી વખતે તો એકલો જશ ખાટી ગયો,અને અંતે ત્રણ પરજુંની(સમાજો)મદદ લઈને ગયો! ''

''દેવ, તમારા વેણ એક લાખ રૂપિયાનાં.'' પ્રભાતે ઊઠીને એણે મહેમાનોને કહ્યું. : ''હમણાં તો સહું પધારો; પછી ચડાઈ કરવાનો દિવસ ઠરાવશું.''

ત્રણેય પરજ વીંખાઈ ગઈ. દીકરો એકલો પોતાનાં ઘોડાં લઈને ચડયો. લુંટારુંનું ગામ ભાંગ્યું, અને કેશવદાસને ઢાંકણિયું ગામ દીધું.

# દુશ્મનોની ખાનદાની

સાતલ્લી નદીના કાંઠા પર પ્રભાતને પહોરે મુંજાસર ગામને સીમાડે પચીસ કાઠીઓનો પડાવ થઈ ગયો છે. એનો સરદાર ચોટીલાના રામા ખાચર છે.ત્રણ દિવસનો પંથ કાપતા જૂના વેર વાળતા માલશીકું ગામ ભાંગીને આજ અહીં આવ્યા છે.

મુંજાસર ગામના ઘણી ભોકાભાઈ છે.માલશીકા ગામ એમનું મામાનું ગામ છે. ભોકાભાઈ રામા ખાચરના ભાઈબંધ છે. કસુંબો પાયા વિના ન જવાય એટલે ગામને પાદર બધા રોકાંણા છે. થોડાં ના પાડે છે. કોઈ કહે છે ભોકાભાઈને મામૈયા સાથે સારા સારી નથી. એટલે ભોકાભાઈને સમાચાર મોકલાણાં છે.

પચીસ કાઠીઓ પોતાના હથિયાર મેલીને સાતલ્લીનાં તેલ જેવા નીરમાં રજભર્યા મોઢા ધુવે છે. તો કોઈ સૂરજની સ્તુતિ લલકારે છે.

**''ભલે ઉગ્યાં ભાણ, ભાણ તુંહારાં ભામણાં,**

**મરણ જીયણ લગ માણ, રાખો કશ્યપ રાઉત''**

( હે ભાનુ, તમે ભલે ઊગ્યા, તમારાં ઓવારણાં લઈએ છીએ ; હે કશ્યપ ઋષિના કુંવર, મૃત્યુ સુધી અમારી આબરૂ જાળવજો.)

**''સામસામા ભડ આફળે, ભાંગે કેતારા ભ્રમ્મ,**

**તણ વેળા કશ્યપ તણા, સૂરજ રાખો શરમ.''**

સામસામા જયારે શૂરવીરો યુઘ્ધ કરતા હોય, જયારે કેટલાયેં બહાદુરોની આબરૂ ધૂળમાં મળતી હોય, તે ટાણે કશયપના કુમાર, અમારી ઇજ્જત રાખજો.

કોઈ વળી ચલાળાના આપા દાનાને યાદ કરે છે, તો કોઈ પાળિયાદના આપા વિસામણને યાદ કરે છે.

આ બાજુ મુંજાસરનો ગલઢેરો ભોકોવાળો રામા ખાચરના સમાચાર સાંભળીને શિરામણ ઉપડાવીને મહેમાનોને છાશ્યું પાવાહાલ્યો આવે છે. સાથે પચીસ–ત્રીસ કાઠીઓનો દાયરો લીધો છે. દૂધ–દહીનાં દોણાં લેવરાવ્યાં છે. સાકર,ચોખા,રોટલા અનેમાખણના પિંડા લીધા છે. હજી માલશીકું ગામ ભાંગ્યાના એને ખબર નથી.

એવામાં એક માણસ જતો દેખાય છે. સાદ પાડવા છતાં ઊભો રહેતો નથી. રામદુવાઈ દીધા પછી એ માણસ લાજ કાઢીને ઊભો રહે છે.એ જણાવે છે કે તમે મામૈયાવાળાના લોહીનો કસુંબો પીવા જાવ છો.વાત જાણી ભોકાવાળાએ ઘોડો પાછો વાળ્યો : ''મને ખબર નહોતી; હવે તો –

**ચડયે ઘોડે ચોટીલો લીઉં, તે દી મુંજાસરનું પાણી પીઉં.**

**ચડયે ઘોડે ચોટીલો લીઉં, તે દી પંલગ પથારી કરું.**

''રોટલા પાછા લઈ જાવ.કૂતરાં–કાગડાને ખવરાવી દિયો,''આ બાજુ સાતલ્લીના કાંઠે બગલાના જેવી લાંબી ડોક કરીને રાહ જોનારાની ડોક દુઃખવા આવી.ત્યાં તો રોટલાને સાટે સંદેશો આવ્યો : ''ભોકે વાળે કહેવરાવ્યું છે કે તમારી તૈયારીમાં રહેજો.અમે ચોટીલાને માથે ચડી આવીએ છીએ.''

''અમે નહોતા ભણતા કે કસુંબો ઝેર થઈ જાશે?'' બીજા કાઠીઓ બોલી ઉઠયા.

રામા ખાચર કાસદ તરફ ફર્યા : ''ભાઈ અસવાર! ભોકાભાઈને કહેજે કે કાંઈ ફિકર નહિ.આવજે– ખુશીથી આવજે. ચોટીલે નો આવે એને દેવળ વાળાની દુહાઈ છે! ''

આ બાજુ ચોટીલાની ડેલીએ રકઝક થઈ રહી છે.રામાખાચરને પેટ દીકરાનો વસ્તાર નથી. બે ભાઈઓ વચ્ચે એકનો એક દીકરો છે. એ કહે છે : ''ના મોટા બાપુ! આજ હું એકલો જ વાર લઈને ચડીશ.મારે ભોકાકાકાને જોવા છે.''

''બાપ ! બાપ ! એવી હઠ ન હોય. તારું ગજું નહિ અને ભોકોકાકો રણસંગ્રામમાં જોવા જેવો નથી. બાપ! હઠ કર માં.'' પણ કુંવરે ન માન્યું.

લાંબાધારની ટોચે આપો ભોકો ને એના મુંજાસરના પાંચસો ભાલાં ચોટીલાના સામૈયાની રાહ જોઈને બેઠા છે.ભોકાએ પૂછયું : '' બા, આ મોવડી કોણ ?''

''આપા એ રામા ખાચરનો ભત્રીજો. પરણીને મીંઢળ હજુ છૂટયું નથી, હો! બે ભાઈ વચ્ચે એક જ છે. વીણી લ્યો.''

ધાર ઉપરથી ભોકાવાળો ઉતર્યો. જાણે ડુંગર માથેથી ધોધ ચાલ્યો આવે છે.પોપટના ઘેરા ઉપર બાજ ઝાપટ કરે તેમ તુટી પડયાં.

રામા ખાચરના ભત્રીજાના શબ ઉપર પછેડી ઓઢાડીને ભોકાવાળો વળી નીકળ્યો.

આહીં દાયરો ઝંખવાણો પડી ગયો.રામો ખાચર બોલે છે : ''એક જણો જઈને મુંજાસર આપા ભોકાને ખબર આપો કે અમેય આવીએ છીએ. એક પછી એક અને છેલ્લે તું અને હું : બે માંથી જે મરે એના દેન બેય દાયરા ભેગા બેસીને દે.''

ભોકાવાળાએ કાગળનો જવાબ વાળ્યો : ''ભા, તમે ઘડપણના રે'વા દેજો. ફેરવણીમાં ઘસાઈ જાશો. અમે જ સામા હાલીને ફરીવાર આવીએ છીએ.''

''કાઠિયાણી,જીવતરના ભરોસા ઓછા છે. પાછા વળાશે નહિ.'' રામા ખાચરે કહ્યું.

''તે તમારી શી મરજી છે ?''

''બીજી તો કાંઈ નહિ, પણ ગીગીનો વિવાહ પતાવી લેવાની. મરણ પરણને ઠેલતું આવે છે.''

''બહું સારૂં, જેવી તમારી મરજી.'' કાઠિયાણીએ લગ્નની તૈયારી કરવા માંડી. માંડ છાંડ, ગારગોરમટી અને ભરતગૂંથણના આદર કરી દીધા.

ગીગીનાં બલોયાં ઉતરાવવાના હતા. તે દિવસોમાં હળવદ શહેરની દોમદોમ સાયબી. હળવદના મણિયારો જેવા ચૂડલા કોઈ ઉતારી જાણે નહી. હળવદમાં મોતીચંદ નામે શેઠ હતા. જે મૂળ તો ચોટીલાના. રામા ખાચર સાથે પહેલેથી નાતો જાળવે છે. ત્યાં પરમાણું મોકલી દીધું.

બન્યુ એવું કે એકવાર બલોયા નાના પડયા, બીજીવાર દોરા–વા મોટા થયાં.

હળવદથી મોતીચંદ શેઠે કહેવરાવ્યું કે : ''બેનને આહી જ તેડી લાવો, સાંજ ટાણે ચોટીલા ભેળા થઈ જાશે.''

વેલડું જોડી, ચાર–પાંચ હથિયારબંધ કાઠીઓ સાથે હળવદ ગયા. બજારમાં જ શેઠનું ઘર. એજ દુકાન હતી. હાટડીમાં દીવાલે દીવાલે અસલ હાથીદાંતના ચૂડલા લટકે છે. બેનના બલોયા એક પછી એક જોવાતા જવાય છે.

''ઊઠો, ઊઠો ! '' અચાનક બોલાઈ ગયું.

''શું થયું ? કેમ ગભરાઈ ગયાં ?''

''શેઠ ઓરા આવજો! '' હળવદના દરબારે એક બાજુ બોલાવીને કીધુ કે : ''મે'માન અમારા પણ છે. માટે રોકવા છે, જાશે તો તમારી પાસેથી લેશું ! રેઢા મેલશો માં ! ''

''મોતીચંદ મામા ! હવે અમને ઝટપટ ઘર જાવા દો. '' દીકરી બોલી.

''બોન બા ! ભાણી બા ! બેટા ! હવે કાઠિયાણી બની જાવ. હવે વેલડું બહાર નીકળે નહિં. કાળ ઊભો થયો છે, એમ થાય તો તો મારે વખ પીવું પડે. અમે જીવતા છીએ ત્યાં સુધી તમારું રુંવાડુંય ન ફરકે.''

દરવાનોને આજ્ઞા દીધી : ''ડેલી બંધ કરો, તાળા મારી દયો. એક અસવાર ચોટીલા જવા નીકળી ગયો.

આ બાજુ ભોકાવાળો કીધાં મુજબ લડાઈ લડવા ચોટીલે આવે છે. જુવે તો રામની મઢીએ કાગડા ઊડે એમ ચોટીલું ઉજજડ દેખાય છે. એટલે........

રામા ખાચરને ગઢપણ છે એ ખરૂં પણ કાગળ લખ્યા પછી જીવ ના બગાડે. નકકી કાંઈક ભેદ છે. નાજભાઈ જાવ, ગામમાં જોઈ આવો,દાયરો શું કરે છે.

નાજભાઈ ગામમાં આવ્યા.પણ આ શું દાયરામાં ઝાંખપ છે. કોઈના મોં પર નૂરનો છાંટો નથી.

હળવદની વાત જાણી. નાજભાઈએ મારતે ઘોડે જઈ ભોકાભાઈને જણાવ્યું કે : ''દાયરો મુંઝાઈને બેઠો છે. એક કોર ભોકાભાઈ ને બીજી કોર હળવદ– બે માંથી પહેલું કયાં પહોચવું ?''

વાત સાંભળીને ભોકાવાળો ઊંડા વિચારમાં પડયો. પછી કીધું કે ''વેર કાંઈ જૂના થોડાં થઈ જાય.દાયરાને ખબર દોકે અમે મળ વા આવીએ છીએ.''

ભોકાવાળાએ જઈને કહ્યું. ''આપા રામા, ઊઠ ભાઈ ! ગીગીને ઊનો વાયે ન વાય. ઊઠ, પછી આપણો હિસાબ આપણે સમજી લેશું.''

ચોટીલા સાથે લડવા નીકળેલા, પણ વેર પડતું મૂકી, સમયને પારખી દીકરીની વાર કરવા હાલ્યા. પાંચસો ઘોડાના અવાજે આભને ચીરી નાખ્યો, સાથે ચોટીલાની સેના પણ જોડાઈ. હળવદના માર્ગે જાણે વંટોળિયો હાલ્યો.

હળવદમાં સાંજ પડી ગઈ છે. મોતીચંદ શેઠ પોતાની છેલ્લી બારીએથી નદીમાં આંટા ખાય છે. ત્યાં તો નદી કાંઠે ભૂરિયા લટૂરિયાં, રાખમાં રોળેલી પહાડી કાયાઓ, તુલસીના પારાવાળા બેરખા અને સિંદૂર આંજયો હોય તેવી રાતીચોળ આંખોવાળા નાગડા બાવાની જમાતના પડાવ થાતાં જોયા. સાથે ડંકા, નિશાન, હથિયાર અને ઘોડાં દેખ્યાં.

શેઠે પૂછયું : બાવાજી, કયાં રહેવું ?

''ચિતોડ ! ''

''કેની કોર જાશો ?''

''ચાકરી મિલે વહાં ! ''

''મારા ઘેર રહેશો ?''

''તુ બનિયા કયા દેગા ! ''

''બીજે શું મળશે ?''

''પંદરા–પંદરા રૂપૈયા. ! ''

''આપણા સોળ–સોળ''

આમ બાવાની જમાત ગામમાં આવી. એ જ ટાણે પગાર ગણી દીધો. ચારસો બાવાની ચોકી વાણિયાને ઘેર બેસી ગઈ.

સાંજ પડી. દરબારનો માનીતો જમાદાર વેલડું જોડી મેંમાનને લેવા આવ્યો. નાગડા બાવાઓને સાચા ભેદની જાણ થઈ, એ રંગમાં આવી ગયા. જમાદારને પાછો જવા ન દીધો.

સામે મહેલમાં ખબર પડી, એટલે નગારે ઘાવ દઈ ફોજ તૈયાર થઈ.

''એકેય બાવો જીવતો રહેવા ન પામે ! '' હાકલ થઈ. એવામાં 'દોડજો ! સેના ! સેના ! દરવાજે નગારાં વાગ્યાં.'

પોણા ભાગની સેના લઈ રાજા દરવાજે દોડયો. જોયું ત્યાં તો દરવાનોની લોથો પડી છે. નદીના વેકરામાં ઊભા માણસો પાછળ ફોજ દોડી. હળવદના સીમાડો વટાવ્યો.હમણાં ઘેરી, પીંખી નાખીશ.

ત્યાં તો તળાવડીમાંથી પાંચસો ભાલાં ઝબકયાં.

હળવદની સેના દરબાર સાથે અહિંયા જ રોકાઈ ગઈ. કટક આવીને જોવે છે તો બાકીનું કામ બાવાની જમાતે પતાવ્યું હતું

''આપા ભોકા, આપા રામા  હળવદનો દરબાર ગઢ રે'ઢો છે'' કેટલાંક બોલ્યા.

''ના,'' બેય જણ બોલી ઉઠયા : ''જે નો દિ માઠો બેઠો હોય એ રાણીવાસ તરફ નજર નાખે. મર લાખોની રિદ્ધિ ભરી હોય. હાલો, પહેલાં મોતીચંદ શેઠની ખબર લઈએ.''

ઓરડામાં પથારીમાં ઘાયલ થયેલાં શેઠ સુતા છે.

રામા ખાચરે શેઠની પગની રજ લઈને માથે ચડાવી. બોલ્યા : ''તું ન હોત તો મારું મોત બગડત.''

આભ સામે આંગળી ચીંધી શેઠે કહ્યું. : ''ધણીની મરજી, આપા !''

પછી, બેય સેના ચોટીલા હાલી નીકળી. સીમાડો દેખાયો એટલે ભોકાવાળાનું કટક નોખું તરીને ઊભું. ''રામા ખાચર, બે'નને ફેરા ફેરવીને વે'લા પધારજો, અમે વાટ જોઈને બેઠા છીએ.''

''વેલડું થંભાવો ! '' દીકરીએ  અવાજ દીધો.

''કા બાપ ! કેમ ઊભું રાખ્યું ?'' બાપુએ પૂછયું.

''બાપુ ! હું ડાકણ છું ?''

''કેમ, દીકરી ?'' ભોકાકાકાએ કહ્યું.

''તમને સહુંને કપાવીને મારે જીવનમાં શો સવાદ લેવો છે?''

''શું કરીએ, દીકરી ? બોલે બંધાણા છીએ.''

''તો પછી મને શીદ ઉગારી ?''

''રામા ખાચર! '' ભોકાવાળો બોલ્યો : ''આ લે તલવાર. તારા ભત્રીજાના માથા સાટે ઉતારી લે મારું માથું   ''

''આપા ભોકા, (દીકરી સામે જોઈ )એવા સાત ભત્રીજાનાં માથાં વાઢયાં હોત, તોય આજ તેં એનો હિસાબ ચૂકવી દીધેછે, ભાઈ ! ''

ને  બેય શત્રુઓ ભેટયા, સાથે કસુંબા પીધા. રામા ખાચરની દીકરીને પરણાવી ભોકોવાળો મુંજાસર ગયો.

એક  વધુ યુદ્ધ દીકરીની સમજણે ટળી ગયું.

# ભકતોની કથાઓ અને ઈતિહાસ

## આપા ગોરખા

(૧)

થાનના મેપા ભગતના વચન પ્રમાણે  જાદરા ભગતને ત્યાં બીજો દીકરો જન્મ્યો. નામ પાડ્યુ ગોરખો. જનમથી જ સંસાર માણવા એ આવ્યાં નહોતા. જાદરાબાપુની જેમ જ ભગતીના મારગે એ તો હાલી નીકળ્યા. થાનની બહાર બાપુની મઢીમાં એતો રહેતા.

એક દિવસની વાત..... ખબરીએ ખબર દીધા : ‘‘બાપુ  થાન પલટાણું ! ’’

‘‘ક્યારે ?’’

‘‘રાતમાં ’’

આ બાજુ કરપડા દરબારની દેહ પડી. ને થાન લખતરનું થઈ ગયું. કોને ફરિયાદ કરવી.

થોડા દિવસ થયા, વિધવા બાઈ જુવાન કુંવર નાજા કરપડાને લઈ થાનકમાં આવી.  લખતરને શે પોગાય ?

‘‘જા બાપ, આ લે નાળિયેર. ઠાકર તને થાન પાછું દેશે. મૂંઝા છો શીદ.’’

થાન બદલાણું. નાજા કરપડાએ બાપની આણ વર્તાવી.ઉલ્લાસમાં ને ઉલ્લાસમાં એણે એક વાડી ગોરખા ભગતની જગ્યામાં અપર્ણ કરી.

(૨)

થોડાં વરસ વીતી ગયા.ભાદરવો મહિનો ચાલે છે. એક દિવસ નાજો કરપડો ઘોડે ચડીને સીમ જોવા નીકળ્યો છે. જોતાં જોતાં એક વાડી જોઈને ઘોડી રોકી. ઊંટ સમાઈ જાય એવડી જાર ઊભી છે. આખી સીમમાં એકજ કટકો સોને કાં મઢયો ?

‘‘આ કોની વાડી ?’’

‘‘બાપુ  જગ્યાની.’’

‘‘જગ્યાની કયાંથી ?’’

‘‘આપણે અરપણ કરેલી છે.’’

‘‘આ કંચન જેવી જમીન સાધુડો ખાશે ?’’

પરબારી ઘોડી આપા ગોરખાની જગ્યામાં હાંકી.ભગતને કીધું : ''ભગત વાડી–બાડી નહી મળે.ખબરદાર જો ડૂંડાને હાથઅડાડયો છે તો !''

સાધુડાં બધાં કકળવા મંડયા.ભગત તો મલકી રહ્યાં : ''હશે બાપ, જમીન તો એના બાપની છે ને . એની છે અને લઈ લેછે. આપણને એનો કાંઈ દખ ધોખો હોય ?''

નાજા કરપડા તરફ ફરીને ભગતે કહ્યું : ''ભલેં બાપ, તું તારી જમીનનો ધણી છો, પણ ઓલ્યું નાળિયેર તને દીધું' તું ઈ તો મારું છે.માટે પાછું દઈ મેલ્ય એટલે અમે હાલી નીકળીએ.''

''ભલેં લંગોટા ! મારું થાન તે શું ગારાનું છે તે તારા નાળિયેર વગરનું વહ્યું જાશે ? આ લે તારું નાળિયેર.''

નાળિયેર પાછું આવ્યું. ઠેઠ જુનાગઢના પડોશમાં રહેતા ખીમા મૈયા નામના મૈયા વંશના આગેવાનને ઓચિંતુ સ્વપ્નું આવ્યું. : ''ખીમા ! ઠાકર તને થાન દે છે.''

મૈયાની ફોજ થાન માથે ચડી. દૈવતહીણ નાજો વગર લડયે ભાગ્યો. કોઈ ઝાડ ઓથે સંતાણો.

ભગતે ખબર લીધી. : ''બાપ નાજા ! અભેમાન કોઈનાં નથી રહ્યાં ; અને નિરપરાધીના નિસાસા લીધ્યે સારાવાટ ન હોય.

(૩)

સીમમાંથી ધા નાખતા ગોવાળો ભગતની જગ્યામાં આવ્યા.ભગતને કીધું : ''આપા ! જગ્યાનું ધણ વાળી ગ્યા''

''કોણ, બાપ ?'' ગોરખા ભગત બોલ્યા.

''મોરબી દરબારનાં માણસું.''

''કાંઈ વાંધો નહિ, ભાઈ ! આપણે એની પાછળ વાછરુંય દઈ મેલો. નીકર કામધેનુ માતાજીયું દુભાશે.'' એમ કહીને એણે વાછરું પણ પાછળ મોકલી દીધાં.

લાકો એવી વાતો કરતા કે : બીજો દિવસ થતાં તો મોરબીથી માલ પાછો આવ્યો. ચોરનારા ચેતી ગયા કે ભગતનો જીવ કોચવાશે તો ઊલટપાલટ કરી નાખશે.

પરંતુ એક ગાય ન આવી.

ભીખો રબારી ધ્રુસકા મેલીને રોવા લાગ્યો કે, ''બાપુ, મારી ગોરહર ગા રહી ગઈ ! મારી ગોરહર વગર હું નહી જીવું.''

''ગોરખા ભગતે મોરબી ઠાકોરને સંદેશો કહેવરાવ્યો : ''ગા વગર ભીખો ઝુરે છે. ગોવાળ અને ઢોરની પ્રીત્યુંનો વિચાર કરો. દરબાર તમને બીજી ઘણીયું ગા મળી રહેશે. અમારી ગોરહરને પાછી દઈ મેલજો.''

મોરબી થી કાંઈ જવાબ ન વળ્યો. ફરી ગોરખા ભગતે કહેવરાવ્યું : ''દરબારને કેજો કે ગોરહરના દૂધ નહિ ઝરે, બાપ ?''

''તોયે દરબારને ડહાપણ ન આવ્યું. અહી થાનમાં બેઠાં બેઠાં હોકો પીતા રાયકાને ભગતે પૂછયું : ''ભીમડા! તારા હાથમાં ઈ શું છે બાપ ?''

''હોકાની નળી છે,બાપુ ! ''

''એનું બીજું નામ શું ?''

''નાળ્ય.''

''હં બાપ ! ઈયે નાળ્ય : બંદુકતોપની નાળ્ય જેવી. કર એને મોરબીની ગઢ સામી લાંબી ,ને માર ફૂંક.''

ભીમડાએ પહેલી ફૂંક દીધી. અને ભગત બોલ્યા : ''શાબાશ ! મોરબીનો ગઢ તૂટયો. હા,બીજી ફૂંક ફરીને''

''વાહ ! એ ....ઘોડાહારના ભુકકા ! બસ એ...કુંવર ઊડયો ! ''

**એ દંતકથાનું ગીત છે :**

ખેરો કાળ ઝમઝાળ ગોરખો ખીજીયો
માલ ગોરખ તણા ન થાય મીઠો.
ગઝબની ચોટ જાદર તણો ગોરખો
દેવાતણ આકરો નતો દીઠો.
કમતિયા કેસરા એમ જાડા કહે
ફૂલ ઘોડે ચડયો હૈયાફૂટયો.
ઘોડાર્યુ બાળ્યને , કુંવરને ઉડાવ્યો
રાજ બોળી દિયે રઝળુ રૂઠયો.
પરગણું બધું નડેડાટ ઉજ્જડ પડયું
કોપિયા માળિયા સરે માટે કયાંથો
મોરબી સરે ખુટામણ નો મટે
મોરબી કૂટતી ફરે માથો
તોળાં કંડોળા(થાન) તણી આવેને કરી આળ
મોરબી સર મહારાજ ! ગજબ ઉતાર્યો તે ગોરખા !

# આપા જાદરા

(૧)

[પંચાળે થાનની નજીક જ સોનગઢ નામે ગામ છે. અહી આપા જાદરા નામે એક ભગત થઈ ગયા. જે આપા રતા(મોલડી)ના જમાઈ થાય. તેઓ આપા ગોરખાભગતના બાપુ(પપ્પા)હતા. એમના જીવનમાં કેટલાંક પ્રસંગો બની ગયા.જેમાંના થોડાંક વાગોળીએ.]

''એ આપા જાદરા ! અમે તારી ગા' કહેવાઈએ. ભલો થઈને મારી ઘોડી પાછી દઈ દે. હું તારા પગમાં પડું છું.''

''ભલેં બાવાજી ! તું ઠાલો મફતનો રગરગ મા,ઘોડી તને નહી મળે.તારે ભેખધારીને વળી ઘોડું કેવાનું ?''

''અરે આપા, બીજું કાંઈ નહિ, પણ મેં ને મારા છોકરાએ એને જીવની જેમ મોટી કરી છે.''

''હવે ડખડખ કરતો ભાગ્ય ને આહીથી.ભાગી જા નીકર પરોણો ખાઈશ.''

આખા ગામને થથરાવનાર એ જાદરો આજે એક ગરીબ બાવાની સુંદર ઘોડી લઈ જાય છે.અત્યારે બાવાજી અને જાદરાની વચ્ચે રકઝક ચાલે છે. પહેલેથી જ કમાડની આડશે ઊભી ઊભી આપા જાદરાની ઘરવાળી માંકબાઈ રોટલા કરતાં કરતાં એઠે હથ્થે આવીને ધણીને કહે છે : ''એ કાઠી! ગરીબની આંતરડી કકળાવ્યમાં; આમાં આપણી સારાવટ નથી.''

''ઊભી રે'જે ભગતડી ? નાના મોઢે મોટી વાત કરવા મંડી છો.'' કાયમની જેમ ભલાઈનો પક્ષ લેનારી,ધણીને સાચો મારગ ચીધનારી માંકબાઈના વેણ જાદરો સહન કરી ન શકતો. કાયમ સારાઈ–ભલાઈને લઈને પતિ–પત્નિને રકઝક થાતી રહેતી.

બન્યું એવું કે બીજા દિવસે જાદરાના ચાર બળદમાંથી એકને સર્પે ડંશ દીધોને, બળદના રામ રમી ગયા.

આપા રતાની દીકરી માંકબાઈએ મીઠે કંઠે પતિને કહ્યું : ''લે કાઠી,કાઢય કમાણી ! કાલ ઓલ્યો બાવો આપણે આંગણેથી ફળફળીને ગયો, એના ફળ આપણને મળ્યા. લાખેણો ઢાંઢો ફાટી પડયો.ગરીબની ધા લેવી સારી નથી કાઠી વિચાર વિચાર.''

''મોલડીએ જઈ તારા ભગતડા બાપ પાસેથી એક ઢાંઢો લઈ આવ.નીકર ભૂખે મરશું.'' જાદરાના વેણ વાગતા રહ્યા.

એક તો ધણીનો સંતાપ,એને માથે સાસુની કનડગત. વારે વારે ઘમરોળ મચે છે. પિયર જઈ વારેઘડીએ માંકબાઈ ખરચીનો જોગ કરતા રહે છે.

પણ...... આજ તો માંકબાઈ ગળોગળ આવી રહી હતી.શું કરવું તે સૂઝતું નહોતું.પ્રભાતને ટાણે મોલડી ગામની રબારણ થાનમાં ઘી વેચવા ઘીના તાવણો લઈ લઈને આવેલી.તે બધી જાદરાને ફળિએ બે'નના ખબર કાઢવા આવી. ''માંકબાઈ બે'..ન....ઓ ભગતને કાંઈ સમાચાર દેવા છે?''

માંકબાઈને તો સાક્ષાત માવતર જ મળવા આવ્યા હોય એવી લાગણી થઈ, ને એની છાતી ભરાઈ આવી.

એણે કહ્યું : ''ઊભાં રો'. હું તમારી સાથે જ આવું છું.''

ઓરડામાં સાસુને જઈને કહ્યું : ''ફુઈ! હું મારે માવતર જાઉં છું.''

''પણ જાદરાની રજા વગર....''ફુઈએ કીધું.

જાદરાની રજા વગર જાય છે એટલે રસ્તામાં એને જંપ નથી.પેટમાં ફાળ બહું મોટી છે. ઘડીએ ઘડીએ પાછળ જોતી જાય છે.

આ બાજુ ઘેર પહોંચતા માંકબાઈને જાદરાએ જોયા નહી. એટલે આજ કટકા કરું એવાં ભાવથી પાછળ પાછળ તલવાર લઈને ઘોડી દોડાવી.સીમના માણસો જાદરાને વારવા લાગ્યા. માંકબાઈ જીવ લઈને નાઠી.

પણ આ શું.... જાદરાની ને માંકબાઈની વચ્ચે અંતર ભાંગતું જ નથી. સહુ વાતો કરવા લાગ્યા કે આ તે શી લીલા ?

બીજાએ કહ્યું : ''ભાઈ, કોની દીકરી ! આપા રતિઅલનાથની ! ગેબીનાથના ચેલા આપા રતા !...''

એમ કરતાં કરતાં મોલડી અને ઘર પણ આવી ગયું.મા એ દીકરીને સોડમાં લઈ લીધી. આપા રતાના હાથમાં માળા ફરી રહી છે. ત્યાં તો કાળઝાળ જાદરો આવી પહોંચ્યો. આખા શરીરે પરસેવો નીતરી રહ્યો છે.ઘોડી દોડાવી દોડાવીને થાકી ગયો છે. તોય માંકબાઈને આંબી નથી શકયો તેની મર્મવેદના પણ એને વીંધી રહી છે.

આવ બાપ ભાણેજ ! કહી, જાદરાને આપા રતાએ પાસે બેસાડયો. સાંજે એક ભાણે બન્ને જણાં વાળું કરી. આ બાજુ જાદરાને પણ લાગ્યું કે મામા સાગરપેટા છે.

ખેતરમાં તલ ઊભા હતા. એટલે રાત પડયે રખોપું કરવા ભગત રાતવાસો કરવા જંગલમાં રહેતાં. એમની સાથે જાદરો ગયો. જાદરો સુઈ ગયો, ને આપા રતા ભગતે ગેબી માળા ચાલું કરી દીધી.

અડધીક રાત થઈ, આપા રતા ભગતે સાદ દીધો. : ''અરે ભણેં મોતીરામ, એ મોતીરામ ! ''

''આં... હાં... ઊંહ ! '' એવો ઘોર અવાજ સંભળાયો.

ભગતે ફરીવાર સાદ દીધો. : ''અરે મોતીરામ ! ભણેં તાપવા હાલો તાપવા ! મઉ થાવમાં, નીકર સવારે ઠરુંને ઠીકરું થઈ રે'શો.''

ભગતના શબ્દો જાણે સમજતા હોય એમ એક સાવઝ સામા ડુંગરની ઝાડીમાંથી નીચે ઊતર્યો.

''આવો ! મોતીરામ ! આવો બાપા ! '' એમ કહી ભગત પંપાળવા લાગ્યા.સાવઝ નાના ગલુડિયાની માફક ભગતના પગમાં આળોટવા લાગ્યો. કયાંય કાંટો તો નથી લાગ્યોને ? ને ભગત કાંટો કાઢવા મંડયા.

''હા, અને આજ ગંગારામ કયાં ગયો છે ? ''

''ગંગારામ એ.... ગંગારામ ?''

પૂછડું માથે લઈને બીજો  સિંહ ઊતર્યો.  પછી તો બંને સિંહ ભગતના પગમાં આળોટવા મંડયા.

વાતોમાં ને વાતોમાં  એક પહોર વીતી ગયો.  જાવ કાલ પાછા આવજો. ત્રીજે પહોરે બેય સિંહ આળસ મરડીને ઊભા થયા.

રાતે જરાક અવાજ થતા આ બધુય જાદરાએ  સુતા સુતા નિહાળ્યું. એ જમઝાળ લુંટારાએ અધરાતે બે વિકરાળ સિંહોનેપોતાના સસરાના પગમાં આળોટતા જોયા, એના રોમે રોમેમાંથી પરસેવાના પાણી નીતરી ગયા.ઊઠીને, કાંઈ બોલ્યાચાલ્યા વગર, જાદરો પ્રભાતે ભગતના પગમાં પડી ગયો.

કાંઈ જાણતાં નથી એમ ભગતે ખભે ગોદડા નાખીને  મામો–ભાણેજ ગામમાં આવ્યા.

(૨)

પછીતો જાદરાને લાગ્યું કે આ કોઈ સામાન્ય ઘટના નથી. કાંઈક ભેદ છે. જાણવો જોઈએ.ને એમ મોલડીના આટા ચાલુ થઈ ગયા.

''કી બાપ જાદરા! અટાણમાં કા સારુ આંટો ખાધો ?''

''મામા, કાલ સાંજે વાછરુ વગડામાં રહી ગયું. તે ગોતવા નીકળ્યોતો.''

એમ રોજ અંધારે સોનગઢથી મોલડીનો પંથ શરુ કરી દીધો. પ્રભાતે ભગતના ચરણમાં માથું ઝુકાવે છે.  તરત જ પાછો વળી નીકળે છે.કે તોય રોકાતો નથી.

પણ... પાંચમા દિવસે મામાએ કાંડુ ઝાલીને પૂછયું : ''નિત્ય ઊઠી દસ ગાઉનો પંથ શીદ કાપો છો ?''

''કાંઈ નહિ મામા તમણાં દરશન સાટુ! મામા મેં નીમ લીધું છે, રોજ પ્રભાતે તમણાં દરશન કર્યા પછી મોંમાં દાતણ નાખવાનો. ''

ખડ ખડ ખડ ખડ દાંત કાઢીને ભગત બોલ્યા. : ''જાદરા દાખડો રે'વા દે. આ મારગ કઠિન છે.''

જાદરાની મકકમતા જોઈ આપા રતા ભગત બોલ્યા : ''હું શું તને મારગ બતાવવાનો ? તારા થાન ગામમાંજ મારગ બતાવનાર મેપા ભગત  છે ને! '' ને જાદરો ચાલ્યો ગયો.

(૩)

થાન ગામના કુંભારવાડામાં મેપા ભગત ફેરણી વડે ચાકડો ગોળ ગોળ ફેરવે છે.સાથે સાથે ભજન લલકારતા જાય છે. એવે પ્રભાતને ટાણે ગળામાં માળા નાખીને જાદરો આવી પહોંચ્યો.એણે મનમાં ઠાન્યુ હતું કે ગમે તે થાય પણ એવી કઈ શક્તિ છે, જેના થકી કલ્પી ન શકીએ એવા કામ કરી શકીએ.એની ઓળખ મેળવવી.  એણે આવીને કહ્યું : ''ભગત, રામ રામ !''

જાદરાને જોઈ ઘરની વહું દીકરીઓ સરખી થવાં લાગી.જાદરાની છાપ આ પંથકમાં બહું સારી નહી.

''રામ રામ ! આપા જાદરા.'' એમ ભગતે રામ રામ તો કર્યા પણ અંતરમાં ફાળ પડી : આ કાગડાના મોંમાં આજ રામ કયાંથી ? અને આ આખા મલકનો ઉતાર આજ મારે ફળિયે શીદ આવ્યો હશે ?''

જાદરો ચૂપચાપ બેસીને ચાલ્યો ગયો. એમ બીજે દી,ત્રીજે દી અને ચોથે દિવસે જયાં જાદરો આવ્યો કે તરતજ મેપા ભગતેબાવડે ઝાલ્યો : ''આપા, રોજ રોજ આંહી શીદ આંટા ખાવ છો ?''

''કાંઈ નહી, ભગત ! સુવાણે તમારો સત્સંગ કરવા.''

''સત્સંગ ! તારે સત્સંગને શું લેવા દેવા, આવ્યો ઈ આવ્યો, પણ જો હવે આવ્યો છે તો આ ફેરણીએ ફેરણીએ વાંસો ખોખરો કરી નાખીશ.''

''બહું સારું, ભગત ! અંદર નહી આવું.'' એટલાં સુંવાળા શબ્દો બોલીને જાદરો ચાલ્યો ગયો.

બીજા દિવસનું પ્રભાત પડયું. ભગતે ચાકડો ફેરવતા ફેરવતા પ્રભાતિયું (સવારે ગવાતું ભજન) ઉપાડયું :

રૂદિયામાં રે'જો ! એ જી મારા રૂદિયામાં રે'જો ! ભગત ગાતા ગાતા વાસણો ઉતારે છે.એવે ટાણે દીકરીએ આવી કહ્યું : ''આતા, કોક તરડમાંથી છાનુંમાનું ડોકાતું લાગે છે.''

ભજનના સૂર ભાંગી પડયાં. ધૂંધવાતે હૃદયે ખડકી ઉઘાડી. જુએ તો જાદરો.

કાંઈ પણ બોલ્યા ચાલ્યા વગર, ભગતે ચાક–ફેરણી ઉપાડીને જાદરના બરડામાં ફડ ! ફડ ! ફડ ! એમ ત્રણ વખત ઠબકારી દીધી.

જાદરો બેવડો વળી ગયો, પણ મોંની એકપણ રેખા બદલાઈ નહી. જેવો હસતો હતો એવો જ હસતો રહ્યો.

''જાછ કે નહી ? '' ફરી ત્રાડ દીધી.

''નહિ જાઉં. હવે તો નહિં જ જાઉં.'' એમ કહી જાદરે ભગતના ગારાવાળા પગ ઝાલી લીધા.

ભગત ટાઢાબોળ થઈ ગયા. જાણે ચંદનનો લેપ થઈ રહ્યો હોય એવું પગમાં થવાં લાગ્યું.ભગતે જાદરાનું લલાટ વાંચી લીધું: ''બાપ જાદરા સીધ્યો ?''

''તમારી દયાથી.''

બાપ નાના બાળુડાને તેડે એમ ભગતે જાદરાને છાતીએ લઈ લીધો.માથે હાથ મેલ્યો. જાદરાને ઝણણણ ઝાલરી સંભળાવા માંડી. એની પીઠ પર હાથ મેલ્યો ત્યાં તો જાદરાની સુરતા જગતભરના ચોકમાં રમવા માંડી. એક ઠગ, ડાકુ, લુંટારો જાદરો મરી પરવાર્યો. ને ભગત જાદરાનો જનમ થયો. જગતને ફરી એક વાર વાલિયામાંથી વાલ્મિકી મળ્યા.

(૪)

જાદરા ભગતના જીવનમાં પછીતો ઘણાં પ્રસંગો બન્યા, પણ એમાંથી મુખ્યને જોઈએ તો.....

ભગત બન્યા પછી જાદરાજીએ તલવાર, ઘોડો મૂકી દીધો છે. અને હાથમાં કરતાલ અને માળા ઝાલી લીધા.ગળામાં ગાળનો શબ્દ બદલાઈને ભજનમાં રૂપાંતરીત થઈ ગયો છે.એક દિવસ એવું બન્યું કે........

પડોશમાં એક સ્ત્રીનો દીકરો ફાટી પડયો. જાદરા ભગતે મેપાભગતને વાત કરતાં પોતાના દીકરાનું આયખું દઈ દો એમ કહ્યું. જાદરા ભગત એકના એક દીકરાને એના સાટે મોટા ધામ મોકલીને પેલી સ્ત્રીને રાજી કરી દે છે. (ઝવેરચંદ મેઘાણી પણઆ વાતને લખે છે.)

**આયો કંડોળે અલખ, સત ધાનડ સરઠે**

**મુંવા મડાં ઝકે, તેં જીવાડયાં જાદરા.**

બીજુ મેપાભગતને જયારે થાન રાજાના માણસો વડલા સાથે બાંધે છે.જમવાનો હજી કોળિયો હાથમાં હતો, ત્યાં આ સમાચાર સાંભળતા મારતે ઘોડે થાન આવે છે.મેપાભગતની દશા જોઈ મન કોચવાય છે. થાન રાજની દશા બગાડે એવું કોઈ અવળું વેણ બોલવાની મેપા ભગત ના પાડે છે. જાદરા ભગત કહે છે : ''અવળું વેણ તો બીજું શું બાપુ ! પણ તમને બાંધ્યા તોય હજી આ વડલો કાં લીલો રહ્યો ?''

એમ કહેવાય છે કે, થાનગઢનો એ વડલો સુકાવા લાગ્યો. એની આખીયે ઘટા ભસ્મ થઈ ગઈ.

મેપા ભગત કહે : ''હાં ! હાં ! હાં ! બાપ જાદરા જો. ગજબ ના થાય. લાખોના પાલનહાર(રાજા)માથે સેવક ના જાય, હો બાપ ! નીકર પીરાણું વગોવાશે, અને આપણે કાળમુખા કહેવાશું.''

એ શાપિત વડલો જે તે સમયે લોકો બતાવતા ને આ વાત પણ કરતા.

ત્રીજી વાત પાંચાળના ગામે ગામ દયા–દાનનો બોધ દેવા જાદરો ભગત જતા હોય છે. એકવાર આણંદપર ભાડલા ગામે આવી પહોંચ્યા છે.ત્યાં એક વિધવા બાઈ નાનપણથી જ બેય આંખે અંધ એવા છોકરાને આપા જાદરાની પ્રસાદી લેવા આગળ કરે છે. આપાનો હાથ માથે મૂકાય છે, ને અંધ છોકરો દેખતો થાય છે. (પહેલાંના સમયમાં સાધુઓ એવી દિવ્ય ઓષધીઓ સાથે રાખતા હશે.) દેખતો થયેલો એ છોકરો એટલે આપા દાના. પછી દાના ભગત બની માની રજા લઈ સાધુ જીવન ગાળે છે. છેલ્લે સતનું આધાર સતાધાર ગામ વસાવીને ત્યાં રહે છે. આજે સતાધાર ભારતભરમાં પ્રસિઘ્ધ છે.

જાદરા ભગતના પરચા વિશે દુહાઓ છે.

**'પાદર જે મૈકા તણે, કણ કણ સજિયા કોઠાર,**

**જાદર જેજેકાર, ધરા બાધીમાં ધાનાઉત'**

**ભગતે દાળીદર ભાંગીયાં, થાનક વાતુ થાય,**

**મોઘરિયા સાટે ગાય, ઝોપી આપે જાદરે.**

# મોલડીના સંત :આપા રતા

**'રતા ભગતી રાખવા જ્ઞાન આપીયા ગૂઢ,**

**જાલો જયતો ને જાદરો, ત્રણેય તારિયા તુંડ'**

રાજકોટથી ચોટીલા જતા બામણબોર પાસે મોલડી ગામ આવેલું છે. આપા રતાની જગ્યા ગામની ધારે આવેલી છે. આ જગ્યામાં બાવનવીર હનુમાનજીની પૂજા થાય છે. તેની સ્થાપના આપા રતાએ કરી હોવાનું માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં આ એકમાત્ર આ જગ્યા છે જયાં બાવનવીર હનુમાનની પૂજા થતી હોય.

ઘેલાશાના બરવાળા પાસેના કુંડળ ગામેથી કાઠીના ત્રણ કુટુમ્બ નીકળ્યા. એક વિછીંયા પાસે સાલવડા (હાલનું અમરાપર)ત્યાં ગયું. બીજુ કુટુમ્બ ચુડા પાસે ચોકડી રોકાણું અને ત્રીજું કુટુમ્બ ઠાંગામાં આવ્યું. જેના આગેવાન હતા વિહો ખાચર.

વિહા ખાચર બહુ દયાળું. પાંચ–પચીસ માણસોનું ભોજન તો અમથુંય હોય. એમની ઓથમાં બીજા લોકો દંગા નાખીને રહે. એ વખતે ઠાંગામાં એક સંત બિરાજતા હતા. દાદા મેકરણ પાસે ગધેડો ને કૂતરો એમ આમની પાસે પાડોને કૂતરી.પાડા ઉપર વિવિધ ખાના મુકાઈ જાય. ગામલોકો એમાં લોટ,દાળ,ગોળ જે તે ખાનામાં નાખે. કૂતરી પાડાને ગામમાં ફેરવી આશ્રમમાં હાલી  નીકળે. એમ સંતનું સદાવ્રત હાલે. ઠાંગાના માણસો એટલાં પ્રેમાળ કે, પાડાને સોનાનું નાકર બનાવી દીધેલું.

એક દિવસ એવું બન્યું કે... વિહા ખાચરની ઓથમાં રહેલાં કેટલાંક માણસોને અવળી કમતી સુઝી. કૂતરીને તલબાવરડાનું ઝરડું મારી ભગાડી. ને પાડાનું નાકર પડાવી લીધું, લોટનો ખડિયો ખંખેરી લીધો.

તપાસ કરીને સંતે વિહા ખાચરને તેડાવ્યા.સાથે રહેલાં મોટા દિકરા ઉપર સંતની દ્રષ્ટિ પડી. એ જ આપા રતા.

સમય જાતા વિહા ખાચર અવસ્થાએ પહોંચે છે. બધો વહીવટ આપા રતાના હાથમાં આવ્યો. એ વખતના લોકો લોંઠકા માણસોનો આશરો ગોતતા.ધીરે ધીરે માણસો વધી ગયા, એક દિવસ બધા ભેળા મળી આપા રતા પાસે ગયા. પોતાના ઝુંપડા ઉપર નળિયા નાખવાની વાત કરી.

નળિયા નાખવા માટે થાનથી કુંભારોને બોલાવ્યા.એક દી અચાનક વરસાદ આવે અને થાનના મેપા ભગતની નાસ્તિક એવાઆપા રતા મશ્કરી કરે છે. પણ વરસાદમાં નળિયા પલળતા નથી. એ જોઈ આપા રતા પણ ભક્તિના મારગે વળે છે. બધો વહીવટ નાના ભાઈને સોંપી દે છે.પરસેવો પાડીને ગુજરાન ચલાવે છે.

**'રતા ચાકર રામકા, ખરા મશારા ખાય,**

**પરસેવો પાડયા વિના, કદી ખપે ન કાય.'**

એકવાર વડલીવાળા ખેતરમાં હળ ફસાય છે.જુએ તો સોનાના ચરૂ.જયાં જયાં હળ ચલાવે ત્યાં ચરૂ.આપા રતા ઘેર આવતા રહે છે.રાત્રે માયા(લક્ષ્મી) સપનામાં ઘેર આવવાનું કહે છે. ત્યારે મારે કાંઈ જોતું નથી. આવવુ જ હોયતો દીકરી થઈનેઆવો એમ માગે છે.૫૫ વરસની ઉંમરે દીકરીનો જનમ થાય છે.

અવસ્થાએ આંટો લીધા પછી યાદ આવ્યું કે હું દ્વારિકા ન ગયો. શ્રદ્ધાળુઓ રાજી થયા અશ્રદ્ધાળુઓ ઠેકડી કરે છે. ભાભાને અત્યારે દ્વારિકા સાંભર્યું. એક દી મૂરત જોઈ હાલી નીકળ્યા.વળાવીને ગામ પાછું વળ્યું.

હાલતાં– હાલતાં પાંચ–દસ ગાઉ ગયા. નદીના કાંઠે વડ નીચે બેઠા. ત્યાં એક માણસ ખબર અંતર ગામ–નામ વગેરે પૂછેછે. પછી એ માણસ દાંત કાઢે છે.

''કેમ દાંત આવ્યા ?'' એમ ભગત પૂછે છે.

''ન આવે ! તમારી સ્થિતિતો જુઓ. કયાંક રસ્તામાં રહેશો.''

''જેવી હરિની મરજી, મારે દ્વારિકા જવાનું છે. પોગાડે કે ના પોગાડે બધી એના હાથની વાત છે.''

આટલું બોલવાનું કરે ત્યાં તો તેજનો પૂંજ વછુટયો. જોયું તો સાક્ષાત હરિ.

એમણે કહ્યુ : ''ભગત તમારી યાત્રા પૂરી થઈ ગઈ. ઘરે જાતા રહો.''

''પણ મારું કોણ માને ? કે મેં તમારા દરશન કર્યા.''

ને બેય બાવડા ઉપર છાપુ લાગી ગઈ અને હનુમાનજી સાક્ષી પૂરશે. એમ કહેતા ભગત પાછા વળ્યા. ગામ લોકો દ્વારિકાની છાપુ જોઈ અચંબા પડયા.

કૃષ્ણ દર્શનથી ભગતની કીર્તી વધી ગઈ.સામૈયા કર્યા. ગાતા ગાતા ગામમાં ફરે છે. એમ ફરતા ફરતા પાદરે આવે છે. એક ટેકરા ઉપર આવી કહે છે : ''અહી ખોદો.''

ખોદતાની સાથે જ હનુમાનજી દેખાણા. એક પછી એક બાવન હનુમાનજીની મૂર્તિ સીંદુર ચડાવેલી નીકળી. ત્યાં રામકથાનું આયોજન થયુ. પછી બાવન હનુમાનની જગ્યા બાંધી. પોતાની તમામ જમીન આ જગ્યાને આપી દીધી.

ભાદરવા સુદ સાતમ આપા રતાની તિથીના દિવસે અહી મેળો ભરાય છે, અને હનુમાન જયંતિનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવે છે. પ્રાચીન અને ઐતિહાસિક સ્થળની અંદર આપા રતાની સમાધિ આવેલી છે.અને તેમના પછી થયેલા સંતોની દેરીઓ પણ છે.

## અનંતેશ્વર મહાદેવ (આણંદપુર–ભાડલા)

ચોટીલાની દક્ષિણે લગભગ ૨૫ કિ.મી. દુર ઠાંગાની ટેકરીઓના નીચાણમાં આવેલું આણંદપુર અણહિલવાડના રાજવીઓનુંએક થાણું હતું. અહીંનું વિખ્યાત અનંતેશ્વર મહાદેવનું મંદિર સિદ્ધરાજ જયસિંહે બનાવ્યાનું કહેવાય છે. પણ લોકમુખનીવાતો કહે છે કે, તેનું નિર્માણ ૧૦૬૮ વિક્રમ સવંતમાં અનંત કે આનંદ ચુડાસમાએ કર્યુ હતું. મહંમદ ગઝનીની ચડાઈઓનો ભોગ આ મંદિર પણ બન્યું હતું.

## અવલિયા ઠાકર

પાંચાળના મધ્ય બિંદુ સમા થાન પરથી નજર ફેરવીએ તો ચારે તરફ ધર્મસ્થાનકો નજરે ચડે છે. ચોટીલાથી થાન જતા ૧૫ કિ.મી.ના અંતરે અવલિયા ઠાકરની જગ્યા આવેલી છે. નાની એવી ટેકરી ઉપર આવેલું સ્થાનક પરથી નજર દોડાવીએ તો એક બાજુ થાન, બીજી તરફ નવા સૂરજદેવળ અને મા ચામુંડાના દર્શન થાય છે. મોટાભાઈ ભરવાડ જ્ઞાતિનું આ તિર્થસ્થાન છે.

એવી લોકકથા છે કે અહીયા અવલમાં નામની સ્ત્રીએ ઠાકરની સ્થાપના કરી હતી.ત્યાં એકવાર સમૂહ મંડપ રચીને એકસાથે ૭૦૦ કન્યાના લગ્ન કર્યા હતા.એ વખતે ઘીના અવેડા ભરી સૌને ભોજન કરાવ્યા હતા સાથે સાથે મોટો ઉત્સવ પણ કર્યો હતો.

– અવલિયા ઠાકર પાસે બાબરાભૂત વાળા પથ્થરો હોવાની લોકવાયકા છે.

– સુરભી કાર્યક્રમમાં આ સ્થાનનો ઉલ્લેખ થયેલો છે.

– આદિ માનવના અવશેષ પણ મળી આવ્યા છે.

## પંચાયતન મંદિર.....

ગામ : પરબડી, તાલુકો : ચોટીલા

સેજકપરના નવલખા મંદિરને આ મંદિર મળતું આવે છે. મુખ્ય મંદિરની બન્ને બાજુ બે નાના મંદિર અને બીજા બે મુખ્ય મંદિરની દક્ષિણ–પૂર્વ અને ઉતર–પૂર્વ આવેલ છે. આમ મુખ્ય મંદિરની સાથે અન્ય ચાર મંદિરોના સમુહથી પંચાયતન મંદિર બને મુખ્ય મંદિર શિવનું તથા તેની આજુબાજુના એટલે કે દક્ષિણ–પશ્ચિમનું મંદિર વિષ્ણુંનું અને ઉત્તર–પશ્ચિમનું મંદિર સૂર્ય અથવા બ્રહ્માનું હોવાનું અનુમાન છે. મુખ્ય મંદિરની દક્ષિણ–પૂર્વ અને ઉતર–પૂર્વે આવેલ નાના મંદિરો ભગ્નાઅવસ્થામાં છે. સ્થાપત્યની દ્દષ્ટિએ આ સ્મારક ૧૩મી સદીનું હોવાનું જણાય છે.

## પાણા માંડે વાત (મુનીબાવા મંદિરની)

આ મંદિર જામવાળી ગામથી અને અવલીયા ઠાકરની જગ્યા પાછળથી પણ જઈ શકાય છે.રસ્તો અટપટો છે, ભોમિયા વગર ભૂલાય પડી જવાય તેવુ છે. લગભગ નાનુ વાહન લઈ જઈ શકાય, તેય વળી દૂર રાખી ચાલીને જવુ પડે તેમ છે.

પણ કુદરતે આ સ્થળને છુટા હાથે હરિયાળી વહેંચી છે. પ્રકૃતિપ્રેમી, નાના બાળકોને ગમી જાય એવું છે. કવિને તો એકાદ–બે કવિતા પણ આપી જાય તો નવાઈ ના લાગે ! પાણી ભરેલ તળાવ, પાણીના કારણે ઉગેલું માથોડું ઘાસ, પથ્થરોની સલાટો જાણે તમને સાદ પાડી રહી છે.

કોણે આ મંદિર બંધાવ્યું, શા માટે બંધાવ્યું હશે. એ પ્રશ્નો નિરુત્તર રહયા છે. ને સદાને માટે રહેશે. આ મંદિરનું નામ મુનિબાવા કેમ પડયું તે આધાર સાથે જાણી શકાયું નથી.પરંતુ એમ અનુમાન થાય છે કે કોઈ સાધુ મૌનવ્રત ધારણ કરી લાંબા સમય સુધી અહી રહી મંદિરની સેવાપૂજા કરતા હશે.જેના પરથી સ્થાનિક લોકો મૌનીબાવા મંદિર અને પછી મુનીબાવામંદિર તરીકે ઓળખતા થયા હશે.

મંદિરની ચારે બાજુએ પથ્થરોના પથરાવ લાગે છે. ખૂબ પહેલાંના સમયમાં અહીં જવાળામુખી હશે.આ પથ્થરો એનો લાવારસ લાગે છે.ને કોલસો એનો બળી ગયેલો રસ, આજેય આ વિસ્તારોમાં કોલસો ખૂબ નીકળે છે. એટલે આ વિસ્તારની માટી પણ અલગ પ્રકારની (ચીનાઈ) છે. જે સંશોધનનો માગી લે તેવો વિષય છે.

નદીના કિનારે ખડકાળ ટેકરી ઉપર અને ભારે ઢાળવાળા વણાકવાળી જગતી પર ઉભેલું આ મંદિર છે. તેના શૈલી પ્રકાર પરથી મંદિર સ્થાપત્યના નિષ્ણાંત ડો.મધુસુદન શાસ્ત્રી આ મંદિરને ૧૦મી શતાબ્દીના મધ્યકાળમાં બંધાયેલું ગણે છે. તે પરથી આ મંદિર દસમી સદીનું હોવાનું અનુમાન થઈ શકે છે.



આ મંદિરના નિર્માણ કાળ અંગે કોઈ લેખિત આધાર પુરાવા પ્રાપ્ત થયેલ નથી. આ મંદિર એ શિવ મંદિર જણાય છે, પરંતુ આ મંદિરમાં થોડાઘણાં ફેરફારો વારંવાર થયેલા જણાય છે. તેથી તેનો સમય નકકી કરવામાં મુશ્કેલી પડે છે.

'ખંડહર યહ બતા રહે હે કી ઈમારત કભી બુલંદથી' કાળની થપાટો ખાઈને મંદિર આજની સ્થિતિએ ખૂબજ કરુણ,દયનીય હાલતમાં છે. પહેલા આ મંદિર ત્રણ ઘુમ્મટવાળું હતું. આજે એકેય રહ્યા નથી.જેમાંના બે આગલા ઘૂમ્મટ ૧૮ થાંભલા ઉપર ટકેલા હતા.આજે માત્ર ગર્ભગૃહ ઉપર પથ્થરો આડાઅવળા પડયા છે.બાકીના

બે ઘુમ્મટના નીચેના કોતરણીવાળા ભાગને પુરાતત્વખાતાએ બહાર નંબર આપીને ગોઠવી રાખ્યા છે, તેની કોતરણી અદ્‌ભૂત છે.મંદિરના મંડપના પીલરો હજી ઊભા છે તે પીલરો ઉપર ચારપાંચ પૂતળાઓ આડા ઊભા કોતરેલા છે. કોઈકમાં સ્ત્રી, કોઈકમાં પુરુષ તો કોઈકમાં કિંચક છે. મંદિરમાં માથા વગરનો પોઠિયો પડયો છે, આ પોઠિયાના ચારેય પગ વળેલા છે તે એક નવીન બાબત છે.બાકી દરેક મંદિરોના પોઠિયાના ત્રણ પગ વળેલા હોય અને એક આડો ઊભો હોય છે.

મુખચોકી મંડપ અને ગર્ભયુકત આ મંદિર નિરધાર પ્રકારનું છે. જંઘામાં આવેલા ઉંડા શિલ્પકામથી તે સમયની પૂર્ણ શિલ્પકળ ાનો પરિચય થાય છે. શિખર પરની જાલક ભાત પણ તે પછીના સમયમાં થયેલ જાલક ભાત કરતા વિશેષ પ્રભાવશાળી જણાય છે.તેની વિશેષતા મંડપના વિતાનમાં રહેલી છે. મંદિર સ્થાપત્યનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તેમાં કેટલાંક લક્ષણો ઉમેરાતા ગયા. તે રીતે ગુજરાતભરમાં મંડપના વિતાનમાં ગજતાલુનો પ્રયોગ સૌ પ્રથમ આ મંદિરમાં જોવા મળે છે.

બહાર જમણી બાજુના ગવાક્ષમાં શંકરની બેઠેલી મૂર્તિ છે જેનું માથું તુટી ગયું છે.બાકી તેની આસપાસ અઢીફૂટ ઊંચી મૂર્તિઓ કંડારેલી છે. જેમાં પશુઓ સાથે કુસ્તી કરતી સ્ત્રીઓ અને પુરુષો બતાવ્યા છે. જેમાં અમુક મૂર્તિઓના મોઢા પશુઓના છે.મંદિરના પાછળના ભાગમાં વચ્ચેના ગવાક્ષમાં શિવની યોગમુદ્રા વાળી મૂર્તિ છે.અને આજુ બાજુમાં પશુઓ સાથે કુસ્તી કરતા સ્ત્રીપુરુષો છે.આ ભાગ કાળની થપાટો ખાઈ ખાઈને જર્જરિત બની ગયો છે.

મંદિરની ડાબી સાઈડમાં ગવાક્ષમાં મૂર્તિ રહી નથી. મંદિર પાસે આગળ તળાવ છે.તેની દીવાલ મોટા મોટા ૬–૭ ફૂટના પથ્થરોથી બાંધેલી છે.

આ મંદિરની હાલત આજે ખૂબ કરુણ છે.કયારેક જ મુલાકાતી હોય છે.દૂર દૂર ગાયો ચરાવવાવાળા ,ને આજુ બાજુમાં કામ કરનારા સિવાય કોઈ દેખાતું નથી. આ સ્મારક ભૂતપુર્વ સૌરાષ્ટ્ર સરકારશ્રીના જાહેરનામા નંબર એ.આર.સી.એચ. ૨૪(૨) ૧, તારીખ ૧–૧–૧૯૫૬થી રક્ષિત જાહેર કરવામાં આવેલ છે. એક સ્મારક રક્ષિત જાહેર થયા પછી પણ રક્ષિત ન હોય,એવું માત્ર અહી જ લાગું પડતુ હોય એમ લાગે છે. એક દિવસ ભીડથી ભર્યાભાદર્યા આ મંદિરની એકલતાની પીડાનો ભાગીદાર કોઈ નથી.જે પેઢી પોતાના પ્રાચીન સાંસ્કૃતિક વારસાને જાળવી શકતી નથી એને ઈતિહાસ બનાવવાનો કોઈ હક નથી.

સમયને જાણે સાદ દઈ રહ્યું હોય : સંભાળી લો...હજીયે...નહીતર

**‘મુજ વીતી તુજ વીતશે,**

**ધીરી બાપુડિયા ધીરી....’**

# સંદર્ભ સાહિત્ય

| ક્રમ | પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧ | સૌરાષ્ટ્રની રસધાર | ઝવેરચંદ મેઘાણી |
| ૨ | સૌરાષ્ટ્રનો ઈતિહાસ | શંભુપ્રસાદ દેસાઈ |
| ૩ | ઝાલાવાડના રક્ષિત સ્મારકો | જિલ્લા સમાહર્તા કચેરી સુરેન્દ્રનગર |
| ૪ | કોને રંગ દેવા | બાપલભાઈ ગઢવી |
| ૫ | પર્યટન પથ ઝાલાવાડ | જિલ્લા સમાહર્તા કચેરી સુરેન્દ્રનગર |
| ૬ | સોરઠી સંતો | ઝવેરચંદ મેઘાણી |
| ૭ | સૌરાષ્ટ્રનો ગૌરવવંતો ઈતિહાસ | પ્રધ્યુમ્ન ભ.ખાચર |
| ૮ | ગુજરાતના તીર્થ સ્થાનો | દુર્ગાશંકર કે. શાસ્ત્રી |
| ૯ | ‘પલાશ’ (મુખપત્ર) | પ્રકાશન : ડાયેટ- સુરેન્દ્રનગર |

# સ્થાનિક સાહિત્યના ઉપયોગ અંગે...

✍ એન.સી.એફ. ૨૦૦૫ શિક્ષણમાં સ્થાનિક સંદર્ભ ઉપર ખૂબ જ ભાર મૂકે છે.

✍ પ્રાથમિક શાળાનાં બાળકો માટે તૈયાર થયેલ પાઠ્યપુસ્તકો અંતર્ગત અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન એવાં ઉદાહરણો આપવાં જોઈએ જે બાળકના પરિચિત જગતનાં હોય, આવાં ઉદાહરણ આપવા માટે આ પુસ્તિકામાં આપેલી માહિતી શિક્ષકોને ઉપયોગી થશે.

✍ આર.ટી.ઈ. ૨૦૦૯ની કલમ ૨૯ મુજબ અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે જેમાં બાળક શોધખોળ કરવા માટે પ્રેરિત થાય. પાઠ્યપુસ્તકમાં કેટલીક વિગતો એવી છે કે જેમાં બાળકે પોતાના જિલ્લા વિશેની માહિતી શોધવી પડે. આવી કેટલીક માહિતી આ પુસ્તિકામાં આપેલી છે.

✍ બાળકો એવું સમજે એ જરૂરી છે કે પાઠ્યપુસ્તકો ઉપરાંત પણ એવાં પુસ્તકો છે જે તેમના જ્ઞાન માટે જરૂરી છે. આવાં પુસ્તકોના ઉપયોગ દ્વારા તેમના જ્ઞાનમાં વધારો થાય છે એટલું જ નહીં, પરંતુ જે તે જ્ઞાન તેમણે જાતે શોધીને મેળવ્યું છે એવું ગૌરવ પણ બાળકોની જ્ઞાનસર્જનની પ્રક્રિયામાં પ્રોત્સાહન પૂરું પાડે છે.

✍ બાળકો જ્ઞાનના સર્જક બને તેમાં શિક્ષક મદદરૂપ થાય, બાળકને સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરતાં શીખવે અને આપેલ માહિતીમાંથી પોતાને ઉપયોગી માહિતીનું ચયન કરતાં શીખવે એવા આશયથી આ પુસ્તિકાનો ઉપયોગ થાય તે જરૂરી છે.



**નિર્માણ - મુદ્રણ**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર